
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · સંસ્થાપક: રવિશંકર રાવળ · વર્ષ ૩૦મું · અંક ૮મો · માહે ઑગસ્ટ ઓગણીસસો ત્રેપન · ૩૫૬ · તંત્રી: બચુભાઈ રાવત



જનતા અને સરકારના સહકારથી આઝાદી સર્વોદયનાં બી વાવી રહેલ છે. ઉગવા ને ફળવા દેવાનું આપણા હાથમાં છે. ચિત્રકાર 'ચન્દ્ર'



મેળાની મોજ (ચિત્રકાર: દિવ્યકાન્ત ઓઝા)

કુમાર ઑગસ્ટ ૧૯૫૩ (અંક ૩૫૬)નું મુખચિત્ર

કુમાર

ઑગસ્ટ ૧૯૫૩ — અંક ૩૫૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે.......

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

ફરી પાછી ચન્દ્રવદનભાઇએ એમ.એ.ના ગુજરાતીવિષયમાં એ જ ભૂલ જૂનના 'કુમાર'-ના અંકમાં કરી છે. મુંબાઈ યુનિવર્સિટીમાં રાનડેના પ્રયત્નથી ગુજરાતી, મરાઠી વગેરેને સર્વ પ્રથમ એમ.એ.ના અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું, અને સ્વ. મગનભાઈ કાંટાવાળા ગુજરાતી લઇને પ્રથમ એમ.એ. થયા. ડૉ. યાજ્ઞિક, પ્રિ. દેસાઈ, આચાર્ય જેઠાલાલ શાહ વગેરે એમ.એ. થયા ત્યારે બી.એ.માં કે પ્રીવિયસ-ઈન્ટરમાં ગુજરાતી નહોતું...

(સુરત) —વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

હું તો જાહેરખબર માટે જ્યાંજ્યાં જાઉં છું ત્યાં દરેક મારી વાત પ્રેમથી ને ધીરજથી સાંભળે છે; અને તેમને જ્યારે એમ ખબર પડે છે કે હું મારા અભ્યાસ માટે આ કામ કરું છું ત્યારે બધા મારા આ પ્રયત્નને આવકારે છે અને મને દરેક જાતની મદદ કરવા તત્પરતા દેખાડે છે. બીજાં વિદ્યાર્થી ભાઈબહેનો પણ જો આ રીતે પ્રયત્ન કરે તો જરૂર તેમને સારી સફળતા મળે એમ મારું તો ચોક્કસ માનવું છે.

મને તો આપની આ યોજનાથી એક નવી લાઈન હાથ લાગી છે અને સ્વપ્રયત્નથી બે ત્રણ મહિનામાં હું મારો ખર્ચ ઉપાડી લઈશ તેની મને ખાતરી છે. આપની ભલી લાગણી માટે ફરી એક વાર આપનો આભાર માનું છું.

(મુંબાઇ) —ભાનુ ઝવેરી*

*'કુમાર' માટે જાહેરખબરો મેળવીને તેના કમિશનની આવકમાંથી અભ્યાસના ને બીજા ખર્ચ વિદ્યાર્થીઓ કાઢી શકે એ માટેની અમારી યોજના અપનાવનાર બેનના પત્રમાંથી.

'મૅટ્રિક પછીનું માર્ગદર્શન' લેખમાળાથી કેટલાયે વાલીઓને ખરેખર ઘણું માર્ગદર્શન મળ્યું છે, ને તેથી 'કુમાર'ના વાચકો તરફથી તમારો અને શ્રી રાનડેનો ઊંડો આભાર માનું છું. પણ પાછળથી એ વધારે ટુંકાઇ ગએલી લાગી. શ્રી રાનડેએ એમની મર્યાદા જણાવી છે. પણ આ પત્રથી ગુજરાતના તજ્જ્ઞ ભાઈ-બહેનોનું ધ્યાન ખેંચવા ઈચ્છું છું ને આપને પણ વિનતિ કરું છું કે આ માર્ગદર્શન હજી વધારે વિસ્તૃત રીતે અપાય તો સારું.

ખાસ તો છોકરીઓના શિક્ષણ અંગે એ લેખમાળામાં કંઈ વધુ આવ્યું નથી. આજે કન્યાકેળવણી તરફ ઘણું વધારે ધ્યાન અપાવા લાગ્યું છે ને એની જરૂર પણ વધારે છે. કન્યાઓ માર્ગદર્શનને અભાવે મૅટ્રિક પછી કૉલેજમાં ઘણે ભાગે વગર વિચારે જોડાય છે ને બહુબહુ તો બી.એ. થાય છે. પણ ભારતની આજની ચારે બાજુથી વિકસતી પરિસ્થિતિ જોતાં કેટકેટલાં યે ક્ષેત્રમાં કેળવાએલી સ્ત્રીઓ જરૂરી થઈ પડશે. એટલે કયા કયા ક્ષેત્રોમાં સ્ત્રીઓને વિશિષ્ટ કાર્ય મળી રહેશે અને તે માટે દેશમાં કે પરદેશમાં ક્યાં ક્યાં અભ્યાસની સગવડ છે તેનું માર્ગદર્શન કરાવાય તો ઘણું સારું.

મારો જ દાખલો આપું તો મારી પુત્રીના અભ્યાસ માટે ભારતમાં શાન્તિનિકેતન ને લેડી ઈરવિન કૉલેજ ઉપરાંત બીજી કોઇ સંસ્થા મારા ધ્યાનમાં નથી. લેડી ઇરવિન કૉલેજનું પ્રૉસ્પેક્ટસ જોતાં શિક્ષિકાના અભ્યાસક્રમ ઉપરાંત બી. એસસી. થવાય છે: પણ તે હોમ સાયન્સ જણાવાય છે. આ ડિગ્રીનું મહત્ત્વ ને મૂલ્ય કાંઇ સમજાયાં નહિ. માત્ર બી.એ. થવા કરતાં કોઇ ખાસ વિષય લઇ એટલાં જ સમય ને અર્થ ગાળી કોઈ લાઇન લેવી હોય તો શું કરવું તે સમજાતું નથી.

આજે છોકરી પરદેશ જઈને પણ બી. ટી. કે ટી. ડી. થઇ આવે છે. એ પૂરતું નથી. ઍરિસ્ટરી માત્ર માબાપનો શૉખ ને પૈસા ખરચવાનો વિષય જણાય છે. દાક્તરી લાઇનમાં પુરુષો જેટલી સફળતા સ્ત્રીઓ માટે જણાતી નથી—સિવાય કે સ્ત્રી આજન્મ કુંવારી રહે. તો શિક્ષણ ઉપરાંત સ્ત્રીઓ માટે બીજી લાઈન [illegible] ચાલુ છે, પણ હું પૂછું છું તે વધુ અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવનાર માટે.

તાતાનું ડુમેસ્ટિક સાયન્સ આજના ભારતમાં કઇ કઈ જગ્યાએ કામ આવે? પત્રકારિત્વનું શિક્ષણ, રેડિયો માટેનું શિક્ષણ ને એવાં બીજાં શિક્ષણ ક્યાં અને કેમ લેવાય છે તેની વિસ્તૃત માહિતી આપવી ખૂબ જ ઉપયોગી થઇ પડશે. શ્રી વિનોદિની નીલકંઠ, શ્રી હંસાબેન મહેતા, શ્રી ઇન્દુમતી શેઠ સમાં કોઈ આ વિષે શ્રી રાનડે જેવું માર્ગદર્શન ખાસ સ્ત્રીઓ માટે આપે એ જરૂરી છે.

(નાઇરોબી) —વસંત નાયક

એકથી ગમે તેટલી રકમના સરવાળા સહેલાઈથી કરી શકાય એવી રીત મોકલું છું. ગમે ત્યાંથી સરવાળો કરતાં એકસરખી રકમ આવે ને એક વખત આવેલો આંક બીજી વખત ન આવે તે બનાવવાની સરળ ને સહેલી રીત:

જે રકમનો સરવાળો કરવો હોય, તેના ત્રીજા ભાગની રકમ વચલા ખાનામાં લખવી,

૨	૯	૪
૭	૫	૩
૬	૧	૮

૧	૮	૩
૬	૪	૨
૫	૦	૭

(અગર તો વચલા ખાનામાં જે રકમ લખો તેનો ત્રણગણો સરવાળો થાય.) વચલા ખાનામાં જે રકમ હોય તેનાથી ત્રણ ઓછા ઉપલા ડાબા ખૂણામાં લખવા. એ ખૂણાની રકમથી બે વધારે ઉપલા જમણા ખૂણામાં લખવા. એ ખૂણાની રકમથી બે વધારે નીચલા ડાબા ખૂણામાં ને તે રકમથી યે બે વધારે નીચલા જમણા ખૂણામાં લખવા. પછી ચાર ખૂણાની બાજુનાં ચારે ખાનાંમાં, સરવાળામાં ખૂટતી રકમ ભરી લેવી, અથવા તો વચલા ખાનામાં જે રકમ હોય તેનાથી બે વધારે ડાબા હાથના વચલી હારના ખાનામાં લખવા અને એનાથી બે વધારે મથાળાની હારના વચલા ખાનામાં લખવા. તેવી જ રીતે વચલા ખાનામાં જે રકમ હોય તેનાથી બે ઓછા વચલી હારના જમણા હાથના ખાનામાં લખવા અને તેનાથી બે ઓછા નીચલી હારના વચલા ખાનામાં લખવા. આવી રીતે ગમે તે રકમનો સરવાળો ગમે ત્યાંથી ગણતાં પણ એકસરખો આવશે.

(વીલેપારલે) —શારદાબેન ગરકાઇ



ચોઠામાંથી મળી આવેલી 'વિષ્ણુ'ના પ્રાચીન મૂર્તિ. ફોટો: જીવરામભાઇ પ્રજાપતિ—કઠલાલ. (પોતાના ગામની આવી પ્રાચીન કલાકૃતિઓ, સ્મારકો, વિશિષ્ટતાઓ વગેરેનાં ચિત્રો મોકલવાના અમારા આમંત્રણની યાદ આપીએ છીએ.)

હે જિંદગી[1]

· પરંપરિત હરિગીત ·

હે જિંદગી! ઝાઝી તને હું જાળવું
પણ તે હવે કેવી રીતે?
કોઈ પતિયાના સમો
(જેના ખવાયા બેઉ હાથે
ના રહી એકેય છે તો આંગળી)
ખાલી હથેલીની મહીં
(પ્રણમાં વળી ગઇ ભાગ્યરેખા!)
આવી પડેલી કીમતી કો ચીજને
રે મુઠ્ઠી વાળી રાખવા હું તો મથું.

હે જિંદગી! ઝાઝી તને હું જાળવું
પણ તે હવે કેવી રીતે?

પ્રિયકાન્ત મણિયાર

ઝંખના[2]

· ગાન ·

હું ઝંખી રહું તવ બોલ,
મેહાજલ ઝંખત જ્યમ ચાતક, શશિયર-દરસ ચકોર—હું૦
ગગનપૃથાધર-ક્ષિતિજ શા નીરવ,
જુગજુગના ભીડયા અધરો તવ,
બંધ દુવારે અકળાયું રે ગીત મારું ચિર, ખોલ—હું૦
અષાઢની શ્યામલ ઘનપીડે
વ્યાકુળ હું એકલ જગભીડે,
(ઓ)દૂર દિશાના આભા અરે ઓ ગેરુ મૌનના ડોલ—હું૦

ઉશનસ્

દહાડે ય રાત્રિ[3]

· વસંત-ગંદા ·

'રંગો ગુલાબી મધુરા અવ નીલ લાગે,
સોનેરી તેજ-ઝરણે પણ શ્યામ જાગે,
ઘેરી ઉદાસી જગમાં સઘળે છવાયે,
દહાડે ય હું
તારા, શશીવિહીન રાત્રિ નિહાળું, હાયે!'

'તારા દુઃખે ઈહ જગ લહે ગ્લાનિઘેર્યું તું શાથી?'
'ના, ના, હું તો નિરખું સહુ 'ગૉગલ્સ'ના કાચમાંથી!'

ગીતા કાપડિયા

મને થતું[4]

· પૃથ્વી ·

ન રૂપ, નહિ રંગ, ઢંગ પણ શા અનાકર્ષક!
નહીં નયન વીજની ચમક, ના છટા ચાલમાં,
ગુલાબ નહિ ગાલમાં; નિરખી રોજરોજે થતું:
કલા વિરૂપ સર્જને શિંદ રહ્યો વિધિ બેડફી!
અને નિરખું રોજ મોહક સુરેખ નારીકૃતિ:
પડયે નયનવીજ જેની ઉરઅદ્રિ ચૂરેચૂરા
થઈ જઈ, અને વિરૂપ જડ નારીનો હું પતિ
અતુષ્ટ, દઇ દોષ ભાગ્યબલને વહંતો ધુરા.

વહ્યા દિન, અને બની જનની એ શિશુ એકની
ઉમંગથી ઉછેરતી લઘુક પ્રાણના પિણ્ડને,
અને લઘુક પિણ્ડ–જીવનથી ઊભરાતું શિશુ
થતું ઘૂંટણભેર, છાતી મહીં આવી છુપાય, ને
હસે નયન–માતને નિરખી નેહની છાલક.

મને થતું:
તને અગર ચાહવા બની શકાય જો બાલક!

જયન્ત પાઠક

દેશપાર[5]

· પરંપરિત મનહર ·

રે, હું મુજ દેશપાર!
ભયાનક કયા વાંકે
વિધાતા ઓ, મને રાખે
અટકેલો અહીં આ કાળાં પાણીની મોઝાર?
કાળ કેટલો રે વીત્યો
યાદ નથી,
નથી રહી મને કંઇ ભાળ!
દેશનો કિનારો ઝાંખોઝાંખો જરી યાદ આવે,
હૈયાં કૈં હેતાળ!
સરી જાય સ્વપ્ન જેવું...
કઠે વધુ લોહઘન કારાગાર!
દેશપારવાસીને ના
દિન ઊગે, નિત રાત
ઊજળું અંધારું ચક્ર
ઘૂંટતું વિષાદ ભાત!
અંતરના અગનીથી
ઉજમાળો થાય શું અંધાર?

મળારામ

૧. સદા મૌલિક ભાવપ્રતીકોમાં સોંસરું કથન કહેનારની એક વધુ કૃતિ. ૨. કલ્પના ભલે જૂની, પણ પ્રગાઢતા નવી; સંવેદનાની અભિવ્યક્તિ તીવ્ર. ૩. એમની વિશિષ્ટ તીણી વક્રોક્તિઓ પૈકી એક વધુ. ૪. વિરૂપ નારીના અસંતુષ્ટ પતિનો દષ્ટિપલટો. ૫. સ્થૂળ અને સૂક્ષ્મ બંને અર્થમાં દેશપારી ભોગવતા આત્માની વ્યથા.

સ્વાતંત્ર્યમંદિરના પાયામાં પુરાએલા ક્રાન્તિવાદીઓ

શહાદતના ખાતર વિના આઝાદીની ફસલ ઊતરવી અસંભવિત છે. પરાધીનતાથી મુક્ત થએલા કોઈ પણ દેશનો ઇતિહાસ એની શાખ પૂરશે, અને આપણા દેશનો ઇતિહાસ તો આઝાદી અર્થેની જગતભરની શહાદતમાં એક અનોખું પ્રકરણ રચે છે. શસ્ત્રહીન બનાવી દેવાએલી પ્રજા સશસ્ત્ર ક્રાન્તિ કરી શકે તેમ નહોતી. એ હકીકત સમજી જઇને ગાંધીજીએ પ્રજાને અહિંસક માર્ગે વાળી. દ્વેષ નહિ પણ પ્રેમના પાયા પર રચાએલી અહિંસક ક્રાન્તિની એ ભાવના પ્રજાની રગેરગમાં ઉતારવા માટે એમણે ભગીરથ પ્રયત્ન કર્યો, અને છેવટે એ માર્ગ જ સ્વાતંત્ર્યસાધક પુરવાર થયો. પરંતુ રાજકારણમાં ગાંધીજીના પ્રવેશ પહેલાં સ્થિતિ જુદી હતી. કૉંગ્રેસનું સુકાન ત્યારે વિનીતોના હાથમાં રહેલું, અને તેઓ તો માત્ર દેશના વહીવટમાં બ્રિટિશ સરકાર હિંદીઓને "હિસ્સો આપે એને જ પરમ સૌભાગ્ય ગણતા. આવી મવાળગીરી આઝાદીપરસ્ત યુવાનોને ન રૂચે એ સ્વાભાવિક હતું, એટલે એવાઓએ હિંસક ક્રાન્તિનો માર્ગ લીધો. ક્રાન્તિ સિદ્ધ કરવા માટે એમણે પ્રયોજેલાં સાધનો વિષે આપણને ભલે મતભેદ હોય, પરંતુ એમના સાધ્ય સામે કશો વિવાદ ખડો કરી શકાય તેમ નથી. સ્વાતંત્ર્યની વેદિ પર બલિ દેવા અને બલિ બનાવવામાં એમાંના કેટલાક તો પાગલપણાની હદ સુધી પણ ગએલા; પરંતુ એમના એ બગડેલા દિમાગ સામે આંગળી ચીંધનારાઓને એમનો એક જ જવાબ હતો કે :

'ઇન્હીં બિગડે દિમાગો મેં ભરે ખુશિયોં કે લચ્છે હૈં,
હમેં પાગલ હી રહને દો કિ હમ પાગલ હી અચ્છે હૈં.'

ભારતમાં ક્રાન્તિનું આંદોલન પહેલવહેલું ક્યારે શરૂ થયું એ કહી શકવું મુશ્કેલ છે. બીજ હમેશાં ભોંયમાં દટાએલું રહે છે. તેનો અંકુર બહાર ફૂટે છે ત્યારે જ આપણને તેની ખબર પડે છે. એવું જ ક્રાન્તિ-આંદોલનનું છે. ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધ બાદ અંગ્રેજોની લોખંડી એડી નીચેથી દેશને સ્વતંત્ર કરવાની અનેક યોજનાઓ ઘડાઈ હોવાનું સંભવિત છે. પણ એમાંથી એકમાત્ર કૂકા-વિદ્રોહ સિવાય ૧૮૫૭ના અનુસંધાનમાં બીજી કોઈ યોજના ઇતિહાસના પાને નોંધાવા નથી પામી.

આ કૂકા-વિદ્રોહના નેતા ગુરુ રામસિંહ પંજાબના મહારાજા રણજિતસિંહની સેનાના એક સામાન્ય સૈનિક હતા. પંજાબ ખાલસા થયાં પછી તો ભારતનો આખો યે નકશો લાલ રંગે રંગાઈ ગયો, એટલે રામસિંહ ભક્તિમાર્ગે વળ્યા ને લોકપ્રિય સંત બન્યા. રામદાસ નામના સાધુએ એમને ભક્તિને બદલે રાજનીતિના માર્ગે વાળ્યા. આ માર્ગે ઊતરીને એમણે પંજાબમાં અંગ્રેજી શિક્ષણ, અદાલત, તાર, ટપાલ વગેરેનો બહિષ્કાર જગાડ્યો અને સમસ્ત પંજાબમાં સ્વતંત્રરીતે ટપાલ વહેંચવાનો પ્રબંધ કર્યો. અંગ્રેજો સામે સશસ્ત્ર ક્રાન્તિનો એમનો પ્રચાર ચાલુ જ રહ્યો. ઇ. સ. ૧૮૭૨ના જાન્યુઆરીની ૧૩મીએ એમના કેટલાક સૈનિકોએ વિદ્રોહની આજ્ઞા માગી. પરંતુ પૂરી તૈયારી ન હોવાના કારણે એમણે આજ્ઞા ન આપી. આમ છતાં અંગ્રેજો પ્રત્યેના રોષથી સમસમી રહેલા એમના દોઢસો જેટલા સૈનિકો પ્રતિહિંસાની ભાવના દબાવી ન શક્યા અને બીજે જ દિવસે મલૌધ નામના કિલ્લા પર આક્રમણ કરી એક તોપ તથા બીજાં કેટલાંક શસ્ત્રાસ્ત્ર કબજે કર્યાં. કિલ્લાવાળાઓએ, અલબત્ત, એ વિદ્રોહમાં સાથ આપવાનું વચન આપેલું, પરંતુ આ અધૂરા ને ઉતાવળિયા પ્રયત્નમાં સાથ આપતાં એમનું દિલ ન ચાલ્યું. વિદ્રોહીઓએ એમના સહકારની પરવા પણ ન કરી, ને માલેરકોટલા શહેર પર આક્રમણ શરૂ કરી દીધું. બ્રિટિશ સૈનિકો સાથે એમનો બરાબર જેવો મુકાબલો થવા પામ્યો. અંતે પતિયાલાની સરહદે રઢ નામક ગામ પાસે એમનામાંના ૬૮ જણને ગિરફતાર કરી લેવામાં આવ્યા. એ ૬૮માંથી ૫૦ને તો એ જ વખતે લુધિયાનાના ડેપ્યુટી કમિશનર મિ. કોવને તોપને મોંએ ઉડાડી દીધા. એ પૈકી પચાસમો વારો હતો તેર વર્ષના એક કિશોરનો. એની કિશોરાવસ્થા જોઈ શ્રીમતી કોવને એનો જાન ન લેવા પતિને વિનતિ કરી. મિ. કોવને ગુરુ રામસિંહને ગાળો આપતાંઆપતાં એ કિશોરને કહ્યું કે તું ગુરુ રામસિંહનો અનુયાયી નથી એવું કહી દે તો તને છોડી મૂકું. વયે કિશોર છતાં વીરત્વમાં મોટેરાની બરાબરી કરે એવો એ વીર પુત્ર ગુરુને ગાળો અપાતી સાંભળીને ઝનૂનમાં આવી ગયો. એને પકડી રાખનાર સિપાઇઓ પાસેથી બંને હાથ છોડાવી તે સીધો મિ. કોવન પર જ કૂદી પડ્યો અને એની દાઢી પકડી એમાં ટીંગાઈ રહ્યો. સિપાઇઓએ એના હાથમાંથી મિ. કોવનની દાઢી છોડાવવાના ખૂબ પ્રયત્નો કર્યા, પણ એ કિશોરના હાથની જાણે મડાગાંઠ જ વળી ગઇ હતી. છેવટે એના બંને હાથ કાપી નાખવામાં આવ્યા ત્યારે એ કપાએલા હાથની પકડ ઢીલી પડતાં મિ. કોવનનો છુટકારો થયો! હાથ વિનાનો એ કિશોર પણ મિ. કોવનને ભયંકર લાગ્યો અને તેને તોપને મોંએ બાંધી ઉડાડી દીધો. બાકીનાઓને બીજે દિવસે એ જ રીતે ઉડાડી દીધા. આગળ ઉપર ગુરુ રામસિંહને પણ ગિરફતાર કરી બ્રહ્મદેશમાં દેશનિકાલ કરી દેવામાં આવ્યા, જ્યાં ૧૮૮૫માં એમનું અવસાન થયું.

સત્તાવન પછી દેશની આઝાદી અર્થે થએલી અંગ્રેજો સાથેની પ્રથમ (ને છેલ્લી) લશ્કરી અથડામણ ચિરસ્મરણીય રહેશે. તે પછી ક્રાન્તિકારી આંદોલનમાં હિંદની ભૂમિ પર લશ્કરી સંગઠન થયું નથી જણાતું. એ આસાન પણ નહોતું, કારણ કે નોકરીને ખાતર લશ્કરમાં જોડાએલા હિંદીઓમાં રાષ્ટ્રીય ભાવનાનો ઉદય મુશ્કેલ હતો. જોકે ધીમેધીમે એ ભાવના લશ્કરમાં પ્રવેશવા માંડી હતી. ઈ.સ. ૧૯૩૦માં પેશાવર મુકામે ગોળીબારના હુકમનો અનાદર કરનાર ગઢવાલી પલટન તેનું ઉદાહરણ છે. હુકમના આ અનાદર બદલ એ સિપાઇઓના નેતા ચંદ્રસિંહ ગઢવાલી તથા તેમના ૫૯ સાથીઓને 'કોર્ટ-માર્શલ' કરવામાં આવેલા. અને છેવટે નેતાજી સુભાષ બોઝે હિંદ બહાર રહીને સાધેલા લશ્કરી સંગઠન વખતે તો એ ભાવના સારીપેઠે પુષ્ટ બની હતી અને અનેક હિંદી સૈનિકો એમની આઝાદ હિંદ ફોજમાં ભરતી થયા હતા.

પણ ક્રાન્તિકારીઓ કશું લશ્કરી સંગઠન સાધી શક્યા નહોતા, એનો અર્થ એ નથી કે તેમણે એવો પ્રયાસ જ નહોતો કર્યો. એવો એક પ્રયાસ કરનાર હતા મહારાષ્ટ્રના વાસુદેવ બળવંત ફડકે. લશ્કર જમાવવા માટે જોઇતાં નાણાં એકઠાં કરવામાં એમણે ધાડલૂંટનો આશ્રય લીધેલો. સવેતન સૈન્ય જમાવવા સાથે ટપાલકચેરીઓ બંધ કરવી, તાર તોડવા, રેલના પાટા ઉખેડી નાખવા, જેલો ઉપર કબજો મેળવી કેદીઓને મુક્ત કરી દેવા વગેરેની એમની યોજના હતી. દેશ આઝાદ ન થાય ત્યાં સુધી માથું ન ઢાંકવાની ને દાઢી વધારવાની એમણે પ-

તિજ્ઞા લીધેલી. પરંતુ એમની યોજના અમલમાં આવે તે પહેલાં તો હૈદરાબાદ રાજ્યની સરહદ પરથી તા. ૨૦-૭-૧૮૭૯ના રોજ એમને પકડી લેવામાં આવ્યા. કેસ ચલાવવામાં આવ્યો ને એડનમાં દેશનિકાલ કરવામાં આવ્યા. જ્યાં ઈ. ૧૮૮૩માં એમનું અવસાન થયું.



વાસુદેવ બ. ફડકે



દામોદર ચાફેકર

ફડકેના પ્રયાસનું અનુસંધાન તે પછી મહારાષ્ટ્રના જ દામોદર ચાફેકર તથા બાલકૃષ્ણ ચાફેકરે જાળવ્યું. ઇ. સ. ૧૮૯૪માં તેમણે 'હિંદુ ધર્મસંરક્ષિણી સભા'ની સ્થાપના કરી એક વ્યાયામમંડળ ઊભું કર્યું. જેમાં લાઠી, ગદા, બર્ચ્છી. તલવાર વગેરેના દાવ શીખવવા સાથે દેશની આઝાદી ખાતર મરી ફીટવાની શીખ આપવામાં આવતી. ઈ. ૧૮૯૭માં પૂનામાં આવેલા પ્લેગ વેળા સરકારે મિ. રૅન્ડ નામે ગોરા પ્લેગ-અધિકારીની નિમણૂક કરી. તેણે પ્રજા પર એવો તો ત્રાસ ગુજારવા માંડ્યો કે લોકમાન્ય ટિળકને 'કેસરી'માં લખવું પડ્યું કે સરકાર રોગના બહાને પ્રજાના આત્મા કચડવા ઉત્સુક થઈ હતી. એ જ સાલના જૂન માસમાં રાણી વિક્ટોરિયાના ૬૦મો રાજ્યાભિષેક ઉત્સવ ઊજવવામાં આવ્યો. મિ. રૅન્ડ અને લેફ્ટેનન્ટ આયર્સ્ટ એ ઉત્સવ ઊજવી રાજ્યભવનમાંથી બહાર નીકળ્યા કે ધનાધન ગોળીઓ છૂટી અને બંને જણ ત્યાં જ ઢગલો થઈને પડ્યા. આ કૃત્ય કરનાર ઉપર્યુક્ત ચાફેકર બંધુ જ હતા. બ્રિટિશ સરકારે એ બંનેને ફાંસીએ લટકાવી દીધા.

આમ છતાં મહારાષ્ટ્રમાંથી ક્રાન્તિનું બી નાબૂદ ન થયું. નાશિકમાં એ નવેસરથી 'મિત્રમેળા'ના રૂપે ફૂટી નીકળ્યું. હિંદીઓની ઈચ્છા વિરુદ્ધ તેમના પર લાદવામાં આવેલા વિદેશી શાસનને શારીરિક બળથી ઉથલાવી પાડવું એ એનું ધ્યેય હતું. હથિયાર ધારણ કરતાં પહેલાં શારીરિક તાકાત કેળવવી જરૂરી હોઈ 'મિત્રમેળા'એ વ્યાયામ તથા મર્દાની ખેલોનો પ્રચાર શરૂ કર્યો. નાશિકના સ્મશાનના રસ્તે આવતા તિબંધા નામક સ્થળે, કોઈને શંકા ન જાય એ રીતે, રાતના ભાગે લાઠી અને તલવારની તાલીમ અપાવા માંડી. આવા બીજા 'મેળા' પણ મહારાષ્ટ્રમાં ચાલતા, જેમાં વ્યાયામની તાલીમ અપાતી. પરંતુ 'મિત્રમેળા'નો ઉદ્દેશ વ્યાયામ ખાતર વ્યાયામ નહોતો. આઝાદીના એક સાધન તરીકે જ તેનો ઉપયોગ થતો. કેવળ વ્યાયામદૃષ્ટિએ પૂનાનો 'સન્મિત્ર સમાજ મેળો' શ્રેષ્ઠ ગણાતો. ઈ. સ. ૧૯૦૫માં રાયગઢ પર યોજાએલા શિવાજી ઉત્સવમાં 'મિત્રમેળા'ના સભ્યોએ પોવાડા અને પદોનું વીરગાન શરૂ કર્યું. 'નાના યત્ન યા દુષ્ટાંચા કરાવા ચ સંહાર' જેવો ક્રાન્તિનો ખુલ્લેખુલ્લો પ્રચાર ઉત્સવના પ્રમુખ અને મવાળ માનસના શ્રી દાજી આબાજી ખરેને ન ગમ્યો. તેમણે લોકમાન્ય ટિળકને એ પોવાડા બંધ કરવા કહ્યું. લોકમાન્યે ગાયક શ્રી ખરે પાસે જઈને પોવાડા બંધ કરવાને બદલે પ્રમુખને એવો જવાબ આપવાનું સૂચવ્યું કે 'સાંભળનારા જો બંધ કરવાનું કહે તો અમે બંધ કરવા તૈયાર છીએ.' સાંભળનારાઓએ તે ચાલુ જ રાખવાનું કહેતાં તેમણે એવી શરત રજૂ કરી કે જ્યાં સુધી પોવાડાનું ગાન ચાલુ હોય ત્યાં સુધી કોઈએ ઊઠવું નહિ.

'મિત્રમેળા' તરફથી દુષ્ટોના સંહારનો અપાતો ઉપદેશ કેવળ પરોપદેશે પાંડિત્ય રૂપ નહોતો. એના સઘળા સભ્યો એવા શપથથી બંધાએલા હતા કે 'હું શબ્દથી, શરીરથી ને શસ્ત્રથી મારા દેશના સ્વાતંત્ર્ય અર્થે લડતો રહીશ. એ પ્રાપ્ત થતાં સુધી જંપીને બેસીશ નહિ. આ શપથ હું તોડું તો મારી બેતાળીસ પેઢીઓ નરકમાં જાઓ.' મેળામાં શિવાજીની છબિ અને તેની પાસે એક તલવાર રહેતી. શપથવિધિ વખતે એ તલવાર હાથમાં લઈ ઉપર મુજબ શપથ લેવામાં આવતા. શપથવિધિ બાદ વક્તૃત્વ વગેરેની તાલીમ અપાતી. એક વાર ગણપતિ-ઉત્સવ વખતે ભટજી મહારાજના મઠમાં વક્તૃત્વની હરીફાઈ યોજાએલી, જેના પ્રમુખપદે શ્રી શિવરામપંત પરાંજપે હતા. હરીફાઈનો વિષય હતો 'હિંદુસ્તાનાંચા ભાગ્યોદય કશાંત આહે?' ઈનામો વહેંચાયા બાદ શ્રી પરાંજપેએ ઉપસંહાર કરતાં જણાવ્યું: 'આ પ્રશ્નનો ઉત્તર ખુદ એ પ્રશ્નમાં જ રહેલો છે. હિંદુસ્તાનનો ભાગ્યોદય બીજા કશા વડે નહિ પરંતુ 'કશા' (એટલે ચાબૂક) વડે જ થવાનો છે. સ્વાતંત્ર્યનું અમૃત છીનવવા માટે ચૌદમા રતનનો પ્રયોગ કરવામાં આવે તો જ ભાગ્યોદય થાય.' કેટલાક અતિ વફાદાર હિંદીઓ આવી પ્રવૃત્તિમાં રાજદ્રોહ જોતા. એમને આ મતવાલા દેશભક્તોનો જવાબ હતો: 'રાજા નાહી, રાજદ્રોહ મગ કશા હો વ્હાવા?' મતલબ કે, કહેવાતો રાજા તો ઈંગ્લંડનો હતો, હિંદુસ્તાનનો નહિ. 'સ્વાતંત્ર્યલક્ષ્મી કી જય' એ એમની ઘોષણા હતી. આ માર્ગને ખતરનાક ગણાવનારાઓને એમનો સણસણતો ઉત્તર હતો: 'કળે કાય હો સ્વાતંત્ર્યાચે મોલ અરા વેઢા!'

આ 'મિત્રમેળા'માં શ્રી મ્હસકર, શ્રી પાગે વગેરે સાથે શ્રી વિનાયક દામોદર સાવરકર પણ હતા. વક્તૃત્વકળામાં એ અજોડ હતા. એમણે ઈટલીના સ્વાતંત્ર્યનો ઇતિહાસ વાંચ્યો અને માત્સિનીના 'તરુણ ઈટલી'ના જેવું એક મંડળ ઊભું કરવાનો નિશ્ચય કર્યો. ઈ. ૧૯૦૪મા 'મિત્રમેળા'નું રૂપાંતર એમણે 'અભિનવ ભારત' નામક સંસ્થામાં કર્યું. આ રૂપાંતર પાછળ શ્રી સાવરકરની મકસદ ક્રાન્તિકારી આંદોલનને દેશવ્યાપી બનાવવાની હતી. એ સંસ્થા તરફથી ઘોડેસવારી, નિશાનબાજી, સૈન્યસંચાલન વગેરેની તાલીમ ગુપ્તપણે અપાવા માંડી. વડોદરાથી શ્રી માણિકરાવે એ તાલીમ માટે એક ખાસ માણસ મોકલી આપેલો. નાશિક છોડ્યા પછી પૂના ને મુંબાઈ મુકામે પણ શ્રી સાવરકરે એ સંસ્થાનાં બી નાખ્યાં. ત્યાર પછી તો 'અભિનવ ભારત'ના સભ્યો જ્યાંજ્યાં ગયા ત્યાંત્યાં એ સંસ્થા અસ્તિત્વમાં આવી. આ બધી શાખાઓમાં સશસ્ત્ર ક્રાન્તિની તૈયારી ચાલતી, નવાંજૂનાં શસ્ત્રાસ્ત્રોનો સંગ્રહ કરવામાં આવતો અને એ વાપરવાની તાલીમ આપવામાં આવતી.

પૂના મુકામે થએલા મિ. રૅન્ડના ખૂન અંગે સરકારે જે અનેક વ્યક્તિઓને શંકાસ્પદ ગણેલી, એમાંના એક શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા હતા. પરંતુ સરકારનો પંજો એમના પર પડે એ પહેલાં એ હિંદથી છટકી નીકળ્યા. લંડન પહોંચી એમણે ઈ. સ. ૧૯૦૫માં 'ઇન્ડિયા હોમરૂલ સોસાઅટી' નામક સંસ્થાની સ્થાપના કરી અને એના મુખપત્ર રૂપે 'ઇન્ડિયન સોશ્યોલૉજિસ્ટ' પત્ર શરૂ કર્યું. શ્રી વર્માનો હેતુ એ પત્ર દ્વારા ઈંગ્લંડનો લોકમત જાગ્રત કરવાનો હતો. કૉંગ્રેસ પણ ત્યારે કંઈક પુખ્ત થઈ હોઈને એનામાં રાષ્ટ્રીય ભાવનાનું પ્રમાણ વધ્યું હતું, છતાં તે વિનંતી કરતા ઠરાવોથી આગળ વધી ન હતી. લોકમાન્ય ટિળકે કૉંગ્રેસની આ નિષ્ક્રિયતા સામે બંડ ઉઠાવવા માંડ્યું. શ્યામજી સામે હવે એ સવાલ ઊભો રહ્યો કે લોકમાન્યનો માર્ગ ગ્રહણ કરવો કે દાદાભાઈ નવરોજજીનો. છેવટે એમણે લોકમાન્યનો માર્ગ સ્વીકાર્યો. શ્રી સાવરકરની પ્રવૃત્તિ લોકમાન્યના લક્ષમાં હતી, એટલે એમણે તેમને શિષ્યવૃત્તિ આપવા શ્યામજીને લખ્યું. હિંદના તેજસ્વી વિદ્યાર્થીઓ

યુરોપ અને અમેરિકાના સ્વતંત્ર વાતાવરણમાં રહી અભ્યાસ કરે અને દેશ પાછા ફરીને સ્વાતંત્ર્યનો પ્રચાર કરે એટલા માટે એમણે ૬ શિષ્યવૃત્તિઓ સ્થાપેલી. લોકમાન્યે શ્રી સાવરકર માટે કરેલી ભલામણમાં લખેલું કે ભણીને તે સરકારી નોકરી કદાપિ નહિ સ્વીકારે.



શ્યામજી કૃષ્ણ વર્મા



વિનાયક દામોદર સાવરકર

આ રીતે કચ્છ-માંડવીના ખેડુ ભણશાળી કુટુંબના ફરજંદ શ્યામજી કૃષ્ણ વર્મા હિંદમાં ત્યારથી આરંભાએલા ક્રાન્તિયજ્ઞના પુરોહિત બન્યા. એમના દીક્ષિત બે અગ્રગણ્ય શિષ્યો તે લાલા હરદયાળ તથા વિનાયક સાવરકર. શ્યામજી પોતાના પત્રમાં કેવો પ્રચાર કરતા તેનો એક નમૂનો ડિસેમ્બર ૧૯૦૭ના અંકમાં છપાએલો અને રોલેટ હેવાલમાં ઉતારવામાં આવેલો આ ફકરો છે: 'હિંદમાં કોઈ પણ આંદોલન માટે ગુપ્ત રહેવું અનિવાર્ય છે. વળી સરકારને હોશમાં લાવવી હોય તો તેનો એકમાત્ર ઉપાય જોરશોરથી રશિયન પદ્ધતિ(ક્રાન્તિ)ના પ્રયોગ ત્યાં સુધી ચાલુ રાખવો જોઇએ કે જ્યાં સુધી અંગ્રેજો હિંદ છોડી ન જાય.'



લાલા લાજપતરાય



સરદાર અજિતસિંહ

ઈ. સ. ૧૯૦૭ની સાલ આવી. ૧૮૫૭ના આઝાદીજંગનું એ અર્ધશતાબ્દી પર્વ. શ્યામજીએ એ પર્વ લંડનમાં ઊજવવાનો નિર્ણય કર્યો. હિંદમાં એ સાલમાં જ કૉંગ્રેસમાં ભંગાણ પડ્યું. સૂરત મુકામે મળેલી એ કૉંગ્રેસમાં મહારાષ્ટ્રીય અને બંગાળી જુવાનો એકઠા મળ્યા અને ક્રાન્તિપ્રવૃત્તિ વધુ વેગીલી બની. બ્રિટિશ સરકારે એ જ સાલમાં લાલા લાજપતરાય અને સરદાર અજિતસિંહને દેશનિકાલ કર્યા. આ બધી બાબતોએ લંડનનિવાસી હિંદીઓને ખૂબ આવેશમાં આણી દીધા. ૧૮૫૭ની અર્ધશતાબ્દી-ઊજવણી પછી શ્યામજીને લંડનમાં રહેવું મુશ્કેલ બન્યું. પણ એમની સામે કશું કરવામાં આવે એ પહેલાં એ પારીસ ચાલ્યા ગયા અને ત્યાં રહીને માદામ કામા તથા સરદારસિંહ રાણાના સહકારથી પોતાનું કાર્ય ચાલુ રાખ્યું.

શ્યામજીના શિષ્યસમુદાયમાંના એક શ્રી મદનલાલ ઢીંગરાએ ઈ. ૧૯૦૯ના જુલાઇની ૧લીએ જાહેર સભામાં સર કર્ઝન વાયલી પર ગોળી છોડી તેની હત્યા કરી. આ વાયલી કહેવા પૂરતો તો હિંદી વઝીરનો અંગરક્ષક હતો, પરંતુ હકીકતમાં એ લંડનમાં ચાલતી હિંદી વિદ્યાર્થીઓની ક્રાન્તિપ્રવૃત્તિની જાસૂસીનું કામ કરતો. હિંદમાંના વફાદાર હિંદીઓએ આ કૃત્યને વખોડી કાઢતા ઠરાવો પસાર કરી પોતાની વફાદારીનું પ્રદર્શન કર્યું. ઈંગ્લંડમાં પણ એ અંગે શ્રી બિપિનચંદ્ર પાલના પ્રમુખપદે સભા યોજાઈ. સભાને અંતે પ્રમુખે પૂછ્યું, 'તો પછી આ ઠરાવ સર્વાનુમતિએ પસાર થતો હોવાનું હું સ્વીકારી લઉં છું.'

'નહિ!' સાવરકર ગર્જી ઊઠ્યા: 'મારે આ વિશે કંઈક કહેવું છે. મદનલાલ ઢીંગરાનો મામલો હજુ વિચારણા હેઠળ છે, એટલે એની નિંદા કે સ્તુતિ બેમાંથી કશું થવું ન જોઇએ. એની અસર એના મુકદ્દમા પર પડ્યા વિના ન રહે...' સાવરકર આ બોલી રહ્યા હતા ત્યાં એક અંગ્રેજે ઉશ્કેરાઇ જઇ એક મુક્કો ચોડી દેતાં કહ્યું, 'જરા અંગ્રેજી મુક્કાનો સ્વાદ ચાખતા જાઓ: જુઓ, કેવોક લાગે છે!'

અંગ્રેજ પૂરું બોલી નહિ રહ્યો હોય ત્યાં પાછળથી એક હિંદી જુવાને તેના માથામાં દંડો ફટકારતાં કહ્યું, 'જરા આની પણ મજા ચાખતા જાઓ; એ હિંદુસ્તાનનો દંડો છે!'



મદનલાલ ઢીંગરા



સરદારસિંહ રાણા

સભામાં ગરબડ મચી ગઈ. પરિણામે ઠરાવ પસાર ન થઇ શક્યો. મુકદ્દમાને અંતે ઢીંગરાને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો. એના છેલ્લા શબ્દો હતા: 'પ્રભુને મારી પ્રાર્થના છે કે હું ફરી એ જ ભારતમાં જન્મું જેથી આ પવિત્ર ઉદ્દેશ માટે ફરી પ્રાણાર્પણ કરી શકું. અને આ ક્રમ ત્યાં સુધી ચાલતો રહે જ્યાં સુધી ભારત સ્વાધીન ન બને.'

સાવરકર ઈંગ્લંડમાં રહ્યેરહ્યે 'અભિનવ ભારત'નું સંચાલન કરી રહ્યા હતા ને ક્રાન્તિકારી સાહિત્ય ગુપ્તરીતે હિંદ મોકલતા રહ્યા હતા. ૧૯૧૦માં એ હિંદ પાછા ફર્યા અને ક્રાન્તિ-આંદોલનને વધુ સંગઠિત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા ત્યાં જ સરકારે ઈ. ૧૯૧૧ની ૨૯મી માર્ચે તેમને ઝડપી લઇને આજન્મ દેશનિકાલની સજા ફટકારી દીધી.

ઈ. સ. ૧૯૧૧માં ઈંગ્લંડના રાજા જ્યૉર્જ પાંચમાનો દરબાર દિલ્હીમાં ભરાયો અને તેને હિંદુસ્તાનના શહેનશાહ જાહેર કરવામાં આવ્યા. હિંદના રાજામહારાજાઓ પર આ રીતે બ્રિટનની સાર્વભૌમ સત્તા સ્થપાઈ. શહેનશાહની તહેનાતમાં એ બધાને ઊભા રાખવામાં આવ્યા. એકમાત્ર ઉદયપુરના મહારાણાએ વાંધો લીધો કે એમના પૂર્વજો કોઈ દિવસ દિલ્હીના તખ્તને નમ્યા નહોતા. પરંતુ એમને 'સમજાવી લેવા'માં આવ્યા. એ દરબારમાં વડોદરાના મહારાજા સયાજીરાવે જે રીતે પાંચમા જ્યૉર્જને સલામી આપી તેમાં બ્રિટિશ સરકારને તાજનું અપમાન દેખાયું. બ્રિટિશ છાપાં એમની સામે ઊછળી પડ્યાં અને એ ભારતીય ક્રાન્તિકારીઓ સાથે સંબંધ ધરાવતા હોવાના આક્ષેપો કરવા માંડ્યાં. છેવટે સયાજીરાવને પોતાના એ કૃત્ય બદલ માફી માગવી પડી.

ઈ. સ. ૧૯૧૨માં શાહી દબદબાનું પ્રદર્શન કરવા વાઈસરૉય હાર્ડિંજે દિલ્હીના રસ્તા પર હાથી પર સવારી કાઢી. સવારી કોતવાલી આગળથી પસાર થઇ હાલની મારવાડી લાયબ્રેરી પાસે આવતાં તેના



માદામ કામા



માસ્ટર અમીરચંદ

પર બૉમ્બ પડ્યો. દુનિયાભરમાં સનસનાટી ફેલાઈ ગઈ. નિશાનચૂકને લઈને વાઇસરૉય તો મર્યો નહિ, પણ પાછળથી લાગેલી ચોટથી બેભાન બની ગયો, જ્યારે એનો એક અંગરક્ષક માર્યો ગયો. બૉમ્બ પડતાંવેંત સવારીની સાથે રહેલા સૈનિકોની સંગીનો ઝબકી ઊઠી અને ચાંદની-ચોકને ઘેરી લેવામાં આવ્યો. પોલીસતપાસમાં અવધવિહારી નામના એક જુવાન પાસેથી કેટલાક કાગળપત્રો મળી આવ્યા. કુલ ૧૩ જણ પકડાયા, જેમાં દીનાનાથ નામનો જુવાન તાજનો સાક્ષી બન્યો. મુકદ્દમાને અંતે અવધવિહારી, માસ્ટર અમીરચંદ, બાલમુકુંદ તથા વસંતકુમાર વિશ્વાસ એ ચાર જણને ફાંસીની સજા કરવામાં આવી.

આ જ અરસામાં ઈરાનમાં શહીદ થએલા સૂફી અંબાપ્રસાદનું નામ અહીં ઉલ્લેખનીય છે. એમણે 'જામ્યુલ અયૂબ' નામનું ઉર્દૂ અખબાર શરૂ કરેલું, જેમાંના એક લેખ બદલ ઈ. ૧૮૯૭માં દોઢ વર્ષની સજા થએલી. ત્યાર બાદ યુક્ત પ્રાંત(હાલના ઉત્તર પ્રદેશ)નાં રજવાડાંમાં રેસિડન્ટનો હસ્તક્ષેપ વધતાં તે સામે કરેલા લખાણ બદલ એમને બે વર્ષની સજા થએલી. ઈ. ૧૯૦૭માં 'ઇન્ડિયા' નામે પત્રમાં લખેલા લેખ બદલ એમને નેપાળથી પકડી લાહોર લાવવામાં આવ્યા. પરંતુ એમની સામેના આરોપમાંથી એ નિર્દોષ છૂટ્યા. ૧૯૦૯માં સરકારે ફરી એમને પકડવા પ્રયત્ન કર્યો, પણ એ ઈરાન ચાલ્યા ગયા, અને ત્યાંથી 'આબે હયાત' નામનું પત્ર શરૂ કર્યું. અંગ્રેજોને એમને વધુ સમય મુક્ત રહેવા દેવા ખતરનાક લાગ્યું અને તેમણે શિરાઝ શહેર ઘેરી અંબાપ્રસાદને ગિરફતાર કર્યા. ફોજી અદાલતે એમને ગોળીએ ઉડાવી દેવાનો ચુકાદો આપ્યો, પરંતુ એ પહેલાં તો અંબાપ્રસાદે સ્વહસ્તે જ પ્રાણત્યાગ કરી દીધેલો. ઇરાનીઓમાં એ એટલા લોકપ્રિય થયાં હતા કે એમનું શબ ઇરાનીઓએ સરઘસ આકારે ફેરવીને સંમાનપૂર્વક એમનું દફન કર્યું.

ગુલામ દેશના વતનીઓને પોતાના દેશમાં ગુલામી જેટલી નથી સાલતી એટલી અન્ય આઝાદ દેશમાં સાલે છે. અમેરિકામાં વસેલા હિંદીઓનું પણ એવું જ થયું. એમાનો મોટો ભાગ મજૂરોનો હતો, છતાં એ આઝાદ દેશમાં રહીને માતૃભૂમિની સ્વતંત્રતા અર્થે એમણે પોતાનું સંગઠન ઊભુ કર્યું. એ સંગઠનના નેતાઓ હતા સરદાર કરતારસિંહ, જ્વાલાસિંહ, સોહનસિંહ, પં. જગતરામ વગેરે. સ્વતંત્ર રીતે ઊભા થએલા એ સંગઠનને ભારતના ક્રાન્તિ-આંદોલન સાથે જોડવાનો યશ લાલા હરદયાળને છે. સાવરકરને જન્મટીપ ફરમાવાયા પછી શ્યામજી કૃષ્ણ વર્માના બીજા શિષ્ય હરદયાળ અમેરિકા પહોંચેલા. એ ઉપર્યુક્ત પક્ષ સાથે ભળ્યા અને 'ગદર' નામનું એક અખબાર હિંદની વિવિધ ભાષાઓમાં બહાર પાડવા માંડ્યું. બ્રિટિશ સરકાર ચોંકી ઊઠી અને એની છૂપી પોલીસના પ્રયત્નથી લાલા હરદયાળને ઈ. સ. ૧૯૧૦ના માર્ચમાં અમેરિકામાં ગિરફતાર કરવામાં આવ્યા પાછળથી એમને જામીન પર છોડવામાં આવતાં એ યુરોપ ચાલ્યા ગયા.

આ અરસામાં બે મહત્વપૂર્ણ ઘટનાઓ બની : એક તો પહેલું મહાયુદ્ધ અને બીજી 'કૉમાગાતા મારૂ' જહાજની ઘટના. આમાંની કોમાગાતામારૂ ઘટનાએ ગદર પાર્ટીના ઉત્સાહી પરંતુ અનુભવહીન કાર્યકર્તાઓને હિંદ આવવા પ્રેરેલા. ૧૯૧૪માં મહાયુદ્ધ શરૂ થયું તે પહેલાં કૅનેડાની પ્રિવી કાઉન્સિલે એવો આજ્ઞાપત્ર બહાર પાડ્યો કે હિંદીઓને કૅનેડામાં વસવા દેવામાં નહિ આવે. જે લોકો વસેલા હતા તેમને તેમનાં કુટુંબોને ત્યાં બોલાવવામાં વિઘ્નો ઊભાં કરવામાં આવ્યાં. મુખ્ય કારણ એ બતાવવામાં આવ્યું કે હિંદુસ્તાનથી કોઈ જહાજ કૅનેડા આવી શકે તેમ નહોતું. આ વિધાનને હિંદીજનોએ પડકાર્યું અને સિંગાપુરના એક શીખ ઈજારદાર બાબા ગુરુદત્તસિંહે 'ગુરુ નાનક સ્ટીમ નૅવીગેશન કંપની' ઊભી કરી એ કંપની માટે 'કોમાગાતા મારૂ' નામનું એક જાપાની જહાજ પટે લીધું. ૩૭૧ શીખ અને ૨૧ મુસલમાન પ્રવાસીઓ સાથે આ જહાજ કલકત્તાની બંદરગાહેથી કૅનેડા મોકલવામાં આવ્યું અને રસ્તામાં ક્યાં યે અટક્યા વિના ૧૯૧૪ની ૨૩મી મેએ તે કૅનેડાના વાંકુવર બંદરે પહોંચ્યું. કૅનેડાની સરકાર ગભરાઈ ઊઠી. એને તો સ્વપ્ને ય ખયાલ નહોતો કે હિંદીઓ આવું સાહસ કરી શકશે. એણે જહાજને ગોદીમાં પેસવા જ ન દીધું અને બાકીની દુનિયા સાથે એનો સંબંધ તોડી નાખ્યો, જેથી અંદરના પ્રવાસીઓ ભૂખેતરસે મરી જાય. પરંતુ કૅનેડાવાસી હિંદીઓના વિરોધથી તે એમને ભૂખે તો મારી ન શકી. હિંદી વઝીરના હસ્તક્ષેપને કારણે બે માસ બાદ એ જહાજને હિંદ પાછા ફરવું પડ્યું. આ અપમાને જહાજના એકેએક ઉતારુને ક્રાન્તિનો હિમાયતી બનાવી દીધો હતો. જહાજને માર્ગમાં ક્યાં યે રોકાવા દેવામાં ન આવ્યું અને કિનારે ઊતરતાં જ સૌને પંજાબ ચાલ્યા જવાનું ફરમાવવામાં આવ્યું. ઉતારુઓએ તેનો ઈન્કાર કરતાં વગર ચેતવણીએ એમના પર ગોળીબાર કરવામાં આવ્યો, જેમાં ૧૮ ત્યાં જ શહીદ થયા, કેટલાક નાસી છૂટ્યા અને બાકીનાને બળજબરીએ ટ્રેનમાં ઠાંસી પંજાબ મોકલી દેવામાં આવ્યા.

આ ઘટનાએ હિંદીઓની ક્રાન્તિભાવનાને વધુ પ્રજ્વલિત બનાવી મૂકી. અમેરિકાવાસી ગદર પાર્ટીના સભ્યોએ આવા જાલિમ રાજ્યનો અંત આણવાનો નિર્ધાર કર્યો અને સો નવજવાનો ૧૯૧૪ના ઑગસ્ટની ૫મીએ હિંદ આવવા ઊપડ્યા. રસ્તામાં શાંઘાઈ, બાંગૉક, સિંગાપુર, રંગૂન વગેરે જે જે સ્થળે હિંદીઓ વસતા હતા તેમનામાં ક્રાન્તિની આગ ફેલાવતા તેઓ કલકત્તા પહોંચ્યા. ત્યાં શ્રી રાસવિહારી વસુ તથા શ્રી શચીન્દ્રનાથ સાન્યાલ એમની સાથે ભળ્યા અને પંજાબમાં વિદ્રોહની તૈયારી ચાલી. હિંદી લશ્કરને પોતાના સાથમાં લેવા માટે સરદાર કરતારસિંહ, વિષ્ણુ ગણેશ પિંગલે વગેરે પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ કમનસીબે એમનામાં કૃપાલસિંહ જેવો વિશ્વાસઘાતી પણ હતો. પરિણામે યોજના ફૂટી ગઈ અને ક્રાન્તિકારીઓ એક પછી એક પકડાતા ગયા. સરકારે કુલ નવ કેસ ચલાવ્યા, જેમાં 'પ્રથમ લાહોર કાવતરા' કેસ તરીકે ઓળખાતા મુકદ્દમામાં ૬૫ જણ સામે કેસ ચલાવવામાં આવેલો.



કરતારસિંહ



વિષ્ણુ ગણેશ પિંગલે

કેસને અંતે કરતારસિંહ, પિંગલે વગેરે કુલ ૨૪ જણને ફાંસી, ૨૫ને કાળાં પાણી, તથા બાકીનાઓમાંથી પાંચને છોડી મૂકી બીજાઓને નાનીમોટી સજાઓ કરવામાં આવી.

આ 'ગદરબાબાઓ'એ લશ્કરને પોતાને પડખે લેવામાં એટલી સફળતા મેળવેલી કે કૃપાલસિંહ જેવો દેશદ્રોહી ન પાક્યો હોત તો એ સફળ થવાની સંભાવના હતી. પરંતુ કરતારસિંહ ફીરોઝપુર પહોંચ્યા ત્યાં હિંદી સૈનિકોને બદલે ગોરા સૈનિકોને પોતાનું સ્વાગત કરવા ઊભેલા જોયા. એ ત્યાંથી વઝીરાબાદ છાવણીમાં પહોંચ્યા, જ્યાં એમને હિંદી સૈનિકો વચ્ચેથી ગિરફતાર કરવામાં આવ્યા. પિંગલેને મેરઠ છાવણીમાંથી તથા જગતરામને પેશાવર છાવણીમાંથી પકડવામાં આવ્યા. આ વિદ્રોહનાં મૂળ ઠેઠ બ્રહ્મદેશ સુધી પહોંચેલાં અને ત્યાં પણ આવો પ્રયાસ કરવા બદલ સોહનલાલ વગેરેને માંડલે મુકામે ફાંસીએ ચડાવવામાં આવેલા. રંગૂનમાં આ ગદર-આંદોલનના પરિણામે બલુચ રેજિમેન્ટે અને સિંગાપુરમાં પાંચમી પાયદળ ટુકડીએ બંડ ઉઠાવતાં એમાંના સેંકડો લોકોને ગોળીએ દઈ દેવામાં આવેલા. યુદ્ધ દરમિયાન બ્રિટિશોએ હિંદમાં આદરેલા આ દમનકાંડ અંગે, કહેવાય છે કે, મદ્રાસના એક હિંદી પ્રોફેસરે અમેરિકાના પ્રમુખ વિલસન પર એક પત્ર લખેલો.


કેહરસિંહ


સોહનલાલ

શ્રી રાસવિહારી વસુને પકડવા સરકારે ૧૨,૫૦૦ રૂપિયાનું ઈનામ કાઢેલું પણ એ હાથ ન આવ્યા. લપાતાછુપાતા એ કલકત્તા પહોંચ્યા અને એ જ રીતે એક જહાજમાં જાપાન જઈ પહોંચ્યા. તે પછી ત્યાં જ જીવન જમાવી બીજા મહાયુદ્ધમાં એમણે નેતાજી સુભાષ સાથે રહીને આઝાદ હિંદ ફોજના સંગઠનમાં બજાવેલી કામગીરી સર્વવિદિત છે. શ્રી સાન્યાલને ગિરફતાર કરી જન્મટીપની સજા કરવામાં આવી, પણ પાછળથી ઈ. સ. ૧૯૩૧માં છોડી મૂકવામાં આવ્યા.

મહારાષ્ટ્રમાં ક્રાન્તિ-આંદોલને જોર પકડવા સાથે બંગાળમાં પણ તેનો પાયો નખાયો. મહારાષ્ટ્રીય લેલે સ્વામીથી પ્રેરિત થઇને અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્ર ઈ. ૧૯૦૨માં વડોદરાથી બંગાળ આવ્યા ત્યારે તેમને એ દિશામાં નિરાશા પ્રાપ્ત થએલી. પરંતુ ત્યાર પછી બંગાળનો આત્મા જાગ્રત થયો, ને એ ફરી ઈ.સ. ૧૯૦૪માં બંગાળ આવ્યા ત્યારે ક્રાન્તિ-આંદોલન માટેની ભૂમિકા 'આત્મોન્નતિ સમિતિ', 'ડૉન સોસાએટી' વગેરે દ્વારા રચાઈ ચૂકેલી. 'કંઈક કરવું જોઇએ' એવી ભાવના જોડાસાંકોના ટાગોર કુટુંબથી માંડી અદનામાં અદના બંગાળીના દિલમાં ઉદય પામી હતી, પરંતુ એમાં સૌથી તેજસ્વી કાર્યરેખા કોઇએ આંકી હોય તો તે સ્વામી વિવેકાનંદનાં શિષ્યા ભગિની નિવેદિતાએ. બ્લેરે તો એમના માટે એટલે સુધી લખ્યું છે કે, 'અશાંતિ જગાવવામાં એમનો હિસ્સો દુનિયાનાં તમામ અખબારોના કરતાં કદાચ વધુ છે.'

બારીન્દ્રે ઉલ્લાસકર દત્ત સાથે બંગાળને જિલ્લે જિલ્લે ઘૂમી વળી અખાડાઓની સ્થાપના કરી, જે અંગકસરતનાં કેન્દ્રો ઉપરાંત રાજકીય પ્રવૃત્તિ ને શસ્ત્રસંચયનાં પણ કેન્દ્રો બની રહ્યાં. પશ્ચિમ બંગાળમાંના


સિસ્ટર નિવેદિતા


ઉપેન્દ્રનાથ બેનરજી

બારીન્દ્રના પ્રયાસ જેવા જ પ્રયાસ પૂર્વ બંગાળમાં પુલિન દાસની આગેવાની નીચે ઢાકાની 'અનુશીલન સમિતિ' કરી રહી હતી. બારીન્દ્રના એક મિત્ર હેમ કાનૂનગો ફ્રાન્સ જઇ બૉમ્બની બનાવટ શીખી આવ્યા અને બંગાળમાં તેનું પ્રથમ કારખાનું નખાયું. આ પ્રવૃત્તિ ત્યાંથી પછી હિંદભરમાં ફેલાઈ. રોલેટ હેવાલમાં જણાવ્યા મુજબ બારીન્દ્ર અને તેના સાથીઓના 'બૉમ્બ મૅન્યુઅલ'ની નકલો નાશિકમાં શ્રી સાવરકરને ત્યાંથી માંડીને લાહોરમાં ભાઈ પરમાનંદને ત્યાંથી મળી આવેલી.

'યુગાંતર', 'સંધ્યા' તથા શ્રી અરવિંદ ઘોષનું 'વંદેમાતરમ્' બંગાળમાં હવે ક્રાન્તિની જ્વાલા વધુ ને વધુ પ્રજ્વલિત કરતાં ગયાં. એમાંના 'વંદેમાતરમ્' પત્રે તો લાલા લાજપતરાય અને સરદાર અજિતસિંહની દેશપારી પ્રસંગે લખેલું કે "ભાષણો અને સુંદર લખાણોનો કાળ વીતી ગયો છે. નોકરશાહીએ પડકાર ફેંક્યો છે ને આપણે તે ઝીલી લેવાનો છે. પંજાબના પુત્રો! સિંહનાં સંતાનો! તમને ભોંયભેગા કરવા માગનારાઓને બતાવી આપો કે એક લાજપતરાયને ઠેકાણે તમે સેંકડો લાજપતો ખડા કરી શકો તેમ છો. સેંકડોગણા બુલંદ અવાજે તમારો યુદ્ધઘોષ એમને સંભળાવો કે 'જય હિન્દુસ્થાન!'"


અરવિંદ ઘોષ


બારીન્દ્ર ઘોષ

આ પછી બંગાળ શાંત રહે તેમ ન હતું. ગોખલે જેવાની વિનવણીઓ છતાં એ પ્રાંતના કાયમ રાખવામાં આવેલા ભાગલાએ એકેએક બંગાળીના દિલમાં આગ ચેતવી હતી. એ આગે વધુ ને વધુ ફૂંકાઇ જ્વાલાનું સ્વરૂપ પકડયું. ઈ. ૧૯૦૭ના ડિસેમ્બરની ૬ઠ્ઠીએ મિદનાપુર નજીક લેફ્ટેનન્ટ ગવર્નરની ટ્રેન પાટા પરથી ઉથલાવી નાખવામાં આવી. એ જ માસની ૨૩મીએ ઢાકાના મૅજિસ્ટ્રેટ મિ. ઍલનનું ફરીદપુર મુકામે ખૂન થયું. ૧૯૦૮ના એપ્રિલમાં ચન્દ્રનગરના ફ્રેન્ચ મેયરનું ખૂન કરવાનો પ્રયત્ન થયો, ને એ જ મહિનામાં મુઝફ્ફરપુર મુકામે ખુદીરામ બોઝ તથા પ્રફુલ્લ ચાકી નામના બે જુવાનો ન્યાયાધીશ કિંગ્સફૉર્ડનું ખૂન કરવા ઊપડયા, પરંતુ ભૂલથી, એના જેવી જ ગાડીમાં બેઠેલા બીજા એક ગોરા મિ. કેનેડીની હત્યા કરી બેઠા. બંનેને પકડીને ફાંસીએ લટકાવવામાં આવ્યા, પરંતુ આ કૃત્યો યોજનાપુરઃસરનાં હોવાની શંકા પરથી પોલિસે ઠેરઠેર છાપા મારવા માંડયા, જેમાં ૨૭ મેના




ખુદીરામ બોઝ




પ્રફુલ્લ ચાકી

રોજ માણિકતોલા મુકામેથી બૉમ્બ, રિવૉલ્વર, કારતૂસ, ડાયનેમાઇટ વગેરે સરંજામ મળી આવ્યો. કુલ ૩૮ જણ આ અંગે પકડાએલા, જેમાં બારીન્દ્ર, ઉપેન્દ્રનાથ બન્ધોપાધ્યાય, ઉલ્લાસકર દત્ત તથા હેમ કાનૂનગો મુખ્ય હતા. 'અલીપોર બૉમ્બ કેસ' નામે જાણીતા થએલા એ મુકદ્દમામાં દેશબંધુ ચિત્તરંજનદાસ બચાવપક્ષે ઊભા રહેલા. સરકારે તો શ્રીઅરવિંદ ઘોષને પણ આ મુકદ્દમામાં સંડોવેલા, પરંતુ છેવટે એમની નિર્દોષતા પુરવાર થતાં એમને છોડી મૂકવામાં આવ્યા અને બારીન્દ્ર, ઉલ્લાસકર આદિ ૧૫ જણને આજન્મ કારાવાસની સજા ફટકારી આંદમાન મોકલી દેવામાં આવ્યા. આ કેસમાં નરેન ગોસાંઈ નામનો એક આરોપી તાજનો સાક્ષી બનતાં બીજા બે આરોપી કન્હાઈ દત્ત તથા સત્યેન્દ્ર વસુએ તેની હત્યા કરી ને પરિણામે એ બંનેને ફાંસી મળી. પ્રફુલ્લ ચાકીને પકડનાર પોલીસ અધિકારી નંદલાલ બૅનરજીને ૧૯૦૮ના નવેમ્બરમાં તથા આ કેસના સરકારી વકીલને ૧૯૦૯ના ફેબ્રુઆરીની ૧૦મીએ કલકત્તા મુકામે ફૂંકી દેવામાં આવ્યા. આમ, ૧૯૦૬થી ૧૯૧૯ સુધીમાં, રૉલેટ હેવાલના જણાવ્યા મુજબ, ઓછામાં ઓછાં ૩૦૦ જેટલાં હિંસક કૃત્યો થએલાં, જેમાં એક હજાર ઉપરાંત ક્રાન્તિકારીઓ સકળાએલા !



કન્હાઈ દત્ત



સત્યેન્દ્ર બસુ

બારીન્દ્ર આદિની ગિરફતારી અને સજા બાદ પૂર્વ બંગાળની 'અનુશીલન સમિતિ'એ ક્રાન્તિનો દોર હાથ ધર્યો. સરકારે આ સમિતિ તથા તેની શાખા રૂપે બારીસાલ, ફરીદપુર, માયમનસિંગ વગેરે મુકામે કામ કરતી સંસ્થાઓને ઈ. સ. ૧૯૦૯માં ગેરકાયદે જાહેર કરી, છતાં ક્રાન્તિ-આંદોલન ચાલુ જ રહ્યું. ૧૯૧૦ના જુલાઈમાં ઢાકા કાવતરા કેસ હેઠળ પુલિન દાસ તથા બીજાઓને પકડી જેલભેગા કરવામાં આવ્યા, પણ આંદોલન બંધ ન રહ્યું. સોનારંગ નૅશનલ સ્કૂલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ એ કાર્ય ઉપાડી લીધું. અનુશીલન સમિતિના છૂટા રહેલા સભ્યોનો ત્યાં મેળો જામતો. પરિણામે ૧૯૧૧ના એપ્રિલની ૧૦મીએ ઢાકા કાવતરા કેસના તાજના સાક્ષી મનમોહન દેનું ખૂન કરવામાં આવ્યું, ને ત્યાર પછી હત્યાઓનો જે કાંડ ચાલ્યો એમાં મિ. કાઉલીની મોટર પર બૉમ્બ નાખનાર તો ૧૬ જ વર્ષનો એક કુમાર હતો. બૉમ્બ પ્રવૃત્તિ અંગે વધુ તપાસમાં રાજાબજાર મુકામેથી તેનું કારખાનું મળી આવ્યું જે અંગે અમૃતલાલ હાઝરાની ધરપકડ કરી તેને ૧૫ વર્ષ માટે કાળા પાણીની સજા કરવામાં આવી.

પોલીસે ક્રાન્તિકારીઓના સગડ બરાબર પકડ્યા હતા. પરિણામે ૧૯૧૪નાસપ્ટેમ્બરના બારીસાલ કાવતરા કેસમાં અનુશીલન સમિતિના લગભગ બધા સભ્યો ઝડપાઈ ગયા, જેમાં ત્રૈલોકનાથ ચક્રવર્તી ઉર્ફે મહારાજ, પ્રતુલ ગાંગુલી, રમેશ ચૌધરી, મદન ભૌમિક વગેરે મુખ્ય હતા. આમાં પણ મહારાજનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. ૧૯૦૮થી ૧૯૪૫ સુધીમાં એમની જિંદગીનાં ત્રીસ વર્ષ એમણે જેલમાં જ ગાળેલાં!



ત્રૈલોકયનાથ ચક્રવર્તી(મહારાજ)



યતીન્દ્રનાથ મુખરજી

ત્યાર બાદ ૧૯૧૪ના પ્રથમ મહાયુદ્ધના અરસામાં હિંદમાં ચાલેલા ક્રાન્તિ-આંદોલનમાં યતીન્દ્રનાથ મુખરજીનું નામ મોખરે આવે છે. ઈ. ૧૯૧૫માં બંગાળના ક્રાન્તિકારીઓએ સંગઠિત રૂપે ક્રાન્તિ કરવાનો નિશ્ચય કર્યો. બંગભંગ નિમિત્ત મહારાષ્ટ્ર અને બંગાળ એકબીજાની વધુ નજીક આવ્યાં હતાં અને સાવરકરને થએલી જન્મટીપ પછી તો ક્રાન્તિનો દોર બંગાળને જ હસ્તક રહેલો. છૂટાછવાયા પ્રયત્નો બાદ પ્રથમ મહાયુદ્ધ વખતે વ્યવસ્થિતરીતે સશસ્ત્ર બંડનો પ્રયાસ કરવામાં આવ્યો. હિંદમાં બ્રિટિશો પાસે ત્યારે માત્ર ૧૨,૦૦૦ની બ્રિટિશ ફોજ હતી. જો દેશમાં આંતરિક અશાંતિ જાગે તો તેને આ કારણે પહોંચી વળવાની મુશ્કેલીની વાત એ વખતના વાઈસરૉયે શ્રી આશુતોષ મુખરજીને કરેલી. ક્રાન્તિકારીઓને આ વાતની ખબર પડી ગઈ. શ્રી મુખરજી પાસેથી એ વાત તેમને જાણવા મળી હોય તે કરતાં તો કોઈ સરકારી કર્મચારી દ્વારા જ તે ફૂટી ગઈ હોવાનું વધુ સંભવિત છે. ધાડો પાડીને ક્રાન્તિકારી દળે પૈસા એકઠા કર્યા અને શ્રી ભોલારામ ચેટરજી બાંકોક, નરેન્દ્રનાથ ભટ્ટાચાર્ય બટેવિયા તથા અવનીન્દ્ર મુખરજી જાપાન, તે તે સ્થળોના ક્રાન્તિકારીઓ સાથે સંબંધ સ્થાપવા ઊપડ્યા.

બંગાળમાં એ વખતે છૂટકછૂટક કેટલાં યે ક્રાન્તિકારી દળો કામ કરી રહ્યાં હતાં. એમનામાં એકસૂત્રતા નહોતી. એમને એકસૂત્ર બનાવવાનું કામ યતીન્દ્રનાથ મુખરજીએ હાથ ધર્યું. યુરોપ ચાલ્યા ગએલા લાલા હરદયાળે પણ જર્મનીને હિંદી ક્રાન્તિકારીઓને સહાય આપવા સમજાવ્યું અને જર્મનીથી શસ્ત્રાસ્ત્રો ભરેલું એક જહાજ હિંદમાં આવવા રવાના થયું. યતીન્દ્ર એ જહાજ પરનો માલ ઉતારવા પોતાના પાંચ સાથીઓ સાથે વાલેશ્વર પહોંચ્યો, પરંતુ પોલીસને આ બાબતની જાણ થઈ ગએલી, એટલે તેણે એમનો પીછો પકડ્યો. યતીન્દ્રનું યુદ્ધકૌશલ અપૂર્વ હતું. એણે ખાઇઓ દ્વારા પોલીસની સામે લશ્કરના જેવી જ મોરચાબંદી કરી અને તેમને આગળ વધતા અટકાવી રાખ્યા. બે દિવસ સુધી આ રીતે યુદ્ધ ચાલ્યા બાદ યતીન્દ્ર અને એના સાથીઓની ગોળીઓ ખલાસ થવા આવી. પોલીસની કેટલી યે વ્યક્તિઓ આ

ગોળીબારમાં મરી. પરંતુ યતીન્દ્રને ય ગોળી સખત વાગેલી હોઇને અંતે તે પણ બચી ન શક્યો. કોર્ટમાં કેસ ચાલતાં બૅરિસ્ટર જે.એન. રાયે છૂપી પોલીસના વડા શ્રી ટેગાર્ટને પૂછ્યું, 'યતીન્દ્ર હજી જીવે છે ખરો?'

ટેગાર્ટે જવાબ આપ્યો, 'દુર્ભાગ્યવશ તે મૃત્યુ પામ્યો છે.'

'દુર્ભાગ્યવશ કેમ?' બૅરિસ્ટરે સવાલ કર્યો.

જવાબમાં ટેગાર્ટે કહ્યું, 'મારે તો જોકે મારી ફરજ બજાવવાની હતી, પણ એનો હું જબરો પ્રશંસક છું. એ જ એક એવો બંગાળી નીકળ્યો કે જેણે ખાઈમાંથી ખુલ્લેખુલ્લી લડાઈ આપી.'





← સુભાષચંદ્ર બોઝ રાસવિહારી વસુ

લાલા હરદયાળ અને રાસવિહારી વસુ ઉપરાંત મૌલવી ઓબેદુલ્લા સિંધી, રાજા મહેન્દ્રપ્રતાપ, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય વગેરે કેટલાક નિર્વાસિત ક્રાન્તિકારીઓ પણ પહેલા મહાયુદ્ધ દરમિયાન વિદેશોમાં હિંદની ક્રાન્તિ માટેનો પ્રયાસ કરી રહ્યા હતા, પણ એમાંના એકેને સફળતા મળી શકી નહિ. એ પછી બીજા મહાયુદ્ધ દરમિયાન નેતાજી સુભાષ બોઝ તથા રાસવિહારી વસુએ હિંદ બહાર રહીને લશ્કરી સંગઠન સાધવાનો સફળ પ્રયાસ કર્યો, પરંતુ એમની ફોજ આસામની સરહદથી આગળ વધી નહોતી શકી. આમ છતાં હિંદના આઝાદીના ઇતિહાસમાં તો બીજા સઘળા નિષ્ફળ પ્રયત્નોના મુકાબલે એ અંશતઃ સફળ પ્રયત્ન પણ સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

પહેલા મહાયુદ્ધના અંત પછી ક્રાન્તિ-આંદોલનમાં કશી એકસૂત્રતા ન રહી. છૂટક ધાડો અને હત્યાઓથી એ આગળ ન વધી શક્યું. પરિણામે એવા ક્રાન્તિકારીઓ પ્રત્યે લોકોનો ચાહ વધવાને બદલે ઘટવા લાગ્યો. આઝાદીના અતંત્ર બની ગએલા એ મોરચાના સૈનિકોનાં દેશદાઝપ્રેરિત ઊર્મિલ બલિદાનોની પ્રશંસા કર્યા છતાં એ સાધન દ્વારા સાધ્ય સિદ્ધ થવાની શ્રદ્ધા પ્રજામાંથી ઓસરતી ગઈ અને ગાંધીજીનો અહિંસાનો માર્ગ સમાજધર્મ રૂપે જ નહિ પણ રાજનીતિ રૂપે પણ પ્રજાને વધુ કાર્યસાધક લાગવા માંડ્યો. અને એ માર્ગે પોતાની કાર્યસાધકતા પુરવાર પણ કરી આપી.

મહાયુદ્ધના અંતે હિંદને અપાએલાં વચનો ઘોળી પી જઇને બ્રિટિશ સરકારે અમૃતસર મુકામે જલિયાંવાલાનો જે હત્યાકાંડ સર્જ્યો તેણે દેશના જુવાનોમાં પ્રતિહિંસાની ભાવના વધુ ઉગ્ર બનાવી અને અહીંતહીં ક્રાન્તિકારી દળો ઊભાં થવા માંડ્યાં. એમાંનું એક દળ અકાલી દળ હતું. એ દળનો ઉદ્દેશ હતો સૌપ્રથમ બ્રિટિશોના હિંદી કાંધિયાઓનો નાશ કરીને પછી ઈ. ૧૮૫૭ જેવો વિદ્રોહ જગવવાનો. દળ તરફથી 'બબ્બર અકાલી' નામે પત્ર પણ શરૂ કરવામાં આવ્યું. એના સભ્યો ગામેગામ ફરી ક્રાન્તિનો પ્રચાર કરવા લાગ્યા. પોલીસ પીછો પકડતાં એ લાપત્તા બની જતા. એમણે સરકારના કાંધિયા હોવાની શંકા પરથી કેટલા યે હિંદીઓની હત્યા કરી, લૂંટ્યા તથા નાકકાન કાપ્યાં. ઈ.સ. ૧૯૨૩નાં સપ્ટેમ્બરની ૧લીએ દળના ચાર સભ્યો કર્મસિંહ, ઉદયસિંહ, બિશનસિંહ તથા મહેન્દ્રસિંહનો જથ્થો કપુરથલા રાજ્યના બોમેલી મુકામે પહોંચ્યો કે પોલીસે તેને ઘેરી લીધો. સામસામી ગોળીઓની રમઝટ ચાલી, જેમાં ચારે જણ શહીદ થયા. એ દળના એક આગેવાન ધન્નાસિંહને પકડવા પોલીસ આકાશપાતાળ એક કરી રહી હતી. છેવટે જેના એ મહેમાન બનેલા એ વિશ્વાસઘાતી જવાલાસિંહે જ એમને પોલીસને કબજે સોંપી દીધા. પોલીસના ૪૦-૫૦ આદમીઓ ધસી આવતાં ધન્નાસિંહે રીવૉલ્વર કાઢી, પરંતુ બાર કરી શકે એ પહેલાં એમને બાંધી લેવામાં આવ્યા. આવી સ્થિતિમાં પણ ધન્નાસિંહે છેલ્લીવાર પોતાનું અરમાન પૂરું કરવાનો નિશ્ચય કર્યો. કમરે સંતાડેલા બૉમ્બ પર એમણે બાંધેલા હાથની કોણી વડે જોરથી ઘા કર્યો. ભારે ધડાકા સાથે એ ફૂટ્યો. ધન્નાસિંહ તો ગયા પણ સાથે પોલીસના પાંચ માણસોને પણ લેતા ગયા, જેમાંનો એક અંગ્રેજ હતો. બીજા એક વિશ્વાસઘાતી જગતસિંહને લીધે દળના બીજા ૯૧ સભ્યો પકડાઈ ગયા. એમાંના ત્રણ જેલમાં જ અવસાન પામ્યા ને બાકીના ૮૮ ઉપર કેસ ચલાવવામાં આવ્યો. ૧૯૨૫ની ૨૮મી ફેબ્રુઆરીએ અપાએલા ચુકાદા અનુસાર એમાંથી ૩૪ જણને નિર્દોષ ગણી છોડી મૂકવામાં આવ્યા અને ૪૮ જણને ૬ મહિનાથી માંડી ૭ વર્ષ સુધીની, ૧૦ને કાળા પાણીની તથા ૬ને ફાંસી કરવામાં આવી. ફાંસીએ ચડેલા છ જણ હતા કિશનસિંહ ગડગજ, કર્ણસિંહ, નંદસિંહ, દલીપસિંહ, સન્તાસિંહ ને ધર્મસિંહ. આમ 'બબ્બર અકાલી દળ'ના આંદોલનનો અંત આવ્યો.

ભલે સગઠિત ન હતું, છતાં એ ક્રાન્તિ-આંદોલન વધુ ને વધુ ફેલાતું તો જતું જ હતું ને બ્રિટિશ સરકાર વધુ ને વધુ વ્યાકુળ બનતી જતી હતી. ચોમેર પોલીસના દરોડા ચાલુ હતા. સરકાર બાતમી મેળવવા ખુદ હિંદીઓનો જ ઉપયોગ કરતી. આવા દેશદ્રોહીઓ પ્રત્યે ક્રાન્તિકારીઓના મનમાં વૈરની આગ સળગી ઊઠે એ સ્વાભાવિક હતું. દક્ષિણેશ્વર બૉમ્બ કેસ વખતે ભૂપેન્દ્ર ચૅટરજી નામના પોલીસ અફસરની એ જ કારણે હત્યા કરવામાં આવેલી. આ કેસમાં સજા પામેલાઓ પાસેથી સામ, દામ, ભેદ અને દંડ દ્વારા ક્રાન્તિ-આંદોલન વિષે બાતમી મેળવવાનો ભૂપેન્દ્ર ચૅટરજીનો પ્રયાસ હતો. એની આ પ્રવૃત્તિથી ખિજાએલા બૉમ્બ કેસના આરોપીઓએ એક દિવસ એ જેલમાં આવ્યો કે તરત ખાટલાના પાયા વગેરે જે કંઈ હાથ આવ્યું તે વડે તેને એટલી તો હદે માર્યો કે એ ત્યાં જ ખલાસ થઈ ગયો. આના પરિણામે અનંત હરિ મિશ્ર તથા પ્રમોદ ચૌધરી એ બે જુવાનોને ફાંસી દેવામાં આવી.



નંદસિંહ



અનંત હરિ મિશ્ર

આઝાદી માટેની હિંદી નવજુવાનોની તમન્ના અસહકાર-આંદોલન દ્વારા સફળતાએ પહોંચાડવાનો ગાંધીજીએ પ્રયત્ન તો કર્યો, પરંતુ લોકોની અધીરાઇએ ચૌરીચૌરાનો હત્યાકાંડ સરજતાં ગાંધીજીને પોતાની લડત મોકૂફ રાખવી પડી. એ નિષ્ક્રિયતાના ગાળા દરમિયાન ક્રાન્તિ-આંદોલનને પુનઃ સંગઠિત બનાવવાનો ફરી એક પ્રયત્ન થયો અને 'હિંદુસ્તાન રીપબ્લિકન એસોસીએશન' અસ્તિત્વમાં આવ્યું.

એ સંસ્થાની સંગઠનશક્તિ વધારવા માટે યોગેશચંદ્ર ચૅટરજીએ શાહજહાંપુર મુકામે પં. રામપ્રસાદ બિસ્મિલને મળી યુક્ત પ્રાંતમાં સંગઠનનો પાયો નાખ્યો. એસોસીએશનનો મુખ્ય પ્રશ્ન એ વખતે શસ્ત્રાસ્ત્રોના સંગ્રહનો હતો. નાનીનાની ધાડોથી પૈસા તો મળવા માંડયા, પણ એથી જરૂરિયાતને પહોંચી વળાય તેમ ન હતું. બિસ્મિલે ટપાલ લૂંટવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને એકમાત્ર અશફાકુલ્લાખાં સિવાય પક્ષના બધા સભ્યોએ તે માન્ય રાખ્યો. ટ્રેનમાં બેસી, ચાલતી ટ્રેને સાંકળ ખેંચી, ટપાલના થેલા લૂંટી નાસી છૂટવું એવી યોજના તૈયાર કરવામાં આવી અને એ પાર પાડવાની જવાબદારી રામપ્રસાદ બિસ્મિલ, રાજેન્દ્રનાથ લાહિડી, અશફાકુલ્લાખાં, મુકુંદીલાલ, મન્મથનાથ ગુપ્ત, શચીન્દ્રનાથ બખ્શી, ચંદ્રશેખર આઝાદ, મુરારી શર્મા, બનવારીલાલ તથા બીજી એક વ્યક્તિ પર નાખવામાં આવી.

ઈ. સ. ૧૯૨૫ના ઑગસ્ટની ૯મીએ ક્રાન્તિકારીઓને તેમના એક સ્કાઉટ મારફત ખબર મળ્યા કે હરદોઈથી લખનૌ જઈ રહેલી નં. ૮ ડાઉન ગાડીમાં સરકારી ખજાનો હતો. તરત યોજના અમલમાં મુકાઈ. દળની બે ટુકડીઓ પાડવામાં આવી. એક ટુકડીના નેતા અશફાકુલ્લાખાં હતા જે શચીન્દ્રનાથ સાન્યાલ તથા રાજેન્દ્ર લાહિડી સાથે બીજા વર્ગમાં ચડી બેઠા. બીજી ટુકડીના નેતા બિસ્મિલ હતા જે સાત જણ સાથે ત્રીજા વર્ગમાં ચડી બેઠા. ટ્રેન સંધ્યાકાળે કાકોરી સ્ટેશનથી થોડેક દૂર સુધી આવી પહોંચતાં જ પૂર્વસંકેત મુજબ સાંકળ ખેંચવામાં આવી અને સશસ્ત્ર ગોરા સિપાઈઓ સહિત સઘળા ઉતારૂઓને ટ્રેનમાં જ પૂરી દઈ ખજાનો લૂંટી જવામાં આવ્યો. સરકાર આ પડકાર એમ ને એમ જવા દે તેમ ન હતી. પોલીસે ક્રાન્તિકારીઓનાં પગલાં સૂંઘતાં તેમનો પીછો પકડયો અને ૧૯૨૫ના સપ્ટેમ્બરની ૨૬મીએ કેટલાં યે શહેરોમાં એકસામટી ધરપકડો કરી ૪૦ જણને પકડવામાં આવ્યા.


ચંદ્રશેખર આઝાદ


રામપ્રસાદ બિસ્મિલ

'કાકોરી કાવતરા કેસ' તરીકે ઓળખાતા આ કેસમાં એકમાત્ર ચન્દ્રશેખર આઝાદને બાદ કરતાં સઘળા ગિરફતાર થએલા. એમના પર લખનૌ મુકામે કેસ ચલાવવામાં આવ્યો, જેમાં આરોપીઓ તરફના વકીલ તરીકે પં. ગોવિંદ વલ્લભ પંત, શ્રી ચંદ્રભાણુ ગુપ્ત તથા શ્રી મોહનલાલ સકસેના ઊભા રહેલા. કેસના અંતે થએલી સજાઓમાં પં. રામપ્રસાદ બિસ્મિલ, અશફાકુલ્લાખાં, રાજેન્દ્ર લાહિડી તથા રોશન સિંહને ફાંસી; શચીન્દ્ર સાન્યાલને કાળાપાણી; મન્મથનાથ ગુપ્ત ૧૫ વર્ષ, યોગેશચંદ્ર ચૅટરજી, ગોવિંદચરણ કર, રાજકુમાર સિંહા, મુકુંદીલાલ, રામકૃષ્ણ હનમીને દસ વર્ષ; સુરેશચંદ્ર ભટ્ટાચાર્ય, વિષ્ણુશરણ દુબલિસ, સાત વર્ષ; રામદુલારે ત્રિવેદી, ભૂપેન્દ્રનાથ સાન્યાલ, બનવારીલાલ તથા પ્રેમકૃષ્ણ ખન્ના પાંચ વર્ષ; પ્રણવેશ ચૅટરજી ૪ વર્ષ ને રામનાથ પાંડે ૩ વર્ષ. બિસ્મિલે ફાંસીએ ચડતાં 'મૈં બ્રિટિશ સરકારકા નાશ ચાહતા હૂં' એ શબ્દો સાથે નીચેની પંક્તિઓ ઉચ્ચારેલી:

'અબ ન અગલે બલબલે હૈં, ઔર ન અરમાનોં કી ભીડ,
એક મિટ જાને કી હસરત અબ દિલે 'બિસ્મિલ' મેં હૈ.'


અશફાકુલ્લાખાં


રાજેન્દ્ર લાહિડી

આ કેસમાં સંડોવાએલા અશફાકુલ્લાખાંની ભાવના કેટલી રાષ્ટ્રીયતાથી ઓતપ્રોત હતી તેનું પણ ઉદાહરણ ટાંકવા જેવું છે. લખનૌના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે એમને સમજાવેલા કે 'જો અશફાક, તું મુસલમાન છે, હું યે મુસલમાન છું. મને તારી ગિરફતારીથી બહુ રંજ છે. રામપ્રસાદ વગેરે તો હિંદુ છે. એમનો ઉદ્દેશ હિંદુ સલ્તનત કાયમ કરવાનો છે. તું ભણેલોગણેલો ખાનદાન મુસલમાન હોવા છતાં આ કાફરોના ચક્કરમાં કયાં આવ્યો?' આ શિખામણ સાંભળતાં જ અશફાકુલ્લાખાં ક્રોધથી લાલચોળ બની ગએલા અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને જવાબ આપેલો કે: 'બહુ થયું; ખબરદાર, જો ફરી એવી વાત મારી આગળ કરી છે તો. અવ્વલ તો પંડિતજી વગેરે બધા હિંદુસ્તાની છે. એમને હિંદુ સલ્તનત, શીખ રાજ્ય કે કોઈ પણ પ્રકારની ફિરકાની સલ્તનતથી સખ્ત નફરત છે. અને જો તમે કહો છો એ સાચું હોય તોપણ અંગ્રેજોના રાજ્ય કરતાં હું હિંદુઓનું રાજ્ય વધુ પસંદ કરીશ.'

કાકોરી કેસ પછી 'હિન્દુસ્તાન રીપબ્લિકન એસોસીએશન'ની કામગીરી લગભગ અટકી પડી. એના નાસતા ફરતા આરોપી શ્રી ચન્દ્રશેખર આઝાદે એસોસીએશનના અન્ય સભ્યો શ્રી ભગતસિંહ, શ્રી બટુકેશ્વર દત્ત વગેરે સાથે ક્રાન્તિ-આંદોલન પુનઃ સંગઠિત કરવાના પ્રયાસો કરવા માંડયા. ભગતસિંહ તો પંદર વરસની નાની વયથી જ એ ક્રાન્તિકારી સંસ્થામાં જોડાએલા. કાનપુર મુકામે 'બલવન્ત' એવા બનાવટી નામે તેઓ શ્રી બટુકેશ્વર દત્ત સાથે ક્રાન્તિકાર્યને આગળ ધપાવી રહ્યા હતા, ત્યાં લાહોરમાં સાઈમન કમિશનનો બહિષ્કાર પોકારતા સરઘસની આગેવાની લેનાર લાલા લાજપતરાયનું પોલીસે કરેલા લાઠીમારને પરિણામે મૃત્યુ નીપજ્યું. આ મૃત્યુ માટે જવાબદાર મિ. સ્કૉટ કરીને ગોરો અમલદાર હતો, એટલે એને આ દુનિયામાંથી વિદાય કરવાનો ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, જયગોપાલ તથા રાજગુરુ એ ચાર જણે નિશ્ચય કર્યો. નક્કી તારીખે એમાંના ત્રણ જણ ભરી પિસ્તોલો સાથે સાઇકલો પર પોલીસદફતરમાં જઇ પહોંચ્યા. જ્યારે રાજગુરુ પગે ચાલતા બરાબર વખતસર ત્યાં જઈ પહોંચ્યા. બાતમી મેળવનાર જયગોપાલે નાયબ સુપરિન્ટેન્ડેન્ટ સૉન્ડર્સને જ સ્કૉટ માની લીધેલો; એટલે જેવી એની મોટરસાઇકલ નીકળી કે પોતાના સાથીઓને ઈશારો કર્યો ને પિસ્તોલોએ પોતાનું કામ પતાવી દીધું. લાહોરથી દેશના ખૂણેખૂણે પોલીસ મથકો પર તાર પહોંચી ગયા, પણ કોઈ હાથ ન આવ્યું. આઝાદ અને ભગતસિંહે એમને પકડનાર મિ. ફર્ન તથા ચાનનસિંહને પણ ગોળીએ વીંધી નાખેલા. લાહોરથી તેઓ કલકત્તા, આગરા, સહરાનપુર વગેરે સ્થળે બૉમ્બનાં કારખાનાં ખોલતા ઘૂમી રહ્યા હતા.

ભગતસિંહ ફરતા ફરતા ઈ. સ. ૧૯૨૯ના ફેબ્રુઆરીની ૨૫મીએ દિલ્હી પહોંચ્યા અને ત્યાં વડી ધારાસભામાં બૉમ્બ ફેંકવાની યોજના તૈયાર કરી. ભગતસિંહ તથા બટુકેશ્વર દત્તે બૉમ્બ ફેંકવાનો હતો અને

આઝાદ, રાજગુરુ તથા સુખદેવે તેમને બચાવવાના હતા. એપ્રિલની ૮મીએ ધારાસભાના પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ જાહેર સલામતી ધારા પર પોતાનું વક્તવ્ય આપવા ઊઠ્યા કે બૉમ્બ ફેંકવામાં આવ્યો. બૉમ્બ ખાલી હતો એટલે કોઇને ઈજા તો ન થઈ; પરંતુ બૉમ્બ ફેંકાયા પછીની બચાવની યોજના સફળ ન થઈ અને તેઓ પકડાઈ ગયા. ભગતસિંહના બીજા કેટલાક સાથીઓ પણ પકડાઈ ગયા હતા અને એમના પર લાહોર કાવતરા કેસ નામે ઓળખાતો કેસ ચાલતો હતો. ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવનો કેસ ત્રણ ન્યાયાધીશની એક ટ્રિબ્યુનલ સમક્ષ ચલાવવામાં આવ્યો, જેમાં ત્રણેને ફાંસીની સજા થઈ.



ભગતસિંહ



જતીન્દ્ર દાસ

શ્રી ચન્દ્રશેખર આઝાદ હજુ આઝાદ રહ્યા હતા. ઈ.સ. ૧૯૩૧ના ફેબ્રુઆરીની ૨૭મીએ એ અલ્લાહાબાદમાં એક બગીચામાં ફરી રહ્યા હતા ત્યાં છૂપી પોલીસે તેમને ઓળખી કાઢ્યા. થોડી વારમાં પોલીસ પાર્ટી આવી પહોંચી, પરંતુ આઝાદે શરણ ન થતાં પિસ્તોલ ચલાવી. ગોળીઓ ખૂટવા આવતાં એમણે પોતાની જાત પર પિસ્તોલ ચલાવી પ્રાણત્યાગ કર્યો. 'હું જીવતો કદી પોલીસના હાથમાં નહિ આવું' એ એમની પ્રતિજ્ઞા હતી અને તે એમણે પૂર્ણ કરી.

લાહોર કાવતરા કેસ અંગે ઈ. સ. ૧૯૨૯ના જૂનમાં ગિરફતાર થએલા જતીન્દ્રનાથ દાસના કિસ્સાએ સારી દુનિયાનું લક્ષ ખેંચેલું. રાજદ્વારી કેદીઓ સાથે કરવામાં આવતા દુર્વ્યવહાર સામે ભગતસિંહ અને દત્તે ઉપવાસ શરૂ કરતાં તમામ રાજદ્વારી કેદીઓએ ઉપવાસ શરૂ કરી દીધા. જતીન્દ્ર એમાંના એક હતા. કારાવાસ સહીસહીને એમનું શરીર તો ખોખરું થઈ ગએલું હતું, છતાં એ પણ ઉપવાસ પર ઊતર્યા. આથી જેલ-અધિકારીઓ બળજબરીએ નળીઓ મારફત દૂધ આપવા લાગ્યા. એક એક કેદી પર આઠ આઠ આદમીઓ ચડી બેસીને પરાણે ખોરાક ગળે ઉતારતા. કેટલીક વાર તો મોં ન ખૂલતાં નાકે નળી લગાવીને પણ કેદીના પેટમાં દૂધ ઉતારવામાં આવતું. દેશભરમાં આ ઘટનાએ રોષની લાગણી ફેલાવી મૂકી અને વિદેશોનું પણ આ મામલા તરફ ધ્યાન ખેંચાયું. પરિણામે સરકારે વિવશ બની 'પંજાબ જેલ-તપાસ સમિતિ' નીમી. આ સમિતિએ જેલમાંની ફરિયાદો દૂર થવાનું આશ્વાસન આપ્યું. આવાં આશ્વાસનોની કિંમત તો સૌકોઈ સમજતા હતા, છતાં વિશ્વાસ રાખીને ઉપવાસ બંધ કર્યા. સમિતિએ જતીન્દ્રને મુક્ત કરવા જણાવ્યું અને સરકારે તે માટે તૈયારી પણ બતાવી, પરંતુ જામીન પર છૂટવાની એમણે ના પાડી. એમની સ્થિતિ ત્યાં સુધીમાં એવી ગંભીર બની ગએલી કે દાક્તરોના કહેવા પ્રમાણે, એક માત્ર હૃદય સિવાય બાકીનાં બધાં અંગોમાં લોહીનું ફરવું બંધ પડી ગયું હતું. જતીન્દ્રના પિતા અને ભાઈ પણ તેમને જામીન પર છોડાવવાની વિરુદ્ધ હતા, એટલે સરકારે એક નવી ચાલ આદરી. બીજા કોઇ દ્વારા જમાનત ભરાઈ જાય ને જતીન્દ્રને છોડી દેવામાં આવે એવી એ ચાલ હતી. પરંતુ જતીન્દ્ર સામે એ રમત પણ નિષ્ફળ નીવડી. છેવટે ૧૯૨૯ના ડિસેમ્બરની ૧૩મીની બપોરે એક વાગ્યે જેલમાં જ એમનું અવસાન થયું. આઇરિશ સ્વાતંત્ર્યવીર ટેરેન્સ મૅક્સ્વીનીના બલિદાન જેવું જ આ બલિદાન હતું.

આ પછી સરકારી અધિકારીઓ ઉપર—ગવર્નરોથી માંડી પોલીસ અધિકારીઓ સુધીના પર છૂટાછવાયા હુમલા તો ચાલુ જ રહ્યા હતા, પરંતુ ભગતસિંહની ફાંસી અને આઝાદના પ્રાણત્યાગ પછી ક્રાન્તિકારીઓનો સંગઠિત કહી શકાય એવો પ્રયાસ તો માત્ર એક જ થએલો, અને તે ચટગાંવના શસ્ત્રાગાર પર ધાડ પાડવાનો. ઈ. સ. ૧૯૩૦ના એપ્રિલની ૧૮મીએ શ્રી અનંતસિંહ, અંબિકા ચક્રવર્તી, ગણેશ ઘોષ, સૂર્ય સેન વગેરે નવજુવાનોએ પોતાના દળના ચાર ભાગ પાડી આ ધાડ યોજેલી. શસ્ત્રાગારમાંથી હથિયારો લૂંટી લઇને તેને આગ લગાડી દેવામાં આવી, સાર્જન્ટ ફેરેલને એના રહેવાના મકાને જ ઠાર કરવામાં આવ્યો, તાર-ટેલિફોનનાં દોરડાં કાપી નાખવામાં આવ્યાં અને આ બધું કલાક-દોઢ કલાકમાં જ પતાવી દેવામાં આવ્યું. અનંતસિંહની ટુકડી પોતાનું કામ પતાવીને પહાડોમાં બાકીનાઓની રાહ જોઈ રહી હતી; પરંતુ બાકીનાઓએ તો બ્રિટિશ સેના સામે જંગ શરૂ કરી દીધો હતો, કેમકે ગુરખા સૈનિકો મશીનગનો સાથે આવી પહોંચ્યા હતા. એક બાજુ હતા આ ચુનંદા અને કસાએલા સૈનિકો, જ્યારે બીજી બાજુ હતા ભૂખતરસથી અધમૂઆ જેવા બની ગએલા ક્રાન્તિકારી નવજુવાનો. આમ છતાં બે દિવસના સામી છાતીના યુદ્ધમાં એમણે સરકારના ૯૦ આદમીઓને ખલાસ કર્યા અને પછી પહાડોમાં જેમ નસાય તેમ નાસી છૂટ્યા. ક્રાન્તિકારીઓમાંથી કુલ ૧૯ જુવાનો મર્યા હતા. બાકીના નાસી છૂટેલા, પણ એક પછી એક સરકારી હાથે પડતા ગયા. કેટલાકે છેવટ સુધી સામનો ચાલુ રાખ્યો અને એમણે આ કાંડમાં શહાદતની સંખ્યા ૫૦ લગભગ પહોંચાડી. આમાંનો અનંતસિંહ જાતે સરકારને શરણે થઈ ગયો, જ્યારે બાકીનાઓનો પોલીસે તથા લશ્કરે પીછો પકડેલો. પકડાએલા ૩૦ જણ પર ટ્રિબ્યુનલ સમક્ષ કેસ ચાલ્યો, જેમાં ૧૨ને કાળાપાણીની અને બેને બબ્બે વર્ષની સજા કરવામાં આવી, જ્યારે બાકીના ૧૬ને મુક્ત કરી દેવામાં આવ્યા.


સૂર્ય સેન


ગણેશ ઘોષ

આ પછીનો આખો યે દાયકો હિંદી રાજકારણમાં લડતનો દાયકો હતો. બ્રિટિશ સરકાર સામે કૉંગ્રેસે આપેલી લડત અહિંસક છતાં એટલી ઉગ્ર હતી કે ક્રાન્તિકારીઓએ એથી અલગ પોતાનું સ્વતંત્ર આંદોલન ઉપાડવાનું પગલું ન લીધું. ૧૯૩૦ની ગાંધીજીની દાંડીકૂચથી—અને ખરું જોતાં ૧૯૨૮માં કૉંગ્રેસે લાહોર મુકામે રાવી નદીના તટે દેશના પૂર્ણ સ્વાતંત્ર્યની કરેલી માગણીના સમયથી દેશનું વાતાવરણ સમૂળગું બદલાઈ ગયું. દેશના જનવિરાટનું પ્રતિનિધિત્વ ધરાવતી કૉંગ્રેસ જેવી સંસ્થા જ્યાં ક્રાન્તિના મેદાનમાં ઊતરી ત્યાં છૂટાંછવાયાં જૂથો કે વ્યક્તિઓનું મહત્ત્વ શું? અને વ્યક્તિગત ખૂનો કરીને કે ધાડો પાડીને



અનંતસિંહ



વીણા દાસ

એ સાધી પણ શું શકે ? જોકે તેમ છતાં વ્યક્તિગત ખૂનોની પરંપરા સાવ અસ્ત નહોતી થઈ. અને હવે તો યુવાનો જ નહિ પણ યુવતીઓ પણ એમાં હિંમતભેર ભાગ લેતી થઈ હતી. ૧૯૩૧ના ડિસેમ્બરની ૧૩મીએ શાન્તિ ઘોષ અને સુનીતિ ચૌધરીએ કોમિલ્લા જિલ્લા મૅજિસ્ટ્રેટ સ્ટીવન્સની હત્યા કરી. ૧૯૩૨ના ફેબ્રુઆરીની ૯મીએ વીણા દાસે કલકત્તા યુનિવર્સિટીના સત્રાંત સમારંભમાં ગવર્નર જૅક્સન પર ગોળી છોડી. આવો જ બનાવ ૧૯૩૪માં બન્યો અને મેની ૮મીએ ઉજ્જ્વલા મઝમુદારે ગવર્નર ઍન્ડર્સન પર ગોળી છોડી. બ્રિટિશ સરકારે હવે તેના દમનકાંડમાં સ્ત્રીવર્ગને પણ બાકાત ન રાખ્યો ને અનેક બંગાળી તરુણીઓને તેમના પર કેસ ચલાવ્યા વિના જેલમાં ગોંધી દેવા માંડી.

ઈ. સ. ૧૯૪૨ના ઑગસ્ટમાં હિંદની ક્રાન્તિને ગાંધીજીએ પરાકાષ્ઠાએ પહોંચાડી. એ પરાકાષ્ઠા વહેલી જ આવી જવા પામી હોત, જો મુસ્લિમ લીગે હિંદ એ હિંદુ તથા મુસ્લિમ એવાં બે રાજ્યોનો બનેલો મુલક હોવાની ફાચર મારીને મુસ્લિમોનાં હિતોની સલામતી બ્રિટિશોના હાથમાં ન જોઈ હોત તો. એના આ રાષ્ટ્રઘાતી સિદ્ધાંતે જ દેશના છેવટે હિંદુસ્તાન અને પાકિસ્તાન એવા ભાગલા પડાવ્યા અને બ્રિટિશોને એકે લડત આપ્યા વિના કૉંગ્રેસનાં ત્યાગ તથા તપે આણેલી સ્વાતંત્ર્યની સિદ્ધિમાં હિસ્સો પડાવ્યો. પાકિસ્તાનવાદીઓ પણ અંતે તો પોતાના ભાઇઓ જ હતા, એક જ દેશનાં સંતાનો હતાં, એમ સમજી કૉંગ્રેસે બ્રિટિશો જો હિંદમાંથી ઉચાળા ભરતા હોય તો દેશના બે ભાગલા પણ માન્ય રાખ્યા. આ ભાગલા પાછળ બ્રિટિશોની ગમે તે રાજ્યરમત હોય, પણ કૉંગ્રેસે એમને વધુ સમય હિંદમાં રહેવું મુશ્કેલ બનાવી દીધેલું એ નક્કી છે. ૧૯૪૨ના જેવી લડત અંગ્રેજોએ હિંદમાંની એમની સમગ્ર કારકિર્દી દરમિયાન નહિ ભાળી હોય. મુંબઈ મુકામે ગાંધીજીના પ્રમુખપદે મળેલી કૉંગ્રેસની મહાસમિતિએ હિંદમાંથી બ્રિટિશોને ચાલ્યા જવાનું ફરમાવ્યા બાદ કૉંગ્રેસના સઘળા આગેવાન નેતાઓને જેલમાં પૂરી દેવાયા, પરંતુ બ્રિટિશ સરકારને એ એલાન આપતી વખતે ગાંધીજીએ પ્રજાને આપેલું 'કરેંગે યા મરેંગે' નું સૂત્ર તેણે ઝીલી લીધું. એ મરણિયા પ્રયાસમાં ક્રાન્તિકારીઓ સુદ્ધાં શામેલ હતા અને સતારા, મિદનાપુર વગેરે જેવાં સ્થળોએ તો એ લડતના લડવૈયાઓએ પ્રતિસરકારો સુદ્ધાં રચી દીધેલી. લડતે જે સ્વરૂપ પકડ્યું તે ગાંધીજીના ખયાલ મુજબનું હતું કે નહિ એ જુદી વાત છે, પરંતુ ૧૮૫૭ કે એ પહેલાં દેશે કદાપિ નહોતું અનુભવેલું એવું એ એક પ્રચંડ અને અજોડ રાષ્ટ્રીય ઉત્થાન હતું એની તો કોઈ સામાન્ય ઇતિહાસકાર પણ ના નહિ પાડી શકે. એ એક જ લડતના શહીદોની સંખ્યા કદાચ આખી યે ક્રાન્તિકારી ચળવળના શહીદોથી અધિક થવા જાય. એ સૌનો અહીં નામોલ્લેખ પણ વિસ્તૃત થઈ પડે તેમ હોઈને એ સૌને કૃતજ્ઞતાપૂર્ણ અંજલિ આપીને જ સંતોષ માનીએ.

૧૯૪૨ની લડત એ કૉંગ્રેસના સામર્થ્ય ને જનતા પરના પ્રભાવની તથા ગાંધીજીની કાબેલ વ્યૂહનીતિની દ્યોતક હતી. બ્રિટિશ રાજ્યને 'દૈવસંયોગ' ગણનારી સંસ્થામાં આવું પરિવર્તન એના પ્રારંભકાળે કોઈએ કલ્પ્યું યે નહિ હોય. પરંતુ એ વાસ્તવિક બની ઊભું રહ્યું, અને ગઈ કાલ સુધી ગુલામો તરીકે તિરસ્કૃત આપણે લોકો આજે આઝાદ દેશના નાગરિકો તરીકે જગત સામે ઉન્નત મસ્તકે ખડા રહ્યા છીએ.

આનો અર્થ એ નથી કે ગાંધીજીએ કૉંગ્રેસનો કાયાકલ્પ સાધ્યા પહેલાં દેશે ગુલામ સ્થિતિને બહેતર માનેલી. ગુલામી સાથે એ પ્રકારનું સમાધાન આ દેશે કદાપિ સાધેલું નથી. કૉંગ્રેસના પણ જન્મ પહેલાં યે તે પોતાનું રાષ્ટ્રીય સંમાન જાળવવા પ્રયત્નશીલ હતો જ. છેક ઈ. ૧૮૨૩ માં 'કલકત્તા ગેઝેટ'માં છપાએલા એક લેખ બદ્દલ તેના તંત્રી જેમ્સ સિલ્ક બકિંગહામને દેશનિકાલ કરવામાં આવ્યો અને પખવાડિયા બાદ જાહેર મતપ્રદર્શનને રૂંધતો દમનકારી ધારો રચવામાં આવ્યો. પ્રિન્સ દ્વારકાનાથ ટાગોર (રવીન્દ્રનાથના દાદા) અને રામમોહનરાય



દ્વારકાનાથ ટાગોર



રાજા રામમોહનરાય

સહિત કેટલાક અગ્રગણ્ય બંગાળીઓએ સુપ્રીમ કોર્ટને એ ધારાને બહાલી ન આપવાની અરજી કરેલી. સુપ્રીમ કોર્ટે એ અરજી નામંજૂર કરતાં શ્રી દ્વારકાનાથ ટાગોરે એ વખતે ગુલામી વિરુદ્ધ ઇંગ્લંડભરમાં ઝુંબેશ ચલાવતા જ્યૉર્જ થૉમ્પ્સનને હિંદ બોલાવ્યો. થૉમ્પ્સનનું આગમન એ હિંદના આઝાદીના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ બનાવ છે. એના આગમનના ફલ સ્વરૂપે ઈ. સ. ૧૮૪૩ના એપ્રિલની ૨૦મીએ 'બંગાલ બ્રિટિશ ઇન્ડિયા સોસાએટી'ની સ્થાપના થવા પામી, જે પાછળથી 'લૅન્ડ ઓનર્સ એસોસીએશન' સાથે જોડાઇને 'બ્રિટિશ ઇન્ડિયા એસોશીએશન' અસ્તિત્વમાં આવ્યું.



જેમ્સ સિલ્ક બકિંગહામ



જ્યૉર્જ થૉમ્પ્સન

ત્યાર બાદ ૧૮૮૪ના ડિસેમ્બરમાં મદ્રાસ મુકામે દીવાન બહાદુર રઘુનાથરાવને ત્યાં કેટલાક અગ્રગણ્ય હિંદીઓ એકત્ર થયા, અને માતૃભૂમિની સ્વતંત્રતા માટે રાષ્ટ્રીય પાયે કંઈક આંદોલન ઉપાડવાનું નક્કી કર્યું. આ ખયાલને મિ. એલન ઓ. હ્યૂમ જેવા બ્રિટિશ સરકારના માજી

નોકરિયાતે ટેકો આપ્યો. સ્વતંત્રતાનું આંદોલન હિંદીઓમાં વધુ જોર ન પકડે એટલા માટે તે સમયના વાઇસરૉય લૉર્ડ ડફરીનની અનુજ્ઞાપૂર્વક જ હ્યૂમે આ પગલું ભરેલું.આમ બ્રિટિશ હકૂમત માટે એક 'સેઈફટી વાલ્વ' ઊભો કરવાનો જ એ બંનેનો ઈરાદો હતો અને કૉંગ્રેસે તેની સ્થાપનાથી માંડી કેટલાક સમય સુધી એ ઈરાદો જ પાર પાડયે રાખેલો. ખુદ હ્યૂમના જ શબ્દોમાં એ હેતુ આ હતો : 'A Safety-valve for the escape of great growing forces generated by our action was urgently needed and no more efficacious safety valve than our Congress movement would possibly be devised.'



ઍલન ઑક્ટેવિયસ હ્યૂમ



ગોપાલ કૃષ્ણ ગોખલે

ઈ. ૧૮૮૪થી ૧૯૦૫ સુધીના કૉંગ્રેસના જીવનના પ્રથમ બે દાયકા તો બ્રિટિશ સરકારને રાજકારભારની ક્ષતિઓ દૂર કરવાની વિનંતીઓમાં જ વીત્યા. પરંતુ ૧૯૦૫ની સાલ એમાં પરિવર્તનકારી નીવડી. એ સાલના ઑક્ટોબરની ૧૫મીએ તત્કાલીન વાઈસરૉય લૉર્ડ કર્ઝને બંગાળના બે ભાગલા પાડી બંગાળી પ્રજાની એકતા પર ભયંકર ઘા કર્યો. માત્ર બંગાળે નહિ, પણ સારાયે દેશે એ ભાગલાનો વિરોધ કર્યો, અને એ વિરોધમાંથી સ્વદેશીના પુરસ્કાર અને વિદેશીના બહિષ્કારનું પ્રચંડ આંદોલન જાગ્યું. ૧૯૦૬માં કલકત્તા મુકામે મળેલી કૉંગ્રેસની બેઠકના પ્રમુખપદેથી દાદાભાઈ નવરોજીએ પહેલી જ વાર હિંદનું ધ્યેય સ્વરાજ પ્રાપ્ત કરવાનું હોવાની ઘોષણા કરી. આ ઘોષણા સાથે સર્વ વિદેશી વસ્તુઓ સાથે વિદેશી શાસનથી પણ મુક્ત થવાની ભાવના કૉંગ્રેસના અમુક વર્ગમાં ઉદ્ભવી અને વિનીતો તથા ઉદ્દામો વચ્ચેનાં ઘર્ષણો થયાં. આ ઘર્ષણનો પાયો કલકત્તા મુકામે જ નંખાએલો



દાદાભાઈ નવરોજજી



ફિરોઝશાહ મહેતા

અને ૧૯૦૭ની સુરત કૉંગ્રેસમાં પડેલા ભંગાણમાં એ પરાકાષ્ઠાએ પહોંચેલો. કલકત્તા અધિવેશન વખતે જ બંગાળના બિપિનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ, શ્યામસુંદર ચક્રવર્તી, અશ્વિનીકુમાર દત્ત વગેરે તથા મહારાષ્ટ્રના લોકમાન્ય ટિળક, ખાપર્ડે, મુંજે વગેરેએ બંધારણ સભા ભરેલી. એ સભામાં શા નિર્ણયો લેવાયા એ આજ સુધી બહાર નથી આવ્યું,પણ સભાને અંતે અત્યંત ઉત્સાહમાં બહાર નીકળેલા લોકમાન્યે ત્યાં ઊભેલા એક છોકરાને આ શબ્દો કહેલા હોવાનું નોંધાયું છે કે, 'છોકરા, આવતાં દસ વરસમાં તું આઝાદ થઈ જઈશ !'



બાળ ગંગાધર ટિળક



બિપિનચંદ્ર પાલ

દાદાભાઈએ 'સ્વરાજ'નો મંત્રોચ્ચાર કર્યો એના બે જ મહિના પહેલાં શ્રી બિપિનચંદ્ર પાલે તેમના 'ન્યૂ ઇન્ડિયા' પત્રમાં આઝાદીની અસંદિગ્ધ જાહેરાત કરેલી. એમાં વપરાએલા શબ્દો હતા 'બ્રિટિશ નિયમનથી મુક્ત નિઃશેષ સ્વશાસન' (absolute autonomy free of British control). 'આનંદમઠ' અને 'દેવી ચૌધરાણી' જેવી વિદ્રોહાત્મક કૃતિઓથી અંજાએલા બંગાળી જુવાનોએ ક્રાંતિની મશાલ હાથ ધરી. જોકે એ પ્રાથમિક ભૂમિકાએ યોજનાબુદ્ધિ કરતાં આવેશપ્રધાન ભાગ ભજવેલો અને એ કારણે જ ક્રાન્તિપ્રયાસોમાં નિષ્ફળતા મળતાં તેનો પ્રત્યાઘાત અધ્યાત્મ ભણી વળી જવામાં આવતો. અરવિંદ ઘોષ, મહેન્દ્ર દે, હેમ સેન વગેરે તેનાં ઉદાહરણો છે.



લાલા હરદયાળ



વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય

૧૯૦૫ થી ૧૯૧૫ સુધીના ગાળામાં એક બાજુ દેશમાં બૉમ્બપ્રવૃત્તિ ચાલુ રહી, બીજી બાજુ ઉદ્દામો કૉંગ્રેસનું સુકાન હાથ કરવા મથતા રહ્યા, જ્યારે ત્રીજી બાજુ અગાઉ વર્ણવ્યા મુજબ વિદેશવાસી હિંદીવીરો અંગ્રેજોના દુશ્મન જર્મની અને તુર્કીની સહાયે હિંદને સ્વતંત્ર કરવાના ઉદ્યોગમાં મચી પડયા. લાલા હરદયાળ ને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાયે જર્મની સાથે એ અંગે વાટાઘાટો ચલાવેલી, જ્યારે તુર્કી સાથે વાટાઘાટો ચલાવવામાં રાજા મહેન્દ્રપ્રતાપ, શેખ ઓબેદુલ્લાહ સિંધી, મૌલાના મુહમ્મદહુસેન તથા મૌલવી બરકતલ્લાહે મુખ્ય ભાગ ભજવેલો. શેખ ઓબેદુલ્લાએ તો સ્વતંત્ર હિંદની સરકારની એક યોજના પણ ઘડી કાઢેલી, જેમાં એના પ્રમુખ તરીકે રાજા મહેન્દ્રપ્રતાપનું નામ મૂકેલું. આ આખું યે પ્રકરણ વિગતથી જાણવા ઈચ્છનારે લાલા હરદયાળનું 'Forty-four months in Germany and Turkey' વાંચી જવા જેવું છે. (અનુ. પૃષ્ઠ ૩૧૪)

શાહજાદાની શરણાગતિ

મુઘલ ઈતિહાસનું એક કથાનક

લેખક · ચુનીલાલ વર્ધમાન શાહ



'અબ્બાજાન, આપ હમારી પાસ કબ આઓગે?'

વિક્રમ સંવત્ ૧૭૩૭નો શ્રાવણ માસ ચાલતો હતો. બાદશાહ ઔરંગઝેબનું ફરમાન થયું એટલે શાહજાદો મોઅજ્જમ મેવાડ-ઉદયપુરમાં વ્યવસ્થા સ્થાપવા સેના સાથે આવી પહોંચ્યો; અને શાહજાદો અકબર ઉદયપુરમાંથી પોતાની સેના ઉઠાવી સેનાપતિ તહવ્વરખાં સાથે નીકળીને મારવાડમાં સોજત ખાતે આવી પહોંચ્યો.

ઉદયપુરમાં, ચિતોડમાં, અને ત્યાંથી નીકળીને મારવાડ તરફ આવતાં અકબરને જે અનુભવો થયા હતા, તેથી તે ચિંતાતુર બની ગયો હતો. એ ચિંતા તેને ઊંડા વિચારમાં દાટી દેતી હતી.

રાઠોડો અને શિસોદિયાઓની સેનાઓના અનેક ટુકડા થઈ ગયા હતા; અને એ ટુકડા બાદશાહની સેના સામે સ્થિરરીતે લડી શકે તેમ નહોતું એટલે તેમની નાનીમોટી ટોળીઓ આરાવલિમાં ભરાઇ બેઠી હતી. પહાડોમાંથી લાગ જોઈને શાહી સેના ઉપર તૂટી પડવું અને ખૂબ નુકસાન તથા રંજાડ કરી પાછા પહાડોમાં ભરાઇ જવું એ તેમનો કાર્યક્રમ હતો. ચિતોડમાં તેઓએ આ રીતે શાહી સેનાની ખૂબ ખરાબી કરી હતી. એ ઉપરથી ઔરંગઝેબને લાગ્યું હતું કે મેવાડમાં અકબર ફાવી શકશે નહિ; તેથી તેણે ત્યાં મોઅજ્જમને મૂક્યો હતો અને અકબરને સોજત ખસેડ્યો હતો.

માર્ગમાં અકબરની સેનાને રાઠોડ ટોળીઓએ ખૂબ રંજાડી હતી; જોકે અકબરની સેના તેમને પહોંચી વળી હતી. આવા જ બનાવો ઝાલોર, મોડવાડ, નાગોર, સાંભર અને મારવાડના સર્વ પ્રદેશોમાં બની રહ્યા હતા. અકબરને રાજપૂતોની આવી ત્રૂટક છતાં સતત રંજાડ ઉપરથી વિચાર થયા કરતો હતો કે આમ તો લડાઇઓનો કદી અંત જ આવે નહિ અને દિલ્હીનો બાદશાહ રાજપૂતોની સાથે ઝગડવામાં તથા ઠેરઠેર ભટકવામાં જ મચ્યો રહે તો તેની આખી બાદશાહત ખખડી ગયા વિના રહે નહિ.

અને ઊંડો વિચાર કરતાં તેને લાગતું હતું કે અકબર–જહાંગીર-શાહજહાંની રાજપૂતોને પોતાના બાહુ રૂપે રાખવાની રાજનીતિ પોતાના પિતાએ પ્રારંભથી જ છોડી દઇને તેમનાં રાજ્યોને બાદશાહતનો કોળિયો કરી જવાની નીતિ અંગીકારી હતી તે જ અનિષ્ટ હતી.

જોધપુરનો રાજા જશવંતસિંહ રાઠોડ શાહજહાંના વખતથી બાદશાહનો એક બાહુ હતો, પરન્તુ જશવંતસિંહ કાબૂલમાં મરણ પામ્યો, એટલે ઔરંગઝેબે તેની રાણીઓને દિલ્હી તરફ આવતાં હેરાન કરી નાખી અને દિલ્હીમાં તેમને કેદ કરવા યત્ન કર્યો. આથી તેમના તુરતના જન્મેલા બે પુત્રોને સંતાડીને રાઠોડો દિલ્હીમાંથી લઇ નાસી ગયા હતા અને ક્યાંક ભરાઇ બેઠા હતા. હિંદુઓ ઉપર જઝિયાવેરો નાખીને ઔરંગઝેબે રાજપૂતોને ઉશ્કેરી મૂક્યા હતા, અને એ સામે મેવાડના રાણાએ વિરોધ કર્યો એટલે બાદશાહે રાણા રાજસિંહને દુશ્મન માનીને તેની સામે યુદ્ધ આરંભ્યું હતું.

આ રાજપૂત રાજ્યોને કચડવાથી બાદશાહત મજબૂત થાય કે તેમની સાથે મૈત્રી રાખવાથી?

પરંતુ એવું વિચારવાનો, કોઇ નિર્ણય લેવાનો અને ઘટતું ફરમાન કરવાનો અધિકાર કાંઇ શાહઝાદા અકબરનો નહોતો, તેના પિતાનો હતો. પિતાએ તો તેને ફરમાવ્યું હતું કે સોજત પહોંચી, ત્યાં બંદોબસ્ત સ્થાપી, તુરત નાડોલ તરફ જવું ને નાડોલમાં વ્યવસ્થા સ્થપાઇ જાય એટલે તહવ્વરખાંની સરદારી હેઠળ દેસૂરીના પહાડી ઘાટમાં થઇને લશ્કરને મેવાડમાં ઉતારવું અને કમલમેર ઉપર હલ્લો કરવો, કારણકે ત્યાં જ રાણો રાજસિંહ ને રાઠોડ સરદારો એકઠા થઇ બેઠા હતા અને મુઘલ સેનાને રંજાડતા હતા. પણ આ ફરમાનનો અમલ કેટલો મુશ્કેલ હતો! મરણિયા રાજપૂતોએ મેવાડ તથા મારવાડમાં એવો તો સન્નાટો છવડાવી દીધો હતો કે મુઘલ સૈનિકોની હિંમત ધ્રૂજી જતી. તહવ્વરખાં પણ ગભરાતો હતો અને નાડોલ તરફ ધીમે ધીમે ડગલાં ભરતો હતો. નાડોલ પહોંચતાં તેને ધાર્યા કરતાં એક માસ મોડું થયું. પાછળ અકબર ગામડાંમાં બંદોબસ્ત સ્થાપતો નાડોલ આવી પહોંચ્યો; પણ તહવ્વરખાંએ પહાડી માર્ગે મેવાડમાં સેના ઉતારવાની શાહઝાદાને સાફ ના સુણાવી દીધી! અકબરે તેને ખૂબ ધમકાવ્યો, એટલે તે ઊપડ્યો તો ખરો, પરંતુ પહાડોમાંથી મેવાડી સૈન્ય કુમાર ભીમસિંહની સરદારી હેઠળ ધસી આવ્યું. જંગ જામ્યો અને બેઉ પક્ષે પુષ્કળ ખાનાખરાબી થઇ. એવામાં રાણા રાજસિંહનું મૃત્યુ થયું, પણ તેના મોટા પુત્ર જયસિંહે મેવાડનરેશ તરીકે મુઘલો સામેનું યુદ્ધ ચાલુ રાખ્યું.

શાહઝાદો અકબર જોઈ રહ્યો હતો કે આવા લોકોની સાથે આમ

લડાઇઓ લડવી અને તેમાં જીતવું એ પણ હારવા જેટલું જ મોંઘું છે. પણ એવી વાત કાંઈ બાદશાહને કહેવાય? અને કોઈ કહે તો બાદશાહ હસી જ કાઢે ને!

સંવત ૧૭૩૮ની વસંતમાં ઔરંગઝેબ અજમેરમાં છાવણી નાખીને પડ્યો હતો. ચિતોડની લડાઈમાં તેની સેનાની ખૂબ ખરાબી થઇ ગઈ હતી તેથી અત્યારે તેની પાસે થોડી સેના રહી હતી. શાહઝાદો મોઅજ્જમ હજી મેવાડમાં જ ફરતો હતો. બીજા સેનાપતિઓની લશ્કરી ટુકડીઓ પણ બાદશાહના મુકામથી કેટલેક દૂર હતી.

એ વેળા શાહઝાદો અકબર નિલવાડા ખાતેની લશ્કરી છાવણીમાં દુર્ગાદાસ રાઠોડ, કેસરીસિંહ ચૌહાણ, રત્નસિંહ રાવત ને સોનીંગ સરદાર સાથે ગંભીરતાથી વાતો કરી રહ્યો હતો. સેનાપતિ તહવ્વરખાં તેની બાજુએ બેઠો હતો. આવી લડાઇઓનો કોઈ રીતે અંત આવે તો ઠીક, એવા હેતુથી બંને પક્ષ વચ્ચે વિચારોની આપલે થતી હતી.

અકબર કહેતો હતો: 'રાજપૂત સરદારો! તમે આ શું કરી રહ્યા છો? તમારો જ મુલક વેરાન બને છે, વસતિ નાસી-ભાગી જાય છે, ખેતીની ખરાબી થાય છે, તમે ઘર છોડીને વગડેવગડે ને પહાડેપહાડે ભટકો છો, કુટુંબકબીલાથી વિખૂટા પડી હેરાન થાઓ છો: માટે તમે સમજીને હવે આ માર્ગ છોડી દો!'

દુર્ગાદાસ બોલ્યો: 'શાહઝાદા! અમે બાદશાહને અમારી બહાદુરી દેખાડવા લડતા નથી, અમારાં દુઃખ અને ફરિયાદોના નિવારણ માટે લડીએ છીએ. અમારી રાડ-ફરિયાદ અમે અનેકરીતે બાદશાહ સુધી પહોંચાડી, પણ દાદ ન મળી એટલે જ અમે હથિયાર પકડ્યાં.'

'હવે તમે હથિયાર મ્યાન કરો; હું બાદશાહ સલામતને સમજાવું, પછી શું?' શાહઝાદાએ કહ્યું.

સરદાર સોનિંગ સ્મિત કરીને બોલ્યો: 'આપ બાદશાહને નથી પિછાણતા એમ તો અમે ન કહી શકીએ, કેમકે એ આપના પિતા છે; પણ બાદશાહતની મજબૂતીમાં જે રાજપૂતોએ પોતાનાં લોહી રેડ્યાં છે, તે રાજપૂતો આજે બાદશાહની સામે થયા છે તેનો મર્મ શું બાદશાહને નહિ સમજાતો હોય? તમે સમજાવો તો જ સમજાય એવું તેમને માટે શું છે? મહારાજા જશવંતસિંહની ચિતાના અંગારાથી કાબૂલની ધરતી હજી તપતી હતી, ત્યાં તો બાદશાહે જોધપુર ખાલસા કર્યું, જશવંતસિંહના એક પુત્રને અટકાયતમાં લેવા યત્ન કર્યો અને બીજાનું માર્ગમાં મૃત્યુ થવા પામ્યું. જીવતો પુત્ર અંધારે ક્યાં આથડે છે તે અમે જાણીએ છીએ, તમે નથી જાણતા, અને કદી નહિ જાણી શકો. બાદશાહે હિંદુઓ ઉપર માથાવેરો નાખ્યો, હિંદુઓનાં મંદિરમૂર્તિઓ ખંડિત કર્યાં તે વખતે શ્રીનાથજીની મૂર્તિ પોતાના રાજ્યની બહાર નહિ જઇ શકે એવો આગ્રહ રાખનાર સદ્‌ગત મહારાણા રાજસિંહ શું ન્યાયના પક્ષમાં નહોતા? આજે બાદશાહે રાઠોડો ઉપરાંત શિસોદિયાઓને પણ દુશ્મન બનાવ્યા છે...'

'હું બધું સમજું છું.' શાહઝાદો વચ્ચે બોલ્યો: 'પણ પિતાજીને તમારી વફાદારી પર વિશ્વાસ નથી.'

'તો અમે એવું કયું અવિશ્વાસ ઊપજે એવું કામ કર્યું તે તો કહો!' દુર્ગાદાસે કહ્યું.

'મને ખબર છે કે કોઇ પણ બાબતમાં પિતાજી સામાન્યરીતે શંકાગ્રસ્ત જ રહેતા હોય છે. એ તો એમનો સ્વભાવ બની ગયો છે.'

'પણ તમે તો શંકાગ્રસ્ત નથી ને?'

'નહિ, મને રાજપૂતો સાથે પડેલા પ્રસંગોથી અને અનુભવોથી તેમનાં ટેક તથા વચનમાં કદી શંકા હોતી નથી. હું જાણું છું કે તમે એક વાર વફાદારીના કસમ લો છો પછી કદી ડગતા નથી.'

'ઘણું જીવો શાહઝાદા!' કેસરીસિંહ ચૌહાણે હર્ષનાદ કર્યો.

દુર્ગાદાસ બોલ્યો: 'તો શાહઝાદા, અમારો બાદશાહ તો એવો હોવો જોઇએ કે જે અમારી ટેક અને અમારી ક્ષત્રીવટનું મૂલ્ય સમજે. અમે બાદશાહની સેવા સતત બજાવ્યા જ કરીએ, છતાં બાદશાહને અમારા પર વિશ્વાસ આવતો જ ન હોય, તો પછી એવો બાદશાહ અમારા કામનો નહિ!'

અકબર હસ્યો અને બોલ્યો: 'બાદશાહ તો જે છે, તે જ છે; તેને તખ્ત પરથી ઉઠાડી મૂકવાની કે મનમાન્યા બાદશાહને તખ્તનશીન કરવાની તાકાત મેળવ્યા વિનાની વાતો જવા દો, સરદારો!'

દુર્ગાદાસે કહ્યું: 'અમારી નેકટેકની પાછળ એ તાકાત ખેંચાઇ આવશે. દોઢ લાખની બાદશાહની સેનાને અમે આજે રંજાડી શકીએ છીએ તે શું તાકાત વિના?'

'પણ એથી કાંઇ બાદશાહતને ઉથલાવી ન શકાય, સમજ્યા?'

'શાહઝાદા! શાહઝાદા ઔરંગઝેબે જ્યારે બાદશાહ શાહજહાં અને શાહઝાદા દારાની બાદશાહી ફોઝને આગ્રા નજીક હરાવી હતી, ત્યારે ઔરંગઝેબ પાસે જેટલી સેના હતી તે કરતાં તો અમારી પાસે વધુ સેના છે; એકેએક સૈનિક માભોમ માટે લડનારો છે, કોઇ જ ભાડૂતી નથી. હવે સમજાય છે અમારામાં કેટલી તાકાત છે?'

'એમ છે કે! વારુ, તમને જોઇએ શું?' અકબરે ગંભીર બની પૂછ્યું.

'અમને અમારો પોતીકો દેશ જોઈએ છે, અમારા દેશના રાજાઓ જોઇએ છે, અમારા ધર્મ ને અમારી બહેનદીકરીની સલામતી જોઇએ છે: તે અમને આપે કે અપાવે તે અમારો બાદશાહ. એવો બાદશાહ નહિ હોય તે અમારી વફાદારી નહિ મેળવી શકે.'

અકબર તુરત બોલ્યો: 'તો તમારે અત્યારથી જાણી લેવું કે પિતાજી તમને કદાપિ સંતોષી શકવાના નથી.

'પણ તમે અમને ન સંતોષી શકો?'

'હું ક્યાં બાદશાહ છું?'

'તમે બાદશાહ બનો; અમે તમારી સાથે ઊભા છીએ.' સરદાર સોનિંગે સ્પષ્ટ કહી દીધું.

'એમ?' એ ઉદ્‌ગારની સાથે અકબરે સેનાપતિ તહવ્વરખાંની સામે જોયું અને પૂછ્યું: 'ખાંસાહેબ! તમે શું ધારો છો?'

'અમને લશ્કર કેટલું મળે?'

'માગો તેટલું!'

'ચાળીસથી પચાસ હઝાર સૈનિકો અઠવાડિયાની અંદર મળે?'

'હા, કબૂલ છે!' સોનિંગ અને દુર્ગાદાસ સાથે બોલ્યા.

'તો મારામાં હિંમત છે!' અકબર છાતી ઉપર હાથ મૂકીને બોલ્યો: 'જુઓ સરદારો! તમે જેવા એકવચની છો, તેવો એકવચની તમે મને માની શકતા હો, તો જ આપણે આગળ વધવાનું છે.'


'તમારો કોલ અને અમારો બોલ: અમને એકલિંગજીની આણ, અને તમને...'

'મારા દાદાના દાદા અકબર બાદશાહના કસમ!'

ત્રણ જ દિવસમાં રાજપૂતોએ પોતાના વચનનો ચમત્કાર બતાવી આપ્યો. ચાળીસ હજાર રાજપૂત સૈનિકો એકઠા થઇ ગયા અને બીજા હજી આવ્યે જતા હતા.

શાહઝાદા અકબરે પોતાની છાવણીમાં દરબાર ભર્યો. તેણે બાદશાહનું પદ ધારણ કર્યું, તહવ્વરખાંને મુખ્ય વઝીર તરીકે સ્થાપ્યો અને રાજપૂત સરદારોમાંના કોઇને પાઘડીઓ બંધાવી, કોઇને હાથીઘોડા આપ્યા, કોઇને તલવારો દીધી, કેટલાકને (અનુસંધાન પૃ. ૩૧૧મે)

વીર્યવાન પત્રકાર સામળદાસ ગાંધી



(ગુજરાત સમાચારના સૌજન્યથી)

'વન્દેમાતરમ'ના તંત્રી શ્રી સામળદાસ ગાંધીના તા. ૮-૯-૫૩ની રાત્રે નવ વાગ્યે એકાએક હૃદય બંધ પડતાં થએલા અવસાનથી દેશને એક સૈનિક પત્રકારની ખોટ પડી છે. ભારતની આઝાદીની લડત સમયે એમની કલમે તલવાર સમી તીક્ષ્ણતા ધારણ કરેલી. સંગ્રામના એ દિવસોનું પત્રકારત્વ પ્રચારલક્ષી હતું; અને પ્રચારને પ્રાણવાન બનાવવા શબ્દજ પ્રધાન સાધન છે. સ્વ. સામળદાસે એ શબ્દશક્તિ સારી પેઠે ખીલવેલી—લેખનમાં તેમજ વાણીમાં. જાહેર સભાઓ એ બુલંદ અવાજથી ગજાવતા. એ જ રીતે એમનાં લખાણો પણ બુલંદ ગર્જના જેવાં રહેતાં. એમની યુયુત્સા એટલી પ્રબળ હતી કે વસ્તુનું સ્વસ્થતાથી પરિતોલન કરવાનું ધૈર્ય એ ન રાખી શકતા. ઘા કરનાર સામે બમણા ઝનૂનથી વળતો ઘા કરવો, પ્રતિપક્ષીઓ પર સીધો જ પ્રહાર કરવો એ એમનો સ્વભાવ હતો.

કાઠિયાવાડનાં અંધારાં ઉલેચવા એમની લેખિનીએ 'કાઠિયાવાડની કાળરાત્રિ'નું ભીષણ ચિત્ર દોરેલું, ને છેવટે એ કાળરાત્રિથી કાઠિયાવાડનો મોક્ષ એમના હાથે જ થયો. જૂનાગઢની આરઝી હકૂમતની એમણે લીધેલી આગેવાનીએ દેશભરની મીટ એમના પર સ્થિર કરેલી. ૧૯૪૭માં દેશને આઝાદી મળી ત્યારે શ્રી સામળદાસ મુંબાઈમાં કામ કરતા કાઠિયાવાડ પ્રજામંડળના પ્રમુખ હતા. જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડવા તૈયાર થએલા નવાબને બોધપાઠ આપવો જોઇએ એવા નિર્ણયપૂર્વક મુંબાઈની તાજમહાલ હૉટલમાં શ્રી ઢેબરભાઈ, રસિકલાલ પરીખ, ચીમનલાલ ચકુભાઈ, સામળદાસ ગાંધી વગેરે એકત્ર થયા અને આરઝી હકૂમતની સ્થાપના કરી, જેના સરમુખત્યારપદે શ્રી સામળદાસ ગાંધીની વરણી કરવામાં આવી. જાહેર જીવનમાં શ્રી સામળદાસ સાથે મળીને પચાસના એક વારના સૌરાષ્ટ્રના સિંહ શ્રી અમૃતલાલ શેઠે એમને અસિદાન કર્યું, અને એ તલવાર ધારણ કરી એમણે જૂનાગઢની રણવાટ પકડી. એમની સામે નવાબને જૂનાગઢ છોડી ભાગવું પડયું. જૂનાગઢની એમણે આ રીતે સાધેલી મુક્તિ એ માત્ર ત્યાંની સ્થાનિક પ્રજા માટે જ નહિ પરંતુ હિંદની પ્રજા માટે એક અવિસ્મરણીય બનાવ છે, કારણકે એ બનાવે પ્રજાકીય તાકાતનો જે પરચો બતાવ્યો તેણે દેશી રજવાડાંમાં જબરી ધાક બેસાડી દીધી, જેના પરિણામે રજવાડાંના પ્રશ્નનો ઉકેલ સહેલો બની ગયો. જૂનાગઢ સર થતાં ત્યાં પ્રજાતંત્રની ઉદ્‌ઘોષણ કરવામાં આવી અને શ્રી સામળદાસ તેના વડા પ્રધાન બન્યા. આ વિજયમાં સમયની અનુકૂળતાનો પણ હિસ્સો અલબત્ત હતો, પરંતુ સામળદાસ જેવા સરફરોશ સેનાનાયક વિના એ વિજય અસાધ્ય જ રહેત એ નિર્વિવાદ છે.

કાઠિયાવાડના રાજકારણ સાથે સંકળાએલા ગાંધી કુટુંબમાં સંવત ૧૯૫૩ના જેઠ વદ ૧૦ ના રોજ ગાંધીજીના મોટા ભાઈ શ્રી લક્ષ્મીદાસ ગાંધીને ત્યાં રાજકોટ મુકામે શ્રી સામળદાસનો જન્મ થએલો. શ્રી લક્ષ્મીદાસ ગાંધી એક ધર્મનિષ્ઠ વ્યક્તિ હતા અને બીલખાના આનંદાશ્રમના સ્થાપક શ્રીમન્નથુરામ શર્માના શિષ્ય હતા. રાજકોટથી પોરબંદરના મહારાણાએ એમને પોતાને ત્યાં બોલાવતાં તેઓ એ રાજ્યની નોકરીમાં રહ્યા. સામળદાસે ત્યાંની ભાવસિંહજી હાઈસ્કૂલમાં અંગ્રેજી ચાર ધોરણ પૂરાં કર્યાં બાદ તેમની પંદરેક વર્ષની વયે પિતાનું અવસાન થતાં ઘરનો સઘળો બોજો એમના પર આવ્યો. 'નિશાળિયા ભણતર' પ્રત્યે એમને પહેલેથી જ પ્રેમ ન હતો, એટલે નાની વયે વ્યવહારજગતમાં પ્રવેશતાં એમને કશો જ ખેદ નહોતો.

પ્રસિદ્ધ કુટુંબના નબીરા હોઇને એમને નોકરી મેળવતાં મુશ્કેલી ન નડી. પોરબંદર રાજ્યના જ તીજોરીખાતામાં કારકુનની જગા એમને મળી ગઈ. પરંતુ ત્યાં તો અંગ્રેજી સાથે જ કામ. રોજ અંગ્રેજી કાગળપત્રોનો ગંજ સામે ખડકાય. ચારપાંચ અંગ્રેજી ભણેલા સામળદાસની એમાં ચાંચ ડૂબે તેમ નહોતું, એટલે એ તો રોજ કચેરીએ આવી કશું કામ કર્યા વિના જ ઘેર પાછા વળે. એક મોટા અધિકારીને આની જાણ થતાં તેણે તરુણ સામળદાસને ઊધડો લીધો : 'અંગ્રેજી નહોતું આવડતું તો અહીં રહ્યો શું કરવા? ભલો થઈને બીજું કંઈ કામ શોધી લે.'

સામળદાસને આ ઉપાલંભ હાડોહાડ વ્યાપી ગયો. બીજા દિવસથી જ કચેરીનો ત્યાગ કરી એણે પુસ્તકાલયની વાટ પકડી અને અંગ્રેજી શબ્દકોશની મદદથી અંગ્રેજી પુસ્તકોનું વાચન આરંભ્યું. આ વાચનકાળે સ્વામી રામતીર્થના 'In the woods of God-realization'માંના આ વાક્યે એમના ચિત્ત પર જબરો પ્રભાવ પાડયો કે 'Man is the master of his Destiny' ('મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે.') આ વાક્ય એમનું જીવનસૂત્ર બની રહ્યું, ને એ સૂત્રને અનુસરીને, શિક્ષણ અને ધનસંપન્નતાની નજરે સામાન્ય એવો એ તરુણ પુરુષાર્થબળે પોતાના ભાગ્યનું વિધાન કરતો જઈ સૌરાષ્ટ્રના રાજકીય ક્ષેત્રની અને અખબારી આલમની એક અસામાન્ય વ્યક્તિ બની રહ્યો.

કેટલાક સમય બાદ એમણે ત્યાંની સુધરાઈમાં નોકરી મેળવી. પણ ત્યાં તો ઍની બેસન્ટની હોમરૂલ લીગે સ્વરાજ્ય માટેનું આંદોલન ઉપાડયું. સામળદાસ એ પ્રત્યે આકર્ષાયા. એમણે અંગ્રેજીમાં એક પત્ર લખ્યો, જે બેસન્ટના પત્રમાં છપાયો પણ ખરો. હોમરૂલ લીગમાં ભાગ લેવાને કારણે એમને નોકરી ગુમાવવી પડી ને એ મુંબાઈ ગયા. મુંબાઈમાં ક્યાંય નોકરીનો પત્તો ન ખાતાં એ અમદાવાદ એમના કાકા મોહનદાસ ગાંધી પાસે આવ્યા. ગાંધીજીએ એમને નવજીવન છાપખાનામાં બીબાં ગોઠવવાથી માંડી પ્રુફ વાંચવા સુધીનું કામ સોંપ્યું. પરંતુ એમને એ કામગીરી ગૂંગળાવનારી થઈ પડી અને મુંબાઈ છોડવું નહિ એવા દૃઢ સંકલ્પ સાથે એ ફરી મુંબાઈ પહોંચ્યા.

ત્યાં રૂ બજારની એક પેઢીમાં મહિને પંદર રૂપિયાની નોકરી મેળવી. પરંતુ ગુમાસ્તાગીરીમાં એમનું મન ન ખૂંચ્યું. લખવાનો શૉખ એમને નાનપણથી જ હતો અને 'પ્રેમયોગી'ના નામે એમણે લેખો લખવા માંડેલા. ઊગતા લેખકો માટે બને છે તેમ, અનેક સામયિકોમાંથી એમના લેખો પાછા આવ્યા બાદ જામનગરના 'અંકુશ' પત્રમાં 'મારી સ્વપ્નસૃષ્ટિ' નામક એમનો પહેલવહેલો લેખ છપાયો. ત્યારથી એમને પત્રકારજગત પ્રત્યે જાગેલા આકર્ષણને લઇને મુંબાઈમાં કોઈ અખબારી

કચેરીમાં જગ્યા મેળવવાની તક એ શોધતા રહેલા. પેઢી પર આવતાં 'મુંબઈ સમાચાર' અને 'બૉમ્બે ક્રૉનિકલ' એ નિયમિત વાંચતા રહેતા. એમની લેખનપ્રેરણા અદમ્ય બની અને એમણે 'મુંબઈ સમાચાર' પર છ લેખોની એક લેખમાળા મોકલી આપી. ત્યાર પછી તો 'ટાંપણું'-ના નામે દર અઠવાડિયે 'મુંબઈ સમાચાર'માં એ લખવા લાગ્યા.

એમની કલમે 'હિંદુસ્તાન-પ્રજામિત્ર' નામના એ જમાનાના ઉદ્દામ પત્રના સંચાલક શ્રી રણછોડલાલ લોટવાળાને આકર્ષ્યા અને એમની કલમનું પાણી જોવા જૅક લંડનની પ્રસિદ્ધ કૃતિ 'આયર્ન હિલ'નું ભાષાંતર કરવાનું કામ તેમને સોંપ્યું. એ ભાષાંતર 'સોનેરી ઝંજર' નામે છપાયું. પછી શ્રી લોટવાળાએ એમને પોતાના પત્રનું સંપાદન સોંપ્યું. પરંતુ ગાંધીજીના રાજકારણનો વિરોધ–વિરોધને ખાતર પણ વિરોધ–એ શ્રી લોટવાળાના પત્રોનો પ્રધાન સૂર હતો, જે સામળદાસથી ફૂંકાય તેમ ન હોઈ તેમણે એ પદ છોડયું. એ પદે હતા ત્યારે એમણે મુંબાઈના ગવર્નર વિરુદ્ધ તંત્રીસ્થાનેથી લખેલા તમતમતા અગ્રલેખે અખબારી દુનિયામાં એક સનસનાટી ફેલાવી દીધેલી. સામળદાસની કલમના મર્મવેધીપણાનો પ્રજાને થએલો એ પ્રથમ પરિચય.

દેશ સ્વરાજ માટે અધીર બનતો જતો હતો ને પ્રત્યાઘાતી તત્ત્વો એ ઉત્થાન-કચડી નાખવા કટિબદ્ધ બન્યા હતા, એવા સમયે સાચો પત્રકાર મૂગો રહે એ એને માટે મોટામાં મોટી શરમ હતી. સદા ય લાગણીની ટોચ પર રહેતા સામળદાસથી મૂગા રહેવાય તેમ નહોતું. તેમણે 'હિંદુસ્તાન-પ્રજામિત્ર' છોડી પોતાનું સ્વતંત્ર સાપ્તાહિક 'કર્મભૂમિ' શરૂ કર્યું. પરંતુ એમની મૂડી માત્ર ઉત્સાહની મૂડી હતી. જાહેર સેવા માટેનો ગમે તેટલો ઉત્સાહ પણ નાણાંની ગરમી વિના થીજી જાય છે, અને એવું જ સામળદાસને માટે બન્યું. 'કર્મભૂમિ'નું કર્મક્ષેત્ર એમને આટોપી લેવું પડયું અને અંગ્રેજી તથા ગુજરાતી પત્રોમાં 'મુક્ત લેખન' ('ફ્રી લાન્સિંગ') એમને હાથ ધરવું પડયું.

પત્રકાર બનવાની એમની ઉત્કટ ભાવના છેવટે ફળીભૂત થયા વિના ન રહી ને 'મુંબઇ સમાચાર' સાપ્તાહિકના તંત્રીપદે એ નિમાયા. એ તંત્રીસ્થાનેથી આવતા લેખોએ જનસામાન્યના હૃદયને લાક્ષણિક રીતે વાચા આપવા માંડી, એટલું જ નહિ પણ રાજકીય પરાધીનતા ને આર્થિક ગુલામીમાં સબડતી પ્રજામાં પ્રાણબળનો સંચાર કરવા માંડ્યો.

સામળદાસની કલમની આ ઓજસ્વિતાએ શ્રી અમૃતલાલ શેઠને આકર્ષ્યા ને તેમણે નવા શરૂ કરેલા દૈનિક 'જન્મભૂમિ'માં એમને લીધા. શ્રી શેઠે 'જન્મભૂમિ' છોડયા પછી તંત્રીપદે આવેલા શ્રી મણિશંકર શ્યામજી ત્રિવેદી અવસાન પામ્યા એટલે પત્રનું સુકાન સામળદાસના હાથમાં આવતાં એમનો પત્રકાર આત્મા સોળે કળાએ ખીલી ઊઠયો અને 'જન્મભૂમિ'એ નિરાળું વ્યક્તિત્વ જમાવ્યું. દેશ પરના આપખુદ વિદેશી શાસન ને એ શાસનનાં ઢીંગલાં સમાં દેશી રજવાડાં સામે 'જન્મભૂમિ'માંથી ઝરવા માંડેલા અગ્નિસ્ફુલિંગોએ એ દમનખોરોને જેમ વધુ ને વધુ દઝાડવા માંડયા તેમ 'જન્મભૂમિ' વધુ ને વધુ લોકપ્રિય બનતું ગયું. ૧૯૩૮-૩૯ની લીમડી-રાજકોટની લડત સમયે 'જન્મભૂમિ'એ વર્ણવેલા જુલ્મો જ ગાંધીજીને રાજકોટ ખેંચી લાવેલા.

પરંતુ ૧૯૪૦માં શ્રી શેઠે 'જન્મભૂમિ' પાછું સંભાળી લેતાં સામળદાસ પોતાના સહકાર્યકરો સાથે છૂટા થઈ ગયા અને ૧૯૪૧ના માર્ચની ૧૫મીએ 'વંદેમાતરમ્' પત્ર શરૂ કર્યું. ૫૬ પાનાંનો એનો પહેલો અંક એ ગુજરાતી પત્રકારત્વમાં એક સીમાસ્તંભરૂપ હતો. લોકોને પહોંચવા માગતા અખબારે હૃદયપ્રેરક બનવા સાથે દૃષ્ટિરંજક પણ બનવું જોઇએ તેના અખબારી આલમને પદાર્થપાઠ રૂપ એ અંક હતો.

જૂનાગઢના નવાબની નાદાનીએ સરજાવેલી આરઝી હકૂમતની સામળદાસની સરદારી અને એ રાજ્યનું ભારત સાથે જોડાણ એ સામળદાસના જીવનની અનન્યતમ સિદ્ધિ. ત્યારપછી એ, તેમને સૌરાષ્ટ્ર સરકારમાં સોંપાએલા મહેસૂલ-પ્રધાનપદે મતભેદને લીધે ન ટકી રહ્યા ને પાછું 'વંદેમાતરમ્'નું તંત્રીપદ સંભાળી લીધું ત્યારે જૂના સામળદાસ પલટાઇ ગયા હતા. એમનું સઘળું સામર્થ્ય હવે વિરુદ્ધ દિશામાં વળી ગયું અને સૌરાષ્ટ્ર સરકાર તથા કૉંગ્રેસના એ કટ્ટા વિરોધી બની ગયા.

પત્રકારત્વનો એમનો આદર્શ એમણે ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૩૭-૩૮માં કરાચી મુકામે મળેલા સંમેલનના પત્રકારત્વ વિભાગના પ્રમુખપદેથી વ્યક્ત પણ કરેલો છે. એક તંત્રી તરીકેની સામળદાસની વાત બાજુએ રાખી એક વૃત્તનિવેદક તરીકે તેમની કારકિર્દી જોઇએ તો તે પણ ઓછી વિસ્મયમુગ્ધ કરનારી નથી. ગુજરાતી પત્રોનું વૃત્તનિવેદન મોટે ભાગે ન્યાય ને પોલીસકચેરીઓના હેવાલોમાં જ સમાઈ જતું હોઈ એમાં કોઇ અર્ની પાઈલ સમો વૃત્તનિવેદક પાકવાનો સંભવ ઓછો છે. પરંતુ સામળદાસનું વૃત્તનિવેદન પશ્ચિમના 'સ્ટાર રીપોર્ટરો'-ની યાદ અપાવે એવું હતું, એ 'વંદેમાતરમ્'માં એમનાં જીવનસંસ્મરણોમાં આલેખાએલા આ બે પ્રસંગો પરથી જણાય છે :

'મુંબઈ સમાચાર'માં હતા ત્યારની એ વાત.

દિવસનું કામ પૂરું કરીને તેઓ ટ્રામમાં જતા હતા. પાછળની બેઠક પરનો એક ઉતારુ 'પીર કરીમશા'નો નામોચ્ચાર કરે છે. પત્રકાર સામળદાસના કાન ચમકે છે. પીર કરીમશા એટલે તો કર્નલ લૉરેન્સ.

અમાનુલ્લા સામે બચ્ચ ઈ સાકુએ બળવો કર્યો હતો. પંજાબના પત્રોમાં એ બળવાના સંબંધમાં કર્નલ લૉરેન્સનું નામ ચર્ચાતું હતું. પત્રકાર સામળદાસના મનમાં પ્રશ્નોની પરંપરા જાગી પડી.

મુંબાઈની હોટેલો તે ખૂંદી વળ્યા–પીર કરીમશાને ઢૂંઢવા. એક ખૂણે પડેલી હોટેલમાં પત્તો મળ્યો. પણ એમને મળવું શી રીતે ?

એમણે તદબીર રચી. ધૂળની પડીકીને ઝેર તરીકે સાથે લઇને પોતે હોટેલના માલીકને ચરણે અરજ કરી: 'સટ્ટાબજારમાં ૫૦ હજાર ગુમાવી દીધા. રવડી પડયો છું. મોટું કરજ માથે છે. હું આપઘાત કરવા માગું છું, પણ તે પહેલાં હું પીર કરીમશાનો મુરીદ, એમના આગમનના વર્તમાન સાંભળીને એમના ચરણનો એક બોસો લેવાને આવ્યો છું.'

ને મધરાતે પીરે દર્શન આપ્યાં. બીજી સવારે 'મુંબઈ સમાચાર' ને 'ક્રૉનિકલ'માં પીર કરીમશાનો ઘટસ્ફોટ કરતો સનસનાટીભર્યો હેવાલ મુંબાઈ પર વીજળીનો ચમકારો કરી રહ્યો!

એક બીજો પ્રસંગ 'જન્મભૂમિ'માં હતા ત્યારનો :

વાતમાંથી વાત નીકળે છે ને એક શનિવારે સાંજે એક સજ્જન એક મહારાજાના મુંબાઈના મહેલમાંથી આગલી રાત્રે એકાએક અલોપ થઈ ગએલી બેત્રણ યુવતીઓની સાંભળેલી વાતનો ઉલ્લેખ કરે છે. પત્રકાર સામળદાસનું મગજ રમણે ચડે છે. મહારાજાનું નામ મેળવીને તેઓ બાતમી મેળવવા બહાર પડે છે. ખબર પડે છે કે મહારાજા ઊંચી 'કારપેટો'ની તલાશમાં છે. બીજે દિવસે તે મહારાજાની બહાર જવાની વાટ જોતા મુંબાઈના 'લીલા નિવાસ' સામે એક ટૅક્સીમાં બેસી રહે છે. મહેલ ખાલી થાય છે ને પત્રકાર કારપેટના વેપારીના વિઝિટિંગ કાર્ડ સાથે મહારાજાને મળવા 'લીલા નિવાસ'માં દાખલ થાય છે.

૨૫ મિનિટમાં ઘણીક વાતો સેરવીને તે પાછા ફરે છે. બીજે દિવસે 'ઘરમી પ્રકરણ' 'જન્મભૂમિ'ને પાને ચડે છે. મહારાજાનાં અનેક ચક્રો ગતિમાન થાય છે. રોજ ને રોજ એ બધાં ચક્રો પર વેધક પ્રકાશ પડે છે. પોલીસ ચેતે છે, લોકમત જાગે છે, અને મુંબાઈની વરિષ્ઠ અદાલતને મહારાજાના બળાત્કારને લગતું ઘરમીનું નિવેદન નોંધવું પડે છે. મહારાજાના પીંજરામાંથી ઘરમી છૂટે છે.

પણ સંગ્રામકાલીન સામળદાસથી આજના શાંતિકાલીન, અને તે પણ વિરોધપક્ષી સામળદાસ ભિન્ન હતા, ને તેની અસર એમના પત્રકારત્વ ઉપર પણ થઈ. 'પ્રબુદ્ધ જીવન' પત્રે કરેલી તેની ઉચિત આલોચના સાથે આ લેખ પૂરો કરીએ. "તેમના જેવો અસ્ખલિત વાણીપ્રવાહ ગુજરાતી ભાષામાં કદી અન્યત્ર જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી. પણ આવો વાણીવૈભવ અત્યુક્તિના દોષથી ભાગ્યે જ મુક્ત રહી શકે. આ અત્યુક્તિનો અમુક પ્રસંગે અમુક સંયોગોમાં ઉપયોગ પણ છે. જ્યારે કોઈ પણ અસાધારણ પુરુષાર્થ સાધવા માટે લોકોની સામુદાયિક શક્તિને નિયોજિત કરવાની હોય છે, પ્રજામાં જુસ્સો પેદા કરવાનો હોય છે, ત્યારે અત્યુક્તિનો ઉપયોગ અનિવાર્ય બની જાય છે. પણ આ ઉપયોગને પણ અમુક મર્યાદા હોય છે. એ મર્યાદા ધ્યાનમાં ન રહે તો એ અત્યુક્તિ પાછળ અસત્ય, અવિવેક, અસંયમ ચાલ્યાં આવે છે. વળી ગરમ વાતાવરણ જ્યારે નરમ બને છે ત્યારે આ અત્યુક્તિની આદત વાણીના ગૌરવને હરી લે છે. સામળદાસભાઈની કળા-વિકળાનું આ જ રહસ્ય છે. ગાંધીકુળને ઉચિત તેમનામાં શૌર્ય હતું, સાહસ હતું; અન્યાય-આપખુદીસામે પડકાર કરતી ગર્જના હતી; પણ કમનસીબે કોટિની સંયમની સભ્યતા નહોતી. સૌરાષ્ટ્રના વણતાજે શિરતાજ બનવા જેટલો પુરુષાર્થ તેમણે દાખવ્યો; પણ એ સ્થાન ટકાવી રાખવા જેટલું તેઓ ખમીર દાખવી ન શક્યા. પરિણામે આ સામળદાસ કાંઈક નાના લાગે છે. આમ છતાં પણ, આ દુનિયામાં એવા બહુ જ ઓછા માનવીઓ પાકે છે કે જેમની જીવનકળા વિષે થોડા અનુકૂળ સાથે થોડું પ્રતિકૂળ જોડવાનું હોય જ નહિ. એટલે આજે જ્યારે આપણી વચ્ચેથી તેઓ સદાને માટે વિદાય થયા છે ત્યારે તેમની પ્રકૃતિનું માધુર્ય, સ્નેહવાત્સલ્ય, સૌજન્ય, સેવાપરાયણતા, વાણીપટુતા, સાહસિકતા, અણનમ રહેવાને સરજાએલી મરદાનગી, આવા અનેક અનુકરણીય ગુણોને સંભારીએ ને તેમણે કરેલી વિશાળ રાષ્ટ્રની ને સૌરાષ્ટ્રની અનેકવિધ સેવાની કદર કરીએ."

સુભાષિત

(સ્ત્રગ્ધરા)

नित्यं छेदस्तृणानां भुवि नखलिखनं पादयोश्चाल्पशौचं
दंतानामल्पशौचं वदनमलिनता रूक्षता मूर्धजानाम् ।
द्वे संध्ये चातिनिद्रा ह्यवसनशयनं ग्रासहास्यातिरेकः
स्वाङ्गे पीठे च वाद्यं हरति सुरपतेः केशवस्यापिलक्ष्मीम् ॥

અનુવાદ

નિત્યે જે ઘાસ તોડે, પગ જ નહિ ધૂએ મેલ કાઢી જરા યે,
ગંદા જે દાંત રાખે, નખ થકી વળી ભૂ ખોતરે છે કુટેવે;
ચ્હેરો ચોખ્ખો ન રાખે, શિરપર વળી છે સાવ સૂકાં જટોરાં,
વ્હાણે સાંજે ય ઘોરે, બહુ જ જન સૂએ વસ્ત્ર કાઢી સમૂળાં;
મોટા લે કૉળિયા, ને હસહસ કરતો દાંત કાઢી વળી જે,
અંગો ઠોકી વગાડે, ઢમઢમ કરીને બેઠકો જે બજાવે;
*જ્યાંત્યાં થૂંકી બગાડે, સડડ સ્વરથી નાક જ્યાંત્યાં નશીકે,
એની લક્ષ્મી જશે જો અમરપતિ ભલે હોય ગોવિંદ પોતે.

[વિવરણ: સભ્યતા, સુઘડતા ને સ્વચ્છતાના આજના જમાનાનાં લક્ષણોનું આ શ્લોક જૂની રીત પ્રમાણે કેવી સુંદરરીતે પ્રતિપાદન કરે છે, અને આપણા સમાજની ગંદી, અસભ્ય ટેવોને કેવી લાક્ષણિકરીતે બતાવે છે! આપણામાં કોઈ સારી ટેવ પાડવા માટે દેવને નામે કે બીજી કોઈ રીતે વહેમ ઘાલવો એ જૂની રીત છે. નાનાં છોકરાંની કુટેવો છોડાવવા 'એમ કરીએ તો મા મરી જાય' એવા વહેમો આપણામાં છે. પોતાના અંગ પર ઠોકીને વગાડવાના કાર્યને 'શનિનું નગારું' કહે છે, ને તેમ કરવાથી દારિદ્ર આવે એમ કહેવાય છે. આ શ્લોકમાં એ પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે કુટેવો છોડાવી સભ્યતા અને સ્વચ્છતાના નિયમો પ્રબોધ્યા છે અને કહ્યું છે કે એ ન પાળે તો અમરપતિ–એટલેકે દેવના પતિ ખુદ વિષ્ણુની લક્ષ્મી પણ જતી રહે, તો માણસનો તે શો હિસાબ?

(૧) તૃણ—ઘાસ તોડવું એ સભ્યતાની વિરુદ્ધ છે. (૨) જમીનમાં નખથી લખવાથી કચરો નખમાં ભરાઈ રહે તે ઝેર બરાબર થાય છે. (૩) પગ ધોઈને સાફ કર્યા વગર ઘરમાં જવાથી બહારનો કચરો તથા રોગનાં જંતુ ઘરમાં આવે છે. તે ઉપરાંત કેટલાક એવા રોગો પણ છે કે જે ખુલ્લા પગે બહાર જઈ આવી બરોબર ન ધોવાથી આરોગ્ય બગડે છે. (૪) દાંત ગંદા રાખવાથી મોઢું ખરાબ લાગવા ઉપરાંત દાંતના પાયોરિયા જેવા ભયંકર રોગ થઈ શરીરને બગાડે છે. એ માટે લંબાણ કરવાનું આ સ્થળ નથી, પણ એક પ્રસિદ્ધ દાક્તરને પાયોરિયાથી શું થાય એમ પૂછતાં એણે કહ્યું કે 'પાયોરિયાથી શું "ન" થાય એમ પૂછો.' એટલેકે બધા રોગો એ એક રોગથી થાય. એમાં દાંતના આરોગ્ય માટે બધું આવી ગયું. સારા પાચનનો આધાર સારા દાંત ઉપર જ છે. (૫) વદન–ચહેરો તથા (૬) વાળ સાફ અને વ્યવસ્થિત ન રાખે તે કેવા દેખાય તે માટે વધારે લખવાની જરૂર નથી. તેલ નાખી વાળ સારા રાખવાથી સારું દેખાવા ઉપરાંત માથાને પણ ફાયદો થાય છે. સૂકા વાળ બાવાની જટા જેવા લાગે છે, ને એવા વાળને ગામડામાં જટોરાં કહે છે. (૭) બન્ને સંધ્યાને સમયે—સવારે ને સાંજે સૂઈ રહેવું એ તબિયતને બગાડનારું છે અને આળસને વધારે છે. આપણામાં સાંજે સૂનારને દારિદ્ર આવે એમ કહેવાય છે. (૮) વસ્ત્ર કાઢીને સૂવું તથા (૯) મોટા કૉળિયા ભરીને જમવું એ સભ્યતાની વિરુદ્ધ છે (એમ જમનારાને લોકો કહે છે કે દુકાળમાંથી આવ્યો છે!) (૧૦) મોં ફાડીને વિનાકારણ ખડખડાટ મર્યાદા રહિત હસ્યા કરવું એ પણ સભ્યતાની વિરુદ્ધ છે. (૧૧) અંગ ઉપર કે બેસવાની જગ્યા ઉપર ઠોકીને વગાડવું એ સભ્યતા નથી. * (૧૨-૧૩) મૂળ સંસ્કૃત શ્લોકમાં નથી એવી આ સાતમી લીટી ગુજરાતી અનુવાદમાં નવી ઉમેરી છે. આપણા લોકોની સ્વચ્છતા વિરુદ્ધની આ બે ખરાબ ટેવો છે અને તે ગમે ત્યાં જોવાથી મળી આવશે. મુંબાઈ જેવાં મોટાં શહેરોના રસ્તા, ફુટપાથ તથા દાદરા જુઓ તો આ સત્ય સમજાશે. એથી પણ અનેક રોગોનો ફેલાવો થાય છે. આપણે જેને જડવાદી પશ્ચિમના લોકો કહીએ છીએ એમનામાં આ નિયમો ખાસ પળાય છે. થૂંકવાની ટેવ ભુલાવવા માટે તો યૂરોપના દેશોમાં ભારે દંડ કરવામાં આવતા હતા. નાક ગમે ત્યાં સાફ કરવાની ટેવ ગંદી તો છે, પણ એ ક્રિયાનો અવાજ પણ કાનને ગંદો લાગે છે. સભ્યતા અને આરોગ્યના નિયમોના ભંગ માટે યુરોપની પેઠે દંડ કરવાને બદલે કવિએ આ શ્લોકમાં લક્ષ્મી નહિ મળે એમ કહી મોટો દંડ બતાવ્યો છે. —ર. ભી.]

આતિથ્ય

કોઈ વાર એવું નથી બનતું કે 'તમે કોઇ સાવ ગરીબ માણસને મળો, ને છતાં તમને લાગે કે આના જેવો અમીર આજ સુધી ક્યાંય નથી જોયો? થોડા દિવસોના સહવાસમાં એ એવું સંભારણું નથી મૂકી જતો, કે જે જિંદગી સુધી કદી ઝાંખું નથી પડતું?

બિજરાઓ ગઢના મંદિરનો પૂજારી ને એની સ્ત્રી એવાં જ માણસો હતાં. મંદિર ગામથી દૂર નાની ટેકરી પર એકાંતમાં આવેલું હતું. અઢીસો વરસ જૂના મંદિરમાં સરસ ભીંતચિત્રો કરેલાં હતાં. એ જોવા અને થોડાંની નકલ કરવા હું ત્યાં ગએલો. સાથે મારો નાનો ભાઇ હતો. પૂજારીની રજા લઈ ત્યાં જ રહેવાનું રાખ્યું. વહેલી સવારે ઊઠી પાસેના ઝરણામાં નહાઇ આવતા. નાનો ભાઈ રાંધવાની તરખડમાં પડતો; હું ચિત્રોની નકલ કરતો

પહેલે જ દિવસે એ પતિપત્નીએ અમને પારકું ન જણાવા દીધું. કહેવા લાગ્યાં, 'ભાઈ, ઘર છોડી સૌને બહાર જવું પડે. કશો સંકોચ ન કરતા. આને તમારું જ ઘર સમજજો.'

ઘેરથી સીધું ને વાસણ લઇને જ નીકળેલા. પણ થાળી ખૂટતી હતી. તરત ઘરની સારામાં સારી થાળી કાઢી આપી ભેગી ભેળા અથાણું ને ડુંગળી લાવી આપ્યાં. કૂવો ટેકરીની છેક નીચે હતો ને ઉનાળાના દિવસ, એટલે પાણી ખૂબ ઊંડે ગએલું. ત્યાંથી પાણી લાવવું સહેલું ન હતું. પણ જ્યારે જોઇએ ત્યારે ઠંડા પાણીનો મોટો સ્વચ્છ લોટો લઇને એમની નાની દીકરી ઊભી જ હોય! વળી, ભલી બાઈ વચ્ચેવચ્ચે એની મીઠી બુંદેલખંડી બોલીમાં કહી જાય, 'કશો સંકોચ ન કરતા. તમારું જ ઘર સમજજો. જે જોઇએ તે લઇ લેજો.' હેતથી અમને 'બડે' ને 'છોટે' કહીને બોલાવતી, ને છોકરાં પર જ ભરોસો ન રાખતાં જાતે આવીને અમારા ખબરઅંતર પૂછી જતી.

એક દિવસ વરસાદ આવ્યો એટલે બળતણ ભીંજાઈ ગયું ચૂલો સળગે નહિ. ધુમાડાથી આંખો બળવા લાગી. પણ લાકડાં સળગે ત્યારે થાયને? બળતણ અમારી વધુ ફજેતી કરે તે પહેલાં તો બાઈ સૂકાં છાણાં લઇ આવી. ને પછી તો સૂકાં ભેગું લીલું પણ બળ્યું.

એમની શીળી છાયા તળે પાંચ દિવસો નીકળી ગયા. છઠ્ઠે દિવસે સવારે મેં કહ્યું, 'મારું કામ હવે પૂરું થવા આવ્યું. આજ સાંજે અમે નીકળીશું.' રોકાવાનો ઘણો આગ્રહ કર્યો, પણ નીકળવું જરૂરી હતું. થોડી વારમાં શીરો ને કેરી લઇને એમની નાની દીકરી આવી. સામે જ પૂજારી પૂજા કરતા હતા મેં કહ્યું, 'ભાઈ, નાહકની તકલીફ લીધી.'

અમારી સામે જોઈ કહે, 'લ્યો, ઘરમાં શું બની રહ્યું છે એની મને તો કંઇ ખબર જ નથી! આજ તમારે કારણે આ બ્રાહ્મણને પણ થોડો શીરો આરોગવા મળશે ખરો! લો, હવે મોડું ન કરો, નહિ તો ઠંડો થઈ જશે. તુલસીદાસજીએ કહ્યું છે, 'ભૂખે ભજન ન હોય ગુંસાઈ.' માટે હવે શુભસ્ય શીઘ્રમ!'

પંડિતજીનો આવો મીઠો વિવેક અને પત્ની પ્રત્યે છાનો પ્રેમ જોઈ મારું મન પ્રસન્ન થઈ ગયું. કશી ઓળખાણ કે સ્વાર્થ વિના અતિથિનો આવો સત્કાર ક્યારેક જ જોવા મળે.

બપોરે હું મંદિરમાં નકલ કરતો હતો. નાનો ભાઈ બહાર છેલ્લી વારની રસોઇ કરતો હતો. કણક બાંધતી વેળા અટામણ રાખી લેવાનું ભૂલી ગયો. રોટલી વણતી વખતે એની જરૂર જણાઈ એટલે નાની છોકરીને થોડો લોટ લઈ આવવા કહ્યું. થોડો વખત ગયો પણ છોકરી આવી નહિ. 'છોટે'ને થયું કે નાનું છોકરું છે. રમતમાં પડી



બિજરાઓ ગઢ (વિજયરાઘવ ગઢ) મધ્ય પ્રદેશની ઓતરાદી સીમા પર, કટનીથી ૨૦ માઇલ દૂર આવેલું ઐતિહાસિક ગામ છે. ત્યાંના અઢીસો વર્ષ જૂના એક મંદિરમાં જે અનેક સુંદર ભીંતચિત્રો છે એમાંના ત્રીજા ભાગની આ નકલ છે. એમાં વચ્ચે મથાળે કૃષ્ણ છે ને ચોમેર ગોપીઓ છે. સમયના અભાવે મેં માત્ર ડાબી બાજુના ભાગની નકલ કરેલી તે આ છે. મૂળ ચિત્રનું કદ ૧૨॥×૨૬ ઈંચ હતું જેમાંથી ૧૨॥×૮″નું મેં આ ઉતાર્યું. મંદિરમાં થોડાં શુદ્ધ નિસર્ગદૃશ્યોની તકતીઓ છે તે અત્યંત સુંદર હોઈ બીજે બહુ ઓછી મળે છે. ચિત્રો ઉપર રક્ષણ માટે વાર્નિશ કર્યું હોય એમ જણાય છે.

ગઈ હશે, એટલે યાદ નહિ રહ્યું હોય. રોટલી વણી લીધી. ચૂલો ઠારી બન્નેનું પીરસતો હશે ત્યાં બાઈ થાળી ભરીને લોટ લઇ આવી. ભાઈએ કહ્યું, 'આ શું? મેં તો મૂઠી લોટ મંગાવ્યો હતો' ને તમે તો થાળી ભરીને લાવ્યાં! કોરો લોટ રાખી લેવાનું ભૂલી ગયો હતો. પણ હવે તો રોટલી વણાઇ ગઈ. હવે કશી જરૂર નથી.'

બાઇએ રોટલી તરફ જોઈ ઉદાસ થઇને કહ્યું, 'અરે રે, બહુ વાર થઈ ગઇ. પણ મને એમ કે તમારો લોટ થઇ રહ્યો છે, પણ શરમને લઈ વધુ મંગાવતા નથી. ઘરમાં જે લોટ હતો એ તો ઘઉં, ચણા, તિવડા વગેરેનો ભેળસેળ હતો; ચોખ્ખા ઘઉંનો નહિ. એવો લોટ તમને કેમ અપાય? એટલે શેર ઘઉં લઇ હું તરત ઘંટીએ બેઠી. છોટે, તું શરમાતો નહિ. એટલી રોટલી પૂરી નહિ થાય. આ લોટ લઈ લે ને બીજી રોટલી વણ!'

અંદર મંદિરમાં અવાક્ થઈ હું આ સાંભળી રહ્યો હતો. મંદિરના ઘુમ્મટમાં એની વાણી ગૂંજી ઊઠી. મારા હૃદયના ઘુમ્મટમાં એ સદા ગૂંજતી રહેશે.


અમૃતલાલ ગો. વેગડ

મગજ

આપણને જીવન અને જગતનો સંપર્ક તથા સમજ સાધી આપતું સમસ્ત પ્રાણીસૃષ્ટિમાં એક માત્ર માનવીને જ મળેલી શ્રેષ્ઠ ભેટવાળું આપણા શરીરનું સૌથી શક્તિશાળી અંગ

કાયાની
કરામત
હપતો ૩૫મો

લેખક
ડૉ. શિવપ્રસાદ
ત્રિવેદી




આપણી સામે, આપણા ડાબા હાથ તરફ મુખ રાખીને ઊભેલા માણસના મગજનું વચ્ચેથી છેદેલું દર્શન

કરોડરજ્જુ એ, આપણે અગાઉ જોઈ ગયા તેમ જ્ઞાનતંતુઓનું થાણું હોવાથી તેને આપણે હવે 'જ્ઞાનરજ્જુ' કહીશું. એ જ્ઞાનરજ્જુ ઉપરનો વિસ્તૃત ને અતિ વિકસિત થએલો ભાગ એ મગજ છે. મગજ શરીરનું અતિ ઉપયોગી અંગ હોઇ ખોપરી રૂપી હાડકાના મજબૂત કવચમાં સુરક્ષિતરીતે ગોઠવાયું છે. વળી એ અંદરથી સખત ખોપરી સાથે ન અફળાય એ માટે એના ઉપર ત્રણ આવરણો આવેલાં છે.

એમાંનું સૌથી ઉપરનું ડ્યૂરા મેટર (Dura Mater=સશક્ત માતા) નામનું મસ્તિષ્કાવરણ ચીકણું અને ઘણું મજબૂત છે. તેની પછી કરોળિયાના જાળા જેવું વચલું ઍરેકનૉઇડ (Arackncid) આવરણ આવે છે,અને તેની નીચે પાતળું ને પારદર્શક 'પાયા મેટર'(Pia Mater =આસક્ત માતા) નામનું મસ્તિષ્કાવરણ આવેલું છે. આમાં થઇને લોહીની નળીઓ મગજની અંદર જાય છે. (જુઓ નીચેનું ચિત્ર)

મગજના કોષોની ભારે કામગીરીને લીધે મગજમાં પોષણ અને પ્રાણવાયુની અધિક જરૂર રહે છે. આથી મગજમાં લોહીના વધારે ને ઝડપી પુરવઠાની અગત્ય છે. કોર્ટેક્સમાં પાંચ મિનિટથી વધુ, મગજના



વચ્ચેથી છેદેલા મગજનું સંમુખદર્શન—જેમાં ખોપરી, અંદરના પ્રવાહી તથા તેની વચ્ચે તરતા મગજના ભાગો દર્શાવ્યા છે.

બીજા ભાગોમાં ત્રીસ મિનિટથી વધુ ને કરોડરજ્જુમાં કલાકથી વધારે સમય સુધી લોહીનું ભ્રમણ અટકી પડે તો આ અંગોની કામગીરી બંધ પડે છે. મગજની કામગીરી બંધ પડતાં જીવન પણ સમાપ્ત થાય છે.

ત્રણે મસ્તિષ્કાવરણોને મેનિન્જિઝ(Meninges)કહેવામાં આવે છે. નાકની ફોલ્લી, વચલા કાનનો પાક કે બીજાં કારણે જ્યારે મગજ-માં ચેપ ફેલાય છે ત્યારે આવરણોનો સોજો આવતાં મેનિન્જાઇટિસ નામનો જીવલેણ રોગ આવી પડે છે. દુખતું માથું એ કંઈ મગજની વેદના નથી, પણ સતેજ (sensitive) થએલાં આ આવરણોની વેદના છે. આંતરડાંની જેમ મગજ પણ જડ છે. હા, મગજનો જેટલો ભાગ કપાય એટલા શરીરના ભાગમાં ચેતના નાબૂદ થાય છે ખરી; બાકી બન્નેમાં વેદના ઉપજાવનારાં તો તેની આસપાસનાં આવરણો છે.

મગજના ભાગ

ઉપલક દૃષ્ટિએ મગજના ત્રણ ભાગ દેખાય છે: (૧) ખોપરીના મોટા ભાગને રોકતું મોટું મગજ Cerebrum–સેરિબ્રમ. આમાં વચમાં ઊંડો ચીરો હોવાથી જાણે કે મગજના બે ભાગ પડે છે: જમણું અડ-ધિયું ને ડાબું અડધિયું. (૨) આની નીચે ચતુષ્કોણી આકારનો મજ્જાસેતુ(Pons)નામનો અવયવ આવેલો છે. તેની પાછલી બાજુએ લંબમજ્જા (Medulla Oblongata) આવેલી છે, જે જ્ઞાનરજ્જુની સાથે જોડાએલી છે. (૩) મજ્જાસેતુના એક પડખે નાનું મગજ (Cere-bellum સેરીબેલમ) જોડાએલું છે. (મથાળાનું ચિત્ર જુઓ)

મગજની ઉપલી સપાટી ભૂખરા રંગની ને અંદરનો ભાગ સફેદ છે. જ્ઞાનરજ્જુ કરતાં આ ગોઠવણ ઊલટી છે. મગજના સપાટીના પડને કોર્ટેક્સ (Cortex) કહેવામાં આવે છે. એ એક અજબ વસ્તુ છે. તે કરોડો (એક ગણતરી મુજબ તો દસ અબજ) ન્યૂરોનનું બનેલું છે!

અને એ ન્યૂરોન વળી 'નીસલ ગ્રૅન્યુલ' (Nissel's granules) નામના કણોથી ભરપૂર હોય છે. આ કણોની ઉપયોગિતા મગજના કામકાજ અંગે છે. કામગીરી બાદ એમની સંખ્યા ઘટી જાય છે. શ્રમિત અવસ્થામાં તો તે નાબૂદ થઈ જાય છે. આમ થતાં આપણને થાક લાગે છે: થાક મગજનો અને શરીરનો. વાંચતાં આંખો દુખવી, ચાલતાં પગ ન ઊપડવા વગેરેનાં કારણ હવે સ્પષ્ટ થશે. થાક એટલે આ ગ્રૅન્યુલનો અભાવ. બાકી માંસપેશીઓ, હાડકાં ને અંગો તો અથાક છે.

મગજનો થાક જાણવા માટે 'ફ્રેડરિકની કસોટી' નામની એક કસોટી છે. આમાં બાળકને અનુલેખન લખતાં થતી ભૂલોની સંખ્યા જોવાની છે. પ્રયોગોથી નક્કી થયું છે કે અભ્યાસ પહેલાં થતી ચાલીસ ભૂલોની સંખ્યા એ ને ત્રણ કલાકના અભ્યાસ બાદ વધીને અનુક્રમે એકસો સાઠ ને એકસો નેવું જેટલી થાય છે.

એક એવી જે માન્યતા છે કે માનસિક થાક નિવારવા માટે શારીરિક શ્રમ ઉત્તમ ઉપાય છે, એ માન્યતા પણ ભ્રમજનક છે. ગણિતની માથાફૂટની જેમ કસરત પણ મગજને થકવે છે. થાકનો શ્રેષ્ઠ ઉપાય તો ઊંઘ છે.

રાતના આરામ બાદ સવારમાં ન્યૂરોન ચરબી ને તૈલી દ્રવ્યોથી ભરેલાં હોય છે. આ સમયે આપણને કામકાજ કરવાની સ્ફૂર્તિ રહે છે. બારથી ચૌદ કલાકના કામકાજ બાદ એમાં ઓટ આવે છે. સાઠેક વરસની ઉમર આસપાસ ન્યુરોનમાં કાળા કણો દેખા દે છે. તેના લીધે પછી વિચારશક્તિમાં ઓટ આવે છે, ચાલ ધીમી બને છે, ચપળતા અદૃશ્ય થવા માંડે છે. ટૂંકામાં શરીરમાં ઘડપણનો પ્રવેશ થાય છે.

મગજનો સફેદ ભાગ તંતુઓનો બનેલો છે. આ તંતુઓ ચાર છે: (૧) કોર્ટેક્સમાંથી કરોડ ભણી નીચા જતા, (૨) કરોડરજ્જુમાંથી કોર્ટેક્સમાં આવતા, (૩) કોર્ટેક્સના જુદાજુદા ભાગોને જોડતા સહયોગી તંતુઓ (association fibres) અને (૪) મગજનાં બે અડધિયાંને જોડતા 'કૉમિસ્યુરલ' (Commissural) સંબંધક તંતુઓ.

મગજની શક્તિ

આખા શરીરમાં વ્યાપેલા જ્ઞાનતંતુઓ સાથે કોર્ટેક્સ જોડાએલું છે ને એમની દ્વારા તે આખા શરીર સાથે સંબંધમાં છે. બધી સંવેદનાઓ ને વિચારનું તે મૂળ હોઈ શરીરનું ચેતનાકેન્દ્ર છે. અહીં એવાં તત્ત્વો ને ગોઠવણી છે કે જેનાથી માનવી સૌ પ્રાણી કરતાં જુદો તરી આવે છે. જોકે એનાં બીજાં અંગો અન્ય પ્રાણી જેવાં કે બલ્કે ઊતરતાં છે, પણ કોર્ટેક્સને લીધે તેને અનન્ય બુદ્ધિચાતુર્ય તથા તર્ક પ્રાપ્ત થયાં છે. પ્રાણીસૃષ્ટિની દાંત, નખ ને માંસપેશીઓની અતુલ શક્તિઓની સ્પર્ધામાં અદના માનવીને બુદ્ધિ અને કૌશલ્યના પ્રતાપે વિજય વર્યો છે અને આના પ્રતાપે જ તેણે સકળ પ્રાણીસૃષ્ટિને પાછળ હડસેલી સર્વોપરિ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પ્રાણીઓની સરખામણીમાં માનવ-મગજની વિશિષ્ટતા એના કદમાં છે. પુખ્ત વયના પુરુષમાં મગજનું વજન ૪૮થી ૫૦ ઔંસ (૩ રતલ) છે; જ્યારે સ્ત્રીઓમાં પાંચ ઔંસ ઓછું, જે શરીરના વજનના $\frac{૧}{૩૦}$થી $\frac{૧}{૫૦}$મા ભાગનું છે. નવજાત બાળકમાં આ વજન ૧૦ થી ૧૪ ઔંસ જેટલું હોય છે, જે વધીને સાતમા વરસે ૪૦ ઔંસ થાય છે અને ચૌદ વર્ષની વયે તે ૪૮ ઔંસ જેટલું થઈ જાય છે. ચાલીસ વર્ષની ઉમર બાદ મગજનો વજનમાં ઘટાડો થવા માંડે છે. જે દર વર્ષે એક ઔંસ જેટલો છે. મૂરખાનું મગજ પુખ્ત ગોરીલાના મગજના વજન જેટલું માત્ર સોળ જ ઔંસ હોય છે.

માનવ-મગજ કરતાં વધારે વજનદાર મગજ હાથી અને વ્હેલનાં છે. પણ આ પ્રાણીઓના શરીરના કુલ વજનના પ્રમાણમાં એમનાં મગજ અનુક્રમે $\frac{૧}{૫૦૦}$મા ને $\frac{૧}{૪૦૦૦}$મા ભાગના વજનનાં છે. શરીરના વજનના પ્રમાણમાં વજનદાર મગજ નાનાં પશુ-પંખીઓમાં (ગાયક પક્ષીઓ, ઉંદર, કેટલાંક વાંદરાં વગેરેમાં) હોય છે. નીચી કક્ષાનાં કરોડવાળાં પ્રાણી કરચલા તથા માખીને મગજ જેવું નહિ હોવાથી એમનાં કાર્યો પ્રેરણા સંચાલિત હોય છે. એમને વેદના જેવું કંઇ હોતું જ નથી.


મોટું મગજ (અને આથી મોટું માથું) એટલે વધુ બુદ્ધિપ્રતિભા, આ પ્રચલિત માન્યતા પાયા વગરની છે. ખરી બુદ્ધિસૂચક તો, મગજના કદ કરતાં તેની રચના છે. કોર્ટેક્સ બધી સંવેદનાઓ, માનસિક ક્રિયાઓ અને કામગીરીઓનું પાર્થિવ સ્થાન છે: આ બધાં સ્થાનોને ખોપરીના મુકરર બખ્તરમાં રહી વધારે જગ્યા આપવા કાજે મગજ ગડીઓ (folds) વાળીને પડયું છે. નવજાત બાળકના મગજમાં બહુ થોડી ગડો હોય છે; પણ તેની ઉમર વધતાં મગજ કદમાં વધવા સાથે તેની ગડીઓ પણ વધે છે. એ ગડીઓની સંખ્યા તથા ઊંડાઈમાં મગજ જેટલું સમૃદ્ધ એટલી બુદ્ધિશક્તિ વધુ. જંગલી ને સંસ્કૃત માનવીના મગજ વચ્ચે આ ફરક છે. સરિસૃપ (સરનારાં) પ્રાણીઓ ને પક્ષીઓનાં મગજ લગભગ સપાટ-સુંવાળાં હોય છે. એમના કરતાં ક્રમમાં વધારે બુદ્ધિશક્તિ ધરાવતાં બિલાડી કુતરાં ને વાંદરાંનાં મગજ અનુક્રમે વધારે ગડીવાળાં છે.

મગજની રચના

આવું ગડીઓની રચનાવાળું આપણું મગજ આબેહૂબ અખરોટને મળતું આવે છે! ઉપરનું છોડું એ ખોપરી ને કરચલીવાળો ગર્ભ એ મગજ જેવાં છે.. આવી રીતે બીજાં કેટલાંક ફળો પણ શરીરનાં અંગો સાથે સમાનતા ધરાવનારાં છે. કેરી અને હોજરીનો, દાંત અને દાડમના દાણાનો, આંખ અને બદામનો, બહેડાં ને ચોળિયાંનો, તથા બરોળ ને પપૈયાનો ઘાટ મળતો આવે છે. વળી તે તે ફળો અનુક્રમે તે તે અંગોને જ પુષ્ટિ આપનારાં અને તેની રોગાવટથી નિવારવામાં મદદકર્તા પણ છે!


મગજ કંઇ ઘન પદાર્થ નથી. છેદ જોઇએ તો અંદર ચાર પોલાણો (cavities) જોવા મળે છે, જેને મગજરંધ્ર (Cerebral Ventricali) કહેવામાં આવે છે. આ પોલાણો 'સેરીબ્રો સ્પાઈનલ ફ્લ્યૂઈડ' (ચંદ્રામૃત)થી ભરેલા રહે છે. લોહીની નળીઓમાંથી ગળાઇને તથા મસ્તિષ્કાવરણમાંથી સ્રાવ રૂપે આવેલું આ પ્રવાહી બીજા મસ્તિષ્કાવરણમાં ને રંધ્રોમાં ફરતું રહી છેવટે શિરાઓમાં જતા લોહીમાં ભળી જાય છે. આકસ્મિક આઘાત, ધક્કા ને મારને પ્રવાહી આસાનીથી ઝીલતું હોવાથી સેરિબ્રોસ્પાઇનલ ફ્લ્યૂઈડમાં જાણે કે તરતું રહેલું મગજ સહીસલામત ને સદા રક્ષાએલું રહે છે.


જ્યારે મસ્તિષ્કાવરણમાં સોજો આવતાં કે હૃદયના યા કીડનીના રોગોને લીધે આ સેરિબ્રોસ્પાઇનલ ફ્લ્યૂઈડનો સ્રાવ વધી પડે છે ત્યારે મગજ એ



મથાળે: સંપૂર્ણ ખીલેલું માણસનું જમણું મગજ

નીચે: મૂર્ખ માણસનું જમણી તરફનું મગજ. એમાં કરચલીઓનો અભાવ છે તે તેની અવિકસિત દશા બતાવે છે. એ ઘેટાના મગજને મળતું છે.





ડાબી બાજુ: આપણું મગજ અંદર-બહારથી દેખાવે આબેહૂબ અખરોટ જેવું છે. જમણી બાજુ: કરોડરજ્જુ સાથે સંબંધ ધરાવતું નીચેથી દર્શન

પ્રવાહીના દબાણમાં આવે છે. પરિણામે માથાનો દુખાવો, ઊલટી, બેભાનાવસ્થા વગેરે ઉગ્ર ચિહ્નો દેખા દે છે. આ જીવલેણ સ્થિતિને નિવારવા કાજે કમરના ભાગમાં આવેલા કરોડના બે મણકા વચ્ચે પોલી સોય ઘોંચી કરોડમાંથી સેરિબ્રોસ્પાઈનલ ફ્લ્યૂઈડ બહાર કાઢવામાં આવે છે, જેને 'લંબર પંકચર' કહે છે.

મગજમાં જ્ઞાનનાં કેન્દ્રો

જુદાજુદા પ્રાણીઓ પર પ્રયોગો ને નિરીક્ષણ-પરીક્ષણ કરીને વિજ્ઞાનીઓએ મગજના ચોક્કસ ભાગો પર શરીરની બધી કામગીરીઓનાં કેન્દ્રો શોધી કાઢયાં છે. ખગોળશાસ્ત્રીઓએ દૂરબીન વતી આકાશના તારાગણો અને નક્ષત્રપુંજોની જે શોધ કરી છે તેના કરતાં યે આ શોધ ઘણી નાજુક ને દુષ્કર હતી. સૌ પ્રથમ ફ્રિત્ઝ અને હીત્ઝિગે (Fritch Hitzig) ને પછી ફેરીઅર ને બીજાઓએ વિદ્યુત્ વતી મગજ ઉપર અખતરાઓ કરીકરીને સાબિત કર્યું કે મગજમાં કોશોનાં ઝૂમખાંઓ ગોઠવાઈને જુદાજુદા 'પ્રદેશો' (cortical areas) નિયુક્ત થએલા છે. વાંદરાં કરતાં માનવીમાં આ પ્રદેશો બમણી સંખ્યામાં છે.

આ પ્રદેશો મગજનાં બે અડધિયાંમાં સરખીરીતે વહેંચાએલા છે. મગજના લમણાના ભાગમાં (Frontal Lobeમાં) શ્રવણ, ગંધ ને સ્વાદનાં કેન્દ્રો આવેલાં છે. કાન, નાક ને જીભના જ્ઞાનતંતુઓ દ્વારા વહન થએલી સંવેદનાઓનું અહીં જ્ઞાન થાય છે.

એમ નક્કી કરવામાં આવ્યું છે કે આપણા વિકાસક્રમ દરમિયાન આપણી આંખની શક્તિ ગંધના ભોગે વિકસી છે. આથી આપણામાં ગંધનું કેન્દ્ર સંકોચાઈ ગયું છે. જ્યારે કૂતરાંઓની આ શક્તિ શ્રેષ્ઠ હોવાથી એમનામાં ગંધકેન્દ્ર વિકસિત છે.


એ સર્વ કેન્દ્રોની ઉપર, સમસ્ત પ્રાણીજગતમાં એકલા માનવીને જ મળેલી એવી વાચાનું કેન્દ્ર આવેલું છે. એ કેન્દ્ર સૌ પ્રથમ શોધાએલું છે. ઇ. સ. ૧૮૬૧માં ફ્રેન્ચ સર્જ્યન પાઉલ બ્રોકા(Paul Broca)એ પ્રયોગો દ્વારા શોધ્યું કે જમણા હાથે બધાં કામ કરનાર વ્યક્તિઓનું વાચા-કેન્દ્ર મગજના ડાબા અડધિયામાં આવેલું છે અને ડાબોડી વ્યક્તિઓમાં તે મગજના જમણા ભાગમાં. પણ પચાસ વર્ષ બાદ ઈ. સ. ૧૯૦૦માં સ્વીડિશ દાક્તર સૉલોમન એબરહાર્ડ હેનશેન(Solomon Eberhard Henschen)નાં સંશોધનોએ સિદ્ધ કર્યું કે દરેકના મગજનાં બે અડધિયાંમાં વાચા-કેન્દ્રો તો હોય જ છે. માત્ર આમાંનું એક પ્રભાવી બને છે ને બીજું કેળવાયા વિના વપરાયા વગરનું રહે છે.

વાચા-કેન્દ્રની જોડે લખવાની શક્તિ અને બોલવાની શક્તિનાં (જીભ હોઠ ને કંઠનાં હલનચલનનું નિયમન કરનાર) કેન્દ્રો આવેલાં છે. મગજની નસ તૂટવાના કે ઇજાના પરિણામે જ્યારે આ કેન્દ્રમાં લોહી વહે કે જામી પડે છે ત્યારે દરદી અવાક (aphasia) બને છે. તે લખી શકે છે ખરો, પણ કદિક આથી ઊલટું પણ બનવા પામે છે. ઈ. સ. ૧૯૧૭માં ૭૦ વર્ષની વયે ડૉ. હેનશેને વાચાભંગ બનેલા પંદરસો દરદીઓ ઉપર સંશોધન-નિરીક્ષણ કરી નક્કી કર્યું કે વપરાયા વિનાનું સુપ્ત રહેલું વાચા-કેન્દ્ર કેળવવામાં આવે તો દરદી પુન: બોલી શકે છે. ઈ. સ. ૧૯૪૯માં કૅલિફૉર્નિયામાં ડૉ. નીલસન અને એડવિન કોલે દરદીઓ ઉપર પ્રયોગો કરી આ હકીકત સાચી ઠેરવી છે.

મગજનો કપાળપ્રદેશ (Frontal Lobe) વિજ્ઞાનીઓને કોયડારૂપ છે. પહેલાં તો ત્યાં કોઇ કેન્દ્ર જડયું નહિ હોવાથી એ મૂક પ્રદેશ (silent area) કહેવાતો હતો. પણ હવે એને વિષે થોડું જાણવા મળ્યું છે. માનવીને પ્રાણીથી જુદો પાડનારાં વિશિષ્ટ તત્ત્વો અહીં જ આવેલાં છે. આ પ્રદેશ નાશ પામે તો માનવી જુઠ્ઠો, ચોર ને ભામટો બને છે. કૉર્ટેક્સના એક ભાગને બીજા ભાગ સાથે જોડતા સહયોગી તંતુઓની અહીં અધિકતા હોવાથી આ ભાગ બુદ્ધિચાતુર્ય, સ્વભાવ, ટેવ વગેરેનો પ્રદેશ હોવાનું માનવામાં આવે છે.


આની ઉપલી બાજુએ તાળવાથી છેક વાચા-કેન્દ્ર સુધી લંબાઇને ક્રિયાપ્રદેશ (motor area) આડો પડેલો છે; અને આને અડીને જ સંવેદના પ્રદેશ (sensory area) આવેલો છે. અહીં અંતર્વાહી તંતુઓ સંદેશાઓ લાવે છે;જ્યારે પહેલા પ્રદેશમાંથી તંતુપ્રવાહ માંસપેશી ભણી જાય છે. આ બન્ને પ્રદેશનાં કાર્યો પરસ્પર સંબંધકર્તા હોઇ બન્ને પ્રદેશો સહયોગી તંતુઓથી જોડાએલા છે.

ક્રિયાપ્રદેશમાં શરીરના ભાગો ઊંધા ક્રમમાં ગોઠવાએલા છે. સૌ પ્રથમ પગ અને છેલ્લી જીભ છે. વળી તે વિસ્તારો શરીરના ભાગોના કદ પ્રમાણે નથી રોકાયા, પણ એ અંગોનાં હલનચલનની જટિલતાના આધારે ગોઠવાયા છે. આંગળીઓ કરતાં અંગૂઠાનો વિસ્તાર અદકો અને હાથ કરતાં માથાનો વિસ્તાર વધારે છે.



મૂક પ્રદેશ | ક્રિયા પ્રદેશ | શ્રવણ કેન્દ્ર | દૃષ્ટિ કેન્દ્ર

સાથેના લેખમાં વર્ણવેલા આપણા મગજના જુદાજુદા પ્રદેશો ક્યાં આવેલા છે, તથા તેમાં, આપણને સર્વ ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન આપનારાં અને આપણા શરીરની ક્રિયાઓને ચલાવનારાં વિવિધ કેન્દ્રો કેવી રીતે ગોઠવાએલાં છે તે આ પડખેના ચિત્રમાં વિગતવાર દર્શાવ્યું છે. તેમાં આપણા પગનાં આંગળાથી માંડી કંઠ સુધીના અવયવોને કામ કરવાની આજ્ઞા ક્રિયાપ્રદેશના કયા સ્થળેથી મળે છે તે દર્શાવ્યું છે. નીચેની નાની આકૃતિમાં એ જ પ્રદેશો ક્રિયાત્મક ચિત્રોદ્વારા દર્શાવ્યાં છે. દાખલા તરીકે પગ, હાથ, આંખ, મોં, કાન ઉપરાંત વાચનનું કેન્દ્ર અક્ષરોથી, સંવેદનાનું કેન્દ્ર દાઝતાં આંગળાંથી અને સ્મૃતિનું કેન્દ્ર મગજમાં અંકાએલા સુંદર દૃશ્યથી દર્શાવ્યું છે. એ જ કેન્દ્રો કઈ રીતે કામ કરે છે તેનું ઉદાહરણ સામેના પાના પરના ચિત્રમાં વિગતવાર દર્શાવ્યું છે.



સંવેદનાપ્રદેશમાં સ્પર્શ, ઉષ્મામાન, દબાણ, માંસપેશીઓ અને સંધિબંધનોની સ્થિતિ વગેરે વગેરે સંવેદનાઓનું જ્ઞાન થાય છે.

આપણે ગયા લેખમાં જોઈ ગયા છીએ કે મગજના એક અડધિયાનું સામી બાજુના શરીર ઉપર નિયમન છે. એટલે જો જમણો કાર્યપ્રદેશ કાપી નાખવામાં આવે, કે ત્યાં નસ તૂટવાથી લોહી તૂટી પડે કે જામી જાય, તો આખા ડાબા અંગમાં પક્ષાઘાતની દુરાવસ્થા આવી પડે છે. જો ડાબા મગજમાં આવી સ્થિતિ ઊભી થાય તો શરીરના જમણા ભાગમાં લકવા ઉપરાંત વાચાભંગ પણ આવી પડે છે.

મગજના પાછલા ભાગ(Oecipi al Lobe)માં દૃષ્ટિકેન્દ્ર આવેલું છે. અહીં નેત્રપટમાંથી સંદેશાઓ આવે છે. આનો ઇજાથી નાશ થતાં, લોહી તૂટી પડતાં કે જામી જતાં અંધાપો આવી પડે છે. આ સ્થિતિમાં વ્યક્તિનાં જોવાનાં અંગો તો સાબૂત રહે છે પણ એની જોવાની અને વાંચવાની શક્તિઓ નાશ પામે છે.

આની નીચે ઊર્મિકેન્દ્ર આવ્યું હોવાનું મનાય છે. અહીંથી તંતુઓ છેક મૂક પ્રદેશમાં જાય છે. પરિણામે આપણા વિચારોમાં ઊર્મિતત્ત્વ ભળેલું હોય છે. આપણા વિચારોમાં આ બે તત્ત્વોનો સુમેળ હોવો જરૂરી છે. ઊર્મિ વગરની બુદ્ધિ હૃદયશૂન્યતા આણે છે, જ્યારે બુદ્ધિ વગરની ઊર્મિ ઘેલાપણું. આ ઉપરાંત લાગણી, ન્યાય, સમજ, કળા, યાદદાસ્ત, કલ્પના વગેરે કેન્દ્રો પણ મગજમાં આવેલાં છે.

કેન્દ્રો અને પ્રદેશો વિનાનો મગજનો મોટો ભાગ 'એસોસીએશન પ્રદેશ'નો છે, જ્યાં આપણને સતત મળતા રહેતા અનુભવો ને સંવેદનાઓની છાપો સંજ્ઞા રૂપે સંઘરાય છે, જે આપણા દર્શનને અર્થ આપે છે, આપણે જે કાંઈ જોયું–અનુભવ્યું હોય તેને સમજણ મળે છે. આ કેન્દ્રોમાંથી જ આપણા વિચારો અને કલ્પના ઉદ્ભવે છે. આપણી સ્મૃતિઓ પણ અહીં જ સંઘરાય છે.

વળી, દરેક કેન્દ્રની સાથે સ્મૃતિકેન્દ્ર પણ જોડાએલું છે; અને એવા જોડાણમાં જ્યારે ખામી આવે ત્યારે આપણામાં તે ઇન્દ્રિયની ખોડ ઉદ્ભવે છે. દાખલા તરીકે જો વાચા-સ્મૃતિકેન્દ્ર નાશ પામે તો મૂંગાપણું આવી પડે છે. આવે વખતે, લખેલી કે બોલેલી વાચા સમજવાની, લખવાની કે બોલવાની શક્તિઓ નાશ પામે છે. એ જ રીતે દૃષ્ટિસ્મૃતિનું કેન્દ્ર નાશ પામતાં લખેલા શબ્દો વાંચી શકાતા નથી. આમાં દૃષ્ટિ પોતે નાશ પામતી નથી પણ સ્મૃતિની સાથેનો તેનો સંબંધ નાશ પામે છે. તેથી વાંચેલા શબ્દોનો અર્થ સમજાતો નથી, પણ બોલેલું સમજી શકાય છે ખરું. એ જ પ્રમાણે શ્રવણ-સ્મૃતિનો નાશ થતાં સંભળાય છે ખરું, પણ સાંભળેલું સમજી શકાતું નથી.

મગજનાં બને અડધિયાંમાંની ગડો, કેન્દ્રો, જ્ઞાનતંતુઓ અને બીજી રચના સરખી જ છે, છતાં બંને ભાગોના લોહીના પુરવઠામાં ફેર માલૂમ પડે છે. આપણે બધાં કામો જમણા હાથે કરવાની શક્તિ ધરાવતા હોવાથી મગજના ડાબા અડધિયામાં લોહીનો પુરવઠો વધારે હોય છે. જૂની ખોપરીઓના અભ્યાસ ઉપરથી જાણવા મળે છે કે પ્રાચીન માનવીઓ બંને હાથે કામ કરવાની શક્તિ ધરાવતા હતા.

મગજ : માણસને મળેલી અદ્ભુત બક્ષિશ

કહેવાય છે કે આપણા શરીરના બીજા બધા ભાગના કોષો દર સાત વરસે બદલાય છે, પણ મગજના કોષો તો જીવનપર્યંત કાયમ રહે છે. આ કોષોની વિશિષ્ટતા તેમણે ઝીલેલી સંવેદનાઓ, દૃશ્યો કે શબ્દોને સંઘરવાની છે. કેટલી યે સંવેદનાઓ અજાગૃતરીતે ત્યાં સંઘરાઈ રહે છે; જે હમેશાં જાગૃત વિચારની ભૂમિકા રૂપ હોય છે, છતાં સામાન્ય

જીવનમાં તો ભૂંસાઈ કે વિસરાઈ ગએલી જણાય છે. આવી દશકાઓ જૂની સુષુપ્ત સંવેદનાઓ હિપ્નૉટિઝમની અસર નીચે જાગ્રતાવસ્થામાં પણ આણી શકાય છે. આવું અદ્‌ભુત છે આપણું મગજ !


મગજ એટલે બહારની દુનિયા ઓળખવા–પારખવાની શક્તિ ધરાવતું એક શક્તિશાળી અંગ. સૃષ્ટિનાં પ્રાણીઓની કક્ષા પ્રમાણે મગજનો વિકાસક્રમ યોજાયો છે. એકકોષી જીવ 'એમીબા'માં માત્ર પ્રકાશથી અળગા થવાની અને ગતિની જ જાગ્રતિ છે. ઈયળો પ્રકાશની માયા પારખી શકે છે. જંતુઓમાં સામાન્યરીતે મગજ જેવો અવયવ જ હોતો નથી, છતાં તેમને સ્વાદ, દૃષ્ટિ અને ગંધની શક્તિ છે;પણ શ્રવણશક્તિ નથી. કરોડવાળાં પ્રાણીઓને કાન હોવાથી તેઓ સાંભળવાની શક્તિ ધરાવે છેઃ માછલાં અને દેડકાં થોડાક જ અવાજ સાંભળી શકે છે; જ્યારે પક્ષીઓ સારીરીતે સાંભળી શકે છે એટલું જ નહિ પણ કેટલાંક તો બીજા અવાજોનું અનુકરણ પણ કરી શકે છે.

કરોડ વિનાનાં પ્રાણીઓમાં મગજ જેવો અવયવ હોતો નથી પણ છૂટાંછવાયાં જ્ઞાનકેન્દ્રો હોય છે, જ્યાં જ્ઞાનતંતુઓ સંવેદનાઓને વહી જાય છે. નીચી કક્ષાના કરોડવાળા પ્રાણી દેડકામાં મગજ અને કરોડરજ્જુમાં જ્ઞાનકેન્દ્રો એકઠાં થએલાં છે. એનું મગજ એ સાદામાં સાદું મગજ છે. તેની અને અતિ વિકસિત આપણા માનવીના મગજની વચ્ચે આભજમીનનું અંતર છે. આપણા મગજમાં તો લાંબા કાળ સુધી સંવેદનાઓ ને છાપો સંઘરાઇ રહે છે અને સંઘરાએલા અનુભવો ફરી પાછા વ્યવસ્થિતરીતે ગોઠવાઇ વિચાર અને કલ્પના દ્વારા મૂર્તિમંત થાય છે. એ વિચાર અને કલ્પનાના બળે જ માનવીએ વિકાસ સાધ્યો છે. એવો વિકાસ ધરાવનારા માનવીઓમાં બીજો એક અજબ ગુણ આવે છે, અને તે છે 'આત્મસંયમ.'

બાળકોમાં આત્મસંયમનો અભાવ છે. તેને જરાક વાગતાં તે રડી પડે છે. વળી સહજમાં હસે પણ છે. જ્યારે મોટેરાંઓ ઇજા વખતે રોવાનું રોકી શકે છે. આત્મસંયમ અને આવા ઊંચી કક્ષાના સદ્‌ગુણો જીવનમાં મોડા પ્રાપ્ત થાય છે; અને ઘડપણ, ઝેર કે દારૂની અસર નીચે તે સૌથી વહેલા અદૃશ્ય થાય છે.

દારૂ ચઢયો હોય ત્યારે પ્રથમ મગજ પરનો સંયમ ગુમાવાય છે. હસવાનું કે રડવાનું જો કંઇ શરૂ થયું હોય તો તે ઉપર કાબૂ રહેતો નથી. આપણને છેલ્લામાં છેલ્લી પ્રાપ્ત થએલી નાજુક હલનચલન ક્રિયા પર અસર થતાં અંગૂઠાની જરૂર પડે એવાં કાર્યો—લખવાનું ચીતરવાનું વગેરે–થઇ શકતાં નથી. તે પછી વાચા ઉપર અસર થાય છે. આંખો બેવડાં દૃશ્યો જુએ છે અને છેવટે સ્થૂલ હલનચલન (coarse movement) જોખમાતાં લથડિયાંભરી ચાલ થાય છે.

દારૂ પીવાથી મગજનાં કામ સારીરીતે થાય છે એ માન્યતા તદ્દન ભ્રામક છે. હા, એથી ભયની સામે કે બીજાઓના અભિપ્રાય વિષે બેપરવાઇ આવતાં વ્યક્તિ અદ્દાભર્યું બોલી શકે છે, ઝડપથી વાંચી પણ શકે છે; પરંતુ એમાં ભૂલોનું પ્રમાણ અધિક રહે છે. ચિંતા અને ભયથી વ્યગ્ર મનને લીધે જ્યારે કામકાજ ગૂંચવાડામાં પડતું હોય ત્યારે 'થોડો' દારૂ લેવાથી આ બધા અંતરાયો દૂર થઇ જાય છે અને કામકાજમાં સરળતા પ્રાપ્ત થાય છે. પણ તે સલામત માર્ગ નથી.



કોઈ પણ એક વિચાર (દા.ત. 'કલમ'નું લેખન) અમલમાં મૂકવા પહેલાં મગજનાં કેટલાં કેન્દ્રો કામ કરે છે તેનો ખયાલ આપતું ચિત્ર

મગજની કામગીરી

બુદ્ધિપૂર્વક અને સંકલ્પયુક્ત થતાં આપણાં બધાં કામોનું સ્થાન મગજ છે. મગજ ન હોય તો શું થાય ? પ્રયોગોથી નક્કી થયું છે કે વિકાસના કામમાં પ્રાણી જેટલું ઊંચા સ્થાને, તેટલો તેને જીવન અને કામગીરી માટે મગજ ઉપર વધારે આધાર છે. મગજ કાઢી નાખેલો દેડકો ચાલવું, કૂદવું, તરવું વગેરે ક્રિયાઓ નિરાંતે કરી શકે છે. મગજ વિનાનું કબૂતર ઊડતું ઊડતું ડાળ ઉપર બેસી શકે છે ખરું, પણ તેને ક્રિયાવાન કરવા માટે ઘોંચપરોણા કરવા પડે છે. હપતે હપતે મગજ કાઢી લીધેલા કૂતરાની પણ આવી જ દશા થાય છે. તે ખાય છે ખરું અને માવજત રાખવામાં આવે તો ઘણા માસ સુધી જીવે પણ છે.

માનવીના દરેક ઐચ્છિક હલનચલનનું નિયમન મગજના ક્રિયાપ્રદેશમાંથી થાય છે, જ્યારે આ પ્રદેશ જોખમાય છે ત્યારે જોખમના પ્રમાણમાં પક્ષાઘાતની દશા આવી પડે છે. કોર્ટેક્સનો મોટો ભાગ જો નાશ પામે તો તો મૃત્યુજ થાય છે; પણ મગજનું એકાદ અડધિયું નાશ પામતાં બાકીના અડધિયા દ્વારા શરીરની ક્રિયાઓનું સંચાલન થયા કરે છે. માત્ર ઊંચી કક્ષાની બુદ્ધિનાં કામો એ વખતે થઇ શકતાં નથી.

છેલ્લો દાયકો થયાં, અસહ્ય વેદના અને ગાંડપણ માટે મગજ ઉપર શસ્ત્રક્રિયા કરવાની પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે. મગજનો થોડો ભાગ ખુલ્લો કરી વેદના-કેન્દ્રના જ્ઞાનતંતુઓ તેમાંથી કાપી નાખવામાં આવે છે. આ પછી દરદીને વેદના તો થતી હોય છે, પણ તેનું એને જ્ઞાન થતું નથી. જોકે બુદ્ધિ તો અગાઉના જેવી જ કાયમ રહે છે !

મગજ ઉપર ઑપરેશન બાદ ગાંડા ડાહ્યા પણ થાય છે !—બલ્કે ઊલટા વધારે ચપળ સાહસી અને બુદ્ધિશાળી (!) બને છે ! માનસિક વ્યગ્રતા, આપઘાતવૃત્તિ, શૂન્યમનસ્કતા, મૂઢતા વગેરે માટે મગજ ઉપર ઑપરેશન કરવાથી આશ્ચર્યજનક પરિણામો આવે છે. ગુનાહિત વૃત્તિવાળાને પણ મગજ ઉપર ઑપરેશનથી સુધારવામાં આવે છે. આ હકીકત એટલી હદે જાય છે કે માનસપલટો આવવાથી વ્યક્તિનું આખું વ્યક્તિત્વ બદલાઇ જાય છે ! (હવે પછી 'નાનું મગજ ને મન')

પચ્ચીસ વર્ષ પહેલાં

શ્રાવણ ૧૯૮૪ • અંક ૫૬મો

સ્ત્રીની પ્રતિભાનું પ્રમાણ ૩૧ પુરુષે ૧નું આવે છે: બાજુએ વાંચો.





અમેરિકન માનસશાસ્ત્રી પ્રેસ્કૉટ લેકીએ સંશોધનને અંતે ત્યારે વિધાન કરેલું કે જગતમાં સ્ત્રી કરતાં પુરુષો પ્રતિભામાં ચડિયાતા છે, ને તેમાં પુરુષોને મુકાબલે સ્ત્રીનું પ્રમાણ ૩૧ પુરુષે એક સ્ત્રી આવે છે. એના દૃષ્ટાંતાર્થે એવા ૩૧ પુરુષોનાં નામ સામે તેણે એક મૅડમ ક્યૂરીનું નામ રજૂ કરેલું. એના અનુસંધાનમાં અમે એ અંકમાં મૅડમ ક્યૂરીનું જીવનચરિત્ર આપવા સાથે એ ૩૧ પુરુષોનો તેનો ચિત્રસમૂહ પણ પ્રકટ કરેલો. એની યાદીમાં લગભગ બધું જેટલા અમેરિકનો જ છે, છતાં એ ચિત્ર એટલી પ્રતિભાઓનું એકીસાથે દર્શન કરાવતું હોઇ સામે તે પ્રકટ કરીએ છીએ. (૧) માઈકલ ફૅરાડે (૨) કલાકાર વ્હિસ્લર (૩) મારકોની (૪) કવિ એડગર ઍલન પો (૫) સર્જન ઍલેક્સિસ કૅરલ (૬) નાણાંશાસ્ત્રી ઍલેકઝાન્ડર હૅમિલ્ટન (૭) પ્રિન્સ બિસ્માર્ક (૮) સેનાધીપ રૉબર્ટ લી (૯) રૂના જીનનો શોધક એલી વ્હિટની (૧૦) સંગીતશાસ્ત્રી વૅગ્નર (૧૧) ફૉર્ડ (૧૨) સંગીતવેત્તા બીથોવન (૧૩) ટૉમસ જેફરસન (૧૪) નેપોલિયન (૧૫) વૉશિંગ્ટન (૧૬) વૂડ્રો વિલ્સન (૧૭) હર્બર્ટ સ્પેન્સર (૧૮) લિંકન (૧૯) ટેલિગ્રાફનો શોધક મોર્સ (૨૦) રાજપુરુષ વેબ્સ્ટર (૨૧) નિસર્ગશાસ્ત્રી ચાર્લ્સ ડાર્વિન (૨૨) બેન્જામિન ફ્રાંકલિન (૨૩) માર્ક ટ્વેઇન (૨૪) વિદ્યુતશાસ્ત્રી એડિસન (૨૫) શિલ્પી ઑગસ્ત રૉદિન (૨૬) જંતુશાસ્ત્રી લુઇ પાશ્ચર (૨૭) પત્રકાર હૉરેસ ગ્રીલી (૨૮) ભૌતિકશાસ્ત્રી માઈકલસન (૨૯) ઍરોપ્લેન શોધક વિલ્બર રાઇટ (૩૦) સેનાપતિ ગ્રાન્ટ (૩૧) ટેલિફોનનો શોધક બેલ.



પ્રચારચિત્રો એ કાળે ખિલકુલ હતાં જ નહિ એમ નહિ, પણ સર્વ કલાપ્રકારોની ગુજરાતમાં ખિલવટ અને પ્રસાર કરવાનું આદિ કાર્ય જેમ 'કુમારે' કર્યું તેમ પ્રચારચિત્રો (પોસ્ટર)નો ખયાલ પણ એણે લોકમાનસમાં બાંધી આપ્યો. તદનુસાર એ વખતે ગુજરાતમાં પુસ્તકાલય-પ્રવૃત્તિ વેગ પકડતી હતી તેના અનુસંધાનમાં આ ૫૬મા અંકના મુખચિત્ર તરીકે 'કુમારે' ગ્રંથવાચનના પ્રચાર માટે એક સુયોજિત ને અસરકારક બેરંગી પોસ્ટરનો ખયાલ આપેલો, તે નાના કદમાં આ કૉલમને મથાળે રજૂ કર્યો છે.

મૅડમ ક્યૂરીની જીવનકથા તો આજે સૌ કોઇ જાણે છે; પણ તેણે શોધેલા રેડિયમ વિષે અમે એ અંકમાં ડૉ. કાન્તિલાલ પંડ્યાના એક લેખ પરથી તૈયાર કરેલી તારવણી આપી હતી તેમાંનો ટૂંકો પરિચયાત્મક ભાગ ઉતારીએ:

'રેડિયમ આપણી સૃષ્ટિનું એક અદ્ભુત ને ઉપયોગી મૂળ તત્ત્વ છે. તેમાં ગરમી તથા વીજળી ઉત્પન્ન કરવાની અખૂટ શક્તિ છે. સૂર્ય તો લગભગ એ જ તત્ત્વનો બનેલો છે. પૃથ્વીમાંથી એ અત્યંત અલ્પ પ્રમાણમાં મળી આવે છે ને તેથી એની કિંમત પણ ખૂબ જ ભારે છે. એક ગ્રામ એટલે બેઆની ભાર રેડિયમની કિંમત સવા બે લાખ રૂપિયા જેટલી પડે છે.

આજે હવે રેડિયમની મદદથી રોગો ટાળવાને કેટલીક સંસ્થાઓ સ્થપાઈ છે. રેડિયમમાંથી કિરણોના અવિરત પ્રવાહો વહ્યા જ કરે છે. તેને કોઈ અટકાવી શકતું નથી કે બહારની ગરમી કે ઠંડી કે બીજાં કોઈ જ તત્ત્વની અસર તેના પર થતી નથી. અને છતાં બીજા પદાર્થો પર અસર કરવામાં તે મહા બળવાન તત્ત્વ છે.'




યક્ષંના મેઘને અર્ઘ્ય (મેઘદૂત)


દેખી વર્ષા નિકટ, સખીના પ્રાણ ઉગારવાને,
સંદેશામાં કુશળ ખબરો ફ્હાવવા મેઘ સાથે,
તાજાં ખીલ્યાં ગિરિકુસુમનો હર્ષથી આપી અર્ઘ્ય
પ્રીતિજ્ઞીનાં વચનથી દીધો મેઘને આવકાર.

વૂડકટ : કૃપાલસિંહ શેખાવત

વૂડકટ એટલે લાકડામાં ચિત્રનું બીબું કોતરવાની કાષ્ઠકોતર-કલા. એ ચિત્રકળાના નાનાવિધ પ્રકારો પૈકીનો એક છે, જેમાં કલાકાર મુલાયમ લાકડાની દર્પણ-લીસી સપાટી પર અવળું ચિત્ર કોરે છે, ને કાગળ પર તેની છાપ ઉતારે છે. કોતરવાનું ઓજાર જરા પણ આઘુંપાછું જાય તો આખું બીબું નકામું જતું હોવાથી, તથા કલ્પનામાંના ચિત્રને એમાં ઊંધું ઉતારવાનું હોવાથી સિદ્ધહસ્ત કલાકાર જ એ કલાપ્રકાર ખેડે છે, અને એમાં કલાકારના સ્વહસ્તે કોરેલા બીબાની સીધી છાપ લેનારને મળે છે, એ બે આ કલાનાં મહત્ત્વ ગણાય છે. ઘેરી છાયાઓથી માંડી બારીક તેજરેખાઓ કોરવા સુધીની અનેક શૈલીઓ તેમાં ઉતારાય છે. આ ચિત્રની શૈલીમાં વિવિધ વનસ્પતિનાં, ભૂમિભાગનાં, પર્વતનાં ને મેઘનાં નાનાવિધ રૂપલક્ષણ એકધારી રેખામાં ઉતારેલાં હોવા છતાં તે સૌનું આગવું વ્યક્તિત્વ એક સાંગજસ્ય રચી રહે છે.


અફઘાનિસ્તાન


બ્રહ્મદેશ


ચીન


ઈજિપ્ત


ઇરાન



ઇરાક


ઇઝરાએલ


પાકિસ્તાન


ફિલિપાઇન્સ ટાપુઓ


સાઉદી અરેબિયા


થાઇલૅન્ડ (સિયામ)


યુનિયન ઑવ સાઉથઆફ્રિકા


રશિયા


ગ્રેટ બ્રિટન


અમેરિકા


સિલોન


સંયુક્ત રાષ્ટ્રસંઘ



યુરોપિયન યુનિયન



પાન-અમેરિકન યુનિયન



મલાયન યુનિયન



આંતરરાષ્ટ્રીય રેડક્રોસ



ક્વૉરેન્ટાઈન ફ્લૅગ



ઑલિમ્પીઆડ ફ્લૅગ



આંતરરાષ્ટ્રીય પાયલટ ફ્લૅગ


સંકેત અને જવાબનો ધ્વજ



A



B


C



D


E


F


G

ઑગસ્ટ માસમાં આવતા સ્વાતંત્ર્યદિન નિમિત્તે બે વર્ષ પર અમે ઑગસ્ટ ૧૯૫૧ના અંકમાં આપણા રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ આપ્યો હતો. આ વખતે
ચાર આંતરરાષ્ટ્રીય ધ્વજો આપ્યા છે. તેમજ વધારામાં દુનિયાભરમાં નૌકાયાનોના સંદેશાવ્યવહાર માટે વ



મે સોળ દેશોના રાષ્ટ્રધ્વજ, ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રસંઘથી માંડી મલાયન યૂનિયન સુધીના સંઘોના ચાર ધ્વજ, તેમજ રેડક્રૉસ વગેરે જેવા
તા A થી Z સુધીના અક્ષરો તથા ૧ થી ૦ સુધીના અંક માટેના તથા અન્ય ધ્વજો આપ્યા છે.



ઉપવનમાં કૃષ્ણ (ગીતગોવિંદ) વૂડકટ : કૃપાલસિંહ શેખાવત

ભા સિસ્ટર નિવેદિતા

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા 'જોડાસાંકોર ધારે'નો ઓગણીસમો હપતો

મૂળ બંગાળી ઉપરથી
અનુવાદક
રમણિક મેઘાણી



સિસ્ટર નિવેદિતા→

ભારતવર્ષને જે જે પરદેશીઓએ ખરા અંતરથી ચાહ્યું છે તેમાં નિવેદિતાનું સ્થાન મોખરે છે. બાગબઝારના એક નાના મકાનમાં એ રહેતાં. અવારનવાર હું ત્યાં જતો. નંદલાલ વગેરે માટે એને ખૂબ પ્રેમ હતો. તેમને એ સારો ઉત્સાહ આપતાં. નંદલાલને અજંતા મોકલ્યા પણ એમણે જ. એક દિવસ મને કહે કે 'મિસિસ હૅરિંગહામ અજંતા આવ્યાં છે. તમે પણ તમારા વિદ્યાર્થીઓને ત્યાં મોકલી દો. એના કામમાં સહાયક થશે અને બંને પક્ષે ફાયદો થશે. હું કાગળ લખી બધું ગોઠવી દઉં છું.' મેં કહ્યું, 'અચ્છા'. નિવેદિતાએ તરત મિસિસ હૅરિંગહામને પત્ર લખી નાખ્યો. જવાબમાં લખાઈ આવ્યું કે 'મને મુંબાઇથી મારા કામમાં મદદ કરે તેવા આર્ટિસ્ટો મળી ગયા છે, તમો લખો છો એ બધા નવા છે, વગેરે વગેરે.'

પણ નિવેદિતા એમ લીધી વાત સહજમાં મૂકે એવી બાઇ નહોતી. એણે ફરી કાગળ લખ્યો અને મને કહ્યું કે 'ખરચીબરચી દઇને આ છોકરાઓને અજંતા મોકલી દો. આવી સરસ તક હાથમાંથી જવા દેવી નહિ પોસાય.' મેં પણ એ વાત માની લીધી અને નંદલાલ તથા બીજા કેટલાક વિદ્યાર્થીઓને અજંતા મોકલી દીધા. પણ એમને રવાના કર્યા પછી હું ચિંતામાં પડી ગયો, કે આ બધા પારકા છોકરાઓને પહાડ-જંગલમાં તો મોકલ્યા, પણ ત્યાં કંઇક અણધાર્યું થયું તો? મને ક્યાં ય ચેન ન પડે. ગયો નિવેદિતા પાસે. કહ્યું: 'ત્યાં અજંતામાં એ બધાની ખાવાપીવાની શી ગોઠવણ છે? રસોયોબસોયો કોઇ છે નહિ. બધા છોકરડા જ છે.' એણે કહ્યું: 'વારુ, હું બધી ગોઠવણ કરું છું.' અને એણે ગણેન મહારાજને બોલાવ્યા. દાળ, ચોખા, તેલ, મીઠું, ગોદડાં, ઘી અને એક રસોયાને સાથે લઇ જવાનું કહી બધી સૂચના આપી એમને નંદલાલ પાસે મોકલી દીધા ત્યારે જ મને નિરાંત થઇ.

નિવેદિતા ન હોત તો નંદલાલને અજંતા જવાનું ન થાત. અજબ બાઇ હતી એ. મને એનો પ્રથમ પરિચય થયો અમેરિકન કૉન્સલને ઘેર. એણે ઓકાકુરાને પાર્ટી આપેલી, તેમાં નિવેદિતા પણ આવ્યાં હતાં. ગળાથી પગ સુધી શ્વેત કંથા, ને ગળામાં ઝીણા રુદ્રાક્ષની માળા. જાણે શ્વેત પાષાણમાંથી કંડારેલી કો તપસ્વિનીની મૂર્તિ.

બીજી એક વાર એમને જોયાં હતાં જસ્ટિસ હોમવૂડને ત્યાં મળેલી સોસાએટીના એક પાર્ટીમાં. એમાં સૌને નોતરવાનો ભાર મારા ઉપર હતો. નિવેદિતાને પણ આમંત્રણ મોકલ્યું હતું. પાર્ટી શરૂ થઇ ગયા પછી થોડી વારે એ આવેલાં. મોટામોટા રાજા-રજવાડાના સાહેબ-મેમસાહેબોની ભીડ જામી હતી. કુલીન કુટુંબોની સ્ત્રીઓ, એમના પરિધાન-શૃંગાર તથા કેશગુંફનના અનેકવિધ પ્રકારો સાથે, તેમજ કેટલીક વિખ્યાત સુંદરીઓ પણ આ પાર્ટીમાં આવી હતી. એમનાં સૌંદર્ય અને ફૅશનની ચારે બાજુ ઝાકમઝોળ હતી. સાંજ પડવા આવી હતી. એવે સમયે નિવેદિતા આવ્યાં. એ જ સાદો પોષાક ને ગળામાં રુદ્રાક્ષની માળા. માથાના વાળ એકદમ સોનેરી નહિ, પણ સોનેરી-રૂપેરી મિશ્ર અને ઊંચા ઓળેલા. એ જ્યારે આવીને ઊભાં રહ્યાં ત્યારે લાગ્યું કે જાણે નક્ષત્રમંડળમાં ચંદ્રોદય થયો! સુંદર આંગ્લ સ્ત્રીઓ પણ તેની હાજરીમાં પળવારમાં ઝાંખી પડી ગઈ. સાહેબો પણ કાનમાં ગુસપુસ કરવા લાગ્યા. વૂડરફ અને બ્લાન્ટે આવીને પૂછ્યું કે 'આ કોણ છે?' તેમની સાથે નિવેદિતાનો પરિચય કરાવી આપ્યો.

સાચેસાચ સુંદરી હું કોને કહું છું તે તમને ખબર નહિ હોય. સુંદરીનો આદર્શ મારી પાસે એક જ છે: કાદંબરીમાં મહાશ્વેતાનું વર્ણન છે તે. ચંદ્રમણિમાંથી કંડારેલી મૂર્તિ જાણે જીવતી જાગતી બેઠી થઇ ગઇ હોય.

નિવેદિતાના અવસાન પછી તેનો એક ફોટોગ્રાફ ગણેન મહારાજ મારફત મેં મેળવ્યો હતો. તે મારા ટેબલ ઉપર જ હમેશાં રહેતો. લૉર્ડ કારમાઇકલના જેવી કળાદૃષ્ટિ બહુ ઓછાની હશે. સમાન શોખે અમે બંને મિત્રો બન્યા હતા. જર્મનીની લડાઇ પહેલાં એમણે એક સ્ટીમર ભરીને પોતાનો કળા-સંભાર (સંગ્રહ) તેમજ અમારાં ચિત્રોનો એક મોટો સમૂહ વિલાયત રવાના કરેલો. મારગમાં એ સ્ટીમર ભૂમધ્ય સાગરમાં ડૂબી ગઇ. એ માટે શોક કરતાંકરતાં તેઓ કહેતા હતા કે 'મારો સરસામાન જે ગયો તે ભલે ગયો; તેનું મને દુઃખ નથી; પણ તમારાં ચિત્રો ગયાં એ ભારે દુઃખદ થયું છે.' એ લૉર્ડ કારમાઈકલ એક દિ મારે ત્યાં આવેલા. ટેબલ પર નિવેદિતાનો ફોટો જોઇ એમણે પૂછ્યું કે આ કોનો ફોટો છે? મેં કહ્યું, 'સિસ્ટર નિવેદિતાનો.' એમણે કહ્યું, 'આ જ સિસ્ટર નિવેદિતા? મારે આવો એક ફોટો જોઇએ.' આટલું બોલી, વધુ કંઇ જ બોલ્યાચાલ્યા વિના, મારા ટેબલ ઉપરનો એ ફોટો જ બગલમાં દાબીને એ ચાલ્યા ગયા! એ ફોટો હોત તો સૌન્દર્યની પરાકાષ્ઠા કોને કહેવાય તે તમને સમજાત. એમાં કંઇ જ સાજશણગાર નહોતા. પહાડ ઉપર ચંદ્રનું અજવાળું પથરાતાં જેવું દૃશ્ય ઊભું થાય છે તેવું જ ધીર-સ્થિર શિલ્પસૌન્દર્ય હતું તેનું. એમની પાસે જઇને વાતચિત કર્યે મનમાં જાણે શક્તિનો સંચાર થતો હતો.

વિવેકાનંદને પણ જોયા હતા. મોટા દાદા[1] પાસે એ આવતા. એ દીપુદા[2]ના સહાધ્યાયી હતા. 'કેમ છો નરેન?' એમ તેઓ એને સંબોધતા. વિવેકાનંદનું વ્યાખ્યાન સાંભળવાનો લહાવો તો મળ્યો નથી, પણ એમનું મોં બરાબર જોયું છે. મને લાગે છે કે એ નિવેદિતાને ન

[1]મહર્ષિ દેવેન્દ્રનાથ. [2]દ્વીપેન્દ્રનાથ ઠાકુર (દ્વિજેન્દ્રનાથના પુત્ર).

પહોંચે. નિવેદિતાનો તો શો મહિમા હતો! કઇ રીતે વર્ણવું એનો ચહેરો? એની જોડ જ જડી નથી, પછી ઉપમા યે શાની આપું?

જીવનને પંથે જતાંજતાં સારાં-ખરાબ, વિદ્વાન-મૂર્ખ, ઘણાંના સંપર્કમાં આવ્યો છું. એમાં ઘણુંઘણું સહેવું યે પડ્યું છે. એવી એક વાત કહું.

ગવર્નર અને વાઇસરૉય વગેરે અંગ્રેજ મિત્રો પણ આવતા અને રાજા-રજવાડી બંધુઓ પણ આવતા, રવિકાકા જાપાનથી 'અંધ ભિખારી' નામનું એક ચિત્ર લાવેલા. એ એક વિખ્યાત કલાકારનું રેશમ ઉપર કરેલું એક મોટું ચિત્ર હતું. શું ઝીણવટભર્યું ચિત્રકામ હતું તે! પ્રત્યેક વાળની એ રેખાઓ જોતાં જ અવાક થઇ જવાતું. વિચિત્રા હૉલમાં એ ચિત્ર ટીંગાડવામાં આવ્યું. એક રાજ-બંધુ એ જોવા આવ્યા. કલાપારખુ તરીકે એમનું નામ હતું. મને કોણ જાણે કેવી યે કુબુદ્ધિ સૂઝી કે હું એમને આ જાપાની ચિત્રકારની ખૂબી સમજાવવા ગયો કે એણે કેટલી કુશળતાથી પ્રત્યેક વાળનું રેખાંકન કર્યું છે. રાજ-બંધુએ આંખો મીચી થોડીવાર કંઇક વિચાર્યું અને પછી કહ્યું કે 'અવનીબાબુ, અમારી ઘોડાગાડીનાં પૈડાં પર ચિત્રો દોરનારા પણ આના કરતાં સૂક્ષ્મ રેખાંકન કરે છે!' હું તો એ સાંભળતાં જ અવાક બની ગયો!

રાજ-બંધુની વાત તો તમે જાણી. હવે એક સામાન્ય માણસની વાત સાંભળો. કૉર્પોરેશન સ્ટ્રીટમાં ઓરીએન્ટલ સોસાએટીનું પ્રદર્શન હતું. સારાંસારાં ચિત્રો મૂકેલાં. મોટામોટા અંગ્રેજો, વાઇસરૉય-ગવર્નર, બાબુઓ, ક્લાર્કો, શિક્ષકો, વિદ્યાર્થીઓ બધાં ફરીફરીને એ જોતા હતા. હું પણ એક મિત્ર સાથે ફરતો હતો. બહારથી કેટલાક પંજાબી ડ્રાઇવરો અંદર આવ્યા અને પ્રદર્શન જોવા લાગ્યા. અમારો ડ્રાઇવર પણ તેમાં હતો. મનમાં કુતૂહલ જાગ્યું કે 'આ લોકો પણ ચિત્રોમાં કંઇ સમજતા હશે ખરા?' અને મેં તેમને પૂછ્યું: 'કેમ, ચિત્રો કેવાં લાગે છે?' જવાબમાં ખરેખર અત્યંત સુંદર! એક ચિત્ર તરફ નિશાની કરી એક ડ્રાઇવર બોલ્યો: 'આના જેવું સુંદર ચિત્ર બીજું એક પણ નથી.' એ ચિત્ર કોનું હતું તે યાદ નથી રહ્યું, પણ ત્યારે ભાન થએલું કે એવા સામાન્ય લોકોમાં પણ કળાની સમજ હોય છે.

મતિડોસાએ એકવાર મને આવું જ કહેલું. કહે, 'છોટાબાબુ, એક વાત કહું તો ચિડાશો નહિ ને?'

મેં કહ્યું, 'ના; ચિડાઉં શા માટે? કહે, કહે.'

'આ તમારા વિદ્યાર્થી નંદલાલ, સુરેન ગાંગુલી વગેરેનાં ચિત્રો જોતાં જ લાગે છે કે જાણે ચિત્રકારે પૂરો પરિશ્રમ કરીને સરસ ચિત્રો ચીતર્યાં છે; પણ તમારાં ચિત્રો જોઇને એમ નથી લાગતું.'

'પણ એ ચિત્ર છે એમ તો લાગે છે ને?'

'ના, એવું યે નથી લાગતું.'

'તો શું લાગે છે?'

'લાગે છે જાણે......'

'બોલો, બોલો, અચકાવાની જરૂર નથી.'

'તમારાં ચિત્રો જોતાં લાગે છે કે એમાં કંઇ ચીતર્યું જ નથી!'

'શું કહો છો? આ તમારી નજર સામે જ બેસીને ચીતરું છું અને કહો છો કે કંઇ ચીતર્યું જ નથી!'

'ના, એવું લાગે છે કે એ કાગળમાં જ ચિત્ર હતું;—પ્રથમથી ચિત્ર ત્યાં જ હતું!' એની વાત બહુ આકરી હતી. ડોસો કડક વિવેચક હતો. મને એણે મોટું પ્રમાણપત્ર આપ્યું હતું. અને એ વાત ખરી છે. ચીતર્યું છે, પરિશ્રમથી ચીતર્યું છે, એ હકીકતને ગોપવવામાં જ ચિત્રકારની સફળતા છે. ગીત વિષે પણ એ જ હકીકત છે. ગગનમાં ઊડતાં પંખી પોતાની પાછળ હવામાં ઊડવાનું કંઇ નિશાન મૂકી જતાં નથી. સૂર અને ચિત્રો વિષે પણ એ જ કહેવાનું છે. (ચાલુ)



ગાડી લાડી અને વાડી, એ ત્રણને સંસારનાં સુખ ગણાવવામાં આવે છે. '૩૮ની શરૂઆતમાં ગાડી તો કદી હતી જ નહિ... ના, એમ તો હતી: '૩૦–૩૧માં બુલેટિન ચલાવતા ત્યારે શેરબજારના એક શેઠિયા જમનાદાસ બક્ષીએ અમારી ટોળી ઉપર ખુશ થઇ પાંચસો રૂપિયામાં એક જૂની રેનોલ્ટ કાર લઇ આપી હતી. રેનોલ્ટનો એ સૌથી શરૂનો મોડેલ. મહિનોમાસ ગાડી વાપરી હશે, અને નામ રજિસ્ટ્રેશન વગેરેની ખટપટ ચાલુ હતી, ત્યારે એક વાર બચુભાઇ ધ્રુવ, સનત વીણ, હું વગેરે વાલકેશ્વર ત્રણ બત્તીથી સાંજને આરે એમાં નીચે ઊતરતા હતા, ત્યાં ત્રણ બત્તી છોડીને જરા આગળ જતાં ગાડીની બ્રેક છટકી, અને અમે ગાડીમાં ઊભા ઊભા 'બાજુ... બાજુ...' બૂમો પાડતા, જાણે આગનો બંબો દોડતો હોય એમ વાલકેશ્વરના ઢાળ પરથી નીચે સરરર ઊતરતા હતા! સામેથી આવતી ગાડીઓની સાથે અફળાતાં બચવા માટે અમે ફક્ત સ્ટીઅરિંગ પર જ આધાર રાખી, જીવ તાળવે ચોંટાડી, પરિણામની રાહ જોતા હતા. રસ્તે બધા આ રકાસ જોઇ રહેતા. આખરે બૅન્ડ સ્ટૅન્ડથી બાબુલનાથને રસ્તે, કોઇ પહાડ પરથી સ્કેટ કરીને ઊતરતાં નીચે ગતિ અટકે ત્યાં ઊભા રહેવાય એમ, છેક બાબુલનાથના મંદિર આગળ અમારો એ ચારઠ આપમેળે અટક્યો, ત્યારે જીવમાં જીવ આવ્યો!

બસ, તે દિવસે એ ગાડી છોડી તે છોડી. અમારો શૉફર ત્રણસો એકમાં એને વેચી આવ્યો અને અમે ગાડીની બલામાંથી છૂટ્યા.

લાડી આવ્યાં, પણ લલાટે લેખ અવળા લખાયા હતા, તે એના પણ છેડા છૂટ્યા અને આ રગસિયો સંસાર એ છોડી ગઇ. વાડીવજીફામાં તો સૂરતમાં ટગુમગુ જેવું શિવદાસદાદાએ બંધાવેલું બે નાનકડા ગાળાનું ઘર હતું. એમાં એક ભાગ અમારો, ને બીજો અમારા કાકાના ત્રણ છોકરાઓનો, જેમાંના બે તો અવસાન પામ્યા હતા. એ ત્રણ ભાઈ વચ્ચે એક છોકરો. એ નલિનકાન્ત મહેતાને, 'ઘરના ટૅક્સ અને ટાપટીપમાં નાહકનો ખરચો પડે છે' એમ કહી, (પૈસાની જરૂરત હતી એ વાત છુપાવી) આપણે આપણો ભાગ વેચી નાખ્યો. ત્યારે કંઇ ભારે કિંમત પણ નહોતી ઉપજતી. આશરે દોઢ-બે હજારમાં ભાગ વેચ્યો. પરંતુ એ રકમ પણ ત્યારે તો ગનીમત હતી. અલબત્ત, કાકાના છોકરાનો છોકરો, અને નાનકડા ઘરનો ભાગ ઘરમાં જ વેચ્યો, છતાં એ જુવાન નલિનકાન્ત ઊર્ફે બચુએ, અમે ઘર વેચ્યું છે એવું લાગવા દીધું નહોતું. 'તમારે વાપરવું હોય ત્યારે વાપરી શકો છો' એમ એ હમેશ કહેતો. હું જ્યારે બુલેટિન વખતે છૂપો રહેતો ત્યારે મારી છૂપી અવરજવર એ એક જ જાણતો, અને ઘણા પૂછતા છતાં એ ઉસ્તાદ કંઇકને ઊઠાં ભણાવી મને જાળવતો. એ લાગણી જીવનમાં મેં આખર સુધી જોઇ છે.

એટલે આમ, વાડી કહો તો તે પણ ગઇ. ઘરમાં મા અને ચાર બહેનો, અને એક બહેનનાં ત્રણ સંતાન, એમનો નિર્વાહ કરવાનો. ગજવામાં કે બૅંકમાં અલ્લાયો! સહનશીલતાની મૂર્તિ જેવી માએ આસપાસથી કશું સાંભળ્યું તો હશે જ, પણ દીકરાને એક શબ્દ કહ્યો નથી, એક સવાલ કર્યો નથી, એકે દિવસ એક પૈસો માગ્યો નથી. છોકરાંઓની નિશાળ, ઘરખરચ, કપડાં, એ બે ત્રણ મહિના એણે કેમ ખેંચ્યાં હશે, પોતા પાસેનું સંઘરેલું થોડું નાણું યા કંઈક નજીવું જેવું ઘરેણું વેચ્યું વાપર્યું હશે, એનો જ્યારે વિચાર કરું છું ત્યારે આજે આ લખતાં, એનો વિચાર આવતાં આંખમાંથી દડદડ પાણી ટપકવા માંડે છે.

ધણીની ચાકરી કરીને જ જીવેલી, એના જવા પછી એકટાણે પેટિયું ભરવા જીવનારી, સાલસ, ગરીબ સ્વભાવની, ઊંચા સંસ્કાર આપવા મથનારી એ માને આ 'કવિ', 'નાટકકાર', 'લેખક', 'દેશસેવા કરનાર' કહેવાતા, 'સુવર્ણચન્દ્રક મેળવનાર' દીકરાએ, જુઓ એના ઘડપણમાં એને કેવી રાહત આપી તે! પંચાવનની આસપાસ તો એ આવી પહોંચી છે, પતિના મૃત્યુ બાદ એણે કાયાને ગાળી નાખી છે, શરીરમાં પૂરું લોહી પણ નથી, એ હવે ભાગ્યે જ માંડમાંડ બે ત્રણ વરસ જીવશે, એટલું જોવાની પણ આંધળા દીકરાને આંખ નહોતી, આખરનાં એનાં વરસોમાં એને રાહત આપી એની થોડીઘણી ચાકરી કરવાની પણ અબુધ દીકરાને સમજ નહોતી. હવે ભલે રડ, કકળ, લખ, પસ્તાવો કર. એ મા તે મા હતી, ઉદાર દિલની હતી; એ તો તને માફ કરશે,—શું શું તને માફ નથી કર્યું?—પણ ઈશ્વર તને માફ નહિ જ કરે, એ ધ્યાનમાં રાખજે.

બહુ નાચ્યા, રખડચા, 'સેવાઓ' કરી, પણ નોકરીધંધાનું શું? ધંધો કર્યો, ત્યાં આંક અવળા પડચા અને ઘરની મૂડી ગુમાવી બેઠા. હવે જુવાની પૂરી થવા આવી ત્યારે વૈતરાં કરવાં શરૂ કરો.

એ બેપાંચ મહિના ઘણા કપરા ગયા. પૈસા હતા ત્યારે ભભકામાં વીમો ઊતરાવ્યો હતો, એનાં પ્રીમિયમ પણ હવે ન ભરાયાં અને પૉલિસી ડૂબી ગઇ. જેણે સમજાવી વીમો ઉતાર્યો એ દોસ્ત નટવરલાલ પરીખે એક દિવસ રસ્તામાં તતડાવ્યો, અને કહ્યું કે પૈસા નહોતા તો મને કહેવું હતું, હું ભરી દેત.

મુંબાઇમાં હૉર્નબી રોડ પર વ્હાઇટ વે આગળ અમે ઊભાઊભા કલાકેક વાતો કરી. મેં એને આખી કથની કહી. આખરે છૂટા પડતાં એણે મારા ખિસ્સામાં બસો રૂપિયા ઠેસવ્યા, અને કહે, 'આવે ત્યારે આપજે, હમણાં તો ચલાવ.' પછી તો એણે મને કમાવી આપ્યો અને પૉલિસી પણ પાછી શરૂ કરાવી આપી. હજી આજે પણ શેરબજારમાં એની શાખ સારી છે.

એક આત્મશ્લાઘા કરી લઉં? માણસ ભીડમાં દબાએલો હોય છે, ત્યારે કાં તો આડો માર્ગ શોધવા લલચાય છે, યા કુદરતના ડરથી ગભરાય છે. ગજવામાં પૈસા નહિ, પણ બંદા ત્યારે યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષાના એક્ઝામીનર હતા. મંગળદાસ પકવાસાને ત્યાં પેપર તપાસતો, ત્યાં એક કરુણ બનાવ બની ગયો. એમનો બીજો દીકરો મૅટ્રિકમાં બેઠો હતો. એ પરીક્ષામાં સારું કરી ઘેર આવ્યો અને તરત જ તાવમાં સપડાઇ પથારીમાં પડચો. એની માંદગી દરમ્યાન સવાલપત્રકોનાં બંડલો પણ મારી પાસે આવ્યાં. એ કહેતો કે હું સાજો થઇ જાઉં એટલે બધા પેપર તમને બરોબર બાંધી આપીશ. મેં એનો પેપર તપાસ્યો અને એ સારા માર્ક મેળવતો હતો. પણ એને બીજે જ દિવસે સાત દિવસની માંદગી ભોગવી એ ચાલ્યો ગયો. કોઇ ડૉક્ટર પરીક્ષકને એના તાવની પરખ પણ પડી નહિ. મંગળકાકાને ઘડપણમાં લાગેલો આ કારી ઘા એ કદી ભૂલી શકચા નહિ.

જુવાન છોકરાના અકાળ મૃત્યુને લીધે ડર પેદા થવાને લઇને હોય કે ગમે તે કારણ હોય, પણ તે અરસામાં એક નહિ પણ ત્રણ જણા મારતી ગાડીએ મને મળવા આવ્યા હતા. ત્યારે તપાસાઇ ગએલા પેપરો એકઠા કરી સુરક્ષિત જગ્યાએ રાખવા અમે ફેલોશિપ નિશાળમાં એનો ગોડાઉન બનાવ્યો હતો. એક જણ તો એ બધી ખબર કાઢીને ત્યાં જ ચડી આવ્યા હતા. એ સાહેબ બિરાદરોની હિંમત, નફ્ફટાઇ, જોહુકમીને ખરેખર ધન્ય છે!

'એઇ, સાલા ચન્દ્રવદન! જો તું બધી તારી પતરાજી રહેવા દેજે. બોલ, કેટલા રૂપિયા જોઇએ છે? આ રહી નોટો. પણ આ નંબરોના માર્ક બતાવ, નપાસ થતા હોય તો પાસ કર અને અમને પાસ થયાની ખાતરી કરી આપ.'

'પણ...'

'અરે તારા પણની એસીતેસી—'

'પણ—'

'તું બોલ, તારે એક નંબર પર કેટલા પૈસા જોઇએ છે? તારા મૉડરેટરો ફૉડરેટરો સાલા કોણ છે? લાવ એને પણ—'.

સોગંદપૂર્વક કહું છું કે મેં એક પૈ લીધી નથી, એકેયની એક પણ માર્ક કદી વધારી નથી. પેપરો તપાસતાં જાતજાતના લોકો ઓળખાણ કાઢી ઊભરાઇ આવતા. એમાં આડી ઓળખાણ પણ વાપરતા. સામાન્ય રીતે હું જે ખરાબ સ્વભાવનો ને તુંદમિજાજી કહેવાતો તે એ દરમ્યાન સારા સ્વભાવનો ગણાતો. ટેલિફોન, તાર, ટપાલ—બધાંમાં નંબરોની રમઝટ ઊડતી. કેટલાક મહાશયો પોતાના સતાન ઉપરાંત પોતાના દોસ્તોના પણ ફૂડીબંધ નંબરો આપી જતા. એ બધા નંબરો હું સીધા મારા કૉન્શ્યન્સ-કીપર રમણિક સુખડિયાને વગર વાંચ્યે આપી દેતો.

પરીક્ષાની ઋતુમાં નંબરોની મથામણ એ આપણે ત્યાં એક સામાજિક પ્રસંગ—જાણે સોશ્યલ ઇવેન્ટ થઈ ગયો છે. પરીક્ષા પૂરી થવાની સાંજથી જ આ વેપલો શરૂ થાય છે. એમાં ન્યાત, સગપણ, મિત્રો, ઉપકાર, ઋણ, વેવાઇ, પડોશી, એમ તરેહતરેહના સંબંધો આગળ કરવામાં આવે છે. એક પ્રસંગે ભાનુશંકર વ્યાસ (બાદરાયણ) અને હું એવી કફોડી સ્થિતિમાં મુકાયા કે અમારાથી સામે મોંએ ના પાડી શકાય એમ હતું નહિ. 'બસ માર્ક બતાવો, અને ઓછા હોય તો વધારી આપો.' અમે બંને મૉડરેટર, અને માગણી કરનાર સદ્ધર, વગદાર, શક્તિશાળી, સમાજસેવક આસામી, જાહેરજીવનમાં ભારેની આબરૂ, અને ના કહીએ તો ચાલે એમ જ નહોતું.

ત્રણચાર દિવસ આમતેમ એને રમાડચા પછી અમે નવાં જ માર્કશીટ લઇ આવ્યા અને એમના નંબર પૂરતાં માર્કશીટ નવાં બનાવ્યાં. તેમાં ખાસ્સા મનપસંદ માર્ક બતાવી સંતોષ્યા. એમની પૂંઠ થતાં જ એ બનાવટી માર્કશીટોને દીવાસળી ચાંપી પૂરા કીધા. હા, કહી શકો છો કે અમારામાં સીધી ના કહેવાની 'મૉરલ કરેજ' નહિ; કહી શકો છો કે અમારે તરત રાજીનામું આપી ફારેગ થઈ જવું હતું; પણ વ્યવહારે અમને પ્રામાણિક રહી આવો રસ્તો સુઝાડચો, અને તે અમે લીધો. શું કરીએ ત્યારે?

આ ઉપરાંત પરીક્ષકો ન હોઇએ ત્યારે પણ એ ઋતુમાં કાગળોનો ઢગલો તો ઊભરાતો જ રહેતો. ફલાણાને કહો યા યુનિવર્સિટીમાંથી માર્ક મેળવી આપો, એવી માગણી ચાલુ રહેતી. પછી પરિણામના આગલા દિવસોમાં પાસ-નાપાસ જાણવાની હાકલ પડતી. મેં કદી આ સંબંધી તપાસ કરવામાં યા કરાવવામાં સળી ભાંગીને બે કરી નથી. હા, જુઠ્ઠું બોલ્યો છું. બેચાર દિવસ રહીને પાસ થાય છે એવી ખબર

આપી દેતો: જેટલા પાસ થતા તે તો પાસ થવાની લાલમાં મને ભૂલી જ જતા, અને નાપાસ થનારા મનમાં ગાળો દેતા. દે; શું થાય ત્યારે? જેમને આ સંબંધમાં શંકા આવતી હોય તેમને માટે એટલું ઉમેરી શકું છું કે મારી બે સગી બહેનો–એક જી.એ. થઇ ને બીજી બી.એ. થઇ તે પાસ થયા પછી મને છ આઠ મહિને ખબર પડેલી! એ સંબંધમાં સુંદરજી બેટાઇ અને એમી રૂસ્તમજી બે તો આબાદ સાક્ષીઓ છે જ. ઘરમાં રહેવા છતાં એ કયા વર્ગમાં છે તેની મને ખબર નહોતી!

મારી સાફ દાનત તો પરીક્ષક તરીકે મળનારા લવાજમ પર હતી. એ જે ચારસો આસપાસની રકમ મળે તે, બેત્રણ મહિના તો ખેંચાશે. પરંતુ એ રકમ મળે ક્યારે?—ત્રણચાર મહિના પછી. પણ હમણાંનું શું? ગંજવામાં ઠણઠણ ગોપાળ, અને બૅંકમાં ફુટી બદામ પણ નહિ. હૂંફ આપનાર એક રમણિક સુખડિયો. પણ એ ફકીર બાદશાહે તો વળી વગર પૈસે જ અમીરી માણેલી, એ કંઇ પૈસાની યે મદદ કરી શકે એમ હતું નહિ.

એ પણ એક રંગ છે ને? જેના વડીલોની ભરૂચમાં એકવાર પૈસેટકે વાહવાહ બોલાતી, જેની મીઠાઈના સ્વાદ ભરૂચ બહાર દેશદેશાવર પંકાતા, તેનું સંજોગવશાત–કાળની લીલીસૂકીમાં એકલરામ રહેવાનું થયું. પણ કુદરતની મહેરબાની તે વગર પૈસે પણ એને બાદશાહી હતી. છતાં મિત્રો માટે હમેશાં સેવા કરવા તત્પર એવા એણે, પૈસાથી કદી આપીજ ન શકાય કે વેચાતી લઈ ન શકાય એવી હૂંફ આપી: 'અરે ચલ, જરા ઊભો થા; પૈસા વિના એમ ભાંગેલા હાંલ્લા જેવો શું રોજ સવારથી ઠૂંઠવાઇને બેસી રહે છે? દુણાયલું મોઢું રાખશે એટલે કંઈ પૈસા આવવાના છે? સહુ તો ભલભલા કરે છે; જાયે ખરા! કંઈ ચોરી છિનાળાં તો નથી કીધાં? આ-દિવસ પણ વીતી જશે.'

એવામાં પરાગજીને કાને ઊડતી વાતો ગએલી, તે ગભરાતા મુંબાઈ આવ્યા. મા એને તો મોટો દીકરો ગણતી, એટલે એને મારી સાથે મેં પણ વાત કરતાં અટકાવ્યા. બંનેએ એક પ્રશ્ન સરખો મને કર્યો નહિ. ત્રણચાર દિવસ રહી જવા નીકળ્યા, ત્યારે એનાથી ન રહેવાયું તે રડી પડ્યા અને કહેવા લાગ્યા, 'આવે ટાણે હું મદદ પણ ન કરી શકું, એ તે કેવાં નસીબ!' મેં એમને આખી હકીકત કહી ને જણાવ્યું કે જરૂર પડશે તો બધાંને તમારે ત્યાં મોકલી આપીશ અને હું મારું ફોડી લઈશ.

એ પરાગજી આગળ એટલી હિંમત રાખી; બાકી ૩૭ વરસના આ મહાંજુવાનમાં આવડો અમથો ઘા ખમવાની હિંમત નહોતી!

૧૯૨૦થી '૩૦ના દાયકામાં ઠાકોરદ્વારે પર વૈકુંઠભાઇને ત્યાં હું રહ્યો હતો. '૩૭માં એ ફારેગ થઇ ખારમાં અમારી નજીકમાં જ રહેવા આવ્યા. ત્યાંથી અનસૂયાને ખબર પડતાં એણે આવીને મને તતડાવ્યો: 'આવડા મોટા થયા છો પણ કંઇ જવાબદારીનું ભાન છે કે નહિ? સહ્યા કરવા નીકળ્યા છો! બાનિ કેટલું દુ:ખ થતું હશે. ને મને બહેન બહેન કરો છો તે તો બરાબર છે, પણ આ ચાર બહેનોને તમારે સંભાળવાની છે, તે હવે જરા સંભળો.' એ જ પંદર વર્ષ પહેલાનો તાપ ને દમદમાટ; એ જ પંદર વર્ષ પહેલાંનો ભાવભર્યો ગુસ્સો કરતાં આંખમાં ઊભરાતાં આંસુ.

હા; ચાર બહેનો: સુમન, દમયંતી, સરલા, ઉષા. પહેલી બે તો પૂરી દુ:ખિયારી. માએ છાતી પર સળગતી સગડી રાખી જીવન ગાળ્યું. મેં એનું દુ:ખ ઓછું કરવા શું કર્યું? પહેલીને સાસરામાં સુખ નહિ. બીજી વિધવા. એનાં ત્રણ સંતાનોમાંથી બે માએ ઉછેર્યા, ને એક, બહેનના સાચાંણ ફોઇ-ફૂઆ નાણાવટી દંપતીએ ઉછેર્યું. બીજી બે બહેનો ભણતી, ભણી. ચારે કશા કચવાટ વિના સંપથી રહી,–રહે છે. એ બધો માનો પ્રતાપ. મા નહિ હોય ત્યારે આ ચારે તને જાળવશે; છતાં રે ચન્દ્રવદન! કવિ, નાટકકાર, અદાકાર, તમે આ અંગતના કબીલાની માવજત કરવામાં શો ફાળો આપ્યો? બાપની જે હતી તે મિલ્કત રફે કીધી, અને માનાં માવતર પ્રમાણવા જરા યે તસ્દી ન લીધી. કોઇ તને તો નહિ પૂછે; અનસૂયા જેવાં એકબે અતલગનાં તને ચાર કડવા બોલ કહેશે; પ્રિયંવદા–સુમતિ હોત તો તને ઊધડો લેત; પણ તારું મન તો તને એક દિવસ તારું ભીતર કોતરતાં પૂછશે જ પૂછશે.

આમ સહુના કાદવકીચડમાં ખરડાઈ બહાર પણ નીકળી શકાતું નહોતું ત્યાં એક આહ્લાદજનક પક્ષ્મ ક્ષિતિજ પર ડોકાતું હતું.

એ તે પદ્મા. '૩૪-'૩૫માં દસેક વર્ષની હશે ત્યારે ફેલોશિપ નિશાળમાં ભણવા આવતી. એનાં મામામાશી–ભરત અને વીરુ મારી પાસે શીખતાં. પદ્મા ત્યારે નાની છતાં ઠાવકી. ગોળ રૂપાળું મોં, સરસ બાવલી જેવા વાળ, સ્વભાવે શાંત. કોણ જાણે કેમ, એને જોતાં જ કંઇ જૂની લેણાદેણી જાગ્રત થતી હોય એવું એકાએક લાગ્યું, અને પાસે ઊભેલા રમણિક સુખડિયાને પૂછ્યું, 'આ કોણ?'

'આપણા મણિભાઇ ઝવેરીની છોકરી.'

મણિભાઇને તો હું કૉંગ્રેસની ચળવળના દિવસોથી ઓળખું. એમની બેત્રણ ઈમારતોમાં છાનાંછપનાં મશીનો મૂકી બુલેટીનો કાઢ્યાં હતાં, એટલે એક દિવસ તો એનાં માબાપ પાસે જઇ મેં એને માગી જ લીધી: 'મણિભાઈ! પદ્મા મને આપો. આજથી એ મારી દીકરી. એને ભણાવીશ હું, અને—'

'રોજ નવું ફરાક જોઇએ છે, ને મોટી થઈ પછી રોજ નવી ઓઢણી માગશે. નવાં લૂગડાંનો તો એવડો શોખ છે એને.' એનાં માએ કહ્યું.

'હું તો એને માત્ર ભણાવું, અને મોટી થાય એટલે સારો વર શોધીને પરણાવું; બસ, બાપ થવાનો મારો ઓરિયો પૂરો થાય. બાકી કપડાં ઘરેણાંની તો તમારા ઘરમાં શી ખોટ છે કે મારે માથે પડે?'

મણિભાઇ કહે કબૂલ. અને પદ્માને મેં દીકરી માની એના ભણતરની કાળજી કરવા માંડી. મૅટ્રિકથી વધારે ભણાવવાની તો કોઇની મરજી હતી જ નહિ, એની પોતાની પણ એવી કંઇ ઈચ્છા નહોતી, એટલે નિશાળનાં ચારપાંચ વર્ષોનો જ સવાલ હતો.

ભણતર તો સમજ્યા, પણ એથી અગત્યના વ્યવહાર અને સમજ શીખવવા અમે ઘણી વાર વાતોએ બેસતાં, ત્યારે કુદરતીરીતે જ એનામાં દુનિયાનું ડહાપણ જેટલું જોઇએ તેટલા બરોબર પ્રમાણમાં જણાઇ આવતું, હું તો ઘણી વાર એને કંઈ શીખવવા જતાં મારે જ કેટલુંક જાણવાનું–શીખવાનું મળતું. બહુ ડાહી છોકરી; સમજુ; આપમેળે ભણી બી.એ. સુધી પહોંચી; પોતે જ અવસર જોઈ મનપસંદ વર શોધીને આમ તો મારી ચિંતા દૂર કરી, પણ સ્વયં શોધેલા વરને પરણવાનો માર્ગ જરૂર પડે તો સુગમ કરી આપવાના આશીર્વાદ માગી, મારે માથે જવાબદારી નાખી બેઠી. પણ ખરેખરી સમજુ ને શાણી. ધીમેધીમે ભણી. વર અમેરિકા ભણવા જતાં હિમ્મત એકઠી કરી એકલી ત્યાં જઇ એને પરણી, ને સુખી થઈ.

પણ એના સુખમાં એ મને ભૂલી નથી. મારી વિષાદભરી પળોમાં ઘણી વાર એણે મૂગે મોઢે ખૂબ કાળજી કરી છે. પૈસા તો આવે છે, જાય છે. માણસને એનો મોહ છે અને તે રહેવાનો, એટલે એને લઇને આનંદ-શોક અનુભવ્યા જ કરશે; પણ એની ચિંતા-ઉપાધિમાં સતત વહેતા સુકોમળ લાગણીના ઝરા વેરાએલા મનને જે રાહત આપે છે એનું વર્ણન તો કેમ જ થઇ શકે? પદ્માને હું લાડમાં 'દિકકુ' કહેતો. કેટલાક એ ભાવ ન સમજી શકતા, પણ પદ્માએ 'શકુન્તલા'નું ગુજરાતી રૂપાન્તર કરવા પ્રેરી 'અર્થો હિ કન્યા પરકીય એવ'ની સંવેદના જાગ્રત કરી. પિતૃભાવનો લ્હાવો અપાવ્યો. આજે બે દીકરીની મા થઈ સુખે સંસાર ચલાવે છે. (ચાલુ)

ચન્દ્રવદન મહેતા

પારેવાંની પાંખે…

નિર્બંધિકા

બકુલ ત્રિપાઠી



અચાનક આજે એક કબૂતર ભૂલું પડચું અને મારા કમરામાં પાંખો ફફડાવતું ઘૂમવા માંડ્યું. પણ હું હજી કંઇ જોઉં-વિચારું તે પહેલાં તો એને બારણું જડી ગયું ને એ ઊડી નીકળ્યું. પરંતુ એની પાંખોના ફફડાટે મને નાનપણમાં જ્યાં મહિનાઓના મહિનાઓ વાંચ્યા જ કર્યું છે, એ ગામડાનું પુસ્તકાલય યાદ આવી ગયું.

કબૂતરોને પુસ્તકાલય પર અનહદ પ્રેમ હોય છે. એમની અમીદૃષ્ટિનો લાભ કેટલાંક વાચનાલયોનાં માસિકોને હમેશાં મળતો હોય છે. નાનાં ગામોની લાયબ્રેરીઓ જોઇ છે? એકાદ જૂનું મકાન હોય, મોટાં બેચાર ટેબલો પર માસિકો વેરાયાં હોય, રડચાખડચા બે વાચકો છાપાં વાંચતા હોય અને એકાદ જણ છાતી પર મૅગેઝીન રાખી ઊંઘતા હોય એ વાતાવરણ કબૂતરોને ખૂબ ગમતું લાગે છે. નવરા પડચે એકદમ 'ઘૂઘૂઘૂઘૂ'નું સંગીત એ શરૂ કરી દે છે અને એકાદ વાચક કોઇ અઠવાડિકમાંથી ગણગણતો ગણગણતો વાંચતો હોય છે 'કોરિયાનાયુદ્ધમાંજેરશિયનોએભાગલીધોતેમનેકેદીતરીકેપકડચાપછીતેમનેતેમનાં મિત્રોનેપત્નીઓનેતથાબાળકોનેમળવાનીછૂટઅપાઇછે'. આમ સળંગ એકધારા અવાજે ચાલતું એમનું વાચન અને કબૂતરોનું 'ઘૂઘૂ'નું સંગીત અદ્ભુત વાતાવરણ સર્જી રહે છે.

પુરાણા કાળમાં ઋષિમુનિઓના આશ્રમોમાં જે સ્થાન હરણાંનું હતું તે આ વાચનાલયોમાં કબૂતરોનું હોય છે. હમણાં થોડા વખતમાં મેં જે કોઇ પૌરાણિક ચલચિત્રો જોયાં છે તેમાં જ્યારેજ્યારે આશ્રમનું દૃશ્ય આવ્યું છે ત્યારેત્યારે અચૂક બેચાર હરણાં આમથી તેમ દોડતાં દેખાવાનાં જ! એવી રીતે જો મારે વાચનાલયની ફિલ્મ ઉતારવાની હોય તો હું કબૂતરોને ચોક્કસ એમાં ગૂંથી લઉં. જોકે આ ઉપરાંત નાનાં ગામોમાં બીજી એક જગ્યા પણ કબૂતરોને પ્રિય હોય છે અને તે દેશી રાજ્યની સરકારી કચેરીઓ! પીળાં કાગળિયાં બાંધવાની એ લાલ ફાઇલો વચ્ચે કબૂતરો હમેશાં સ્થાન જમાવતાં. ઋષિમુનિઓના આશ્રમો ઉપરાંત રાજમહાલયોની રાજરમણીઓ માટેનાં ઉદ્યાનોમાં પણ હરણાં જેમ ફરતાં હતાં, તેમ આ વાચનાલયો ઉપરાંત કચેરીઓમાં પણ કબૂતરો ફરતાં;—હવે તો ફરે છે કે નહિ એ કોણ જાણે!

આમ છતાં આશ્રમનાં હરણાં અને લાયબ્રેરીનાં કબૂતરોની સ્થિતિમાં સહેજ ફેર છે. આશ્રમનાં હરણાંને કોઇ નસાડતું નથી. લાયબ્રેરીમાં હમેશાં નહિ તો ક્યારેક ક્યારેક કબૂતરોને નસાડવાના પ્રયત્નો થાય છે ખરા. ગ્રંથપાલ એકાદ માસિક વડે પંખો ખાતાંખાતાં પટાવાળાને બૂમ પાડે: 'મોહન…'

ખૂણાની ખુરશીમાં નિદ્રાધીન થએલો મોહન ત્યાંથી જ કહે, 'શું છે?'

'આ કબૂતરાંને ઉડાડ ને!'

એટલે ત્યાં બેઠે બેઠે જ પટાવાળો બૂમ મારે, 'હવે ટળોની અહીંથી મારા…(સ્વરિત)…અહીં શું દાટચું છે તમારા…(સ્વરિત)!'

પણ મૂર્ખ કબૂતરો એની ગાળોથી જરાય ન ગભરાય, એટલે પેલો નિરાંતે સૂઇ જવાની તૈયારી કરે ત્યાં ગ્રંથપાલ ફરીથી બૂમ મારે, 'સાંભળતો નથી? આ કબૂતરાં ઉડાડ ને!'

એટલે કબૂતરોના લાભાર્થે તૈયાર કરેલી ગાળો ગ્રંથપાલને અર્પણ કરતોકરતો, વાંસને છેડે બાંધેલા સાવરણા વડે પટાવાળો કબૂતરને ઉડાડે. થોડી વાર એમની પાંખોના ફફડાટે વાતાવરણ ગાજી રહે, પણ અંતે ફરરરર કરતાં કબૂતર બહાર ઊડી જાય.

પટાવાળો પેલો વાંસડો ઠેકાણે મૂકીને પોતાની ઊંઘ, અધૂરી હોય ત્યાંથી, શરૂ કરે અને બહાર ગએલાં કબૂતર પાછાં આવી એની એ જગ્યાએ જ બેસીને ફરી નિરાંતે રામધૂન શરૂ કરે: 'ઘૂઘૂ…ઘૂઘૂ…'

આ પટાવાળા એ વાચનાલયનું એક મુખ્ય અંગ છે. નાનપણમાં પરીકથાઓ અને પ્રાણીકથાઓ વાંચવાની વયે મારી એક મહેચ્છા હતી લાયબ્રેરીના પટાવાળા થવાની. ધારીએ ત્યારે લાયબ્રેરી ઉઘાડવી, ધારીએ ત્યારે બંધ કરવી, ચિત્રોવાળાં ને વગરનાં બધાં જ સામયિકો સૌથી પહેલાં મેળવવાં, આખો દિવસ લાયબ્રેરીમાં જ પડચા રહેવું અને ગ્રંથપાલના જેવી પત્રકો લખવાની મજૂરી પણ નહિ! નિરાંતે બાંકડાને છેડે કે ખૂણાની ખુરશી પર ગમે તો આરામ કર્યા કરવાનો, ગમે તો વાંચ્યા કરવાનું. ગ્રંથપાલના હુકમથી કબૂતર ઉડાડવામાં તો જાણે મઝા આવે એમ હતી: ફક્ત એના કહેવાથી વારંવાર બાજુની હૉટેલમાં ચાનો ઑર્ડર આપવા જવાનું કામ જ એક મોટી દુઃખદાયક વસ્તુ હતી! હા, કો'ક વાર કોઇ દુષ્ટ વાચકો હેરાન કરતા ખરા. પણ પટાવાળો એમને તો પહોંચી વળતો.

"'કુમાર' જડતું નથી." એક વાચક ગ્રંથપાલને ફરિયાદ કરે.

'કયા મહિનાનું?'

'ચાલુ મહિનાનું.'

અને જવાબમાં 'નથી આવ્યું' એ ગ્રંથપાલનો હમેશનો ઉત્તર. એની વાત એક રીતે ખરી પણ હોય. એપ્રિલ ચાલતો હોય તો હમેશાં લાયબ્રેરીના ટેબલ પર જાન્યુઆરીનો અંક પડચો હોય. ફેબ્રુઆરીનો અંક ગ્રંથપાલના ટેબલના ખાનામાં હોય, માર્ચનો અંક લાયબ્રેરી કમિટીના મંત્રીની પત્નીની બહેનપણીને ઘેર હોય, અને એપ્રિલનો અંક રૅપરમાંથી કાઢચા વિનાનો મંત્રીના ઘરમાં ટેબલ નીચે પડચો હોય.

પણ આ બધું નહિ સમજનાર મારા જેવો કોઇ વાચક 'નથી જડતું'ની ફરિયાદ ચાલુ રાખે તો ગ્રંથપાલ અંતે કહે, 'જાઓ, પટાવાળાને કહો; શોધી આપશે.'

કાણિયો પટાવાળો ખૂણામાં ઊંઘતો હોય એની પાસે જઇને



ચોમાસામાં ગાજવીજ થાય છે ત્યારે જ આપણને આકાશમાં વીજળીના લિસોટા નજરે પડે છે, પરંતુ આપણી પૃથ્વી પર વીજળીના ઝબકારા પ્રતિપળ ચાલુ જ હોય છે એ તમે નહિ જાણતા હો. આકાશમાં તો દર સેકંડે ૬૦૦૦ જેટલા વીજળીના ઝબકારા થતા રહે છે, પરંતુ આપણી પૃથ્વી પર તેનું અતિ અલ્પ પ્રમાણ જ ઊતરવા પામે છે–સેંકડે ૫૦ જેટલું. બીજા કોઈ ગ્રહ પરથી જો આપણી પૃથ્વીનું નિરીક્ષણ કરવામાં આવે તો તે આખી વીજળીના ઝબકારાઓથી જ ઘેરાએલી લાગે.

વીજળીનો એક જ ઝબાકો પાંચ માઇલ જેટલો લાંબો હોઇ શકે છે, જોકે એની શક્તિ વડે આપણો કૃત્રિમ વીજળીનો એક દીવો પણ કદાચ ન સળગાવી શકાય; અને તેમ છતાં, એ જ્યારે પૃથ્વી પર પડે છે ત્યારે ગમે તેવા મજબૂત મકાનસુદ્ધાંને જમીનદોસ્ત કરી નાખે છે. આનું કારણ શું? એ કારણ એમાં રહેલું એક અબજ વોલ્ટ જેટલું દબાણ છે. બંદૂકની ગોળી કદમાં તેમજ વજનમાં મામૂલી હોવા છતાં તેના વેગના દબાણને કારણે કેવી પ્રાણઘાતક નીવડે છે? એવું જ વીજળીનું છે. ઊંચાં મકાન કે ઝાડ પર એ પડવાનો સંભવ વધુ હોય છે. અમેરિકાનું 'એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ' એ દુનિયાનું ઊંચામાં ઊંચું મકાન હોઇને બીજાં કોઈ પણ મકાનો કરતાં એ પર વીજળી વધુ વાર પડે છે,—ત્રણ વરસમાં ત્રેસઠ વાર એના પર વીજળી પડવાનો આંક નોંધાએલો છે.

વેનેઝુએલામાં એક નદીના મુખ આગળ દર થોડીથોડી મિનિટને આંતરે તેના ઝબકારા થયા જ કરે છે, જે ૨૦૦ માઈલ દૂરથી દેખાય છે! કોઈ દીવાદાંડી પેઠે સતત ઝબકયા જ કરે છે. વૈજ્ઞાનિકો આનું કારણ શોધી શકયા નથી.

બેન્જામિન ફ્રાન્કલિને આકાશી વીજળીનું પહેલવહેલું વાહક (કન્ડક્ટર) બનાવ્યું ત્યારે શ્રદ્ધાળુ લોકોએ તેના ઉપર પ્રભુના કાર્યમાં ડખલ કરવાનો આક્ષેપ મૂક્યો. પરંતુ આજે તો એ વીજળીનાં ગુણધર્મ ને પ્રમાણ જાણવા માટે બારીકયંત્રોસાથેવિમાનીવિનાનાંસ્વયસંચાલિત વિમાનો ગાજવીજનાં તોફાનો વખતે ઉડાડવામાં આવે છે અને તે કોઇને પ્રભુના કાર્યમાં દરમિયાનગીરી રૂપ નથી લાગતું.

ફ્રાન્સના નોત્રદામ દેવળનું છાપરું વીજળીએ તોડી નાખેલું એટલું જ નહિ પરંતુ ૧૮૦૮ ના ડિસેમ્બરમાં તો ત્યાંના શાર નામના આખા ગામનો ભુક્કો બોલાવી દીધેલો. આ બંનેમાં માનવ પ્રાણહાનિની નજરે તો સૌથી ભયંકર દાખલો દક્ષિણ આફ્રિકામાં નોંધાએલો છે. આમ પણ એની રાજધાની જોહાનિસબર્ગમાં વરસે સરેરાશ ૧૧૫ જેટલાં ગાજવીજનાં તોફાનો થતાં રહે છે. પરંતુ ૧૮૯૪ માં પડેલી વીજળીએ એક સેકંડના દસમા ભાગ જેટલા વખતમાં એકી સાથે ૬૯ માણસોના પ્રાણ લીધેલા. વીજળી પડવાથી થતાં મૃત્યુનું મોટામાં મોટું પ્રમાણ દક્ષિણ આફ્રિકામાં જ છે–વરસે લગભગ ૬૦૦ જેટલું! એના પછી બીજો નંબર ઑસ્ટ્રેલિયાનો આવે. આવાં

પેલો પૂછે, "નવું 'કુમાર' ક્યાં છે?"

'હૈં! શું છે?' અરધી ઊઘડેલી આંખે તિરસ્કારયુક્ત દૃષ્ટિએ તે પૂછે.

"નવું 'કુમાર'..."

'ત્યાં ટેબલ પર હશે.'

'નથી.'

'હવે શોધો તો ખરા.'

'શોધ્યું; નથી જડતું.'

'તો નહિ આવ્યું હોય.' કહીને એ ફરીથી આંખો મીચે.

જો વાચક સમજુ હોય તો આટલાથી જ માની જાય. પણ કોઇ મગજમાં તમરી રાખીને ગરમ થઇ જાય તો પટાવાળો એકદમ ઢીલો થઇ જઇ, 'અરે રામ' કરીને ઊઠે ખરો. પણ તે કેવી રીતે? કો'ક વાર પોળમાં કે રસ્તા વચ્ચે કોઇ કંગાલ, માખો ઉડાડતાં પણ કંટાળતું, અરધી મીચેલી આંખે સૂઇ રહેલું દૂબળુંપાતળું કૂતરું જોયું છે? આ કૂતરું સામાન્ય ધાંટામાત્રથી ના ઉઠાડી શકાય. લાકડીથી પણ તરત ન ઊઠે. છેવટે તમે ખૂબ આગ્રહપૂર્વક લાકડીનો ઉપયોગ કરો ત્યારે 'અય બાબા, હમ ફકીરોંકો ક્યોં પરેશાન કરતે હૈં?' એમ પૂછતું હોય એવી રીતે તમારી સામે જોઇ રહે અને અંતે ત્યાંથી ઊઠીને, નીચી નજરે, 'યા અલ્લા' કરીને બે ફૂટ દૂર જઇને સૂઈ જાય.

પટાવાળાબંધુ પણ આવું જ દયાજનક મોં કરીને ઊઠે, ટેબલ પરનાં ચોપાનિયાં આમતેમ ફેરવે, બેચાર વાંચનારાના હાથમાંથી સામયિકો લઇને નામ ઉકેલી જુએ, અને પછી છેવટે, 'સકરટરી સાહેબને ઘેર છે' કહીને પાછો પોતાની પેલી પ્રિય ખુરશી તરફ ડગ માંડે!

શહેરના પુસ્તકાલયના પટાવાળાઓ ઘણુંખરું આવા નથી હોતા. એ લોકો તો એમ જ માનતા હોય છે કે ડુક્કરોથી પાકનું રક્ષણ કરવા રાખેલા રખેવાળોની જેમ ચોપાનિયાંનું અને ફર્નિચરનું રક્ષણ કરવા જ પોતે અવતાર લીધો હોય છે!

એ કબૂતરો, એ પટાવાળા અને એ ગ્રંથપાલની જોડે શોભે એવા વાચકો પણ એ મઝાની સૃષ્ટિમાં નજરે પડતા. પેલા ખુરશીને અઢેલીને વાંચતાંવાંચતાં જ પોઢી જનારા, જાણે મૅગેઝીનને કહેતા ન હોય કે 'હે પ્રિયા પુસ્તિકા, તારું સ્થાન મારાથી દૂર પેલા રુક્ષ લાકડાના ટેબલ પર નથી, પણ અહીં મારા હૈયા સરસું છે' એવી રીતે મૅગેઝીનને છાતીસરસું ચાંપીને નિદ્રાસુખમાં નિમગ્ન થઇ જનારા તો અત્યારે ય નથી ભુલાતા;

નસકોરાં બોલાવીને જે લોકો ઘોંઘાટ ન કરી શકતા તે મોટેથી વાંચીને પુસ્તકાલયના સમગ્ર વાતાવરણમાં પોતાનો ફાળો આપતા. બીજા કેટલાકને વળી ગામમાં આવેલા નવા ડૉક્ટરનાં પત્ની વિષે કે રીટાયર થતા ફોજદારની રસિકતા વિષે માહિતીપૂર્ણ વાર્તાલાપ આપવા માટે વાચનાલયની હવા જ માફક આવતી. અને ગ્રંથપાલ તો જડ પુસ્તકો કરતાં જીવતાં માનવ હૃદયોનું મૂલ્ય વધુ આંકતો હોવાથી એમના પર કદી ય પ્રતિબંધ ન મૂકતો. કો'ક રીટાયર્ડ અમલદારો, બસ, એક ખૂણે બેઠાબેઠા પોતાનું એકાદ પ્રિય સાપ્તાહિક અઠવાડિયાના સાતે દિવસ વાંચ્યા જ કરતા. એકપત્નીવ્રતના એ પાળનારાઓ માત્ર પોતાની જ રાશિનું નહિ, બધી રાશિઓનું અઠવાડિક ભવિષ્ય એકસરખા રસથી વાંચી જતા. કેટલાક જૈન મુનિઓ, મેં સાંભળ્યું છે તેમ, થાળીમાં જે પીરસાય તે બધું જ કંઇ પણ સ્વાદની પરવા કર્યા વિના ભેગું કરીને આરોગી જાય છે, તેમ એકાદા પ્રિય અઠવાડિકનો અક્ષરેઅક્ષર વાંચી જવામાં આ વડીલો અખૂટ રસ માણતા.

એમની વાત કરું છું ત્યારે મને શહેરનાં વાચનાલયોમાં જોવા મળતા મારા જેવા કેટલાક વાચકો યાદ આવે છે, જે મોજાંની થપાટે આમથી તેમ અથડાતા લાકડાના ટુકડાની જેમ, 'આ વાંચું કે તે વાંચું' એ પ્રશ્નોથી મૂંઝાતા આમથી તેમ ઘૂમતા હોય છે. દમયંતીને આકર્ષવા પ્રયત્ન કરી રહેલા સ્વયંવરના રાજાઓની જેમ બધાં જ માસિકો અમને લલચાવતાં હોય છે. દમયંતીને તો સુખ હતું કે એક નળરાજાની

આ તમે જાણતા હતા?

મૃત્યુ પરથી કાઢવામાં આવેલા અંદાજ પરથી જણાય છે કે સ્ત્રીઓ કરતાં પુરુષો એનો વધુ ભોગ બને છે–૧ સ્ત્રીએ ૯ પુરુષો.

પશ્ચિમના દેશોમાં તો ગાજવીજનું તોફાન શરૂ થતાં છરી, કાંટા, ચમચા, કાતર વગેરે લોખંડની ચીજો સંતાડી દેવામાં આવે છે, પણ એ ચીજો કંઇ બહુ ભયાવહ નથી નીવડતી. આવાં તોફાનો વખતે ઇસ્ત્રી કે સીવવાના સંચા જેવી વીજળીથી ચાલતી ચીજો ન વાપરવી તેમજ ભીને ડીલે બહાર ન નીકળવું.

એક જ વ્યક્તિ કે વસ્તુ પર એક વાર પડી ગયા પછી બીજી વાર વીજળી ન પડે એવી માન્યતા પાયા વિનાની છે. બીજી વાર તો શું પણ સેંકડો વાર પણ પડે. અમેરિકાના ઓહાયો સંસ્થાનના કૅન્ટનગામનો ચાર્લ્સબ્રાઉન વૈદક-જગતમાં 'માનવ-વિદ્યુત-વાહક' તરીકે જાણીતો છે, કારણ તેના પર દસ વાર વીજળી પડી ચૂકી છે છતાં તેને કશું નથી થયું! વીજળી પડતી વખતે માત્ર તેને થોડી બેચેની રહે છે. ઍપલટન શહેરના રહેવાસી જૉન રૅલ્ટર પર વીજળી પડતાં એક નવી જ કરામત બનવા પામી. વીજળીથી થએલી ઈજા અંગે ઇસ્પિતાલમાં સારવાર મેળવી એ બહાર નીકળ્યા બાદ એની ઊંચાઇ એક ફૂટ જેટલી વધી ગઈ!

કેટલાંક ઝાડ પર વીજળી પડતી ન હોઇને તોફાન વખતે તેમની નીચે આશ્રય લેવો સારો એમ કેટલાક લોકો માનતા હોય છે, પરંતુ એ માન્યતા સાચી નથી. વીજળી કયા ઝાડ પર પડે ને કયા પર નહિ, તેનો આધાર આજુબાજુનાં ઝાડ કરતાં તેની ઊંચાઈના પ્રમાણ પર તથા વરસાદના પાણીથી ભીંજાઇને તે કેટલી હદે વીજળીવાહક બન્યું છે તે પર રહે છે. એટલું ખરું કે જે ઝાડ પર પંખીઓ માળા બાંધતા હોય એ પર વીજળી સામાન્યતઃ ઓછી પડે છે. જે ઝાડની જમીનના તળમાં પાણી ન હોય એવાં ઝાડ પર જ પંખીઓ માળા બાંધતાં હોય છે; ને વીજળી તો એવાં ઝાડ પર વહેલી પડે છે જેના તળભાગે પાણી હોય.

હવામાં વીજળી જ્યારે 'ડિસ્ચાર્જ' થાય છે ત્યારે ઑક્સિજનનું રૂપાંતર ઓઝોનમાં થવા પામે છે. દરિયાકાંઠાની હવામાં સ્ફૂર્તિ ને શક્તિદાયક આ ઓઝોનનું પ્રમાણ વધુ રહે છે એ આપણે જાણીએ જ છીએ.

કોઈવાર મોટરકારનું બારણું ખોલતી વેળા 'સ્ટૅટિક' વીજળીનો ઝબકારો થઈ જાય છે તે બહુ ખતરનાક હોય છે. નજીકમાં પેટ્રોલ જેવાં પ્રવાહીઓ હોય તો તે આફત સર્જે છે. દુનિયાનું એક કાળના સૌથી જંગી વિમાની જહાજ હિન્ડનબુર્ગના નાશનું કારણ આ જ હતું. આના જ લીધે વરસોવરસ સેંકડો મરણ નિપજે છે.

સ્વીડનની અપ્સલા યુનિવર્સિટીના પ્રો. હૅરાલ્ડ નૉરિન્ડરે એક સેકંડના દસ લાખમા ભાગનું માપ કાઢી શકે તથા એક સેકંડમાં ૧૦૦ સુધી થતા વીજળીના ઝબકારા નોંધી શકે એવું યંત્ર બનાવ્યું છે. એ યંત્ર હવામાનમાંનાં તોફાનો પારખી કાઢીને વિમાનોની સલામતી માટે ચેતવણી આપવામાં ઘણું ઉપયોગી થશે.

જ ખ્યાતિ એણે સાંભળી હતી, એટલે એના સિવાય અન્ય પર એની નજર નહોતી ઠરતી. પણ અમારા મગજમાં તો વીસથી બાવીસ રાજવીઓની પ્રશંસા ઘૂમતી હોય ત્યાં શું લેવું ને શું ના લેવું એ કેમ સમજ પડે? અને એથી એક કલાકને અંતે પંદર પત્રોનાં પૂંઠાં, દસની અનુક્રમણિકાઓ, પાંચેકના લેખોનાં મથાળાં અને સમ ખાવા પૂરતો એકાદ લેખનો માત્ર પહેલો પૅરૅગ્રાફ વાંચીને બહાર નીકળીએ છીએ!

રીટાયર થએલો પેન્શનર, અથવા તો ટેબલ જેની દાઢી સુધી પહોંચે છે એવો કોઈ મુગ્ધ વાચનરસિયો નિશાળિયો એ જેના આત્માસ્થાને છે એવાં એ નાનાં ગામોનાં પુસ્તકાલયોનું વાતાવરણ શિયાળાની સાંજ જેવું શાંત અને શીતળ હોય છે; જ્યારે બધાંનાં પાનાં ઉથલાવી કશું નહિ વાંચી શકનારા મહાનુભાવો જેના આત્માસ્થાને છે એવાં શહેરનાં પુસ્તકાલયોનું વાતાવરણ ચોમાસામાં પવન ફૂંકાઇ રહ્યો હોય અને વૃક્ષો ધૂણી રહ્યાં હોય એવું લાગે છે.

આ તો સામયિકો વાંચનારાઓની વાત થઇ. છાપાં વાંચનારાની વાત વળી જુદી જ હોય છે. પુસ્તકાલયમાં જેના પર છાપાં ગોઠવવામાં આવ્યાં હોય છે એને ઘોડા કહે છે, પણ એનું સ્વરૂપ ખરી રીતે તો બંને બાજુએ નંખાએલી રેતી કે અનાજની ગુણો પીઠ પર ધારણ કરીને સ્થિર ઊભેલા ગર્દભ કે ઊંટ જેવું વધુ હોય છે. છાપાં વાંચનારાઓમાં એક અણલખ્યો રિવાજ એ છે કે એક જણને જ્યારે અગ્રલેખ વાંચવાનું મન હોય ત્યારે બીજાએ હમેશાં છેલ્લા પાનાના સમાચાર વાંચવાનો પ્રયત્ન કરવો. અને અગ્રલેખવાળો જ્યારે છેલ્લું પાનું વાંચવા ફેરવે ત્યારે છેલ્લા પાનાવાળાએ પહેલું પાનું વાંચવાનો કાર્યક્રમ અપનાવવો. આથી બને છે એવું, કે વાંકાચૂંકા થઇને, એકપગે કે પગનાં આંગળાં પર ઊભા રહીને, છાપાનો માત્ર છેડો પકડીને, કે ગમે તે રીતે, પણ, ચારપાંચ વાંચનારામાંથી દરેકને જુદું જ વાંચવું હોય છે! (જુઓ મથાળાનું ચિત્ર) પણ આવી ગીરદી તો ફક્ત સવારે છાપું તાજું આવ્યું હોય ત્યારે એકાદ કલાક જ રહેવાની.

એ વાતાવરણમાં વાંચવા જેટલી જ મઝા કલ્પનાવિહાર કરવાની આવતી. મૅગૅઝીનો ઉથલાવવા કરતાં સ્વપ્નાંના મણકા ફેરવવાની વધુ પ્રેરણા મળતી. છતાં જ્યારે વાંચતા ત્યારે તો એના પૂરમાં તણાઇ જવાની,—રસના સાગરમાં ડૂબી જવાની સગવડ પણ એ વાતાવરણ જેવી અત્યારે ય જોવા નથી મળતી. ત્યાં ઘોંઘાટ હતો, પણ તે ચંપલના સરકાનો કે બૂટના ચમચમાટનો નહિ, મોટરના હૉર્નનો કે ઇલેક્ટ્રિકના પંખાનો નહિ, પણ કબૂતરના 'ઘૂઘૂ'નો, એની પાંખોના ફફડાટનો.

ક્યારેક થાય છે કે ખરેખર પાછો જઇને એ ઘૂઘવાટ સાંભળી આવું, પટાવાળા પાસે જોડેની હૉટેલમાંથી મંગાવેલી સ્પેશિયલ પી આવું, એ ભાંગેલી પાયાવાળી ખુરશીઓ, જૂના કાગળોની એ સૌરભ, ખડખડપાંચમ કબાટો, એકાદ ફાઇલ શોધતાં ઊડતી એ ધૂળ, એ રજકણોને રંગીન બનાવતો લાયબ્રેરીની આરપાર જતો એ તડકો, અને એ બધાંની વચ્ચે માણેલા વાચનરસનો અનુભવ એકાદ વાર લઇ આવું. પણ પાછી બીક લાગે છે કે કદાચ એ બધું બદલાઇ ગયું હશે તો? હું તો મૂળગી મારી સ્મરણોની મોજ પણ ગુમાવું ને? અને એ બધું બદલાઇ ગયું ન હોય તો હું તો બદલાઇ જ ગયો છું. એ મુગ્ધતાભરી આંખો પાછી ક્યાંથી લાવવી? એના કરતાં તો, બસ, આવી રીતે કબૂતરોની પાંખોના ફફડાટે એકદમ ઊડીને એ સૃષ્ટિમાં એકાદ કલ્પનાની લટાર મારી અવાય છે એ જ બસ નથી?

રડયાર્ડ કિપ્લિંગને તેના સમયના લેખકોમાં સૌથી વધારે પૈસા મળતા હતા: દર શબ્દે છ શિલિંગ. એક દિવસે તેને એક મશ્કરા તરફથી નીચે મુજબ પત્ર મળ્યો: 'વહાલા સાહેબ, આ સાથે છ શિલિંગ મોકલ્યા છે. મને એક શબ્દ મોકલવાને કૃપા કરશો.'

કિપ્લિંગે જવાબ લખ્યો: 'આભાર.'

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષે ઉપયોગી અને અવનવીન માહિતી આપતો વિભાગ

જમણી બાજુ આડી છાપેલી મથાળાની પાંચ તથા તેની નીચેની લાંબી એક મળી છ ટિકિટો તદ્દન નવા જ પ્રકારની છે. ટિકિટો ઉપર વ્યક્તિઓ, વસ્તુઓ, વનસ્પતિ, પશુપ્રાણી, મકાનો અને નકશાઓ સુદ્ધાં આપણે જોયા છે; પણ આનાં ઉપર તો માત્ર મોટા સુશોભિત અક્ષરો જ છે; અને ઉપર-નીચે ટિકિટની કિંમત તથા તે કાઢનાર દેશ બેલ્જિયમનું નામ છે. બેલ્જિયમમાં ORVAL (ઑર્વેલ) અને AVERBODE નામનાં બે અતિ પ્રાચીન અને વિખ્યાત ધર્મસ્થાનો છે. છેક ૧૫મી સદીથી તેમાં વર્ષોવર્ષ સુધારા તથા જીર્ણોદ્ધાર થતા જ આવ્યા છે. એ પૈકી Orval Abby(ઑર્વેલ દેવળ)ના જીર્ણોદ્ધાર માટે ઈ. ૧૯૪૩માં ખાસ બહાર પાડેલી વધારાના મૂલ્યવાળી છ ટિકિટો એ છે. તેમાં મથાળાની પાંચ ટિકિટો ઉપર દરેક પર, અત્યંત સુશોભિત રૂપમાં એ દેવળના નામનો એકએક અક્ષર O-R-V-A-L આલેખેલો છે અને નીચલી છઠ્ઠી લાંબી ટિકિટ પર એ જ અક્ષરોમાં તેનું આખું નામ Orval આલેખેલું છે. એ આલેખન પણ, છેક ૧૨મી સદીમાં ત્યાંનાં પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોમાં થતાં સુશોભનની શૈલીએ કરવામાં આવેલું છે, જેમાં વૃક્ષ, વેલ-પત્તી, માછલાં, પ્રાણીઓ વગેરેનાં ચિત્રણ છે. પ્રજા તરફથી એ જીર્ણોદ્ધારમાં ફાળો મળી શકે તે માટે ટિકિટના પોસ્ટેજ ઉપરાંત તેને પડખે આવું + (વધતાનું) ચિહ્ન કરીને જે વધારાનું મૂલ્ય છાપેલું છે (દાખલા તરીકે પહેલી ૫૦ સેન્ટાઈમની ટિકિટ ઉપર વધારાનો ૧ ફ્રેંક) તે પૈસા એ જીર્ણોદ્ધાર ફંડમાં જવાના. આમ, પ્રજાના અદનામાં અદના માણસનો ફાળો પણ એ દેવસ્થાનના જીર્ણોદ્ધારમાં મળી શકે એ હેતુ છે. (અજિતકુમાર સંઘવીનો સંગ્રહ)



→ બેલ્જિયમના ઑર્વેલ દેવળ નિમિત્તની ટિકિટ



આ પાનાને છેડે બે નવી વસ્તુઓ આપી છે. જમણી બાજુએ છે તે ભારતે હમણાં આ પહેલી ઑગસ્ટે હિંદમાં વિમાન-વ્યવહારના થએલા રાષ્ટ્રીયકરણના નિમિત્તે ખાસ બહાર પાડેલા 'ફર્સ્ટ-ડે કવર'નું ચિત્ર છે; (આ અંકના છેલ્લા પાને એ પ્રસંગે ખાસ યોજાએલી રદ્દીકરણની છાપ પણ આપેલી છે.) ડાબી બાજુએ, ફિલિપ્પાઈન્સમાં ભરાએલી ૪થી ઈન્ડો પાસિફિક ફિશરીઝ કાઉન્સિલ (હિંદ-પાસિફિક દેશોની મત્સ્ય-સમિતિ) પ્રસંગે કાઢેલી ટિકિટો તથા તેના રદ્દીકરણની છાપ છે.



↑ગયા વરસની ૨૩મી જુલાઈએ ઇજિપ્ત સ્વતંત્ર થયું તેના સ્મરણમાં કાઢેલી ટિકિટો પૈકીની ત્રણ

ઇજિપ્ત તથા ફિલિપાઈન્સની ટિકિટો રાજેન્દ્ર ભટ્ટના સંગ્રહમાંથી



↑ભારતના વિમાનોના રાષ્ટ્રીયકરણનું કવર તથા ઈન્ડો પાસિફિક ફિશરીઝ કાઉન્સિલ નિમિત્તની ટિકિટ (રાજેન્દ્ર રમણિકલાલ ભટ્ટના સંગ્રહમાંથી)

વિદ્યાર્થીઓ માટેનો એક વ્યવસાય

મધ્યમવર્ગ આજે પોતાની ચાલુ આવકમાંથી ઘરનાં જરૂરી ખરચોને પણ પહોંચી શકતો નથી. તેને નાનીસરખી પૂરક આવક પણ ઘણી રાહત રૂપ થઈ પડે તેવું છે. ઉપરાંત, ઘણાં વિદ્યાર્થી ભાઈબહેનોને પોતાનો અભ્યાસ આગળ વધારવા માટે જાતે કમાઇને ભણવાની જરૂરિયાત દિવસેદિવસે વધતી જાય છે. આવાં માણસો જો પોતાના અભ્યાસ અગર ચાલુ વ્યવસાયમાંથી એકાદ કલાક ફાજલ પાડી ધંધાદારી પ્રવર્તક પુસ્તકાલય (circulating library)ની શરૂઆત કરે તો જરૂર નાનીસરખી પૂરક આવક કમાઈ શકે એ મેં પોતે જાતમહેનતથી સિદ્ધ કરેલી હકીકત છે.

'કુમાર'ના સપ્ટેમ્બર ૧૯૫૧ના અંકમાં એ 'પ્રવર્તક પુસ્તકાલય'-ની સંક્ષિપ્ત યોજના મેં રજૂ કરી હતી. ને તે પરથી તેની વધુ વિગતો માગતા સોએક પત્રો મારા ઉપર આવ્યા હતા ને હજી આવે છે.

જે કોઈ આ યોજનાને, આજીવિકાના 'સંપૂર્ણ સાધન' તરીકે અમલમાં મૂકવા ઈચ્છતા હોય તેમને માત્ર પત્રવ્યવહારથી તે સમજાવી શકાય તેવું નથી. તેવાઓએ તો પહેલાં તેનો ઊંડો અભ્યાસ ને વ્યવસ્થિત વ્યવહારુ તાલીમ લેવી જરૂરી છે. પણ જેઓ પૂરક સાધન તરીકે તેનો અમલ કરવા માગતા હોય તેઓ નાના અખતરાથી શરૂઆત કરે તો, જેમજેમ આગળ વધતા જશે તેમતેમ, જે મુશ્કેલીઓ તેમના માર્ગમાં આવશે ને મુશ્કેલીઓ જ તેમને સાચો રસ્તો બતાવશે.

ચૂંટી કાઢેલાં, સારાં, અંગ્રેજી તથા ગુજરાતી માસિકો, સભ્યોને ઘેર બેઠાં વાંચવા મોકલવાનો એક અખતરો આજ દોઢ વર્ષથી હું કરી રહ્યો છું; અને તેમાં મને મોટે ભાગે સફળતા મળી છે. મુશ્કેલીઓ ઘણી આવી, પણ ધીરજથી તેનો ઉકેલ શોધી આગળ વધતો ગયો છું, એટલે આજે એ યોજના જનતા સમક્ષ મૂકવાની હિંમત કરું છું.

બારતેર રૂપિયાની નાની મૂડીથી એક નાનો અખતરો શરૂ થઈ શકે: અખંડ આનંદ રૂ. ૧), સંસ્કૃતિ રૂ. ૦ાા, કુમાર રૂ. ૦ાા, મિલાપ રૂ. ૦ાા, ઊર્મિ–નવરચના રૂ. ૦ાા, સ્ત્રીજીવન રૂ. ૦ાા, રમકડું રૂ. ૦ાા, નવચેતન રૂ. ૦ાા, પ્રસ્થાન રૂ. ૦ાા, ગાંડીવ રૂ. ૦ાા, Filmindia રૂ ૩), Reader's Digest રૂ. ૧ાા. આ બાર માસિકો રૂ. ૨)ના માસિક લવાજમથી વાંચવાની ઈચ્છા ધરાવનાર બાર સભ્યો ઊભા કરી આ અખતરાની શરૂઆત કરવી.

મધ્યમ વર્ગના ઉપલા થર(upper middle class)નો એક સારો લત્તો પસંદ કરી, ઘેરઘેર ફરી સભ્યો શોધવ ના રહે. એક રૂપિયા-ની કિંમતનું માસિક તેમને લગભગ ત્રણ આનાના ભાડાથી–એટલે કે કિંમત કરતાં એંશી ટકા ઓછા ખરચમાં વાંચવા મળે તેવી વ્યવસ્થા આ યોજનામાં છે, એ વાત તેમને સમજાવવી બહુ મુશ્કેલ નથી.

રવિવાર સિવાય, દર બીજે દિવસે, ચાલુ મહિનાનું એક માસિક સભ્યને ઘેર બેઠાં વાંચવા પહોંચાડવાનું. એટલેકે સભ્ય એક માસિક બે દિવસ માટે રાખી શકે. આ યોજનાનો અમલ આસાનીથી થઇ શકે તે માટે એક જ લત્તામાંથી બાર સભ્યો શોધી કાઢવા જરૂરી છે. બાર સભ્યોના બે વિભાગ કરી તેમાંથી છના સોમ-બુધ-શુક્ર ને બાકીના છના મંગળ-ગુરુ-શનિ એમ વારા ગોઠવવા, અને તેમાં વંચાઇ ગએલું એક માસિક પાછું લઈ નવું માસિક તેમને આપવું. છ સભ્યોને ઘેર માસિકો પહોંચાડવામાં (સભ્યો એક જ લત્તામાં હોય તો) વધુમાં વધુ વીસ મીનીટ લાગે છે એ જાતઅનુભવની વાત છે.

આ પ્રમાણે બાર રૂપિયાની મૂડીનું વળતર રૂ. ૨૪ થયું. તેમાં રૂ. ૧૨નો ચોખ્ખો નફો (બાર સભ્યોનું લવાજમ રૂ. ૨૪–માસિકોનો ખર્ચ રૂ. ૧૨=રૂ. ૧૨) સવારે માત્ર અરધો કલાક કામ કરવાથી મળે છે. વેપારી ભાષામાં આ 'સો ટકા નફાનો ધંધો' કહેવાય અને ઉપરાંત દર માસે બાર માસિકો તો પોતાની પાસે અનામત જ રહે!

બીજે મહિને આ અનામત માસિકોનો ઉપયોગ પણ કરી શકાય. રૂ. ૨)ના લવાજમથી જ, ચાર વધુ સભ્યો ઊભા કરી, અઠવાડિયે એકવખત દરરવિવારે, તેમાંથી એકી સાથે ત્રણ માસિકો તેમને વાંચવા આપી શકાય. એટલે બીજે માસે ૧૨+૮=૨૦ રૂપિયાનો નફો રહે.

આ માસિકોની ત્રિમાસિક ફાઇલો બંધાવવાથી દર ત્રણ માસે બાર સુંદર ફાઇલો તૈયાર થશે. આ ફાઇલો અરધા લવાજમથી, એટલે કે રૂ. ૧ના લવાજમથી, વાંચવા આપવાથી આમાંથી પણ ચાર મહિના બાદ દર માસે બાર રૂપિયાની વધુ કમાણી થઈ શકે.

એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે જેઓ જાતમહેનતનું ગૌરવ સ્વીકારી, સભ્યોને ઘેર જાતે જઇને માસિકો પહોંચાડવા તૈયાર હોય તેઓ જ આ વ્યવસાય કરી શકશે. જેઓ જાતે મજૂરી કરવામાં શરમ માનતાં હોય તેમણે આ વ્યવસાયનો વિચાર કરવો પણ નકામો છે.

મારા પુસ્તકાલયમાં આ અખતરો અમે બહુ મોટા પાયા પર કર્યો છે. તેમાં દર માસે રૂપિયા પાંચના લવાજમથી, દુનિયાભર-નાં સર્વશ્રેષ્ઠ અને ચૂંટેલાં સાઠ માસિકોમાંથી સભ્ય પસંદ કરે તે તેર માસિકો ઉપરની યોજના મુજબ તેને ઘેર બેઠાં વાંચવા માટે અમે પહોંચાડીએ છીએ. માસિકોનો ખર્ચ અમને દર મહિને રૂ. ૧૨૫)નો આવે છે, અને તે પચાસ સભ્યોને પૂરતો થઇ રહે છે. પચાસ સભ્યોનું લવાજમ રૂ. ૨૫૦) થયું. રોજ પચીસ સભ્યોને ઘેર ડીલીવરી કરવાની હોય છે, જેમાં બે કલાકથી વધુ સમય લાગતો નથી. એટલે માસિકોની કિંમત ખરચ ખાતે માંડી વાળીએ તો પણ ચોખ્ખો નફો રૂ. ૧૨૫)નો રહે છે. તે ઉપરાંત દર ત્રણ મહિને ૮૦ સુંદર ત્રિમાસિક ફાઇલોનો (વરસે ૨૪૦ ફાઇલોનો) સંગ્રહ નફામાં રહે છે!

આ છે 'પ્રવર્તક પુસ્તકાલય'નો સંપૂર્ણ ને સફળ અખતરો. ઈચ્છા થાય તો કરી જોજો. પણ તેની પૂર્વતૈયારીરૂપે આટલું ધ્યાનમાં રાખજો:

(૧) શરૂઆતમાં કંઈ પણ વળતરની આશા સિવાય ઓછામાં ઓછા ચાર મહિના ધીરજથી અને એકસરખા ખંતથી આ કામની પાછળ મંડયા રહેવાની તૈયારી હોવી જોઇએ.

(૨) સભ્યોને બરાબર નિયમિતરીતે, એક પણ દિવસ પાડયા વગર, મુકરર સમયે માસિકો પહોંચવાં જ જોઇએ. તેની અસાધારણ ચીવટ રાખવી અત્યંત જરૂરી છે.

(૩) દરેક માસિક જાતે વાંચી જવું. તેમાં શું સારું વાંચવાનું છે તે સભ્યોને ચીંધવાનો પ્રયત્ન કરવો. માસિકો સભ્યોને આપતાં પહેલાં જ તેની મરામત કરી લેજો અને ઉપર બટર પેપરનાં પારદર્શક કવર ચડાવી લેજો. આમ કરવાથી જ માસિકો જળવાશે.

કોઇ ભાઈબહેન આ સંબંધી પત્રવ્યવહાર ન કરે એ અરજ છે, કારણ પત્રવ્યવહારથી ઉપર આપેલી હકીકતો ઉપરાંત વધુ કશું સમજાવી શકાય તેમ નથી. જે કોઇ જાતે આવીને આ અખતરો જોવા માગતાં હોય તેઓ મુંબાઈમાં 'ગ્રંથાગાર', ૨૧ હાર્વે રોડ, ભારત સ્ટોર્સ, ગામદેવી, મુંબઈ-૭. આ ઠેકાણે રવિવાર સિવાય કોઇ પણ દિવસે સાંજે ૪ાા થી ૮ સુધી આવી શકે છે.

રસિક ઝવેરી

શાહઝાદાની શરણાગતિ(અનુ.પૃ. ૨૮૭થી)સેનામહોરોવહેંચી. ઠેરઠેરથી રાજપૂતોએ બાદશાહી પેશકશી ઊઘરાવીને નાણાંનો ઢગલો કરવા માંડ્યો. યુદ્ધસામગ્રીના ગંજ ખડકાવા લાગ્યા. અકબરનું પોતાનું અને રાઠોડ દુર્ગાદાસની સરદારી હેઠળ રાજપૂતોનું મળીને પોણો લાખનું લશ્કર બાદશાહ ઔરંગઝેબ સામે લડવા, તેને દિલ્હીના તખ્ત પરથી ઉઠાડી મૂકી ત્યાં શાહઝાદા અકબરને બાદશાહ અકબર બીજા તરીકે બેસાડવા ખડે પગે થઇ ગયું.

અજમેરમાં બાદશાહ ઔરંગઝેબને એ ખબર પહોંચી અને તે ઊંચોનીચો થઇ ગયો. તેને થયું: બાદશાહ શાહજહાંના છેલ્લા દિવસોના જેવા દિવસો શું મારા પણ આવી રહ્યા છે? અકબરની જંગી સેના અજમેર તરફ આવી રહી હતી અને ઔરંગઝેબની પાસે કિલ્લાના બચાવ માટે પણ પૂરતું લશ્કર નહોતું. શાહઝાદા મોઅજ્જમને તેણે સેના સાથે સત્વર અજમેર આવી પહોંચવા હુકમ મોકલ્યો. નજીકમાં જે બીજા સરદારોની લશ્કરી ટુકડીઓ બંદોબસ્ત સ્થાપવા અને પેશકશી ઉઘરાવવા ફરતી હતી તે સરદારોને તાકીદે અજમેર બોલાવવામાં આવ્યા. અને કુમક આવવા લાગતાં ઔરંગઝેબમાં હિંમત તો આવી; પણ ખૂબ જ ખબરદારીથી કામ લેવાની જરૂર હતી.

અજમેરથી છસાત કોસ દૂરને સ્થાને અકબરની સેના આવી પહોંચી, એટલે ઔરંગઝેબ અજમેરથી બહાર નીકળી અકબરના માર્ગમાં જ લશ્કરી છાવણી નાખીને ઊભો.

અકબરની સેનામાં કેટલોક ઘડાટો થયો હતો. કેટલાક સૈનિકો જેઓ બાદશાહ ઔરંગઝેબની સામે બંડ પોકારવામાં અકબરનો સાથ કરવા તૈયાર નહોતા તેઓ લશ્કર છોડી બાદશાહ પાસે પહોંચી ગયા હતા; પરંતુ રાજપૂતોની સેનાનો તો તેને અડગ સાથ હતો. તેનું એ બળ ઔરંગઝેબને ગભરાવે એવું હતું.

બીજે દિવસે સવારે અકબરે બિછાનામાંથી ઊઠતાં સાંભળ્યું કે સેનાપતિ તહવ્વરખાં સેના છોડીને બાદશાહને જઇ મળ્યો છે!

તહવ્વરખાંનાં સ્ત્રી-બાળકો અજમેરમાં તેના સસરાને ઘેર હતાં. ઔરંગઝેબે તહવ્વરખાંને ધમકીનો સંદેશો મોકલ્યો હતો કે તારે અકબરને છોડી તુરત અજમેર આવવું, નહિ તો તારી સ્ત્રીની લાજ લુંટાશે અને તારાં બાળકોને કૂતરાની પેઠે ગુલામો તરીકે વેચી દેવામાં આવશે.

અકબર એ વાત સાંભળી રહ્યો. માણસ સૈનિક બને છે, પણ તે માણસ મટી જતો નથી, તેનો પરિવારપ્રેમ ચાલ્યો જતો નથી. એ પ્રેમને કારણે તે સારું કે ખોટું પણ સાહસિક આચરણ કરે છે. તહવ્વરખાંએ એવું સાહસ કર્યું હતું. તે ઔરંગઝેબની ધમકીને વશ થયો હતો ને અકબરને ખબર કરવાને પણ થોભ્યા વિના ચાલ્યો ગયો હતો.

આને મુકાબલે રાજપૂતોના અડગ વીરત્વનું અકબરે પૃથક્કરણ કર્યું. તેઓ લડવામાં વીર હતા અને પરિવારના મોહનો ત્યાગ કરવામાં તેમને તેમની પત્નીઓ પણ આત્મ-બલિદાન વડે સહાય કરતી. એ રીતે સ્ત્રી-બાળકો પરનો પ્રેમ રાજપૂતોને કર્તવ્યભ્રષ્ટ કરી શકતો નહિ.

અને તત્કાલ અકબરને પોતાની જ બેગમ અને બાળકો સાંભર્યાં. તેઓ જો આ વખતે બાદશાહની હકૂમતના પ્રદેશમાં હોય, અને જે ધમકીથી બાદશાહે તહવ્વરખાંને જેર કર્યો તે જ ધમકી પોતાને પણ આપવામાં આવે, તો પોતાની શી દશા થાય?

અકબરનું અંતર કંપી ઊઠ્યું. તેને ખબર હતી કે સ્ત્રીઓની ઇજ્જત જાળવવામાં રાજપૂતો જેટલા ઉદાર હતા, તેટલા જ મુસલમાનો નઠોર હતા. કોઇકોઇ વાર પોતાના જ સૈનિકોને એવું નઠોરપણું દાખવતા અકબર જોતો ત્યારે તે તેમને ઠપકો આપતો.

હવે અકબરને ભાવિ યુદ્ધના જોખમનો વિચાર થયા વિના રહ્યો નહિ. તેણે દુર્ગાદાસને બોલાવ્યો અને કહ્યું: 'સરદાર, મારી ઇચ્છા છે કે સુલ્તાના બેગમ અને બેઉ બાળકોને હવે છાવણીમાં ન રાખતાં તેમને દૂર કોઇ નિર્ભય સ્થાને મોકલી દેવાં જોઇએ.'

'આપની સૂચના હોય તેમ કરું.'

'યુદ્ધ કેટલું ચાલે તે કહેવાય નહિ. હાર-જીતનો ભરોસો રખાય નહિ. તહવ્વરખાંની બેવફાઈ જોયા પછી મને લાગ્યું છે કે મારા પરિવારને તમારા વિશ્વાસુ માણસોની નિગેહબાની હેઠળ ક્યાંક દૂર લઈ જવામાં આવે તો ઠીક.'

દુર્ગાદાસનું દિલ રાચ્યું. અકબર કેવળ બોલીને નહિ પણ વર્તીને રાજપૂતો પર પરમ વિશ્વાસ દાખવતો હતો તે તેના સંતોષના અવધિરૂપ હતું. પરમ અવિશ્વાસુ બાદશાહનો આ પરમ વિશ્વાસુ પુત્ર દિલ્હીના તખ્ત પર હોય, પછી શી ખામી રહે?

દુર્ગાદાસે તત્ક્ષણ અકબરની ઇચ્છાને વધાવી લીધી અને તેના આખા જનાનાને દાસદાસીઓ સાથે છાવણીમાંથી કોઇ સુરક્ષિત ગુપ્ત સ્થળે લઇ જવાની વ્યવસ્થા કરી. સાથે મોકલવા રાઠોડ અને મુઘલ સૈનિકોની એક ટુકડી તૈયાર કરી.

'અબ્બાજાન! હમ જાતે હૈં, આપ હમારી પાસ કબ આઓગે?'

સુંદર રમકડા જેવી ત્રણ વર્ષની સફિયાને ઊંચકી, ગળે વળગાડી, તેના ગાલે ચુંબન કરતાં અકબરે જવાબ આપ્યો: 'તીન દિન કે બાદ, બેટી!'

'જરૂર?'

'હાં, જરૂર!'

અકબરે તેમને વિદાય દીધી. દુર્ગાદાસે તે સૌને મારવાડના બાડમેર પરગણામાં મોકલી આપ્યાં હતાં અને સાથે મોકલેલા રાજપૂતોને ઇમાનદારી તથા જવાબદારીની ફરીફરીને યાદ આપી હતી.

એક દિવસ વધુ થયો. ઔરંગઝેબની સેના ત્રણ કોસ કૂચ કરીને આગળ વધી. દુર્ગાદાસ અને અકબરે પોતાના વ્યૂહની મંત્રણામાં આખો દિવસ ગાળ્યો અને મોડી રાત્રે બંને છૂટા પડી પોતપોતાના ડેરામાં શયન માટે ગયા.

મધરાત થઇ હતી. દુર્ગાદાસને હજી ઊંઘ આવી નહોતી. તે આળોટતો જ હતો, એવામાં ચોકીદારનો અવાજ સંભળાયો: 'સરદાર સાહેબ! એક શખ્સ સામેની છાવણીમાંથી આવી શાહઝાદા અકબરના નામની ચિઠ્ઠી આપી ગયો છે, પણ શાહઝાદા ઊંઘી ગયા છે.'

દુર્ગાદાસ તરત ઊઠીને બહાર આવ્યો અને ચોકીદારના હાથમાંથી ચિઠ્ઠીનો બંધ લખોટો લીધો. ચિઠ્ઠી બાદશાહ ઔરંગઝેબ તરફની જ હોય એવો તેને શક ગયો અને તેણે લખોટો ફોડ્યો. ખરેખર, ઔરંગઝેબે શાહઝાદા ઉપર લખેલી એ ચિઠ્ઠી હતી. લખ્યું હતું:

'બેટા! તેં સરસ કામ કર્યું છે. આટલા બધા રાજપૂતોને તું મારી નજીક આટલે સુધી ખેંચી લાવ્યો છે, પણ હવે તું એક વધુ કામ કર: આવતી કાલે જ તું તેમને મોખરાના વ્યૂહમાં મોકલી દે, એટલે તેમની ઉપર આગળથી અને પાછળથી એમ બંને બાજુથી હલ્લો થાય અને તેમનો ખુર્દો નીકળી જાય!'

દુર્ગાદાસ ચોંકી ગયો. શું અકબર રાજપૂતો સાથે દગો રમી રહ્યો છે? શું તે રાજપૂત સેનાને મુઘલ સેનાઓનાં બે પડોની વચ્ચે દળી નાખવા માંગે છે? પગથી માથા સુધી તે ક્રોધની આગથી બળી રહ્યો. 'હજુ ગઈ કાલે તેના કુટુંબને તેના કહેવાથી મેં મારવાડ તરફ રવાના કર્યું, તેને પણ શું એ ઠગારા બાપ-દીકરાએ વચ્ચેથી બીજે ક્યાંક ખેંચી જવાની ગોઠવણ કરી હશે?'

દુર્ગાદાસ તત્ક્ષણ અકબરના ડેરા તરફ ઊપડ્યો. અકબર ઊંઘતો

હતા. દુર્ગાદાસે ચોકીદારને કહ્યું: 'મને અત્યારે જ બહુ જરૂરનું કામ છે અને મારે શાહજાદાને મળવું છે.'

ચોકીદારે જવાબ આપ્યો: 'શાહજાદાને ગમે તેવા કામ માટે પણ જગાડવા નહિ એવું એમનું ફરમાન છે.'

દુર્ગાદાસ વહેમાયો. તેણે ઇબ્રાહીમખાં નામના એક ઊતરતા દરજ્જાના સિપેહસાલારને બોલાવવા માણસ મોકલ્યો. તુરત ખબર મળી કે એ તો છાવણી છોડીને વહેલી સાંજથી જ ક્યાંક જતો રહ્યો છે, જેની કોઈને ખબર નથી. દુર્ગાદાસ હવે સાવધ થઇ ગયો. રાતોરાત તેણે પોતાની આખી છાવણીમાં સમાચાર કઢાવી દીધા અને ચાળીસ હજાર રાજપૂતો અકબરના લશ્કરમાંથી ચાલતા થઇ ગયા! ગુસ્સાના માર્યા તેઓ અકબરની કેટલીયે યુદ્ધસામગ્રી પણ ખેંચી ગયા.

સવારે ડેરામાંથી બહાર આવતાં જ અકબરે પોતાની જાતને વિલક્ષણ દશામાં મુકાએલી જોઈ. એક બાજુએ રાજપૂતો ચાલ્યા ગયા હતા, અને બીજી બાજુએ તેના સૈનિકો પણ છાવણી છોડીછોડીને બાદશાહ તરફ ચાલ્યા જતા હતા! આમ શાથી થયું? તેના અંગરક્ષકે તેને રાતની વાત કહી. ઔરંગઝેબની ચિઠ્ઠી જ દગાખોર હતી એમ તે તુરત સમજ્યો. તેણે કપાળ કૂટ્યું, 'અરેરે, મને રાત્રે જ જગાડ્યો હોત તો આવું બનત નહિ!' પણ હવે તો બનવાનું બની ચૂક્યું હતું.

તેણે વેરવિખેર પડેલી પોતાની છાવણી તરફ દૃષ્ટિપાત કર્યો. ડેરા ઊભા હતા, પણ માણસો નહોતા; ખૂંટા ખોડેલા હતા, પણ હાથીઘોડા નહોતા; તોપો પડી હતી, તોપચીઓ નહોતા. બાદશાહત તો દૂર રહી, પણ હવે જાન ગુમાવવાનો સમય આવ્યો હતો.

ત્રણસો-ચારસો ઘોડેસવારોની સાથે અકબર તુરત જ ત્યાંથી નાઠો. પિતાને શરણે તેને જવું ન હતું. જે કંઇ ધન હાથ કરી શકાય તેવું હતું તે ઊંટો પર લાદીને તે રાજપૂતોની સાથે થઈ જવાને તેમની જ દિશાએ દોડવા લાગ્યો.

ઔરંગઝેબે જાણ્યું કે પોતાની ચિઠ્ઠીએ કામ તો બરાબર કર્યું, પણ તેની આટલી ઝડપી અસર થશે એમ તેણે ધારેલું નહિ. તેની ગણતરી મુજબ અકબર વહેલો નાસી છૂટ્યો. તેણે તરત જ શાહજાદા મોઅજ્જમ અને બે રાજપૂત સરદારોને તેને પકડવા મારવાડ તરફ મોકલ્યા.

બે દિવસ લાગલાગટ અકબરે દોડ ચાલુ રાખી અને તે દુર્ગાદાસ પાસે પહોંચી ગયો. તે દરમિયાન દુર્ગાદાસ પણ ઔરંગઝેબની દગાભરી ચાલ પારખી ચૂક્યો હતો, અને જે બનાવ બન્યો હતો તેમાં અકબરનો બિલકુલ દગો નહોતો તે એ જાણી ચૂક્યો હતો. અકબરને હાંફતો અને ગભરાએલો પોતાની ભણી આવતો જોતાં જ દુર્ગાદાસ બે હાથ પહોળા કરીને તેને ભેટ્યો અને ધીરજ આપી.

'શાહજાદા! તમે ગફલતમાં રહ્યા, મેં ઉતાવળ કરી: ખેર, બનવાનું હતું તે બની ગયું. તમે ગભરાશો નહિ. તમારા જાનનું જોખમ રાઠોડોને શિરે સમજજો. તમારા વિશ્વાસનો ભંગ રાઠોડો નહિ કરે. તમારાં બેગમ અને બાળકો સુરક્ષિત સ્થાને પહોંચી ગયાં છે અને તેમને માટે બધી વ્યવસ્થા થઈ ચૂકી હોવાના સમાચાર પણ આવી ગયા છે.'

'અને હું હવે કોઈ સુરક્ષિત સ્થાને જઈ પહોંચવા ઈચ્છું છું. મોઅજ્જમ સેના સાથે મને પકડવા પાછળ ફરે છે.' શાહજાદાએ કહ્યું.

'કશી ફિકર નહિ. તમને અમે બાદશાહના હાથમાં તો કદી જવા નહિ દઈએ. શરણાગત દુશ્મનને પણ અમે રક્ષણ આપીએ છીએ, ત્યારે તમે તો અમારા દોસ્ત છો, અમારા અતિથિ છો.' દુર્ગાદાસે કહ્યું.

પોતાના મુઘલ અંગરક્ષકો અને દુર્ગાદાસે આપેલી રાઠોડોની સંરક્ષણ-સેના સાથે શાહજાદો મારવાડમાં ફરવા લાગ્યો, પણ તે ખરેખર માર્યો માર્યો ફરતો હતો. પાછળ મોઅજ્જમની સેના આવતી હતી, એટલે તે કોઈ એક ગામે એકથી વધુ દિવસ રોકાતો નહિ, અને તેથી મોઅજ્જમ તેને પહોંચી શકતો નહિ. છેવટે થાકીને મોઅજ્જમે અકબરને પકડવા ઠેરઠેર મુઘલ સૈનિકોનાં થાણાં મૂકી દીધાં. અકબર સાંચોર ગયો, ત્યાં મુઘલ સૈનિકોનું થાણું પડેલું જાણીને તે મેવાડ તરફ ઊતર્યો. ઉદયપુરમાં રાણા જયસિંહે તેનો આદરપૂર્વક સત્કાર કર્યો અને રક્ષણ પણ આપ્યું. અહીં તેને દુર્ગાદાસ આવીને મળ્યો.

મોઅજ્જમને લાગ્યું કે હવે અકબરને પકડીને બાદશાહ પાસે મોકલવો મુશ્કેલ છે, એટલે તેણે અકબરની સાથે સુલેહની વાતચીત ચલાવી. જોધપુર રાઠોડ રાજાને પાછું આપવું અને અકબરને ગુજરાતનું એક પરગણું આપવું, એવી મોઅજ્જમે ઈચ્છા દર્શાવી, પણ દુર્ગાદાસને કે અકબરને તેનો વિશ્વાસ આવ્યો નહિ. મોઅજ્જમની વાત બાદશાહ કબૂલ રાખે એ અકબર માની શક્યો નહિ. તેને એમ જ લાગ્યું કે પોતાને પકડવાની આ એક જાળ માત્ર છે.

હવે તો મેવાડમાં કે મારવાડમાં રહેવામાં પણ અકબરને જોખમ જણાવા લાગ્યું. પોતાને આશ્રય આપનાર ઉપર ઔરંગઝેબ કોઈ પણ ઘડીએ આક્રમણ કરે એમાં તેને નવાઈ ભાસી નહિ. દુર્ગાદાસે પણ અકબરને હજી વધારે દૂર રાખવામાં સલામતી માની. તે પાંચ સો રાઠોડ ઘોડેસવારોની સાથે અકબરને લઇને ડુંગરપુરને પહાડી માર્ગે, મુઘલ સૈનિકોનાં થાણાંની ચોટમાંથી બચતાં બચતાં વાંસવાડા, માળવા અને નર્મદા પાર કરીને બુરહાનપુર પહોંચ્યો, અને ત્યાંથી ખાનદેશ વીંધીને રાયગઢ પહોંચ્યો. ત્યાં દુર્ગાદાસે શરણાર્થી શાહજાદા અકબરની રાય સંભાજીને મુલાકાત કરાવી.

શિવાજીના સમયથી મુઘલો મરાઠાઓના હાડવૈરી હતા, અને ઔરંગઝેબ તેમનો કટ્ટો દુશ્મન હતો. તેનો જ શાહજાદો મરાઠાઓની વચ્ચે આવી સંરક્ષણને માટે ઊભો રહેતાં સંભાજી વિચારમાં પડી ગયો. તેણે પોતાના સરદારો અને પ્રધાનોની સલાહ માગી. તેઓએ દુશ્મનના પુત્રને આશ્રય આપવાની ના કહી; પણ એક બ્રાહ્મણ મુત્સદ્દીએ એવો અભિપ્રાય આપ્યો કે રાઠોડો મરાઠાઓના મિત્રો છે અને રાઠોડ દુર્ગાદાસ તેને સંરક્ષણ માટે આપણી પાસે લાવ્યો છે, તો તેને આશ્રય આપવો એ આપણો ધર્મ છે. સંભાજીને એ વાત રુચી અને તેણે અકબરને આશ્રય આપ્યો.

પણ ત્યાં યે ઔરંગઝેબે શાહજાદાને સ્વસ્થ રહેવા દીધો નહિ. સંભાજી પાસે પૂરા છ માસ શાહજાદાએ નિરાંતમાં ગાળ્યા નહોતા, એવામાં બાદશાહની પાંચ હજારની ઘોડેસવારોની સેના મહારાષ્ટ્રમાં ઊતરી પડી. પરંતુ રાઠોડો અને મરાઠાઓએ ઠેકાણે ઠેકાણે તેમની સાથે યુદ્ધો કરીને તેમની પૂરી ખરાબી કરી.

એક દિવસ અકબરની ધાવમાતા દાઈ અખ્તરી બેગમ અને તેનો પુત્ર મીર ખલીલ અકબરને મળવા આવ્યાં. અખ્તરી અકબરને ખભે માથું મૂકી ખૂબ રડી અને પછી બોલી: 'બેટા, તું મારી સાથે ચાલ; હું બાદશાહ પાસે તને માફી અપાવીશ!'

અકબરે પૂછ્યું: 'અમ્મા! તમે કોઈના કહેવાથી મને મળવા આવ્યાં છો કે તમારી મેળે જ?'

'હું બાદશાહના કહેવાથી તારી પાસે આવી છું, બેટા! બાદશાહ બહારથી કરડા છે, પણ દિલના નરમ છે. તેમણે જ મને કહ્યું કે અખ્તરી બેગમ, તમે અકબરને મારી પાસે લઈ આવો.'

અકબરે આછું સ્મિત કરીને ખલીલને પૂછ્યું: 'મીર સાહેબ, અમ્મા કહે છે તે બરાબર છે?'

'જી હાં; બાદશાહે જ કહ્યું અને અમે આવ્યાં. તમે ઠેરઠેર રખડો,

બેગમ-બચ્ચાં હેરાનહેરાન થાય, એથી બાદશાહને બહુ લાગી આવે છે. તમે આવો તો બાદશાહ તમને પૂરતી જાગીર આપવા તૈયાર છે.'

અખ્તરી બોલી: 'હા બેટા! બાદશાહ તને માનમરતબાથી રાખશે.'

અકબર બોલ્યો: 'તમે ભલે આવ્યાં, પણ બાદશાહના સ્વભાવને હું જાણું છું તેટલો તમે નથી જાણતાં. તેમની નજર ક્યારે ફરશે, તેમનો ગુસ્સો ક્યારે પ્રકટશે, તેમની દયા-મમતા ક્યારે ઝુલ્મગારીમાં પલટાઈ જશે, અને તેમનો બોલ ક્યારે બદલાશે, તે આજ સુધી કોઈ ચોક્કસરીતે જાણી શક્યું નથી અને તમે પણ જાણી શકો નહિ. એટલે હું તમારી સાથે આવવા ઈચ્છતો નથી. બાદશાહથી દૂર રહીને હેરાન થવું કે ઝૂરવું એ મારે મન વધારે સારું છે: તેમની સંશયખોરીની વચ્ચે તેમની પાસે રહેવું એ મારે મન દોઝખ છે!'

અખ્તરી બોલી: 'એમ ન બોલ, શાહઝાદા, ગમે તેવા કરડા પણ એ વાલિદ છે, તું તેમનો બેટો છે: તારું દુઃખ જોઇ તેમને કેમ લાગણી થયા વિના રહે? બસ, હું તો તને લઇ ગયા વિના રહેવાની જ નથી.'

'એવી જિદ્દ ન કરો, અમ્મા! અહીં બાદશાહના દુશ્મનોની વચ્ચે રહીને હું જે શાંતિ ભોગવી શકું છું, તે હું બાદશાહના છત્ર હેઠળ ભોગવી શકું તેમ નથી એવી ખાતરી પછી જ હું આ બોલું છું.'

'એવું ન હોય, બેટા. ભલે, તારે બાદશાહની પાસે ન રહેવું હોય તો બાદશાહ તને એકાદ સૂબાગીરી આપશે, ખરું ને ખલીલ?'

'હા,હા,જરૂર!' ખલીલે માતાની વાતને પુષ્ટિ આપી: 'બાદશાહ તમને પકડી શક્યા નહિ, માટે તમને ફોસલાવીને પછી તુરંગમાં પૂરવા ઈચ્છે છે એમ ન માનશો; તમને હાકેમગીરી કે સૂબાગીરી આપીને શાહજાદાને ઘટે તેવા મરતબાથી રાખવા બાદશાહ તૈયાર છે.'

'જો બેટા,' અખ્તરી બોલી: 'હું તને કોલ આપું છું કે જો બાદશાહ મારો બોલ નહિ માને તો હું મારો જાન કુર્બાન કરીશ. પછી તો તને ભરોસો આવશે ને?'

અકબર બોલ્યો: 'અમ્મા! તો તમે જાઓ: બાદશાહને કહો કે ગુજરાતની સૂબાગીરી મને સોંપે ને મારો માલ-અસબાબ દિલ્હીમાં છે તે અમદાવાદ પહોંચાડે. તો હું તમારા બોલ પર આવવા તૈયાર છું.'

'બરાબર છે! હું એટલો બંદોબસ્ત જરૂર કરાવી આપું. બાદશાહ એ વાતની ના નહિ કહે. બોલ, એટલું થાય તો તું આવીશ ખરો ને?'

'જરૂર આવીશ.'

'તો એ મારું કામ. જો, હું જાઉં છું અને એક-માસમાં એટલું કામ પૂરું કરી તને ફરી તેડવા આવીશ; તું તૈયાર થઇને રહેજે.'

એમ કહીને મીર ખલીલ અને અખ્તરી બેગમ ચાલ્યાં તે ગયાં જ. એક માસને બદલે એક વર્ષ વીતી ગયું, પણ કોઇ જ અકબર પાસે આવ્યું નહિ કે કશો સંદેશો લાવ્યું નહિ.

બે વધુ વર્ષ અકબરે ત્યાં ગાળ્યાં ને દુર્ગાદાસ પણ ત્યાં જ રોકાયા. સંવત ૧૭૪૩માં દુર્ગાદાસને મારવાડમાં પાછા ફર્યા વિના ન ચાલે એવી ત્યાંની રાજકીય પરિસ્થિતિ થઈ પડી. તેને બોલાવવા ઉપરાઉપરી કાસદો આવવા લાગ્યા, ત્યારે દુર્ગાદાસે અકબરની રજા માગી.

'શાહઝાદા! આપને આપેલું વચન મેં યથાશક્તિ પાળ્યું છે. બની તેટલી મેં આપની સેવા કરી છે. હવે મારે માટે દેશમાં જવાની જરૂર ઊભી થઇ છે. મને વિદાય થવાની રજા આપો એવી વિનતિ કરું છું.'

અકબરે કહ્યું: 'સરદાર! હું તમને ખુશીથી રજા આપું છું. તમે હવે ભલે દેશ તરફ જાઓ. હું પણ અહીં વધુ રહેવા ઈચ્છતો નથી. હું ઇરાન ચાલ્યો જઈશ. આ ભૂમિમાં મને હવે શાન્તિ નહિ મળે. એક શરણાગત પ્રત્યેની ફરજ તમે પૂરી અદા કરી છે. તમે તમારું વચન ને ટેક પાળ્યાં છે અને તે માટે તમે વેઠેલી મુશ્કેલીઓનો હું સાક્ષી છું. વર્ષો સુધી તમે મને જાળવ્યો છે. હવે તો મારી તમને એટલી અરજ છે કે મારી બેગમ, મારી બેટી ને મારો બેટો તમારે હવાલે છે તેમને જાળવજો અને પાક મુસલમાનો તરીકેના તેમના ઉછેરની ગોઠવણ કરજો.' એટલું બોલતાં શાહઝાદાની આંખોમાંથી આંસુની ધારાઓ વહી નીકળી અને તે દુર્ગાદાસને બાથ ભરીને ભેટી પડયો.

દુર્ગાદાસની આંખો પણ ભરાઈ આવી. તેણે કહ્યું: 'શાહઝાદા, તમારા કુટુંબની તમે જરા યે ચિંતા ન કરશો. તેમને મારાં જ સંતાનો માનીને હું ઉછેરીશ અને તેમને ઈસલામનાં જ ફરજંદો બનાવીશ.'

એ રીતે શરણાગત અને શરણદાતા છૂટા પડયા. દુર્ગાદાસ મારવાડ જવા નીકળ્યો અને અકબર મસ્કત તરફ જતા વહાણમાં બેઠો.

મેવાડ અને મારવાડના રાજપૂતોની સાથે બાદશાહ ઔરંગઝેબની લડાઈ તે પછી પણ વર્ષો સુધી ચાલુ રહી. જોધપુરના મહારાજા જશવંતસિંહજીના પુત્ર અજીતસિંહ જુવાન થયા, પણ તેને તેના પિતાની જાગીર પાછી સોંપવાની ઔરંગઝેબની દાનત જ નહોતી. દુર્ગાદાસની સરદારી હેઠળનું રાઠોડોનું પહાડી યુદ્ધ જરા યે વિરમ્યું નહોતું.

પરન્તુ સમય જતાં ઔરંગઝેબના ચિત્તમાં એક નવી ચિંતા જન્મી. અકબરની પુત્રી સફીઉન્નિસા હવે જુવાન થઈ હતી. તે ઓગણીસ વર્ષની થઈ હતી ને અજીતસિંહ પણ જુવાન થયો હતો. બાદશાહને ડર રહેતો હતો કે રાઠોડોને હાથ પડેલી એ મુઘલ શાહઝાદીને કદાચ અજીતસિંહ પરણી જશે તો બાદશાહ તરીકેનું પોતાનું નાક કપાઈ જશે!

એટલે બાદશાહે સફીઉન્નિસાને દુર્ગાદાસ પાસેથી મેળવવા માટે યત્ન કરવા માંડ્યો. એક મુઘલ સરદારે પાટણના નાગર બ્રાહ્મણ ઈશ્વરદાસને પોતાના વિશ્વાસમાં લીધો અને ઈશ્વરદાસે દુર્ગાદાસ સાથે સંપર્ક સાધ્યો. સંવત ૧૭૫૫માં બાદશાહે દુર્ગાદાસને માફી આપીને તેની જાગીર માટેની અરજી મંજૂર રાખી, એટલે તેણે ઈશ્વરદાસની સાથે શાહઝાદીને બાદશાહ પાસે મોકલી દીધી.

સફીઉન્નિસાને જોઇ ઔરંગઝેબ રાજી થયો. તેણે તેને ઇસલામ ધર્મનું શિક્ષણ આપવા માટે એક શિક્ષિકા રાખવાનો ઇરાદો જણાવ્યો. શાહઝાદીએ કહ્યું: 'દાદાજી! મને સરદાર દુર્ગાદાસજીએ ઇસલામનું શિક્ષણ પણ આપ્યું છે. તે માટે તેમણે એક મુસ્લિમ શિક્ષિકાને અજમેરથી બોલાવીને રાખી હતી. મેં કુરાન પણ કંઠસ્થ કર્યું છે.'

ઔરંગઝેબ ચકિત થઇ ગયો! દુર્ગાદાસની નેકટેક અને સચ્ચાઇનો જે ખયાલ આજ સુધી તેને કદાપિ નહોતો આવ્યો તે હવે આવ્યો. બાદશાહે અત્યંત ખુશ થઇને દુર્ગાદાસનો માસિક પગાર નક્કી કરી આપ્યો તથા તેની જાગીર તેને પાછી સુપરત કરી.

કેટલાક સમય પછી અકબરના બેટા બુલંદઅખ્તરને પણ દુર્ગાદાસે બાદશાહને સોંપી દીધો અને બાદશાહે અજીતસિંહને તેની જોધપુરની જાગીર પાછી સોંપી તેની સાથે સુલેહ કરી.

જે વિશ્વાસ શાહઝાદા અકબરને મેવાડ-મારવાડના શિસોદિયા-રાઠોડ રાજપૂતોની વીરતા અને નેકટેક ઉપર હતો, તે વિશ્વાસ બાદશાહ ઔરંગઝેબને હોત તો મુઘલ વંશના ભારતમાંના રાજત્વનો ઇતિહાસ કોઇ જુદી જ રીતે લખાયો હોત.

કાપડ એ જેમ વસ્ત્ર નથી તેમ જ્ઞાન એ ડહાપણ નથી.
બીજાઓના દોષ આપણી સામે રહે છે, આપણા પોતાના આપણી પાછળ.

(અનુસંધાન પૃ. ૨૮૫થી)



રાજા મહેન્દ્ર પ્રતાપ



ઍની બેસંટ

૧૯૧૪ના અંતે કારાવાસમાંથી છૂટેલા લોકમાન્ય ટિળકે કૉંગ્રેસને દૃઢ પાયે મૂકવાના પ્રયત્નો આરંભી દીધા. એની વળતી સાલે ગોપાલ કૃષ્ણ ગોખલે તથા ફિરોઝશાહ મહેતાનાં અવસાન થતાં જાણીતાં થીઓસોફિસ્ટ નેતા ઍની બેસંટ રાજકારણમાં મોખરે આવ્યાં અને 'હોમરૂલ લીગ' ની સ્થાપના કરી. બે જ વર્ષમાં આ આંદોલન દેશભરમાં ફરી વળતાં સરકારે ૧૯૧૭ના જૂનમાં શ્રીમતી બેસંટને નજરકેદ કર્યાં. એ જ વર્ષના ઑગસ્ટની ૧૭મીએ હિંદી વઝીર મૉન્ટેગ્યુએ હિંદની મુલાકાત લીધી અને હિંદને કેટલાક સુધારા આપવાનું નક્કી કર્યું. શ્રીમતી બેસંટ અને તેમના સાથીઓને છોડી મૂકવામાં આવ્યા.

પરંતુ હિંદનો આત્મા જે નેતાને ઝંખી રહ્યો હતો તે ત્યાર સુધીના બધા નેતાઓ કરતાં જુદો જ હતો. એ હતા શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી. રાજકીય ક્ષેત્રે મૂલ્યોની જ્યારે અરાજકતા પ્રવર્તતી, સાધ્ય અર્થે જોઈતી તિતિક્ષા નહોતી કે સાધનોનો વિવેક ન હતો ત્યારે તેમણે ચંપારણ્યની સફળ લડત લડીને જનતાને નવાં મૂલ્યો અને સાધ્ય-સાધનવિવેકની નવી દૃષ્ટિ આપી. વાણી કરતાં કૃતિને તેમણે વધુ મહત્ત્વ આપ્યું અને રાજકીય ક્ષેત્રે જ પોતાના મોરચાને મર્યાદિત ન રાખતાં પ્રજાજીવનના એકેએક ક્ષેત્રમાં તેમણે નવજાગૃતિ અને નવસંસ્કાર પ્રેર્યાં. આપણા જીવનના પરમ સૌભાગ્ય રૂપ એ કાલખંડના આપણે નજરોનજર સાક્ષી હોઈ એનો વધુ વિસ્તાર અહીં અપ્રસ્તુત છે.

અંતમાં, શહાદતની જે અમર ગાથા આ લેખમાં આલેખવામાં આવી છે તેના સમારોપ રૂપે થોડીક વિગતો અહીં પ્રસ્તુત ગણાય તેવી હોઈ તે નોંધીએ. ભારતનું ક્રાન્તિકારી આંદોલન એક બાજુ વ્યવસ્થિત રીતે વિપ્લવ જગવવા મથેલું તો બીજી બાજુ વ્યક્તિઓ પ્રત્યેની પ્રતિહિંસાની ભાવના પણ કેટલાક ઊર્મિલ, ક્રાન્તિકારીઓમાં કામ કરી રહેલી;–એટલે સુધી કે જનરલ ડાયરે જલિયાંવાલા મુકામે કરેલા હત્યાકાંડનું વૈર વીસવીસ વરસ સુધી સળગતું રાખી ઉધમસિંહ નામના જુવાને હેઠ ઇંગ્લંડ પહોંચી ૧૯૪૨માં તેની હત્યા કરેલી. પરંતુ એવા છૂટક બનાવોને બાદ કરીએ તો ક્રાન્તિકારીઓની મુખ્ય પ્રેરક સંસ્થા તો શ્રી સાવરકરે સ્થાપેલી 'અભિનવ ભારત' સંસ્થા જ હતી. કાકાસાહેબ કાલેલકર, આચાર્ય કૃપાલાની, બાલાસાહેબ ખેર, સર સિકંદર હયાતખાન, સેનાપતિ બાપટ, રાજરત્ન માણિકરાવ વગેરે તેના સભ્યો હતા. દેશભરમાં તેની શાખાઓ હતી, જેમની વચ્ચે તેમના પ્રમુખો દ્વારા સંબંધ જળવાએલો રહેતો. એક રીતે તે ક્રાન્તિકારી સંસ્થાઓનું એક સંઘરાજ્ય હતું એમ કહીએ તો પણ ચાલે.



કાકાસાહેબ કાલેલકર



આચાર્ય કૃપાલાની

આ સંસ્થા સ્વાતંત્ર્ય મેળવીને હિંદમાં કયા પ્રકારનું રાજ્ય સ્થાપવા માગતી હતી તેનો કશો ઉલ્લેખ ક્યાં યે નથી મળતો, પરંતુ એ સંસ્થાના સભ્યો તરફથી બહાર આવેલી તૂટકછૂટક માહિતી પરથી જણાય છે કે તેનો ઉદ્દેશ યુનાઈટેડ સ્ટેટ્સના જેવું પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાનો તથા તેના પ્રથમ પ્રમુખપદે વડોદરાના શ્રીમંત સયાજીરાવને બેસાડવાનો હતો. શ્રી સાવરકર એમની જન્મટીપથી છૂટીને આંદામાનથી રત્નાગિરિ આવ્યા ત્યાર સુધીમાં એમને ખાતરી થઈ જવા પામેલી કે ગુપ્ત સંગઠન દ્વારા સ્વાતંત્ર્યપ્રાપ્તિ અસંભવિત હતી. પ્રજાના જાહેર સંગઠન માટે એમણે એક નવું સૂત્ર રજૂ કર્યું કે:

'એક દેવ, એક દેશ, એક આશા
એક જાતિ, એક જીવ, એક ભાષા.'

પરંતુ ગાંધીરંગે રંગાએલો અને ફલસિદ્ધિની સમીપ પહોંચી ગએલો દેશ ગાંધીજી સિવાય અન્ય કોઈનો સૂર કાને ધરે એમ ન હતો. પરિણામે શ્રી સાવરકરના ત્યાર પછીના પ્રયત્નોનું બહુ મહત્ત્વ નથી. દેશ આઝાદ થયા પછી તો 'અભિનવ ભારત' નું પણ કશું મહત્ત્વ ન રહ્યું અને ૧૯૫૦ના મે માસની ૧૦મી તારીખે પૂના મુકામે તેનું જાહેર રીતે વિસર્જન કરી દેવામાં આવ્યું. પણ દેશના સ્વાતંત્ર્યયજ્ઞમાં એ સંસ્થાનો ફાળો અવિસ્મરણીય રહેશે.

કણિકાઓ

જેના બદલામાં હું તને ફૂલની માળા આપી રહ્યો છું એ તારા કાંટાની વેદના હતી!

'ઓ કાળી શાહી! તેં મારી બધી શોભા નષ્ટ કરી દીધી!' કોપાયમાન કાગળ પોકારી ઊઠ્યો.
શાહી હસીને ધીમેથી બોલી 'હું તારા અંગ ઉપર છું તેથી જ તો પંડિતો તને કૌતુકથી જુએ છે.'

વસંતની રાત્રે તું આવે છે, ફૂલેફૂલે મને ચાહે છે; વર્ષાની રાત્રે તું ચાલ્યો જાય છે, ને વાદળે વાદળે મને રડાવે છે.

ચિરસુંદરને ભક્તિપૂર્વક ધરતી જે ફૂલ ચડાવે છે તેને પાષાણની પ્રતિમા કાજે ચૂંટી લઈને માનવી કેવી ભૂલ કરે છે?

મેં જ્યારે તારી પાસે માળા માગી ત્યારે તેં મને ખરી પડેલાં ફૂલ આપ્યાં. મારી માગવાની જ શું એ ભૂલ હતી?
હવે જ્યારે એક નાનકડી પાંદડી માગી રહ્યો છું ત્યારે ઉપાડીને તેં મને માળા આપી દીધી! થોડું માગવાની જ શું આ મુશ્કેલી છે?

(શ્રી ગૌરીશ્વર ભટ્ટાચાર્ય)

BY READING ACROSS, THE APPROXIMATE EQUIVALENTS OF CURRENCIES LISTED CAN BE COMPARED

ARGENTINA	BELGIUM	BRAZIL	BR. EAST AFRICA	CANADA	FRANCE	GERMANY	INDIA	ITALY	NETHERLANDS	U.S.A.	U.K.	DENMARK	FINLAND	NORWAY	SWEDEN	PAKISTAN	PORTUGAL	SWITZERLAND	SYRIA	TH LA
Pesos Centav.	Francs Centim.	Cruzeiros Centavos	Shillings Cents	Dollars Cents	Francs Centim.	West marks Pfennig	Rupees Annas Pies	Lire Centisimi	Florins Cents	Dollars Cents	£ s. d.	Kroner Ore	Marks Penni	Kroner Öre	Kronor Öre	Rupees Annas Pies	Escudos Centav.	Francs Centimos	Pounds Piaster	Ti S
0.09	0.50	0.19	0.07	0.01	3.50	0.04	0- 0- 9	6.75	0.04	0.01	0- 0- 1	0.07	2.30	0.07	0.05	0- 0- 6	0.29	0.04	0.02	0.
0.45	2.50	0.94	0.36	0.06	17.50	0.21	0- 3- 9	33.75	0.19	0.05	0- 0- 4	0.35	11.55	0.36	0.26	0- 2- 8	1.44	0.22	0.11	1.
0.90	5.00	1.87	0.71	0.11	35.00	0.42	0- 7- 7	67.50	0.38	0.10	0- 0- 9	0.69	23.10	0.72	0.52	0- 5- 4	2.88	0.43	0.22	2.
1.00	5.50	2.06	0.79	0.12	38.50	0.46	0- 8- 5	74.25	0.42	0.11	0- 0-10	0.76	25.40	0.79	0.57	0- 5-10	3.16	0.48	0.24	2.
1.26	7.00	2.62	1.00	0.15	49.00	0.59	0-10- 8	94.50	0.53	0.14	0- 1- 0	1.00	32.35	1.00	0.73	0- 7- 5	4.03	0.60	0.31	3.
1.35	7.50	2.81	1.07	0.17	52.50	0.63	0-11- 5	100.00	0.57	0.15	0- 1- 1	1.04	34.65	1.07	0.78	0- 7-11	4.31	0.65	0.33	3.
1.71	9.50	3.56	1.36	0.21	66.50	0.80	0-14- 6	128.25	0.72	0.19	0- 1- 4	1.31	43.90	1.36	1.00	0-10- 0	5.46	0.82	0.42	4.
1.80	10.00	3.74	1.43	0.22	70.00	0.84	0-15- 3	135.00	0.76	0.20	0- 1- 5	1.38	46.20	1.43	1.04	0-10- 7	5.75	0.86	0.44	4
1.89	10.50	3.93	1.50	0.23	73.50	0.88	1- 0- 0	141.75	0.80	0.21	0- 1- 6	1.45	48.50	1.50	1.09	0-11- 1	6.04	0.91	0.46	4.
2.07	11.50	4.31	1.64	0.25	80.50	0.97	1- 1- 6	155.25	0.88	0.23	0- 1- 8	1.59	53.15	1.64	1.19	0-12- 2	6.61	1.00	0.51	5
2.16	12.00	4.49	1.71	0.26	84.00	1.00	1- 2- 3	162.00	0.91	0.24	0- 1- 9	1.66	55.45	1.72	1.24	0-12- 8	6.90	1.04	0.53	5
2.25	12.50	4.68	1.79	0.28	87.50	1.05	1- 3- 1	168.75	0.95	0.25	0- 1- 9	1.73	57.75	1.79	1.30	0-13- 2	7.19	1.08	0.55	5.
2.34	13.00	4.87	1.86	0.29	91.00	1.09	1- 3-10	175.50	1.00	0.26	0- 1-10	1.80	60.10	1.86	1.35	0-13- 9	7.48	1.12	0.57	5.
2.61	14.50	5.43	2.07	0.32	100.00	1.22	1- 6- 1	195.75	1.10	0.29	0- 2- 1	2.01	67.00	2.07	1.50	0-15- 4	8.34	1.25	0.64	6
2.70	15.00	5.62	2.14	0.33	105.00	1.26	1- 6-10	202.50	1.14	0.30	0- 2- 2	2.08	69.30	2.15	1.55	1- 0- 0	8.63	1.30	0.66	6
3.15	17.50	6.55	2.50	0.39	122.50	1.47	1-10- 8	236.25	1.33	0.35	0- 2- 6	2.42	80.85	2.50	1.81	1- 2- 6	10.00	1.51	0.77	7
3.69	20.50	7.68	2.93	0.45	143.50	1.72	1-15- 3	276.75	1.56	0.41	0- 2-11	2.84	94.70	2.93	2.12	1- 5- 8	11.79	1.77	0.90	8
3.87	21.50	8.05	3.07	0.47	150.50	1.81	2- 0- 9	290.25	1.64	0.43	0- 3- 1	2.98	100.00	3.07	2.23	1- 6- 9	12.36	1.86	0.95	[illegible]
4.14	23.00	8.61	3.29	0.51	161.00	1.93	2- 3- 1	310.50	1.75	0.46	0- 3- 3	3.18	106.25	3.29	2.38	1- 8- 4	13.23	1.99	1.00	100
4.50	25.00	9.36	3.57	0.55	175.00	2.10	2- 6- 1	337.50	1.90	0.50	0- 3- 7	3.46	115.50	3.58	2.59	1-10- 5	14.38	2.16	1.10	10
4.77	26.50	10.00	3.79	0.58	185.50	2.23	2- 8- 5	357.75	2.02	0.53	0- 3- 9	3.67	122.45	3.79	2.75	1-12- 0	15.24	2.29	1.17	11
6.75	37.50	14.04	5.36	0.83	262.50	3.15	3- 9- 2	506.25	2.85	0.75	0- 5- 4	5.19	173.25	5.36	3.89	2- 7- 7	21.56	3.24	1.65	16
8.19	45.50	17.04	6.50	1.00	318.50	3.82	4- 5- 4	614.25	3.46	0.91	0- 6- 6	6.30	210.20	6.51	4.71	3- 0- 1	26.16	3.93	2.00	19
9.00	50.00	18.72	7.14	1.10	350.00	4.20	4-12- 2	675.00	3.80	1.00	0- 7- 2	6.92	231.00	7.15	5.18	3- 5- 3	28.75	4.32	2.20	21
25.19	140.00	52.39	20.00	3.08	980.00	11.75	13- 5- 3	1,890.00	10.65	2.80	1- 0- 0	19.36	646.80	20.02	14.50	9- 3- 9	80.46	12.12	6.16	60
45.00	250.00	93.60	35.71	5.50	1,750.00	21.00	23-12-11	3,375.00	19.03	5.00	1-15- 9	34.60	1,155.00	35.75	25.90	16- 8- 0	143.75	21.60	11.00	108
90.00	500.00	187.20	71.43	11.00	3,500.00	42.00	47- 9-11	6,750.00	38 05	10.00	3-11- 5	69.20	2,310.00	71.50	51.80	33- 0- 1	287.50	43.20	22.00	217.

* Comparative values given above are calculated to the nearest fraction.
Effective 1st January 1950, subject to change without notice.

દેશદેશનાં ચલણ તથા તેનાં બરાબરીનાં મૂલ્યો

ભારતનો પરદેશો સાથેનો વેપાર વધતાં વિવિધ દેશો સાથે નાણાં-વ્યવહાર કરતી વેળા તે તે દેશના ચલણમાં ભારતીય નાણાંનું મૂલ્ય કેવી રીતે ચૂકવવું તે જાણવાનો પ્રશ્ન ઊભો થાય છે; કેમકે દેશદેશનાં ચલણની પદ્ધતિ તથા તેનાં મૂલ્યો અલગઅલગ હોય છે. આ ઉપર આપેલો કોઠો એ પ્રશ્ન ઉકેલવામાં મદદરૂપ થઈ પડે તેવો છે. તેમાં અંગ્રેજી અક્ષરાનુક્રમે આર્જેન્ટિનાથી માંડી થાઈલૅન્ડ (સીઆમ) સુધીના દેશોનાં નામની નીચે તે તે દેશોનાં ચલણનાં નામ આપ્યાં છે તથા તેની નીચે, એ ચલણમાં સૌ દેશોનાં ચલણનાં બરાબરીનાં મૂલ્યો ગણીને ગોઠવ્યાં છે, જે હારદોર વાંચવાથી દરેક દેશનાં ચલણનું તત્સમ મૂલ્ય મળી રહેશે. દાખલા તરીકે ભારતના એક રૂપિયા બરાબર અન્ય દેશોનાં ચલણનાં મૂલ્યો જાણવાં હોય તો ભારતના નામ નીચે જ્યાં ૧-૦-૦ આપેલો છે તેની સીધી લીટીમાં આવતા તે તે દેશોના આંકડા જોવા. એ રીતે જોતાં ભારતના એક રૂપિયા બરાબર આર્જેન્ટિનાનો ૧ પેસોસ અને ૮૯ સેન્ટાવ થાય, જર્મનીના ૮૮ ફેનિંગ થાય, અમેરિકાના ૨૧ સેન્ટ થાય, ઈંગ્લંડ(યૂ. કે.)ના ૧ શિલિંગ ૬ પેન્સ થાય ને પાકિસ્તાનમાં આપણા એક રૂપિયાના ૧૧ આના ને ૧ પાઈ જ ઉપજે વગેરે.

આ ઉપરાંત ટિકિટસંગ્રહ કરનારાઓને પણ વિવિધ દેશની ટિકિટો પર લખેલાં મૂલ્યોની સમજ તથા ગણતરી જાણવાની જરૂર પડે છે. તેને માટે શ્રી રાજેન્દ્ર રમણિકલાલ ભટ્ટે અમને આ નીચે આપેલી લંબાણ યાદી મોકલી છે. તેમાં, ટિકિટ ધરાવતા લગભગ બધા દેશોનાં નામ અક્ષરાનુક્રમે આપેલાં છે. તેની સામે તે તે દેશના ચલણી નાણાંના મુખ્ય સિક્કાનું નામ તથા તેને પડખે કૌંસમાં તેના પેટા સિક્કાનું નામ તેમજ મુખ્ય સિક્કામાં તેની સંખ્યા આપી છે; અને છેલ્લે ત્રીજા ખાનામાં ત્યાંના મુખ્ય ચલણ બરાબર ભારતીય મૂલ્ય કેટલું થાય તે દર્શાવ્યું છે. દાખલા તરીકે ઍબિસીનિયાનું મુખ્ય ચલણ ડૉલર છે, એ ડૉલર પછીનું ચલણ ત્યાં સેન્ટ છે અને ૧૦૦ સેન્ટનો એક ડૉલર બને છે, અને ત્યાંના એક ડૉલર બરાબર ભારતના ૧ રૂપિયો ૧૫ આના થાય છે. મથાળાનો કોઠો તથા આ નીચેની યાદી બંને જુદાજુદા સમયે તૈયાર થયાં હોઈ તેનાં મૂલ્યોમાં ક્યાંક ફરક પડવા સંભવ છે; પરંતુ સામાન્ય ઉપયોગ માટે વાચકોને તે ઉપયોગી થઈ પડશે એ ઉદ્દેશથી અમે તે પ્રકટ કરીએ છીએ.

દેશદેશનું ચલણી નાણું તથા ભારતીય ચલણમાં તેનું તત્સમ મૂલ્યાંકન

દેશ	ચલણી નાણું	ભારતી મૂલ્ય	દેશ	ચલણી નાણું	ભારતી મૂલ્ય
એબીસિનિયા	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૧૫-૦	આર્જેન્ટાઈન રીપબ્લિક	પેસો (૧૦૦ સેન્ટાવૉસ)	૦-૫-૬
એડન અને આસપાસનો પ્રદેશ	શિલિંગ (૧૦૦ સેન્ટ)	૦-૧૦-૯	એસેન્શન	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
અફઘાનિસ્તાન	અફઘાની (૧૦ પુલ)	૦-૫-૦	ઑસ્ટ્રેલિયા	,, (૨૦ ,,)	૧૦-૧૧-૦
આલ્બેનિયા	ફ્રાંક (૫ લેક કે ૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૮-૦	ઑસ્ટ્રિયા	શિલિંગ (૧૦૦ ગ્રૉશેન)	૦-૩-૯
અલ્જિરીઆ	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૦-૩	બહામા	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
અન્ડોરા	,, (૧૦૦ ,,)	૦-૦-૩	ભાવલપુર	રૂપિયો (૧૬ આના કે ૧૯૨ પાઈ)	૧-૬-૧૦
ઍંગોલા	ઍંગોલર (૧૦૦ સેન્ટાવૉસ)	૦-૨-૯	બેહરીન	રૂપિયો (હિંદની માફક)	૧-૦-૦
એન્ટિગુઆ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩	બાર્બેડૉસ	ડૉલર (૧૦૦ સેન્ટ)	૨-૧૩-૦

દેશ	ચલણી નાણું	ભારતી મૂલ્ય
બાસુતોલૅન્ડ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
બાચુઆના લૅન્ડ	,, (૨૦ ,,)	૧૩-૫-૩
બેલ્જિયમ કૉંગો	ફ્રાંક (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૧-૬
બેલ્જિયમ	,, (૧૦૦ ,,)	૦ ૧-૬
બર્મુડા	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
બોલિવિયા	બોલિવિયાનો (૧૦૦ સેન્ટાવૉસ)	૦-૧-૩
બ્રાઝિલ	ક્રુઝેઈરો (૧૦૦ સેન્ટાવૉસ કે રેઈસ)	૦-૪-૦
બ્રિટિશ ગીઆના	ડૉલર (૧૦૦ સેન્ટ)	૨-૧૩-૦
બ્રિ. હોન્ડુરાસ	,, (૧૦૦ ,,)	૩-૬-૦
બ્રિ. સોલોમન ટાપુઓ	શિલિંગ (૧૦૦ સેન્ટ)	૦-૧૦-૯
બ્રિ. સોમાલી લૅન્ડ	,, (૧૦૦ ,,)	૦-૧૦-૯
બ્રુનેઈ	ડૉલર (૧૦૦ ,,)	૧-૯-૦
બલ્ગેરિયા	લેવ (૧૦૦ સ્ટોટિન્કિ)	૦-૦-૩
બરમા	રૂપિયો (હિંદ માફક)	૧-૦-૦
કામરૂન	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૦-૬
કૅનેડા	ડૉલર (૧૦૦ સેન્ટ)	૪-૦-૦
કૅનાલ ઝોન	,, (૧૦૦ ,,)	૪ ૧૨-૦
કેપ વર્ડ ટાપુઓ	એસ્કયૂડો (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૨-૭
કેમેન ટાપુઓ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
સિલોન	રૂપિયો (૧૦૦ સેન્ટ)	૧-૦-૦
ચિલી	પેસો (૧૦૦ સેન્ટાવૉસ)	૦-૧-૦
ચીન	ડૉલર	૦-૦-¼
કોલંબિયા	પેસો (૧૦૦ સેન્ટાવૉસ)	૧-૧૫-૦
કૂક ટાપુઓ	પાઉન્ડ	૧૩-૫-૩
કોસ્ટારિકા	કૉલૉન (૧૦૦ સેન્ટાવૉસ)	૦-૧૩-૦
ક્યૂબા	પેસો (૧૦૦ ,,)	૪-૧૨ ૦
ક્યુરાકાઓ	ગીલ્ડર (૧૦૦ સેન્ટ)	૨-૮-૦
સાયપ્રસ	પાઉન્ડ (૧૮૦ પીઆસ્ટર્સ)	૧૩-૫ ૩
ચેકોસ્લોવાકિયા	ક્રાઉન (૧૦૦ હૅલેસ)	૦-૧-૬
ડેન્માર્ક	ક્રોન (૧૦૦ ઑર)	૦-૧૧-૦
ડૉમિનિકા	ડૉલર (૧૦૦ સેન્ટ)	૨-૧૩ ૦
,, રીપબ્લિક	પેસો (૧૦૦ સેન્ટાઇમ્સ)	૪-૧૨-૦
ડચ ઈસ્ટ ઇંડિઝ	ગીલ્ડર (૧૦૦ સેન્ટ)	૧-૪-૦
ઇક્વેડોર	સુક્રે (૧૦૦ સેન્ટાવૉસ)	૦-૫-૦
ઈજિપ્ત	પાઉન્ડ (૧૦૦ પાએસ્ટર્સ અથવા ૧૦૦૦ મિલ)	૧૩ ૧૨-૦
આયર	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
ઍરિટ્રીઆ	શિલિંગ (૧૦૦ સેન્ટ)	૦-૧૧-૦
ઇથીયોપિયા	ડૉલર (૧૦૦ ,,)	૧-૧૫-૦
ફૉકલૅન્ડ ટાપુઓ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫ ૩
ફેડરેટેડ મલાયાનાં રાજ્યો	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
ફિજી	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૨-૧-૦
ફિનલૅન્ડ	માર્કા (૧૦૦ પેની)	૦-૦-૪
ફ્રાંસ	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૦-૩
ફ્રેંચ મૉરોક્કો	,, (૧૦૦ ,,)	૦-૦-૩
,, ગીની	,, (૧૦૦ ,,)	૦-૦-૬
,, સોમાલી લૅન્ડ	,, (૧૦૦ ,,)	૦-૦-૬
પશ્ચિમ જર્મની	માર્ક (૧૦૦ ફેનિંગ)	૧-૨-૦

દેશ	ચલણી નાણું	ભારતી મૂલ્ય
જિબ્રાલ્ટર	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫ ૩
ગિલ્બર્ટ અને એલિસ ટાપુઓ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૦-૧૧-૦
ગોલ્ડ કોસ્ટ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
ગ્રેટ બ્રિટન	પાઉન્ડ (૨૦ શિલિંગ કે ૨૪૦ પેન્સ)	૧૩ ૫-૩
ગ્રીસ	ડ્રાકમા (૧૦૦ લેપ્ટા)	૦-૦-૧/૬૦
ગ્રેનેડા	ડૉલર (૧૦૦ સેન્ટ)	૨-૧૩-૦
ગ્વાડીલૉપ	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૦-૩
ગ્વાટેમાલા	ક્વેટઝલ (૧૦૦ સેન્ટાવૉસ)	૪ ૧૨-૦
હવાઇ	ડૉલર (૧૦૦ સેન્ટ)	૪-૧૨-૦
હાઈતી	ગૉર્ડ (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૧૫-૦
હૉન્ડુરાસ	લેમ્પિરા (૧૦૦ સેન્ટાવૉસ)	૨-૬-૦
હૉંગકૉંગ	ડૉલર (૧૦૦ સેન્ટ)	૦-૧૩-૩
હૈદરાબાદ	રૂપિયો (૧૬ આના કે ૧૯૨ પાઇ)	૦-૧૩-૯
હંગેરી	ફૉરિન્ટ (૧૦૦ ફિલર)	૦-૬-૦
આઈસલૅન્ડ	ક્રૉના (૧૦૦ ઓર)	૦-૪-૯
ઈન્ડોચાઈના	પાએસ્ટર (૧૦૦ સેન્ટ)	૦-૪-૦
ઇન્ડોનેશિયા	રૂપિયો (૧૦૦ સેન)	૧-૪-૦
ઈરાન	રાએલ (૧૦૦ દિનાર)	૦-૨-૩
ઈરાક	દિનાર (૧૦૦૦ ફીલ)	૧૩-૬-૦
આયર્લૅન્ડ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩ ૫ ૩
ઇઝરાએલ	પાઉન્ડ (૧૦૦૦ મિલ)	૧૩-૫-૩
ઇટાલી	લીરા (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૦-૧½
જમૈકા	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩ ૫-૩
જાપાન	યેન (૧૦૦ સેન)	૦-૦-૨¾
જોહોર	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
યુગોસ્લાવિયા	દિનાર (૧૦૦ પારા)	૦-૧-૬
કેડાહ	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
કેલન્ટાન	,, (૧૦૦ ,,)	૧-૯-૦
કિન્યા	શિલિંગ (૧૦૦ ,,)	૧૩-૫-૩
કેવેટ	રૂપિયો (૧૬ આના)	૧-૦-૦
લેબેનોન	લેબાનોન પાઉન્ડ (૧૦૦ પાએસ્ટ્રીઝ)	૧-૫-૦
લીવર્ડ ટાપુઓ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
લાઇબેરિયા	ડૉલર (૧૦૦ સેન્ટ)	૪-૧૨-૦
લીચ્ટેન્શ્ટીઅન	ફ્રાંક (૧૦૦ રેમન)	૧-૧-૯
લોરેન્ઝો માર્કવીસ	એસ્કયુડો (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૨-૯
લક્ઝમ્બર્ગ	ફ્રાંક (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૧-૬
મકાઓ	પૅટૅકા (૧૦૦ એવૉસ)	૦-૧૫-૦
મડાગાસ્કર	ફ્રાંક (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૦-૬
મલાયા	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
માલદીવ ટાપુઓ	રૂપિયો (૧૦૦ સેન્ટ)	૧-૦-૦
માલ્ટા	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
માર્ટિનીક	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૦-૩
મોરીશીઅસ	રૂપિયો (૧૦૦ સેન્ટ)	૧-૦-૦
મૅક્સિકો	પેસો (૧૦૦ સેન્ટાવૉસ)	૦-૯-૦
મૅનાકો	ફ્રાંક (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૦-૩
મૉન્ટેસરેટ	ડૉલર (૧૦૦ સેન્ટ)	૨-૧૩-૦
મોઝામ્બિક	એસ્કયુડો (૧૦૦ સેન્ટાવૉસ)	૯-૨-૬
મસ્કત	રૂપિયો (૧૬ આના કે ૧૯૨ પાઇ)	૧-૦-૦

	ચલણી નાણું	ભારતી મૂલ્ય	દેશ	ચલણી નાણું	ભારતી મૂલ્ય
નેધરલૅન્ડ્સ	ગીલ્ડર (૧૦૦ સેન્ટાઈમ્સ)	૧-૪-૦	સાલ્વેડર	કૉલૅન (૧૦૦ સેન્ટાવોસ)	૧·૧૪·૦
[illegible] ઇન્ડિઝ	,, (૧૦૦ ,,)	૧-૪-૦	સામોઆ	પાઉન્ડ (૨૦ શિ. કે ૨૪૦ પેન્સ)	૧૩-૫ ૩
[illegible] ,,	,, (૧૦૦ ,,)	૨-૮-૦	સાન મૅરિનો	લિરા (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૦-૧½
ન્યૂ કેલેડોનિયા	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૧-૩	સારાવાક	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
ન્યૂ ફાઉન્ડલૅન્ડ	ડૉલર (૧૦૦ સેન્ટ)	૪-૦-૦	સ્યુડી અરેબિયા	ગુર્ચે	૦-૧-૦
ન્યૂ [illegible]આના	પાઉન્ડ (૨૦ શિલિંગ કે ૨૪૦ પેન્સ)	૧૦·૧૨·૦	સેલાંગૉર	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
ન્યૂ ઝિલૅન્ડ	,, (૨૦ ,, કે ,, ,,)	૧૩-૫-૦	સૅકેલિસ	રૂપિયો (૧૦૦ સેન્ટ)	૧-૦-૦
નિકારાગુઆ	કૉર્ડોબા (૧૦૦ સેન્ટાવોસ)	૦ ૧૫ ૦	સિયામ	બહ્ટ (૧૦૦ સૅતાંગ)	૦-૬-૦
નાઇજિરીઆ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩	સાએરાં લીએગી	પાઉન્ડ (૨૦ શિ. કે ૨૪૦ પેન્સ)	૧૩ ૫-૩
નાર્થબૉનિયો	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦	સાઉથ આફ્રિકા	,, (૨૦ શિ. કે ૨૪૦ ,,)	૧૩-૫-૩
નાર્ધર્ન ર્‌હોડેશિયા	પાઉંડ (૨૦ શિલિંગ કે ૨૪૦ પેન્સ)	૧૩·૫·૩	સાઉધર્ન ર્‌હોડેશિયા	,, (૨૦ ,, કે ૨૪૦ ,,)	૧૩-૫ ૩
નૉર્વે	ક્રૉન (૧૦૦ ઓર)	૦-૧૦-૬	સાઉથ વેસ્ટ આફ્રિકા	,, (૨૦ ,, કે ૨૪૦ ,,)	૧૩-૫-૩
ન્યૅાસાલૅન્ડ પ્રૉટેક્ટરેટ	પાઉંડ (૨૦ શિલિંગ)	૧૩ ૫·૩	સ્ટ્રેઇટ્સ સેટલમેન્ટ	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
ઓસનિક સેટલમેન્ટ	ફ્રાંક (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૧-૩	સ્પેન	પેસેટા (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૭-૦
પાકિસ્તાન	રૂપિયો (૧૬ આના કે ૧૯૨ પાઇ)	૧-૭-૦	સુદાન	પાએસ્ટર ૧૦ મિલ)	૦-૧-૩
પેલેસ્ટાઇન	પાઉંડ (૧૦૦૦ મિલ)	૧૩-૫-૩	સુરિનામ	ગીલ્ડર (૧૦૦ સેન્ટાઈમ્સ)	૨-૮-૦
પૅનામા	બાલ્બોઆ (૧૦૦ સેન્ટાઈમ્સ)	૪-૧૨-૦	સ્વાઝીલૅન્ડ	પાઉન્ડ (૨૦ શિ. કે ૨૪૦ પેન્સ)	૧૩-૫-૩
પૅરાગ્વે	ગ્વારૅનિ (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦·૧૨·૦	સીરિયા	સીરિયન પાઉંડ (૧૦૦ પાએસ્ટ્રેસ)	૧-૬-૦
પૅરાક	ડૉલર (૧૦૦ સેન્ટાઈમ્સ)	૧-૯-૦	સ્વીડન	ક્રોના (૧૦૦ ઓર)	૦·૧૪·૬
પેરુ	સોલ (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૫-૦	સ્વીટ્ઝરલૅન્ડ	ફ્રાંક (૧૦૦ સેન્ટાઇમ્સ)	૧-૧-૯
ફિલિપાઇન ટાપુઓ	પેસો (૧૦૦ સેન્ટાવૅાસ)	૨-૬-૦	ટિમોર	પૅટેકા (૧૦૦ આર્પાસ)	૦·૧૫·૦
પિકેરીઅન ટાપુઓ	પાઉંડ (૨૦ શિલિંગ)	૧૩·૫·૩	ટાંગા	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૦-૧૧-૦
પૉલૅન્ડ	ઝ્લૉટી (૧૦૦ ગ્રૉઝૂટી)	૦-૦-૯	ટ્રાન્સજૉર્ડન	પાઉન્ડ (૧૦૦૦ મિલ)	૧૩-૫-૩
પોર્ટુગાલ	એસ્ક્યુડો (૧૦૦ સેન્ટાવોસ)	૦-૨-૬	ટ્રેન્ગાહે	ડૉલર (૧૦૦ સેન્ટ)	૧-૯-૦
,, ભારત	રૂપિયો (૧૬ ટાંગા કે ૧૯૨ રેઇ)	૧-૦-૦	ટ્રિનિડાડ એન્ડ ટૉબેગો	ડૉલર (૧૦૦ સેન્ટ)	૨-૧૩-૦
પોર્ટોરિકો	ડૉલર (૧૦૦ સેન્ટ)	૪-૧૨·૦	ટ્યુનિસ	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૦-૩
રૂમાનિયા	લેઉ (૧૦૦ બૅનિ)	૦-૦-૬	તુર્કસ્તાન	ટર્કીશ પાઉંડ (૧૦૦ કુરુસ)	૧·૧૧ ૦
રિયુનિયન	ફ્રાંક (૧૦૦ સેન્ટાઈમ્સ)	૦-૦-૬	તૂર્ક્સ ને કૅઇકૉસ ટાપુઓ	પાઉન્ડ (૨૦ શિલિંગ)	૧૩-૫-૩
રૂઆન્ડાઉરૂન્ડિ	,, (૧૦૦ ,,)	૦-૦-૬	યુ. એસ. એ.	ડૉલર (૧૦૦ સેન્ટ)	૪-૧૨-૦
રશિયા	રૂબલ (૧૦૦ ક્યુપેક)	૧-૩-૦	ઉરુગ્વે	પેસો (૧૦૦ સેન્ટીમ્સ)	૨-૫-૦
સાર	ફ્રાંક (૧૦૦ સેન્ટાઇમ્સ)	૦-૦-૩	વૅટિકન સિટી	લીરા (૧૦૦ ,,)	૦-૦-૧½
સેન્ટહેલિના	પાઉન્ડ (૨૦ શિ. કે ૨૪૦ પે.)	૧૩·૫·૩	વેનેઝુલા	બૉલિવર (૧૦૦ સેન્ટીમ્સ)	૧-૭-૦
,, કિટ્સ નેવિસ	,, (૨૦ શિ. કે ૨૪૦ પે.)	૧૩-૫-૩	વર્જિન ટાપુઓ	પાઉન્ડ (૨૦ શિ. કે ૨૪૦ પેન્સ)	૧૩ ૫ ૩
,, લ્યુસિયા	ડૉલર (૧૦૦ સેન્ટ)	૨·૧૩·૦	યમન	ઈમાદી (૪૦ બૉગૅકાસ)	૨-૦-૦
,, વિન્સેન્ટ	,, (૧૦૦ ,,)	૨·૧૩·૦	ઝાંઝિબાર	શિલિંગ (૧૦૦ સેન્ટ)	૦ ૧૦·૦

પરદેશનાં પત્રમિત્રો

Miss Christine Houvarda, 3rd of September st., 132 ATHENS, Greece. Age: 15. Hobbies: Reading, Writing, Correspondence.

આ બહેન પોતાની ઉમરનાં પત્રમિત્ર ચાહે છે. ઉત્તર એરમેઈલથી આપશે. તેને હિંદ વિષે જાણવાનો શોખ છે.

Miss Hildegard Hocke, Echzell bei Friedberg, Bahnhofstraze 14, Gr. Hessen, U.S. Zone Germany. Age: 22. Hobbies: Swimming, Reading, A good home, Dancing and Correspondence.

આ બહેન હિંદમાં સારો રસ ધરાવે છે. 'ભારતીય બહેનો પત્રમિત્રતા તરફ દુર્લક્ષ કેમ સેવે છે?' એવો સવાલ વારંવાર પૂછે છે. કોઈ બહેન તેમને લખશે તો ઘણું સરસ એમ તે ઈચ્છે છે.

Miss Ingrid Sturm, Lippstadt/Westf., Fleischhauer Str. 22, Brit. Zone, Germany. Age: 15. Hobbies: Wandering, Reading, Writing to penpals.

આ બહેન ભારત વિષે જાણવાને સારો રસ ધરાવે છે. તે પ્રતિભાશાળી હોઈ ગૂંચવી નાખે એવા સવાલો પૂછે છે. તે જર્મન હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે. હિંદ વિષે સારી માહિતી આપી શકે એવા મિત્રો તેમને લખે તો સારૂં. (ઉલ્લેખ: નરેન્દ્ર પટેલ, કરમસદ)



આર્ધ્યુકણી

મન મક્કમ મજબૂત, જેમનાં હૃદય વિશાળ મહાન,
સાચી શ્રદ્ધા સાથ, બાવડાં કામગરાં બળવાન;
મર્દ—જેમનાં ગંતવ્યો, નિરધાર હોય પોતીકા,
ટેકીલા નરવીર વદે ના ખોટાં વચનો, ટીકા.
એવા આજ અમારી વચ્ચે સાવઝશૂરા જાગે,
ભીડ પડી ભગવાન, મર્દની—મહાકાળ જે માગે!


—મકરન્દ દવે

સ્વ. કવિ અરદેશર ફરામજી ખબરદાર

ગુજરાત પ્રદેશ, ગુજરાતી ભાષા અને ગુજરાતી સમાજ પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવનાર અને એ પ્રેમને પોતાનાં કાવ્યોમાં ગુંજતો કરનાર કવિશ્રી અરદેશર ફરામજી ખબરદારનું તા. ૩૦મી જુલાઈની રાતે પોણા નવ વાગ્યે એમની જનમભોમથી દૂર મદ્રાસ મુકામે અવસાન થતાં જૂની પેઢીના ધુરંધર કવિઓનો શેષ અંકોડો પણ આપણી વચ્ચેથી અદૃશ્ય થયો છે. થોડા સમય પહેલાં બહાર પડેલી 'કીર્તનિકા' એ એમનો છેલ્લો કાવ્યસંગ્રહ. ભારે કૌટુંબિક આપત્તિ વચ્ચે એ પૂરો કરેલો, પરંતુ ત્યાર પછી કશું નવું લખ્યું ન હતું. જૂનું જે કંઈ લખેલું અપ્રસિદ્ધ એમની પાસે પડયું હતું તે પણ એમની જિંદગીના છેલ્લા દિવસોમાં કોઈ ચોરી ગએલું. મૃત્યુના ત્રણ જ દિવસ પહેલાં એક સ્નેહી પર એમણે લખેલા પત્રમાં આ હકીકત જણાવેલી કે: 'મારા ચાર મોટા કવિતાના ગ્રંથનાં મૅન્યુસ્ક્રિપ્ટ કોઇ ચોરી ગયું છે; ને મારી અવેસ્તાને લગતી નોંધો તેમજ જ્યોતિષના સંશોધનની ચોપડી પણ ગુમાઈ ગઈ છે. કોઈ જાણકારનું જ કામ છે. મારી તો જાણે બધી મિલ્કત ચાલી ગઈ છે. જેવી પ્રભુની મરજી!'

એમનું ભક્ત હૃદય માત્ર આ પ્રસંગે જ નહિ, પરંતુ જીવનને આઘાતદાયક હર પ્રસંગે પ્રભુમાં જ આશ્વાસન શોધતું રહેલું, અને એટલે તો એમનામાં જીવવાનો ઉત્સાહ ટકી રહેલો. બાકી તો એમનું સમગ્ર જીવન આર્થિક મૂંઝવણ, શારીરિક યાતના અને માનસિક વ્યથાની એક લાંબી કરુણ કથા સમું જ હતું. આમ છતાં પોતાના દુઃખતપ્ત હૈયાનું મંથન ચાલુ રાખી એમણે જગતને તો મધુરા કાવ્યામૃતની જ ભેટ ધર્યે રાખેલી. આ સંબંધેનો પોતાનો મનોભાવ એમણે 'કલિકા'માં વ્યક્ત કરેલો જ છે કે: 'કટુતા સૌ રહો મારી, મધુરતા હો તમારી.'

સ્વ. ખબરદારનો જન્મ ઈ.સ. ૧૮૮૧ના નવેમ્બરની છઠ્ઠીએ દમણ મુકામે થએલો. પાંચમા



વર્ષે જ પિતાનું અવસાન થતાં એમના ઉછેરનો સઘળો ભાર માતા પર પડયો અને તેમણે કષ્ટ વેઠીને પણ તે ઉઠાવ્યો. દમણની ખાનગી શાળાના મહેતાજી શ્રી લાલભાઈ માગજીને એમણે અરદેશરને ઘેર ભણાવવા રાખેલા. ત્યાર બાદ એ જ નિશાળમાં એમનું ભણતર શરૂ થયું. ગુજરાતી શિક્ષણ પૂરું થયા પછી અંગ્રેજીનું શિક્ષણ લેવા ઈ. ૧૮૯૧ના જાન્યુઆરીમાં તેમને મુંબાઈમાં તાજી જ સ્થપાએલી ન્યૂ હાઇસ્કૂલ–જે આજે ભરડા ન્યૂ હાઇસ્કૂલના નામે જાણીતી છે–માં મૂકવામાં આવ્યા. ત્યાં તે અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે મરકીનો ઉપદ્રવ ફાટી નીકળતાં તેમણે મુંબાઇ છોડયું. બીજે વર્ષે પણ એ જ કારણે તેમનાથી શાળામાં બેસી ન શકાયું, અને પછી તો શાળાને તિલાંજલિ જ આપી દઇ ઘર આગળ જમીન-જાગીરનો વહીવટ સં-

માસમાસનાં પંખી-૯૧
ગજપાઉં



છીછરા પાણીકાંઠે આહારની શોધમાં કાદવ ખૂંદતાં, લાંબા પગવાળા ગજપાઉં ટીટોડીની જાતનાં જ પંખી. કદમાં એ તેતર જેવડું ને એકવડિયા બાંધાનું, પણ લાંબા પગને કારણે તુરત જુદું તરી આવે છે. આટલા લાંબા પગ સાથે યે એ સરસ તરી શકે છે ને ઝડપથી દોડી યે શકે છે. પાણીમાં ચાલવાની તેની ખાસ રીત છે. લાંબા પગને કારણે એ પાણીમાં દૂર સુધી જઇ શકે છે, પણ ત્યાં ચાલતાં પગ પર પાણીનું દબાણ વધે, એટલે એ ટાળવા તેને પગ છેક પાણી બહાર કાઢીને આગળ લાવીને મૂકવો પડે છે.

શિયાળામાં નરનો વાન માથા તથા પીઠના ભાગે તપખીરી ઝાંયવાળો સ્લેટિયો ને પાંખે પીઠે લીલાશપડતો ચમકતો કાળો. પૂછડી મેલી તથા બાકીના ભાગે શ્વેત. ઉનાળામાં આ શ્વેતમાં ગુલાબી ચમક આવે છે. માદા યે લગભગ નર જેવી જ, પણ તેના ધોળા વાનમાં ગુલાબી ઝાંય જોવા નથી મળતી. આંખની કીકી તથા પગ લાલ; પંજા કાળા ને આગળને ભાગે સહેજ જોડાએલાં ત્રણ આંગળાંવાળા. ચાંચ પાતળી લાંબી કાળી; પાંખ અણિયાળી લાંબી.

પાણીની વનસ્પતિનાં બી, ને જીવડાં તેનો આહાર. છીછરા પાણીનું જ એ શોખીન. પૂર આવવા જેવા કુદરતી કારણે ક્યારેક નજીકમાં ક્યાંક સ્થળાંતર પણ કરી લે. આમ, તળાવ-સરોવરને કે ઝીલને કાંઠે યા મીઠાના અગર તથા પાણી ભરેલી ખેડાઉ જમીન પર તે જોડકાંમાં કે નાનાં ટોળાંમાં જોવા મળે.

એપ્રિલથી ઑગસ્ટના તેના પ્રજનનકાળમાં પાણી નજીક જમીનના ખાડામાં, પાણીના છોડવા, ઘાસ ને સાંઠીકડાનો છીછરો માળો કરી, તેમાં એક છેડેથી અણિયાળાં થતાં જતાં પહોળાં લંબગોળ ત્રણથી ચાર ઈંડાં મૂકે છે, જે રંગે લીલાશપડતી બદામી કે મટોડી જેવી ભોંય પર, પહોળે છેડે ગીચ થતી જતી ઘેરી તપખીરી ને કાળી ભાતવાળાં હોય છે.

ભાળવા લાગ્યા. એમની મૂળ અટક તો 'પોસ્ઠવાલા' હતી, પણ મુંબાઈની શાળામાં બેસાડતી વખતે એમના મામાએ એમની અટક 'ખબરદાર' લખાવેલી, અને ત્યારથી એ જ અટક એમણે ચાલુ રાખી. એમના દાદા પોતાની બાહોશીને કારણે ગામમાં ખબરદાર તરીકે ઓળખાતા અને પછી કુટુંબની એ ઓળખ અટક રૂપ બની ગઇ.

કવિતા અને સંગીતનો શોખ ખબરદારને છેક બાલ્યાવસ્થાથી લાગેલો. ૧૩ વરસની ઉમરે એમણે ઝૂલણામાં એક કવિતા લખેલી, જેની પ્રથમ પંક્તિ હતી–'અખિલ આ વિશ્વના પરમ તે ઇશના પ્રેમથી પૂર ઉર પાસ માગું.' એમના ગોઠિયા એમને નાનપણથી જ 'આશુ કવિ' તરીકે સંબોધતા. એમના કવિ માનસને ચાનક આપે એવો એક પ્રસંગ પણ એમને કિશોર વયે જ પ્રાપ્ત થયો. દાદી એદલજી તારાપોરવાલા અને સોરાબજી હીમજી પાલનકોટના તંત્રીપદ નીચે નીકળતા 'માસિક મજાહ' નામક પત્રે ઇ. સ. ૧૮૯૫માં '૧૦૦ દષ્ટાંતિક દોહરા'ની એક ઈનામી હરીફાઈ યોજી. સારા ગણાતા કવિઓએ એમાં ભાગ લીધેલો અને એ બધામાંથી ૧૫ વરસના અરદેશરની રચના સર્વોત્તમ ઠરી! તારાપોરવાલાને એમની ઉમર પરથી એ દોહરા એમના પોતાના જ લખેલા હતા કે કેમ એવો સંશય ઉદ્‌ભવેલો અને તેમણે એ સંબંધે તપાસ પણ કરી જોએલી. પરંતુ એ ખબરદારના જ લખેલા હોવાની ખાતરી થતાં તેમણે બીજે મહિને '૧૫ વર્ષનો પારસી બૂચો કવિ' એ શીર્ષક નીચે ખબરદારનો પરિચય આપ્યો અને આટલી નાની ઉમરે કવિતારચનાની આવી સિદ્ધહસ્તતાને તેમાં 'જમાનાની બલિહારી' તરીકે ઓળખાવી, એટલું જ નહિ પરંતુ ઈનામને પાત્ર ઠરેલા એ દોહરા બે મહિના સુધી જાહેર પ્રજાને જોવા પોતાની ઑફિસમાં ખુલ્લા મૂકતાં લખેલું કે: 'કવિતાના શોકીનોએ એક ઉધરતા, માત્ર સોળ વર્ષના એક પારસી કવિ બૂચાનાં કાવ્ય પ્રત્યક્ષ જોવાની તક ચૂકવી નહિ એવી અમારી વિનંતી છે.'

હરીફાઈ માટે પોતાની રચના મોકલતાં સ્વ. ખબરદારે લખેલા પત્રમાં તેમનો કવિતા પ્રત્યેનો ભક્તિભાવ વ્યક્ત થએલો છે. ૧૮૯૭ના નવેમ્બરની ૩૦મીએ 'શ્રી દમણ'થી લખેલા એ પત્રમાં પોતાના કવિતારચનાનો એ પ્રયાસ 'ટૂંક અનુભવને લઈ ભૂલોને પાત્ર' ગણાવવા સાથે 'આજ સુધી કેવળ ગંદ પડેલી ગુર્જર કાવ્યદેવીને પાછી જાગૃત કરવાના પ્રયત્ન'ની સ્તુતિ કરેલી અને તે નીચે 'અરદેશર ફરામજી કાવસજી સોહરાબજી પોસ્ટવાળા અથવા ખબરદાર' એમ સહી કરેલી.

આ પ્રોત્સાહન પછી એમની કાવ્યપ્રવૃત્તિનો વેગ વધ્યો અને ૧૯ વરસની ઉમરે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યરસિકા' પ્રગટ થયો. સ્વ. મલબારીની પેઠે ખબરદાર પણ દલપતશૈલીને જ અનુસર્યા હતા. કવિતાનો શરૂ થએલો નવો પ્રવાહ હજુ એમને નહોતો સ્પર્શ્યો. આમ છતાં એ સંગ્રહે વિવેચકોનું ધ્યાન તો ખેંચ્યું જ—કાવ્યત્વ કરતાં પણ વિશેષ તો એક પારસી કવિએ લખેલી શુદ્ધ અને સંસ્કારી ભાષાના કારણે. પરંતુ ત્યાર પછી ખબરદારનું કવિહૃદય એ નિષ્પ્રાણ ચીલાથી બહાર નીકળ્યું અને તેણે નવી કાવ્યરીતિ અપનાવી. આ પછી એમની કવિતા ઉત્તરોત્તર જે વિકાસ સાધતી ગઈ તે વિષે શ્રી સુન્દરમ્ તેમના 'અર્વાચીન કવિતા'માં લખે છે: 'ખબરદારનો કવિ તરીકેનો વિકાસ ગુજરાતના બધા કવિઓમાં સૌથી વધારે આકર્ષક છે.'

ઈ. સ. ૧૯૦૫માં પ્રસિદ્ધ થએલા 'વિલાસિકા' માં શ્રી ખબરદારે નવું જ પ્રસ્થાન સાધ્યું હતું. નરસિંહરાવ જેવા વિવેચકે તેનું સૂક્ષ્મ વિવેચન કરીને શિષ્ટ વર્ગનું લક્ષ આ ઊગતા પારસી કવિ તરફ ખેંચ્યું. એ અરસામાં રાષ્ટ્રભક્તિનો જુવાળ આવેલો. બંગભંગે સારા યે રાષ્ટ્રનો આત્મા ક્ષુબ્ધ બનાવી દીધેલો. એ ક્ષોભ બીજા કોઈ પણ કવિના કરતાં ખબરદારના કવિહૃદયે વધુમાં વધુ અનુભવ્યો અને એમના અંતરમાં વહેતો વતનપ્રેમ કાવ્યસરવાણી રૂપે શતધા ફૂટી નીકળ્યો. એમણે ગુજરાતની અસ્મિતા ગાઈ, અને સમસ્ત દેશજનોને ગુલામીનાં બંધન તોડવા ઉત્સુક્ત કરે એવી શૌર્યપ્રેરણા આપતાં ગીતો ગાયાં. જ્યારે અંગ્રેજોનું શાસન 'દૈવસુયોગ' હોવાનું રાનડે અને ગોખલે જેવા દેશનેતાઓ માનતા અને ગુજરાત જ્યારે દલપતરામના ઉદ્‌બોધન અનુસાર ગુલામોને પ્રાપ્ત શાંતિ પર હરખી રહ્યું હતું; ત્યારે આ પારસી જુવાને 'ભારતનો ટંકાર' ગજાવેલો. ઈ. ૧૯૦૨માં અમદાવાદ ખાતે મળેલી હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં એમનાં લખેલાં બે કાવ્યો 'ભારત સમાજની ભક્તિ' અને 'હિંદનો વિજયડંકો' વહેંચાએલાં. વીરકાવ્યોના એમણે આપેલા બે કાવ્યગ્રંથો 'પ્રકાશિકા' અને 'ભારતનો ટંકાર' માં ક્ષણિક આવેગ કે આવેશ નથી, પરંતુ એક ધીર કવિની ચિંતનપ્રેરિત વાણી એમાં વહી છે. ગુજરાતના એ પરમ ભક્ત હતા, પરંતુ એમના એ પ્રાંતાભિમાને એમના દેશાભિમાનને નિર્બળ નહિ પરંતુ વધુ સબળ બનાવ્યું હતું. 'દેવીનું ખપ્પર', 'ગુજરાતનો યજ્ઞકુંડ', 'ઓ ગુજરાત! ઓ ગુજરાત!', 'શૂરા બાવીશ હજાર' વગેરે કાવ્યો તેની શાખ પૂરે છે. એમનાં એ વખતનાં કાવ્યોમાં અંગ્રેજ સરકારે 'રાજદ્રોહ' કેમ ન જોયો એ જ સવાલ છે, બાકી નીચેની પંક્તિઓ એ વખતની સરકારની નજરે 'રાજદ્રોહ'ના આરોપમાં આવી જાય તેવી છે:

કોણ દુષ્ટ આવ્યો અહીં વીરા કાળજ લીધું કોરી?
કોણ અમારું અણમોલું તે રત્ન ગયો છે ચોરી?
હસતું ઘર અમ રડતું કીધું શૂન્ય બધું અહીં લાગે,
કોણ ફરી તે વસતું કરશે તેજપનાતા પાગે?

૧૯૦૫થી ૧૯૨૫ સુધીના બે દાયકાઓએ તો ખબરદારને એક રાષ્ટ્રીય કવિ તરીકે ગુજરાતભરમાં વિખ્યાત બનાવી દીધેલા. ગાંધીજીએ ગુજરાતમાંથી અસહકાર યજ્ઞ આરંભ્યો ત્યારે એ વખતનાં રાજકીય સભા-સરઘસોમાં ખબરદારનાં ગીતો ગુંજી રહેતાં. 'દે હાક, અને ખૂણે ખૂણેથી ધસશું હારોહાર! હો ભારતમાત, પુકાર' તથા 'આત્મશૌર્યના શ્વેત સજ્ય: પટ, ના કાયરની કફની' એ તે વખતના રાજકીય ગુજરાતનાં પ્રિય ગીતો. એ વતનપરસ્ત કવિ પોતાની હયાતીમાં જ વતનને આઝાદ થએલું જોતા ગયા એ એમના જીવનનું મહત્ સૌભાગ્ય ગણાય. બારડોલી સત્યાગ્રહ વખતે એમણે લખેલા એક સ્ફૂર્તિપ્રદ ગીતે શ્રી કાકાસાહેબ કાલેલકરને પણ 'ગુણવંતી ગુજરાત'ના એ ગાયકની મુલાકાત માટે પ્રેરેલા. એ મુલાકાતને અંતે તેમણે લખ્યું છે: 'શ્રી ખબરદારને મળતાંવેંત મેં જોયું કે એમની કવિતાના મૂળમાં ઊંડી ફિલસૂફી રહેલી છે. જેની પાસે જીવનની ફિલસૂફી નથી તેને હું કવિની પદવી નહિ આપું.'

જીવનમાં ઉપરાઉપરી અનુભવેલા આઘાતોએ જ શ્રી ખબરદારને અંતર્મુખ બનાવી તેમની તત્ત્વદષ્ટિ વિકસાવેલી. જીવનનું કર્તવ્ય બજાવતા જઈ 'વૈશ્વચૈતન્ય'ના યોગ સાધવાનું એમનું જીવનદર્શન 'દર્શનિકા' નામના ૬૦૦ પંક્તિઓના કાવ્યમાં એમણે નિરૂપ્યું છે. એ પહેલાંના એમના કાવ્યસંગ્રહો 'સંદેશિકા', 'કલિકા', 'ભજનિકા', 'રાસચંદ્રિકા' માં એમની કવિપ્રતિભાએ જે વિકાસ સાધેલો તે 'દર્શનિકા'માં પૂર્ણતાએ પહોંચ્યો છે એમ કહી શકાય. સહધર્મચારિણીના વિયોગે જન્માવેલા ૩,૦૦૦ પંક્તિના 'કલિકા' પછી કવિ વધુ આધ્યાત્માભિમુખ બનેલા ને ભજનિકામાં એમના વ્યામોહનું શમન થએલું જણાય છે:

ઘર છોડીને ઘરને શોધ્યાં, તરુ છોડીને છાયા,
નહિ જીતાતી કાયા-માયા, શું જીતો જગરાયા?

'જગરાયા'ની એમની શોધ આપણી ભક્ત પરંપરાથી જુદી નથી. આખું વિશ્વ ઢૂંઢી વળ્યા પછી તેમને એ પોતાના રૂદિયામાં જ રમતો

મળી આવે છે. પરંતુ એ જૂના ભાવને એમણે અર્પેલા કલ્પનાના નવા પુટમાં એમનું આગવું વ્યક્તિત્વ પ્રતીત થાય છે.

સંસારનાં ઝેર જીરવીને જગતને તો અમૃત જ આપવાની કવિની ફરજ હોવાનું સ્વીકારનાર સ્વ. ખબરદારે જીવનની ભયંકરમાં ભયંકર તાવણીના પ્રસંગે પણ ધૈર્ય ન ગુમાવતાં જગતને કવિતાનું અમૃત ધર્યે રાખેલું. એમનાં બાળકોના શિક્ષક તરીકે કામ કરનાર શ્રી અંબાલાલ ઠક્કરે એક સ્થળે લખ્યું છે કે 'એવા પણ ઘણા ય પ્રસંગો છે જ્યારે તેઓશ્રી અસહ્ય બીમારી ભોગવી રહ્યા હોય, હાથથી લખાતું ન હોય, મગજમાં જન્મેલી કવિતા બહાર નીકળવાને શરીર શેકી નાખતી હોય ત્યારે તે તેમનાં સદ્ગત પુત્રી તેહમીના અથવા મારી પાસે ઉતરાવતા. જેમ તેમનો વ્યાધિ અસહ્ય તેમ કવિતા વધુ ઘટ્ટ રસવાળી જન્મતી. 'કલિકા'નું આખું કાવ્ય એવી ભયંકર માંદગીમાં લખેલું. 'ભજનિકા'નું છેલ્લું કાવ્ય 'નવલા દેશ', જે એ ગ્રંથમાંનાં બધાં કાવ્યોનું મૂળ છે, તે પ્રથમ સને ૧૯૨૪માં ભાવનગર સાહિત્ય પરિષદમાંથી પાછા ફર્યા પછી મદ્રાસની જનરલ હૉસ્પિતાલમાં લખેલું. વ્યથા એટલી બધી હતી કે મરણ તદ્દન સામે જ દેખાતું. તેનો ખયાલ એ કાવ્ય જ આપી શકે.'

પહેલા મહાયુદ્ધ વખતે જ સ્વ. ખબરદારે 'ભારતનો ટંકાર' ગજાવેલો. એમાંનું એક કાવ્ય 'ભારતનું નગારું' સ્વ. હાજીમહમ્મદે કવિને ખાસ વિનંતી કરી તેમના 'વીસમી સદી' માસિકમાં સચિત્ર છાપેલું. હાજીમહમ્મદની મૈત્રી તરીકેની વિશેષતા પહેલેથી જ એમના આદરને પાત્ર રહેલી, અને તેમના મૃત્યુ પર એમણે લખેલી ગઝલ એ ગુજરાતનાં આંગળીને વેઢે ગણાય એટલાં શોકકાવ્યોમાંનું એક છે.

એમણે અપનાવેલી શુદ્ધ અને સંસ્કારી ગુજરાતી ભાષાને કારણે પારસી ભાઈઓને પોતાનો એક કવિ ગુમાવ્યો હોવાનો ભ્રમ ઊભો થએલો એ હકીકત પણ અહીં નોંધવા જેવી છે. શ્રી ધનજીશા ધનભૂરાએ તો કવિના કનકોત્સવ પ્રસંગે એ હકીકત જાહેરમાં રજૂ પણ કરેલી કે 'એમની કૃતિઓ પંચોતેર ટકા પારસીઓ ન સમજી શકે એ ખરે જ કોમ માટે કમનસીબી છે.' પરંતુ સ્વ. ખબરદારનો આત્મા એવી સાંકડી વાડાબંધીથી મુક્ત હતો અને મુક્ત જ રહ્યો.

ખબરદાર અંગ્રેજીમાં પણ કાવ્યરચના કરતા ને એમનાં અંગ્રેજી કાવ્યો પણ નોંધપાત્ર હતાં એ 'The Silken Tassel' નામક એમના કાવ્યસંગ્રહને મળેલા આવકાર પરથી જણાય છે. ૧૯૧૮માં મદ્રાસમાંથી જાણીતા કલાવિવેચક ને આયરિશ કવિ ડૉ. કઝિન્સના ઉપોદ્ઘાત સાથે બહાર પડેલો એ સંગ્રહ ૧૯૨૮માં લંડનની ફાઉલર રાઈટ લિ. નામની પ્રકાશન સંસ્થાએ બહાર પાડતાં ઈંગ્લંડની પ્રમાણભૂત સાહિત્ય સંસ્થા 'પોએટ્રી લીગે' તેની ગણના આધુનિક અંગ્રેજી કવિતાના ઉત્તમ ગ્રંથોમાં કરેલી. રવીન્દ્રનાથ ટાગોરે એ સંગ્રહ વાંચીને સ્વ. ખબરદારને લખેલું કે: 'આપની કવિતાઓનું અંગ્રેજી પુસ્તક વાંચ્યા બાદ મારા મનમાં આપની ગુજરાતીમાં લખેલી કવિતાઓ દ્વારા આપનો અધિક પરિચય મેળવવાની ઈચ્છા ઉત્પન્ન થઈ છે.

સ્વ. ખબરદારનું લગ્ન ૧૮ વર્ષની ઉંમરે પીરોજાબાઇ સાથે થએલું, જેમનાથી તેમને બે પુત્ર ને બે પુત્રીનો પરિવાર હતો. એમની ઈચ્છા તો પોતાની જનમભોમમાં જ રહેવાની હતી, પણ સંયોગોએ તેમ થવા ન દીધું. દુકાળોએ ખેતીવાડીની આવક અનિશ્ચિત બનાવી દેતાં ૧૯૦૯માં પત્ની અને ત્રણ સંતાનો સાથે તેઓ મદ્રાસ ગયા ને ત્યાં બે ભાગીદારો સાથે સાઈકલ તથા મોટરનો ધંધો શરૂ કર્યો. બૅંગલોર, સિકંદરાબાદ વગેરે શહેરોમાં કંપનીની શાખાઓ ખોલી એમણે એક પ્રતિષ્ઠિત વેપારી તરીકે શાખ જમાવી. ૧૯૩૦માં બે ભાગીદારો છૂટા પડયા અને બે પુત્રોની મદદથી એમણે સ્વતંત્ર ધંધો ચલાવવા માંડયો, પણ આગળ જતાં પુત્રો પણ એમનાથી અલગ થઇ ગયા.

'નથી પડવું ચાહોમ કરીને આજે અંધ શૂરાનું' એ પંક્તિ દર્શાવે છે તેમ સ્વ. ખબરદારનું શૌર્ય જેમ આંધળું નહોતું તેમ તેમનો ભક્તિભાવ પણ કેવળ વૈરાગ્યના ઊભરારૂપ નહિ પરંતુ ચિંતનપૂત જીવનદૃષ્ટિનો પરિપાક હતો. એમની કવિતામાં, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે તેમ, કલાનો આડંબર નહિ પરંતુ 'ભવ્ય સરલતા' છે. એમના જ શબ્દો મૂકીએ તો, 'લજ્જાળુ સુંદરી પેઠે તે ઘૂંઘટ પાછળ મુખ રાખી વાચકના ચિત્તને ખેંચી રાખે છે.'

આડંબર પ્રત્યે કવિને રહેલી નફરતે એમને પ્રતિકાવ્યો રચવા પ્રેર્યા અને એ પ્રતિકાવ્યોએ તત્કાલિન સાહિત્યજગતમાં મચાવેલો ખળભળાટ તો ગુજરાતનાં સાહિત્યેતિહાસની એક નોંધપાત્ર હકીકત છે. કવિ નાનાલાલે પ્રચલિત કરેલા અપદ્યાગદ્યે શબ્દાડંબરને એટલી હદે પોષવા માંડયો અને એમનું અનુકરણ કરનારાની એવી ફોજ જામી કે એનો ઉપહાસ કર્યા વિના એમનાથી ન રહેવાયું. સ્વ. મટુભાઇ કાંટાવાળાના તંત્રીપદે પ્રસિદ્ધ થતા 'સાહિત્ય'માં એમણે 'ગુજરાતી કવિતા અને અપદ્યાગદ્ય' એ શીર્ષક હેઠળ લેખો લખ્યા, અને સારાસારા સાહિત્યકારોએ એમાંની દલીલો માન્ય રાખી. ઉપરાંત તેમણે એ જ પત્રમાં નાનાલાલના 'ગુજરાતનો તપસ્વી'નું પ્રતિકાવ્ય 'પ્રભાતનો તપસ્વી' લખ્યું. ત્યાર પછી નાનાલાલના 'બ્રહ્મદીક્ષા'નું પ્રતિકાવ્ય 'કુકુટદીક્ષા' બ.ક.ઠા.ના 'આરોહણ'નું પ્રતિકાવ્ય 'અવરોહણ', નર-

સિહુ[illegible] 'ધુમ્મડ'નું પ્રતિકાવ્ય 'શુવર' વગેરે લખ્યાં જે ગુજરાતનાં ઉત્તમ પ્રતિકાવ્યો છે. શ્રી રામનારાયણ પાઠક કહે છે તેમ શ્રી ખબરદારની ઉપહાસશૈલી એમાં કાવ્યના ગૌરવ સુધી પહોંચી છે.

જેમની પાસેથી પોતે કાવ્યદીક્ષા લીધેલી અને રાષ્ટ્રપ્રેમના સંસ્કારો મેળવેલા એ સ્વ. મલબારીનાં કાવ્યોનું ઇ. ૧૯૧૭માં 'મલબારીનાં કાવ્યરત્નો' નામે સંપાદન કરી, ૧૩૮ પાનાનો વિદ્વત્તાયુક્ત ઉપોદ્ઘાત તેને જોડી પોતાનું ઋણ અદા કરેલું. ગુજરાત પણ એમની ગુજરાતભક્તિની કદર કર્યા વિના નહોતું રહ્યું. ૧૯૨૪માં ભાવનગરની સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્યવિભાગના પ્રમુખપદનું અને ૧૯૪૧ની સાહિત્ય પરિષદના પ્રમુખપદનું માન એમને આપવામાં આવેલું. પર પ્રાંતમાં પણ એમની સાહિત્યસૌરભ પ્રસરેલી હોઈ મદ્રાસ મુકામે ભરાએલી હિંદી સાહિત્ય પરિષદના સ્વાગતપ્રમુખ તરીકે તેમની વરણી થએલી. મુંબાઇ યુનિવર્સિટી તરફથી વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં કાવ્યવિષય પર એમણે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપેલાં. તેઓ થોડા જ દિવસોમાં મદ્રાસ છોડી મુંબાઈ મુકામે એમના નાના પુત્ર સાથે રહેવા જવાના હતા, પણ એ પહેલાં જ એમનો દેહ પડી ગયો.

સ્વ. ખબરદાર સર્જક ને વિવેચક ઉપરાંત પ્રથમ પંક્તિના સંશોધક પણ હતા. લગભગ વીસ જેટલા કાવ્યગ્રંથો તથા કવિતાની સૂક્ષ્મ વિવેચના કરતો 'ગુજરાતી કવિતાની રચનાકલા' ગ્રંથ આપ્યા ઉપરાંત 'અશો જરથુસ્ત્રની ગાથા પર નવો પ્રકાશ' નામક ચિંતનભર અભ્યાસપૂર્ણ સંશોધનગ્રંથ પણ એમણે આપ્યો છે. ગાથાસંશોધનનું બાકીનું કાર્ય પણ મૃત્યુ પહેલાંના પાંચ મહિના તે પાછળ સતત મંડ્યા રહીને તે પૂરું કરતા ગયા છે. મૃત્યુના ત્રણ દિવસ પહેલાં એક સ્નેહી પર એ સંશોધનવિષયક માહિતી આપતા પત્રમાં એમણે લખેલું: 'હમણાં જ તે આખું અંગ્રેજીમાં જ લખીને પૂરું કીધું છે. ૭૦૦ ઉપરાંત મોટાં પાનાં લખાયાં છે. કોશ પણ ૧૦૫૦ શબ્દોનો (વૈદિક)નો રચ્યો છે. આ ભાષાન્તર બધાંથી જુદું જ છે ને લીટીલીટી સમજાવી છે. પાઠ બહુ બગડેલા હતા તે પિંગળની સહાયથી સુધાર્યા છે ને બધું પાછું મૂળ જેવું સ્વચ્છ ને સુંદર બનાવ્યું છે. દરેક શ્લોક વૈદિક કવિતામાં પણ ઉતાર્યો છે.'

એ કવિ તો જન્મજાત હતા, ફિલસૂફની તત્ત્વદૃષ્ટિ જીવનના આઘાતોએ એમનામાં વિકસાવી હતી, પરંતુ એ બે સિવાય એમના રસવિષયો હતા જ્યોતિષ, ખગોળ, માનસશાસ્ત્ર, યોગવિદ્યા, વૈદકશાસ્ત્ર તથા સામાન્ય વિજ્ઞાન. તેમાં યે જ્યોતિષ તથા યોગવિદ્યાના અચ્છા અભ્યાસી હતા. અનેક મહાપુરુષોની કુંડળીઓ એમની પાસે હતી. ખગોળનિરીક્ષણ માટે એક દૂરબીન પણ એમણે વસાવેલું. સાતમી સાહિત્ય પરિષદ વખતે પ્રો. ભીડે સાથે પંચાંગ સંબંધે એમણે કરેલી ચર્ચાએ ઘણાને આશ્ચર્ય ઉપજાવેલું. પરંતુ એ દિશામાં કશો નક્કર ફાળો એ આપતા નથી ગયા. એમનો નક્કર ફાળો તો ગુજરાતીમાં જૂજ એવા ઓજોગુણયુક્ત વીરકાવ્યો તથા દર્શનપ્રધાન 'દર્શનિકા' જ ગણાય. એમાં યે 'દર્શનિકા'માં પ્રભુનું અને માનવીનું સાયુજ્ય સાધતી એમની કવિતા ગુજરાતી સાહિત્યનું એક મોંઘેરું રત્ન છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે તેમ, 'ઉજ્જ્વલ, પ્રતાપી, આશ્વાસક, આશાવાદી, ધર્મ ને ગ્રંથોથી અબાધિત છતાં શ્રદ્ધાગંભીર, શ્રદ્ધાગંભીર છતાં વ્યુત્પત્તિમત્, માનવીમાં કર્તવ્યશીલતા પ્રેરતી કવિ ખબરદારની ફિલસૂફી તેમના હૃદયમાંથી ઊગી આવીને 'દર્શનિકા'માં રમણીય રૂપ ધરે છે. એવી, જીવનના મહા પ્રશ્નને વ્યાપકતા અને વિશદતાથી આલેખતી રમણીય તત્ત્વદર્શી કવિતા ગુજરાતે તો હજી નથી જોઈ—લાંબી પદ્યરચનામાં એક જ છન્દની ધૂન મચાવતી, ને તે વડે એક વિશિષ્ટ વાતાવરણ ઊપજાવતી પદ્યરચનામાં તો ગુજરાતે હજી નથી જ દીઠી.'

અશોક હર્ષ

સ્વરાજ પછીનું સરવૈયું

હું એમ પૂછું, કે, 'સરવૈયું' એટલે સમજોછ ને? વેરી ગૂડ! જોઅની, અમે હિંદુઓ (નાઉ, ડોન્ટ સ્ટૅર ઍટ મી, ઍડિટર સા'બ; ડોન્ટ ટૅાલ મી વાનિયા. વ્હાય? વેલ, આઈ એમ નૉટ.) દિવાળી ઉપર સરવૈયું કાઢીએ; તમે પારસીઓ વરી પપેટી ઉપર કાડતા હસો અને સાહેબ લોકો ક્રિસ્ટમસ ઉપર કાઢે છ. (સિલી; ભાન જ નહિ મલે. આય અંગ્રેજો તો વરી એકત્રીસ માર્ચે કાઢે છ.) યસ, થૅંક્યુ! ઍની વે, અમે આજે આપણી આઝાદી બાદનું સરવૈયું કાઢવાના છેએ. આય જો તમૂને વાંક્ષે નહિ હોય કેની, તો જ હોં કે બાવા! જોઅની, જાને વાત એમ છે ને, કે હું જરા નૅસ્ટી, અને સિલી, અને ક્રૂક અને ફૂલિશ છેઉં; એટલે તમો કોઈ જરા બી હસતાં ના. તો સાંભળો બાવા.

જમા

૧ વસતિ વધી. ૨ મુંબઈમાં નાની ટૅક્સી વધી; અમદાવાદમાં ટૅક્સી પોતે જ વધી. ૩ બસો વધી. ૪ નવી ટ્રેનો વધી. ૫ ઍર ફ્લાઈટો વધી. ૬ ઍર અકસ્માતો વધ્યા. ૭ મિનિસ્ટ્રીઓ (મિનિસ્ટર બી). ૮ એલચીખાતાં મ્હણજે ઍમ્બૅસીઓ વધી. ૯ લવ-મૅરેજ વધ્યાં. ૧૦ ડાઇવૉર્સ બી વધ્યા. ૧૧ નેતાઓ વધ્યા. ૧૨ અભિનેતાઓ—આઈ મીન ઍક્ટરો વધ્યા. ૧૩ જંગલો વધ્યાં (ફૅર ઑફ વન-મહોત્સવ સ્તો!) ૧૪ લાંચ વધી. ૧૫ લાયસન્સ વધ્યાં. ૧૬ સરકારી ઑફિસરો વધ્યા. ૧૭ સરકારી અમલદારો વધ્યા. ૧૮ લાગવગ વધી. ૧૯ ગુના વધ્યા. ૨૦ અનાજબંધી વધી. ૨૧ પ્રાંતીયવાદ વધ્યો. ૨૨ ટેલિફોન વધ્યા. (તારુ કપાળ!) ૨૩ ઓનરરિશપના ફ્લૅટ વધ્યા. ૨૪ ભાડાં વધ્યાં. ૨૫ પાઘડી બી વધી. (માથાની નહિ જી.) ૨૬ સામાયિકો વધ્યાં. ૨૭ મારા જેવા નાલાયક લેખકો બી વધ્યા ૨૮ ભિકારી વધી. ૨૯ વાળ વધ્યા (થૅંક્સ આર ડ્યુ ટુ રાજ ઍન્ડ દિલીપ) ૩૦ ચોરી વધી. ૩૧ લૂંટો વધી. ૩૨ ખૂન વધ્યાં. ૩૩ વેજીટેબલ ઘી વધ્યું. ૩૪ દૂધમાં પાણી વધ્યું. ૩૫ પાઉડરમાં લોટ વધ્યો. ૩૬ લિપસ્ટિકનો વપરાશ વધ્યો. ૩૭ કાળાં

ઉધાર

૧ તંદુરસ્તી ઘટી. ૨ આવક ઘટી. ૩ નીતિ ઘટી. ૪ સીધો વેપાર ઘટ્યો. ૫ માણસાઈ ઘટી. ૬ આસ્તિક ઘટ્યા. ૭ સારી ફિલ્મો ઘટી. ૮ સારા રંજન-કાર્યક્રમ ઘટ્યા. ૯ મૌલિક નાટકો ઘટ્યાં. ૧૦ મોડી રાત સુધી ખુલ્લી રહેતી હૉટેલોના ટાઇમ ઘટ્યા. ૧૧ કામ ઘટ્યાં. ૧૨ લાયકની લાયકાત ઘટી. ૧૩ ઑફિસો ઘટી. ૧૪ રહી તેના સ્ટાફ ઘટ્યા. ૧૫ રહ્યા તેના પગાર ઘટ્યા. ૧૬ તેમાંથી થતી બચત ઘટી. ૧૭ રૅશન ઘટ્યું. ૧૮ મૂછો તો ગુમ જ થઈ ગઈ. ૧૯ સ્વચ્છતા ઘટી. ૨૦ સંઘકાર્ય ઘટ્યાં. ૨૧ રાષ્ટ્રભાવના ઘટી. ૨૨ આનંદ ઘટ્યો. ૨૩ મોજ ઘટી. ૨૪ સગવડો ઘટી. ૨૫ ટ્રેનમાં જગ્યા ઘટી. ૨૬ સંબંધ ઘટ્યો. ૨૭ બે આંખની શરમ ઘટી. ૨૮ સારાં સામયિકો ઘટ્યાં. ૨૯ સારાં સર્જન ઘટ્યાં. ૩૦ સારાં માણસો ઘટ્યાં. ૩૧ સિનેમામાંથી સિગારેટ ઘટી. ૩૨ સિગારેટમાંથી તમાકુ ઘટી. ૩૩ તમાકુમાંથી તાકાત ઘટી. ૩૪ રસ્તા ઉપર ગિર્દી ઘટી (થૅંક્સ ટુ ફૂટપાથ વૉકિંગ). ૩૫ સારી ચા ઘટી. ૩૬ ચામાંથી દૂધ ઘટ્યું. ૩૭ દૂધમાંથી દૂધ ઘટ્યું (પાણી વધે તો દૂધ ઘટે જ ને?) ૩૮ કમાણીના રસ્તા ઘટ્યા. ૩૯ પ્રામાણિકતા ઘટી. ૪૦

જમા

બજાર વધ્યાં. ૩૮ ભૂખ વધી. ૩૯ તરસ (!) વધી. ૪૦ ડૉક્ટર વધ્યા. ૪૧ રોગ વધ્યા. ૪૨ ઈન્જેકશન વધ્યાં. ૪૩ કાયદાના ભંગ વધ્યા; તો–૪૪ કાયદા બી વધ્યા. ૪૫ વાયદા વધ્યા. ૪૬ વાતો વધી. ૪૭ ભાષણો વધ્યાં. ૪૮ મેળાવડા વધ્યા. ૪૯ નાટકો અને નૃત્યો વધ્યાં. ૫૦ કૉર્ટના કિસ્સા વધ્યા. ૫૧ વકીલો વધ્યા. ૫૨ ચંપલોની જોડ વધી, (લેડીઝ ઑફકોર્સ !) ૫૩ લાંલ વાવટા વધ્યા. ૫૪ ગરીબી વધી. ૫૫ તુમારશાહી વધી. ૫૬ બનાવટી વસ્તુઓ વધી. ૫૭ બનાવટો વધી. (બન્ને અર્થમાં). ૫૮ વગર ચોપડાનો વેપાર વધ્યો. ૫૯ ફૅશનના નામે ફક્કીરી વધી. ૬૦ ખર્ચા વધ્યા. ૬૧ અભખરા વધ્યા. ૬૨ પરદેશની સફરો વધી. ૬૩ વાડાબંધી વધી. (રાજકારણથી માંડી સાહિત્ય, વાયા સંગીત, કૅર ઑફ ચિત્રકલા ઍન્ડ રંગભૂમિ-કમ-રેડિયો) ૬૪ મતદારોની સંખ્યા વધી. ૬૫ ધારાસભા ને ધારાસભ્યો વધ્યા. ૬૬ કાશ્મીરનાં કોકડાં વધ્યાં. ૬૭ શબ્દરચનાનાં ભૂત વધ્યાં. ૬૮ સત્યાગ્રહો વધ્યા. ૬૯ ગપાટા ને બગાસાં વધ્યાં. ૭૦ સરકારને ગાળો વધી. ૭૧ ચશ્માંના નંબર વધ્યા. ૭૨ અમદાવાદમાં હૉટેલો વધી. ૭૩ કૉલેજો ને શાળાઓ વધી. ૭૪ ગ્રૅજ્યુએટો વધ્યા, (તેટલા જ બાલકણા બેકારો વધ્યા). ૭૫ વાંચકો વધ્યા—(પાડોશીઓ) ૭૬ સલાહ ને સૂચન વધ્યાં. ૭૭ જાહેરખબર વધી. ૭૮ પોલીસ વધી, હોમ ગાર્ડ્ઝ વધ્યાં. ૭૯ તંત્રી વધ્યા, વિવેચક વધ્યા, વડીલ વધ્યા. ૮૦ સપ્તાહોની ઊજવણીઓ વધી. ૮૧ છણકાઓ વધ્યા, અજ્ઞાન વધ્યું. ૮૨ નાસ્તિકતા વધી. ૮૩ ચારસો વીસ વધી. ૮૪ અનીતિ વધી. ૮૫ દાણચોરી વધી. ૮૬ કામચોર વધ્યા. ૮૭ ફંડ અને ફાળા વધ્યા. ૮૮ બાપુજીના નામે કામ વધ્યાં. ૮૯ ટપાલ વધી, પત્રમિત્રો વધ્યા. ૯૦ સંગ્રહખોરી વધી. (અનાજથી માંડીને વાયા સ્ટૅમ્પ્સ, શ્રુ કૉઈન્સ, કૅર ઑફ દવા સુધી) ૯૧ વધારા વધ્યા (પગારથી માંડી ભથ્થા સુધી ને છાપાથી માંડીને સ્ટાફ સુધી.) ૯૨ કૉન્ફરન્સો, સંસ્થાઓ, મંડળો ને મીટિંગો વધ્યાં. ૯૩ જાતજાતનાં ખાતાં વધ્યાં. ૯૪ પ્રમુખો વધ્યા. ચર્ચાપત્રો વધ્યાં. ૯૫ કલ્પના વધી, કાટમાળ વધ્યો. ૯૬ ઝગડા વધ્યા, ગેરસમજ વધી, અણસમજ ને અજ્ઞાન વધ્યાં. ને બીજી કેટલી યે આવી વસ્તુઓ વધી; પણ અહીં તો માત્ર અગત્યની બતાવી છે. સરકારની લોનો, વગેરે અમે આવતા વર્ષે ઉપર 'કૅરી ફૉરવર્ડ' કરી છે.

ઉધાર

પત્રોની જાહેરખબર ઘટી. ૪૧ મોટી મોટી પેઢી—પાર્ટી ઘટી. ૪૨ બૅલૅન્સ ઘટ્યાં. ૪૩ લિફ્ટો ઘટી. ૪૪ દુકાનોમાં ભીડ ઘટી. ૪૫ ... ઘટ્યા. ૪૬ લાયબ્રેરીમાં વાંચનારા ઘટ્યા. ૪૭ ધારાસભામાં સ્પષ્ટ વક્તા ઘટ્યા. ૪૮ વિદ્વાનો ઘટ્યા, ૪૯ રહ્યા તેમના વટ ઘટ્યા. ૫૦ ચોપડીઓ ઘટી. ૫૧ સુજ્ઞ વાચકો ઘટ્યા. ૫૨ લગ્નના ચાંલ્લા ઘટ્યા. ૫૩ ગોરની કમાણી ઘટી. ૫૪ નાતના મહારાજો (આઈ મીન રસોઇયા) ઘટ્યા. ૫૫ ભણનારા ઘટ્યા (ફી વધી તેથી સ્તો). ૫૬ મોંઘવારી ભથ્થાં ઘટ્યાં. ૫૭ માબાપનો ધાક ઘટ્યો. ૫૮ વડીલની આમન્યા ઘટી. ૫૯ સરકારની આવક ઘટી. ૬૦ કૉંગ્રેસની આબરૂ ઘટી. ૬૧ લોકોમાં દેશદાઝ ઘટી. ૬૨ સરકારમાં વિશ્વાસ ઘટ્યો. ૬૩ અમલદારોના પગાર ઘટ્યા. ૬૪ કાયદાપાલન ઘટ્યું. ૬૫ પરદેશની આયાત ઘટી. ૬૬ મીટિંગોમાં હાજરી ઘટી. ૬૭ નોકરોમાં નિયમિતતા ઘટી. ૬૮ ઓછા ભાવની ચીજો ઘટી. ૬૯ ખાત્રીની વસ્તુઓ ઘટી. ૭૦ ચોખ્ખું ઘી ઘટ્યું. ૭૧ ચોખ્ખું દૂધ ઘટ્યું. ૭૨ માણસની ઉમર ઘટી. ૭૩ સહૃદયતા ઘટી. ૭૪ શિક્ષણમાં અંગ્રેજી ઘટ્યું. ૭૫ લેખકોમાં ઊંડાણ ઘટ્યું. ૭૬ ચિત્રકારોની ગહનતા ઘટી. ૭૭ સંગીતની શાસ્ત્રીયતા ઘટી. ૭૮ લોકોની ઊંઘ ઘટી. ૭૯ શાકમાં તેલ ઘટ્યું. ૮૦ રહ્યું તેમાં તાજપ ઘટી. ૮૧ માણસની અક્કલ ઘટી. ૮૨ વિવેકબુદ્ધિ ને નિષ્પક્ષતા ઘટ્યાં. ૮૩ સેવકોમાંથી સેવાબુદ્ધિ ઘટી. ૮૪ ઘોડાગાડીઓ ઘટી. ૮૫ ચાલવાની ટેવ ઘટી. ૮૬ ગવર્નરનો મોભો ને રૂઆબ ઘટ્યાં. ૮૭ શેખ અબ્દુલ્લા ઉપર વિશ્વાસ ઘટ્યો. ૮૮ સુખી સંસાર ઘટ્યા. ૮૯ ફિલ્મોની કક્ષા ઘટી. ૯૦ રેડિયો ઉપર ફિલ્મી ગીતો ઘટ્યાં. ૯૧ સારી અને સારી ચીજોની સમજ ઘટી. ૯૨ મહેનત ને કાર્યક્ષમતા ઘટ્યાં. ૯૩ શાંતિ ઘટી. ૯૪ ખોરાક ઘટ્યો. ૯૫ રહ્યો તેમાંથી કસ ઘટ્યો. ૯૬ આપણાં સૌનાં વજન ઘટ્યાં. (બંને અર્થમાં). ૯૭ એકતા ઘટી. ૯૮ ગૌરવ ઘટ્યું. ૯૯ મોભો ઘટ્યો. ૧૦૦ પૂરવઠા ઘટ્યા. ૧૦૧ રહેઠાણનું ક્ષેત્રફળ ઘટ્યું. ૧૦૨ મુસાફરી ઘટી. ૧૦૩ હોશિયારી ઘટી. ૧૦૪ લોકશાહીની સમજ ઘટી. ૧૦૫ તેજી ઘટી. ૧૦૬ મૂડીવાદીઓની અક્કડાઈ ઘટી. ૧૦૭ પત્રોના ફેલાવા ઘટ્યા. ૧૦૮ રમતગમતનો રસ ઘટ્યો. ૧૦૯ પઠાણી વ્યાજ ઘટ્યાં ૧૧૦ શેરોના ભાવ ઘટ્યા. ૧૧૧ જનતાનો સંતોષ ઘટ્યો. ૧૧૨ શહીદોની સ્મૃતિ ઘટી. ૧૧૩ વેપારીઓની ફાંદ ઘટી.

હવે હું એમ પૂછું છ કે આય છ વરસમાં તે આપણે આગળ વધ્યા કે પાછળ? વેપાર નફાનો કે ખોટનો?

જસ્ટ થિંક ઓવર ઈટ: તમૂને કહેવાય છે કે તમારી નેસેસીટીઝ ઘટાડો! આય, આઈ ડૉન્ટ નો કે તે કેમ બનસે! સું તમે સવારે ચાય સાથે બીસ્કિટસ નહિ લેસો? સું તમે મોંઘા સાબુ, મોંઘા ટુવાલ અને કૉલન વૉટર નહિ વાપરસો? સું તમે ફિલ્મવાલા જેવાં મોંઘાં કપડાં નહિ પહેરસો? પૂરી પકોડી કે ભેલ નહિ ખાસો? બૉક્સમાં બેસી અઠવાડિયામાં બે ફિલ્મ નહિ જોસો? રસોઈયા મહારાજ કે નોકર વગર ચલાવસો?

આપણી નેસેસીટીઝ સરકાર સું જાને! આપણે તો જોઇએ કે ટૅક્સ ન ભરવાં પડે, વળી બધું જ વગર મહેનતે મળી જાય, રામરાજ આવી જાય, અને બદલામાં આપણે સું કરીએ, ખબર છે? આપણે ઈન્કમટૅક્સ છુપાવીએ, સેલ્સ ટૅક્સ પબ્લિક પાસે તફરાવીએ અને સરકાર પાસે ગુમાવીએ. 'ક્યૂ'માં તો બાવો બપાવો બી નહિ ઊભો રહે. યોજનાના હંબગમાં મદદ નહિ કરવાની; સીધો ધંધો નહિ કરવાનો.

હું એમ પૂછું બાવા, કે આમ દેસ સુખી ક્યાંથી થસે? આપણે તો કાળાંબજાર કરવાં છે, સાથે છાપામાં ફોટા છપાવવા છે, ને વળી સરકારને રોજ ભાંડવી છે. કામ તો, તમારા કસમ, કંઈ જ આપણે કરવાં નથી. હું કેની? આપણે સેઠને નેતા કે'વાછ, નેતાને અભિનેતા જેવા માનવા છ અને અભિનેતાને દેવ માનવા છ. લોકસાહી—આઈમીન ડેમોક્રસીની વ્યાખ્યા આપણે સું કીધી? જનતા માગે તે! નહિ બાવા; આજના ઢંગ જોતાં જનતા તો વેપારમાં ફાંસીની સજા અને નોકરીમાં નારીએળ માગે એવી થઈ ગઈ છે; કારણકે કોઈ વેપારીમાં ઑનેસ્ટી ના મળે અને નોકરી કરવાવાલો કામમાં દિલ લગાવે નહિ. મલીદા ઉડાવે અને પાછા ગાળ સરકારને દે.


જે દેશમાં ઈન્કમટૅક્સ છુપાવનારા અને કાળાં બજાર કરનારા માણસો—આઈ મીન વેપારીઓ છે, દિલચોરી કરનારા નોકરો છે, લાંચરુશવતિયા અમલદાર છે, સેવાને બદલે મેવા પર નજર રાખનારા સેવકો છે, ને લાપરવા જવાની છે એ દેશનું સરવૈયું કાઢતાં હાથ ધ્રૂજી નાખવાના. ઓહ ગૉડ! 'જય હિંદ' ને 'જય ભારત' એ બે શબ્દો આપણા મોંમાં નહિ શોભતા. આય સરવૈયાના ઑડિટર રીપોર્ટ કરે છ! કે જે કહેવાય તે આવતા વરસે કંપની જો વાતો જરા ઓછી અને કામ વધારે નહિ કરસે તો ઑડિટરની ફી બી નહિ આપી સકસે એટલી તેની હાલત કથલસે.

('જામે જમશેદ'માંથી સંશોધિત)

પ્રબોધ જોષી

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: શ્રી અરવિંદ ઘોષ



બંકિમબાબુના ગીતમાં જ પુરાઈ રહેલા 'વંદેમાતરમ્', શબ્દમાં પોતાને પ્રાણ મૂકી 'ભારતમાતા'-'મા'ની ભાવનાને જીવંત કરીને તેને દેશને ખૂણેખૂણે ગાજતો જીવનમંત્ર બનાવનાર, ને પાછળથી આધ્યાત્મિક સિદ્ધિ મેળવનાર પૂર્ણયોગી શ્રી અરવિંદ ઘોષનો જન્મ ઈ. ૧૮૭૨ની ૧૫મી ઑગસ્ટે કલકત્તાની કાયસ્થ જાતિમાં થયો. પશ્ચિમી રહેણીના ચુસ્ત આગ્રહી પિતા ડૉક્ટર કૃષ્ણધન પુત્રને સાત વર્ષ થતાં તો સિવિલ સર્વિસના અભ્યાસ માટે ઇંગ્લંડ લઈ ગયા. આમ, અંગ્રેજી વાતાવરણમાં ઊછરવાથી શ્રી અરવિંદને ૧૮-૨૦ની વય સુધી તો પૂરું બંગાળી યે નહોતું આવડતું.

૧૮૯૦માં માત્ર ઘોડેસવારીની પરીક્ષામાં નિષ્ફળ નીવડતાં આઈ. સી. એસ.માં નાપાસ થવાથી કેમ્બ્રિજની કિંગ્સ કૉલેજમાં જોડાઈ ૧૮૯૨માં ગ્રેજ્યુએટ થયા, ત્યારે સયાજીરાવ ગાયકવાડે એમની પ્રતિભા પ્રીછીને પોતાના અંગત મદદનીશ તરીકે એમને રોકી લીધા, જે પદેથી ૧૮૯૬માં તેઓ વડોદરા કૉલેજમાં ભાષા અને ઇતિહાસના પ્રોફેસર થયા. ૧૯૦૧માં શ્રી ભુપાલચન્દ્ર બોઝનાં પુત્રી શ્રી મૃણાલિનીદેવી સાથે એમનું લગ્ન થયું. વડોદરાના આ વસવાટ દરમિયાનનાં ઊંડા ચિંતન બાદ એમની પ્રતિભાને ખરો માર્ગ મળી ગયો, ને બંગપ્રાંતીય પરિષદમાં હાજરી આપી આવ્યા બાદ ૧૯૦૬માં વડોદરા છોડી દેશસેવાર્થે કલકત્તા ઊપડી ગયા ને બંગભંગની લડતમાં ઝંપલાવ્યું. તેમાં રાષ્ટ્રીય વિદ્યાલયના આચાર્ય તથા સવિશેષ 'વંદેમાતરમ્'ના તંત્રી તરીકે જાગૃતિની ભરતી આણી દીધી. પરિણામે સરકારે પકડ્યા અને પછી છોડી મૂક્યા. મવાળ અને ઉદ્દામપક્ષ વચ્ચેના પહેલા સંઘર્ષ માટે યાદગાર મિદનાપોર કૉન્ફરન્સમાં તેમજ ૧૯૦૭ની સૂરતની કૉંગ્રેસમાં પ્રખર ઉદ્દામવાદી તરીકે એમણે ભાગ લીધો ને પછી મુંબાઈ તથા મધ્ય પ્રાંતોની પ્રચારાત્મક સફર કરી ૧૯૦૮માં પાછા કલકત્તા આવ્યા. એવામાં મુઝફ્ફરપુરમાં બૉંબથી થએલાં બે ખૂનોની ધરપકડમાં તેઓ પણ પકડાયા, પરંતુ ૧૯૦૯માં સેશન્સમાં નિર્દોષ છૂટ્યા. આ જેલવાસ દરમિયાન કરેલાં ચિંતન અને સાધનાને પરિણામે તેઓ આધ્યાત્મિક જીવન તરફ વળ્યા, અને જેલમાંથી છૂટી એમણે અંગ્રેજી 'કર્મયોગિન' તથા બંગાળી 'ધર્મ' નામનાં બે અઠવાડિકો કાઢ્યાં. તેમાંના 'દેશબંધુઓ પ્રત્યે' લખેલા એક લેખ માટે ૧૯૧૦માં તેમને પકડવા વૉરંટ નીકળ્યું, પરંતુ તેઓ પકડાય એ પહેલાં તો ફ્રેન્ચ હિન્દના પાટનગર પૉંડીચેરી પહોંચી જઈ ત્યાં જીવનસાધના માટે ક્ષેત્રસંન્યાસ લીધો. ચાર વર્ષ સાધનામાં ગાળી ૧૯૧૪ની ૧૫મી ઑગસ્ટથી આર્ય તત્ત્વદર્શનના વિચારો નિરૂપતું 'આર્ય' નામે અંગ્રેજી માસિક શરૂ કર્યું. ૧૯૨૧માં તે બંધ કરી ફરી સાધના આદરી અને ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે તે સિદ્ધ કરી; તથા અત્યાર સુધી છુટાછવાયા રહેતા પોતાનામાં શ્રદ્ધા રાખતા સાધકોને બોલાવી તેમને પોતાનો ભાવિ જીવનક્રમ સમજાવ્યો અને તેમનો 'આશ્રમ' શરૂ કર્યો. 'આર્ય'ના સંપાદનકાળે તેમાં સહાયક બનેલાં ફ્રેંચ સાધક સન્નારી મીરાં રિશાર—જે એ વખતે સાધનાના એકાંતવાસમાં હતાં, તેમને હવે 'આશ્રમ'નું સંચાલન સોંપી પોતે કાયમી એકાંતવાસ લીધો. ૧૯૪૦માં તેમના જન્મદિવસને દર્શનદિને પગ લપસી પડતાં સાથળનું હાડકું તૂટી ગએલું, પરંતુ તે પછી યે એમની સર્વ શક્તિઓ પૂર્વવત્ જ રહેલી. પણ ૧૯૫૦ની ૫મી ડિસેમ્બરે, પંદર દિવસની મૂત્રપિંડની બીમારીને પરિણામે તેમનું ઓચિંતું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ લોકમાન્ય ટિળકનું અવસાન, ૧૯૧૯ ✱ ગાંધીજીએ અહિંસા દ્વારા જ હિંદની આઝાદી હાંસલ કરવાની ઝુંબેશ ઉપાડી, ૧૯૨૦. સફળ નીવડેલા એક અભિનવ ક્રાન્તિમાર્ગની શરૂઆત.

તા. ૪ મુંબઈના સિંહ ગણાતા વિનીત નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ, ૧૮૪૫.

તા. ૭ બંગાળે પોતાના ભાગલા વિરુદ્ધ સ્વદેશી આંદોલન ઉપાડયું, ૧૯૦૫ ✱ બિપિન ચંદ્ર પાલે શ્રી અરવિંદના તંત્રીપણા નીચે અંગ્રેજી દૈનિક 'વંદેમાતરમ્' શરૂ કર્યું, ૧૯૦૬.

તા. ૮ અખિલ હિંદ મહાસભાએ હિન્દ છોડોનો વિપ્લવકારી ઠરાવ પસાર કર્યો, ૧૯૪૨.

તા. ૧૪ સત્તાવનની ક્રાંતિમાં સમગ્ર હિંદની પ્રજાએ એકપગે પોતાનો સાથ પૂર્યો, ૧૮૫૭.

તા. ૧૫ મહાત્માજીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ કર્યો, ૧૯૦૮ ✱ ગાંધીજીના અંતેવાસી અને વિદ્વાન અંગત મંત્રી મહાદેવભાઈ દેસાઈનું અવસાન, ૧૯૪૨; ✱ અંગ્રેજ કૂટનીતિનો છેલ્લો ઘા ઝીલી, વિભાજિત થઈને હિંદ આઝાદ થયું, ૧૯૪૭.

તા. ૧૬ નોઆખલીના પાશવી હત્યાકાંડને શમાવવા ગાંધીજીએ યાત્રા આરંભી, ૧૯૪૬.

તા. ૧૯ ખુદીરામ બોઝને ફાંસી, ૧૯૦૮. ✱ નેતાજી સુભાષચંદ્ર બોઝનું અવસાન, ૧૯૪૫.

તા. ૨૨ હિંદમાં મધ્યવર્તી સરકાર સ્થપાઈ, ૧૯૪૬.

તા. ૨૩ શ્રી રંગપટ્ટમમાં માપલાઓએ અંગ્રેજો સામે બંડ કર્યું, ૧૮૦૯.

તા. ૨૫ હિંદ શોધવા નીકળેલો પ્રથમ પોર્ટુગીઝ નાવિક વાસ્કો ડ ગામા કાલીકટને કિનારે ઊતર્યો, ૧૪૯૮, ✱ નેતાજીએ 'આઝાદ હિંદ ફોજની' સ્થાપના કરી, ૧૯૪૨.

પ્રસંગવિશેષ: ભારત પરથી કંપનીના વહીવટનો અંત. ૨જી ઑગસ્ટ ૧૮૫૮

વ્યાપારને બહાને હિંદની દોલત ઘસડી લાવવા ઇંગ્લંડની રાણી એલિઝાબેથે ઈ. ૧૬૦૦માં જે ઈસ્ટ ઇંડિયા કંપની સ્થાપી, તેણે પોતાની કૂટનીતિ વડે ધીમે ધીમે રાજવહીવટ જમાવીને ભારતની જે દશા કરી તેણે ૧૮૫૭માં એક મહાન બંડ જગવ્યું. હેસ્ટિંગ્સના સમયમાં એ વહીવટ ઇંગ્લંડને સોંપવાનો પ્રશ્ન ઊઠેલો, પણ તે કંપનીમાં હિત ધરાવનાર ઉમરાવોએ દાબી દીધો. ૧૭૮૩માં પિટે 'બોર્ડ ઑવ કંટ્રોલ' સ્થાપી કંપની સાથે સરકારી પ્રતિનિધિઓ જોડી સંયુક્ત નિયંત્રણ શરૂ કર્યું ને તે મુજબ ૧૮૫૭ સુધી ચાલ્યું. પણ એ સાલમાં, આપણા વિપ્લવ પહેલાં, ખુદ ઇંગ્લંડમાં જ 'હિંદની સંપત્તિની ખિલવણી' ને બહાને આપણી સંપત્તિ લૂટવા તથા ભારતને ઇંગ્લંડની એક વસાહત બનાવવા (કંપનીના વિરોધ છતાં) એક મોટું આંદોલન ઊપડયું. આપણા વિપ્લવે તેમાં જોર પૂર્યું. આની સામે કંપનીએ ભારત પર પોતે કરેલા ઉપકારો વર્ણવી એ વહીવટ સ્વહસ્તક રહેવા દેવા એક લાંબો વિનતિપત્ર ઇંગ્લંડના મંત્રીમંડળ પર મોકલવા છતાં આખરે ૧૮૫૭ની ૨જી ઑગસ્ટે પાર્લામેન્ટે પોતાના એજંટ સમી એ કંપનીનો રાજવહીવટ પોતાને હાથ લઈ લેવાની કાયદેસર જાહેરાત કરી, ને તે પછી તો, રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો પીટવાથી માંડી આપણી સ્વરાજપ્રાપ્તિ સુધીમાં એ સામ્રાજ્યે આપણો જે ઉદ્ધાર(!) કર્યો છે તેનાથી તો આપણે વિદિત છીએ.







ભારતના રાષ્ટ્રીય સંગ્રહાલય માટે તાજેતરમાં મેળવવામાં આવેલાં રાગમાળાનાં ચિત્રો : રાજપુત કલમ (૧) રાગ કુંભ (૨) રાગ વર્ધન (૩) રાગ વસંત

ભારત સરકારના મધ્યસ્થ શિક્ષણ ખાતાના પ્રધાનમંડળે આપણા રાષ્ટ્રીય-સંગ્રહાલય (નૅશનલ મ્યૂઝિયમ) માટે જે અનેક કલામય વસ્તુઓ એકઠી કરવા માંડી છે તેમાં તાજેતરમાં રાગમાળાની એક અનોખી ચિત્રાવલિ એમણે મેળવી છે. 'રાગમાળા' એટલે સંગીતના જુદાજુદા રાગોને ચિત્રોમાં આલેખેલાં હોય તેવી ચિત્રમાળા. આપણા પ્રાચીન સંગીતાચાર્યોએ લખ્યું છે કે જેઓ રાગનું ધ્યાન કરીને તેનું ચિત્ર મનમાં ખડું કરી શકે તેઓ જ સંગીતકલામાં પારંગત બની શકે. આ ધ્યાનમાંથી બે સ્વરૂપો પ્રકટે છે: એક તો 'દેવમય' અર્થાત કલ્પનાગમ્ય, અને બીજું 'નાદમય' એટલેકે ઇન્દ્રિયગમ્ય સ્વરૂપ. એ પૈકી 'નાદમય' સ્વરૂપનાં ચિત્રો વધુ ચીતરાયાં છે, જેમાં માનવીની લાગણીઓ સાથે વિવિધ ઋતુઓના ભાવ ગૂંથી લઇને તેનાં દશ્યો સાથે આલેખન કરેલું છે. શરૂઆતમાં તો આ ચિત્રો પ્રતીક રૂપે—કૈંક ન સમજાય તેવાં ચીતરાતાં; પરંતુ પાછળથી આપણા 'ઋતુ-ચિત્રો' અને 'નાયિકાચિત્રો'ની બે પ્રણાલીઓ તેમાં ભળી ગયા બાદ તો એ રાગમાળાનાં ચિત્રો રંગમધુર અને રસમધુર બન્યાં છે. ઋતુઓનાં ચિત્રોમાં જેમ બારે માસની કુદરતના ભાવ સાથે તાલ લેતા માનવીના ભાવો આલેખાતા, તેમ 'નાયિકાઓનાં ચિત્રો'માં મુગ્ધા, રૂપગર્વિતા, ઉત્કંઠિતા, વિરહિણી આદિ અવસ્થાવાળી સ્ત્રીઓના મનોભાવ વ્યક્ત કરતાં સુંદર ચિત્રો આલેખાતાં. એ બે પ્રણાલીઓ રાગમાળાનાં ચિત્રોમાં ભળી જવાને પરિણામે તેનું જૂના સમયનું કઠણ પ્રતીક તત્ત્વ નીકળી ગયું અને ઋતુચિત્રોનું કુદરતનું દર્શનમાધુર્ય અને નાયિકાચિત્રોનું ભાવમાધુર્ય બંનેના સહકારથી રાગના ભાવનું સ્વરૂપ સુશ્લિષ્ટ તથા રસભર રીતે વ્યક્ત થયું. વસંતની વનશ્રીનો ઉલ્લાસ, વર્ષાની ઘનઘોર ઘટાની રુદ્રતા, શરદની નિર્મળતાની પ્રસન્નતા વગેરે આલેખવા સાથે તે તે ઋતુને અનુરૂપ સ્ત્રીહૃદયના વિવિધ ભાવો—ઉલ્લાસ, વિરહ, હર્ષ વગેરે તદનુસારનાં સ્ત્રીઓનાં લાલિત્ય સાથે આલેખાવા લાગ્યા, જે સંગીતના સરી જતા સૂર જેવી મનોભાવના ઉત્પન્ન કરતાં. રાજપુત કલમની એવી કેટલીક ઉત્કૃષ્ટ ચિત્રમાળાઓની લગભગ તોલે આવે એવી આ હમણાં મેળવેલી ચિત્રાવલિ ૮૦ લઘુચિત્રો (મીની-એચર)ની બનેલી છે, જેમાંનાં ત્રણ આ ઉપર આપ્યાં છે. રાજપુત ચિત્રકળાના જાણીતા વિષયો આમાં પણ જોવા મળે છે. વસંતનું આગમન ઊજવતું નૃત્ય (જુઓ ઉપરનું ત્રીજું ચિત્ર), પર્વતની કોર ઉપરથી ઊગતા સૂર્યનું દર્શન, ગ્રીષ્મના પ્રખર તાપ પછી વર્ષાનાં જળભર વાદળનું સ્વાગત, ગામના કૂવામાંથી પાણી ખેંચતી રમણીને જોઇને અટકી ઊભેલો પ્રવાસી, (જુઓ પહેલું ચિત્ર), શૃંગારમાં લીન બનેલી સ્ત્રીઓનાં ચિત્રો, સમરાંગણે જતી વેળા પ્રિયાની વિદાય લેતા વીરનાં ચિત્રો (જુઓ બીજું ચિત્ર) વગેરે એમાં છે. તેમાં પાત્રોની એકચશ્મી (પ્રોફાઈલ) તસ્વીરોમાં, સ્ત્રીઓના કેશકલાપમાં અને ગૌરવશાળી પુરુષોની દાઢીઓના વાળ આદિના આલેખનમાં કલાકારની બારીક પીંછીની નિપુણતા તરી આવે છે, ને વસ્ત્રાભૂષણોની ચમક, ફૂલવેલોની મધુરતા તથા ભવનોની સુશ્લિષ્ટતામાં નયનાભિરામ રંગાવટની કુશળ યોજના દેખાય છે.